● **અમદાવાદ :** જિલ્લાનું મુખ્ય મથક છે. સાબરમતી નદીના કિનારે આશાવલ અને કર્ણાવતી નગરો હતા. સુલતાન અહેમદશાહે ઇ.સ. ૧૪૧૧માં અમદાવાદની સ્થાપના કરી અને ભવ્ય ઇમારતોથી શહેરની શોભા વધારી. એક જમાનામાં ભારતનું માન્ચેસ્ટર ગણાતું આ શહેર પ્રગતિશીલ વેપાર, ધંધા અને કુનેહ માટે જાણીતું છે. ભદ્રનો કિલ્લો, ભદ્રકાળી માતાનું મંદિર, સીદી સૈયદની જાળી, ત્રણ દરવાજા, જામા મસ્જિદ, ઝુલતા મિનારા, દરિયાખાનનો ઘુમ્મટ, સ્વામિનારાયણનું મંદિર, કાંકરિયા તળાવ, ચંડોળા તળાવ, ગીતા મંદિર, સરદાર પટેલ મ્યુઝિયમ, કાંકરિયા પ્રાણી સંગ્રહાલય, પતંગ મ્યુઝિયમ, હઠીસિંગનાં દહેરાં, સાબરમતી આશ્રમ, શાહ આલમનો રોજો, સુંદર વન, સાયન્સ સીટી આઈ-મેક્સ થિયેટર, મલ્ટીપ્લેક્સ થિયેટરો વગેરે અમદાવાદમાં જોવાલાયક સ્થળો છે. અન્ય સ્થાપત્યોમાં અહમદશાહની મસ્જિદ, રાણી રૂપમતીની મસ્જિદ, રાણી સીપ્રીની મસ્જિદ અને ઝકરિયા મસ્જિદ મુખ્ય છે. આ ઉપરાંત દાદા હરિની વાવ, માનવ મંદિર, કામનાથ મહાદેવ, સારંગપુરનું વૈષ્ણવ મંદિર, ભાવનિર્ઝરનું યોગેશ્વર મંદિર, ચિન્મય મિશન, ઇસ્કોન મંદિર અને ભાગવત વિદ્યાપીઠ જોવાલાયક છે. લૉ ગાર્ડન, તિલકબાગ, સરદાર બાગ, સૌરભ ગાર્ડન, પરિમલ ગાર્ડન વગેરે અમદાવાદનાં જાહેર ઉદ્યાનો છે. ધી સ્પેસ એપ્લિકેશન સેન્ટર, અટીરા, ધી ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન, નિરમા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન વગેરે મહત્ત્વનાં સંશોધન કેન્દ્રો અમદાવાદને ગૌરવ બક્ષે છે.

## જોવાલાયક અન્ય સ્થળો

● **સરખેજ :** અમદાવાદથી નજીક સરખેજ ગામમાં મહમદ બેગડા અને તેના શાહજાદાઓની મઝાર છે. નજીકમાં મહમદ બેગડાની બેગમનો રોજો તેમજ સુલતાન અહમદશાહના ગુરુ અહમદશાહ ખટુગંજબક્ષનો રોજો તથા મસ્જિદ છે. અહીં મોટું તળાવ પણ છે.

● **લાંભા :** અહીં બળિયાદેવનું ભવ્ય મંદિર છે.

● **ધોળકા :** મીનળદેવીએ બંધાવેલું મલાવ તળાવ અહીં છે. પાંડવોની શાળા, ભીમનું રસોડું, સિદ્ધનાથ મહાદેવ વગેરે પુરાણી જગાઓ છે.

● **ગણેશપુરા :** ભગવાન શ્રી ગણેશનું ભવ્ય મંદિર છે.

● **સાળંગપુર :** હનુમાનજીનું મોટું અને પ્રખ્યાત મંદિર છે. અહીંનું સ્વામિનારાયણ મંદિર ભવ્ય અને જોવાલાયક છે.

● **ભીમનાથ :** નીલકા નદીના કાંઠે મહાદેવનું મોટું અને પ્રખ્યાત દેવાલય છે.

● **માંડલ :** રાવલ કુટુંબના કુળદેવી ખંભલાવ માતાનું ભવ્ય મંદિર છે.

● **વીરમગામ :** મીનળદેવીએ બંધાવેલ મુનસર અને ગંગુ વણઝારાએ બંધાવેલું ગંગાસર તળાવ અહીં આવેલાં છે.

# ગુજરાતના ઉદ્યોગોમાં બહારથી આવેલ લોકોનું યોગદાન

જે ચમત્કાર યુરોપમાં જોવા મળ્યો, જેનો લાભ અમેરિકા વર્ષોથી ઉઠાવી રહ્યું છે એ જ ભૂમિકા પર ગુજરાતના ઉદ્યોગો ધમધમી રહ્યા છે. ગુજરાત ભારતનું ઉત્પાદક રાજ્ય છે તો તેમાં બહારથી કામ કરવા આવેલા લોકોનું યોગદાન છે.

બિહાર, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઓરિસ્સાથી આવેલા લોકો ગુજરાતમાં અડધા ભાવે ડબલ મજૂરી કરે છે. તેના કારણે ઔદ્યોગિક ઉત્પાદનોની પડતર કિંમત નીચી આવે છે અને ગળાકાર હરીફાઈના જમાનામાં પણ ગુજરાતના ઉદ્યોગો ટકી જાય છે.

ગુજરાતના એકાધિક ઉદ્યોગોને ચીન સ્પર્ધા પૂરી પાડે છે અને હંફાવે પણ છે. કારણકે ચીનમાં લેબર સસ્તી હોવાથી પડતર કિંમત ખૂબ જ નીચી જાય છે. ગુજરાતના જે ઉદ્યોગો ચીન સામે ટકી શક્યા છે તેમાં આંતરરાષ્ટ્રીય વસાહતીઓનું બહુ મોટું પ્રદાન છે. એક મિનિટ માટે ધારી લઈએ કે ગુજરાતમાં વસતા તમામ, વીસ લાખથી પચ્ચીસ લાખ પરપ્રાંતિયો તેમના દેશમાં જતા રહે તો આપણે જે ઉત્પાદનો બનાવીએ છીએ તેનું કોસ્ટીંગ કેટલું ઊંચું જાય? પછી તે ઉત્પાદનો રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય બજારમાં ટકી શકે ખરા? આજે આપણી ખેતી પણ મહદ્ અંશે પરપ્રાંતિયો પર નિર્ભર થઈ ગઈ છે.

# ગાંધીનગર જિલ્લાનો રોડ મેપ



ગાંધીનગર

| વિસ્તાર | વસતિ | સાક્ષરતા | મુખ્ય મથક | ગામની સંખ્યા |
|---|---|---|---|---|
| ૨૧૬૩.૪૮ ચો.કિ.મી. | ૧૩,૮૭,૪૭૮ | ૭૬.૮૩% | ગાંધીનગર | ૨૯૦ |

**તાલુકા : ૪ :** (૧) દહેગામ, (૨) ગાંધીનગર, (૩) કલોલ, (૪) માણસા

## ગાંધીનગર જિલ્લાના વિવિધ સ્થળના અંતર બતાવતો કોઠો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અડાલજ | ૦ | | | | | |
| દહેગામ | ૫૦ | ૦ | | | | |
| ગાંધીનગર | ૧૧ | ૩૯ | ૦ | | | |
| કલોલ | ૧૪ | ૬૩ | ૨૪ | ૦ | | |
| માણસા | ૩૧ | ૬૦ | ૨૦ | ૩૨ | ૦ | |
| મહુડી | ૫૬ | ૮૫ | ૪૫ | ૫૭ | ૨૫ | ૦ |
| અંતર કિ.મી.માં | અડાલજ | દહેગામ | ગાંધીનગર | કલોલ | માણસા | મહુડી |

*મહાત્મા ગાંધીના નામ સાથે જોડાયેલું ગાંધીનગર ગુજરાત રાજ્યનું પાટનગર છે. આઝાદી પછી પંજાબના ચંદીગઢને આદર્શ ગણી, આ નગર રચાયું છે. અહીં ત્રીસ સેક્ટરો છે. સરિતા ઉદ્યાન, હરણ ઉદ્યાન, ગુલાબ ઉદ્યાન, બાલોદ્યોગ વગેરે ઉદ્યાનો ઉપરાંત વીસમા સેક્ટરમાં આવેલું "અક્ષરધામ" સંસ્કૃતિધામ પણ આ નગરના મહિમાને વધારે છે. ત્રેવીસ દર્શન કરાવતું આ સૌથી વધુ પ્રભાવક દર્શન છે. ભવ્ય સચિવાલય અને વિધાનસભાગૃહ પ્રેક્ષણીય છે. આ જિલ્લાના અડાલજ ગામની સીમમાં આવેલી પ્રાચીન વાવ એની કોતરણી માટે જાણીતી છે. કલોલ ઈફકો ખાતરનું કારખાનું ધરાવતું ઔદ્યોગિક મથક છે.*

## ગાંધીનગર જિલ્લો

● **ગાંધીનગર :** ગુજરાત રાજ્યની રાજધાની અને જિલ્લાનું મુખ્ય મથક છે. આ નગર સુંદર, રમ્ય અને હરિયાળું છે. આ નગરનું આયોજન ફ્રેન્ચ શિલ્પી લીકા બુર્શીયરે કર્યું હતું. આ સુંદર ઉદ્યાનનગરી ૩૦ સેક્ટરો અને ૫૭ ચોરસ કિ.મી.માં વિસ્તરેલી છે. ગાંધીનગરની મધ્યમાં ૭૫ હેક્ટર જમીન પર ભવ્ય સચિવાલય સંકુલ બાંધવામાં આવ્યું છે. વિધાનસભા ભવન, સચિવાલય, રાજભવન, મંત્રીઓનાં નિવાસ સ્થાનો, ઉદ્યાન ભવન, ઉજાણીગૃહ, સરિતા ઉદ્યાન, હરણી ઉદ્યાન, બાળ ઉદ્યાન વગેરે ગાંધીનગરનાં આકર્ષણ કેન્દ્રો છે. બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થા દ્વારા ૨૩ એકર જમીન ઉપર પથરાયેલા 'અક્ષરધામ'માં ભગવાન સ્વામિનારાયણની સુવર્ણમંડિત મૂર્તિ બિરાજમાન છે.

### જોવાલાયક અન્ય સ્થળો

● **ઇન્દ્રોડા :** ગાંધીનગર નજીક આવેલા ઈન્દ્રોડા પાર્કમાં હરણ ઉદ્યાન, મગર ઉદ્યાન, સર્પ ઉદ્યાન અને સસલાં ઉદ્યાન આવેલા છે. આ પાર્કમાં અનેક પક્ષીઓ આવતા હોવાથી પક્ષી નિરીક્ષણ માટે આ સ્થળ ખૂબ અનુકૂળ છે.

● **અડાલજ :** અડાલજના વાઘેલા રાવ વીરસિંહની રાણી રૂડાબાઈએ અડાલજમાં વાવ બંધાવી હતી. અવશેષોમાં અડાલજની વાવ પુરાતત્ત્વના આભૂષણ સમાન છે. વાવ ભૂગર્ભમાં પાંચ માળની છે અને પાંચમો માળ પાણીની સપાટી નીચે છે.

● **મહુડી :** સાબરમતી નદીના કિનારે આવેલું આ જૈનોનું પ્રસિદ્ધ તીર્થ છે. અહીં દેરાસરમાં ઘંટાકર્ણ મહાવીરની મૂર્તિ છે. અહીં સુખડીનો પ્રસાદ ધરાવવામાં આવે છે, જેને પટાંગણમાં જ આરોગી લેવો પડે છે. મહુડીથી થોડે દૂર ખડત ગામમાં કોટયર્ક સૂર્યમંદિરના અવશેષો છે. આ ખડાયતા વણિકોનું તીર્થ છે.

# ગુજરાત રાજ્યના જિલ્લા અને તાલુકા

*૧ મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના સમયે ૧૭ જિલ્લાઓ હતા. વર્તમાનમાં કુલ ૩૩ જિલ્લાઓ અને ૨૫૦ તાલુકાઓ છે.*

| ક્રમ | જિલ્લો | જિલ્લા મથક | તાલુકા |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | અમદાવાદ | (૧) અમદાવાદ શહેર, (૨) દસક્રોઇ, (૩) દેત્રોજ, (૪) માંડલ, (૫) વીરમગામ, (૬) સાણંદ, (૭) બાવળા, (૮) ધોળકા, (૯) ધંધુકા, (૧૦) ધોલેરા. |
| ૨. | અમરેલી | અમરેલી | (૧) અમરેલી, (૨) બાબરા, (૩) લાઠી, (૪) લીલિયા, (૫) કુકાવાવ-વડિયા, (૬) ધારી, (૭) ખાંભા, (૮) રાજુલા, (૯) જાફરાબાદ, (૧૦) સાવરકુંડલા, (૧૧) બગસરા. |
| ૩. | અરવલ્લી | મોડાસા | (૧) મોડાસા, (૨) ભિલોડા, (૩) બાયડ, (૪) ધનસુરા, (૫) માલપુર, (૬) મેઘરજ |
| ૪. | આણંદ | આણંદ | (૧) આણંદ, (૨) બોરસદ, (૩) ખંભાત, (૪) પેટલાદ, (૫) સોજીત્રા, (૬) ઉમરેઠ, (૭) તારાપુર, (૮) આંકલાવ. |
| ૫. | બનાસકાંઠા | પાલનપુર | (૧) પાલનપુર, (૨) વાવ, (૩) થરાદ, (૪) ધાનેરા, (૫) ડીસા, (૬) દિયોદર, (૭) કાંકરેજ, (૮) દાંતા, (૯) વડગામ, (૧૦) લાખણી, (૧૧) અમીરગઢ, (૧૨) દાંતીવાડા, (૧૩) ભાભર, (૧૪) સુઈ ગામ. |
| ૬. | ભરૂચ | ભરૂચ | (૧) ભરૂચ, (૨) આમોદ, (૩) અંકલેશ્વર, (૪) વાગરા, (૫) હાંસોટ, (૬) જંબુસર, (૭) ઝઘડિયા, (૮) વાલિયા, (૯) નેત્રંગ. |
| ૭. | ભાવનગર | ભાવનગર | (૧) ભાવનગર, (૨) વલભીપુર, (૩) ઉમરાળા, (૪) શિહોર, (૫) ઘોઘા, (૬) ગારિયાધાર, (૭) પાલિતાણા, (૮) તળાજા, (૯) મહુવા, (૧૦) જેસર. |
| ૮. | દાહોદ | દાહોદ | (૧) દાહોદ, (૨) લીમખેડા, (૩) દેવગઢબારિયા, (૪) ગરબાડા, (૫) ધાનપુર, (૬) ઝાલોદ, (૭) ફતેપુરા, (૮) સંજેલી. |
| ૯. | ડાંગ | આહવા | (૧) આહવા, (૨) વઘઇ, (૩) સુબિર. |
| ૧૦. | ગાંધીનગર | ગાંધીનગર | (૧) ગાંધીનગર, (૨) દહેગામ, (૩) માણસા, (૪) કલોલ. |
| ૧૧. | જામનગર | જામનગર | (૧) જામનગર, (૨) લાલપુર, (૩) કાલાવડ, (૪) જામજોધપુર, (૫) ધ્રોળ, (૬) જોડિયા. |
| ૧૨. | જૂનાગઢ | જૂનાગઢ | (૧) જૂનાગઢ સિટી, (૨) જૂનાગઢ, (૩) માણાવદર, (૪) વંથલી, (૫) ભેંસાણ, (૬) વીસાવદર, (૭) કેશોદ, (૮) મેંદરડા, (૯) માંગરોળ, (૧૦) માળિયા હાટિના. |
| ૧૩. | ખેડા | નડિયાદ | (૧) ખેડા, (૨) નડિયાદ, (૩) કપડવંજ, (૪) માતર, (૫) કઠલાલ, (૬) ઠાસરા, (૭) મહુધા, (૮) મહેમદાવાદ, (૯) ગલતેશ્વર, (૧૦) વસો. |
| ૧૪. | કચ્છ | ભુજ | (૧) ભુજ, (૨) લખપત, (૩) અબડાસા (નલિયા), (૪) નખત્રાણા, (૫) માંડવી, (૬) મુંદ્રા, (૭) અંજાર, (૮) ભચાઉ, (૯) રાપર, (૧૦) ગાંધીધામ. |

| | | | |
|---|---|---|---|
| ૧૫. | મહેસાણા | મહેસાણા | (૧) મહેસાણા, (૨) સતલાસણ, (૩) ખેરાલુ, (૪) વડનગર, (૫) વીસનગર, (૬) વીજાપુર, (૭) કડી, (૮) બહુચરાજી, (૯) ઊંઝા, (૧૦) ગોઝારિયા, (૧૧) જોટાણા. |
| ૧૬. | નર્મદા | રાજપીપળા | (૧) નાંદોદ (રાજપીપળા), (૨) તિલકવાડા, (૩) ડેડિયાપાડા, (૪) સાગબારા, (૫) ગરુડેશ્વર. |
| ૧૭. | નવસારી | નવસારી | (૧) નવસારી, (૨) જલાલપોર, (૩) ચીખલી, (૪) ગણદેવી, (૫) વાંસદા, (૬) ખેડગામ. |
| ૧૮. | પંચમહાલ | ગોધરા | (૧) ગોધરા, (૨) શહેરા, (૩) મોરવા (હડફ), (૪) ઘોઘંબા, (૫) કાલોલ, (૬) હાલોલ, (૭) જાંબુઘોડા. |
| ૧૯. | પાટણ | પાટણ | (૧) પાટણ, (૨) સાંતલપુર, (૩) રાધનપુર, (૪) સમી, (૫) ચાણસ્મા, (૬) હારીજ, (૭) સિધ્ધપુર, (૮) શંખેશ્વર, (૯) સરસ્વતી. |
| ૨૦. | પોરબંદર | પોરબંદર | (૧) પોરબંદર, (૨) રાણાવાવ, (૩) કુતિયાણા. |
| ૨૧. | રાજકોટ | રાજકોટ | (૧) રાજકોટ, (૨) પડધરી, (૩) લોધિકા, (૪) કોટડાસાંગાણી, (૫) જસદણ, (૬) ગોંડલ, (૭) જામકંડોરણા, (૮) ઉપલેટા, (૯) જેતપુર, (૧૦) ધોરાજી, (૧૧) વીંછિયા. |
| ૨૨. | સાબરકાંઠા | હિંમતનગર | (૧) હિંમતનગર, (૨) ખેડબ્રહ્મા, (૩) વિજયનગર, (૪) ઇડર, (૫) પ્રાંતિજ, (૬) વડાલી, (૭) તલોદ, (૮) પોશિના. |
| ૨૩. | સુરત | સુરત | (૧) સુરત શહેર, (૨) ચોરાસી, (૩) ઓલપાડ, (૪) કામરેજ, (૫) માંગરોળ, (૬) માંડવી, (૭) ઉમરપાડા, (૮) બારડોલી, (૯) મહુવા, (૧૦) પલસાણા. |
| ૨૪. | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર | (૧) વઢવાણ, (૨) લીંબડી, (૩) સાયલા, (૪) ચોટીલા, (૫) મૂળી, (૬) ધ્રાંગધ્રા, (૭) દસાડા, (૮) લખતર, (૯) ચુડા, (૧૦) થાનગઢ. |
| ૨૫. | વડોદરા | વડોદરા | (૧) વડોદરા, (૨) સાવલી, (૩) વાઘોડિયા, (૪) પાદરા, (૫) કરજણ, (૬) શિનોર, (૭) ડભોઇ, (૮) ડેસર. |
| ૨૬. | વલસાડ | વલસાડ | (૧) વલસાડ, (૨) પારડી, (૩) ધરમપુર, (૪) ઉમરગામ, (૫) કપરાડા, (૬) વાપી. |
| ૨૭. | ગિર સોમનાથ | વેરાવળ | (૧) વેરાવળ, (૨) કોડીનાર, (૩) સુત્રાપાડા, (૪) તાલાલા, (૫) ઉના, (૬) ગીરગઢડા. |
| ૨૮. | છોટા ઉદેપુર | છોટા ઉદેપુર | (૧) છોટા ઉદેપુર, (૨) જેતપુર - પાવી, (૩) કવાંટા, (૪) નસવાડી, (૫) સંખેડા, (૬) બોડેલી. |
| ૨૯. | દેવભૂમિ દ્વારકા | ખંભાળિયા | (૧) ખંભાળિયા, (૨) ઓખા મંડળ (દ્વારકા), (૩) ભાણવડ, (૪) કલ્યાણપુર. |
| ૩૦. | બોટાદ | બોટાદ | (૧) બોટાડ, (૨) ગઢડા, (૩) બરવાળા, (૪) રાણપુર. |
| ૩૧. | મહીસાગર | લુણાવાડા | (૧) લુણાવાડા, (૨) કડાણા, (૩) ખાનપુર, (૪) સંતરામપુર, (૫) બાલાસિનોર, (૬) વીરપુર. |
| ૩૨. | મોરબી | મોરબી | (૧) મોરબી, (૨) માણિયા-મિયાણા, (૩) વાંકાનેર, (૪) ટંકારા, (૫) હળવદ. |
| ૩૩. | તાપી | વ્યારા | (૧) વ્યારા, (૨) સોનગઢ, (૩) ઉચ્છલ, (૪) નિઝર, (૫) વાલોર, (૬) કુકરમુંડા. |

## ગુજરાત રાજ્યના જિલ્લા, વિસ્તાર (ક્ષેત્રફળ), વસ્તી, જાતિપ્રમાણ અને વસ્તીગીચતા

| ક્રમ | જિલ્લો | ક્ષેત્રફળ ચો કિમીમાં | કુલ વસ્તી | પુરુષો | મહિલાઓ | જાતિ પ્રમાણ ૧૦૦૦ પુરુષ દીઠ મહિલા | વસ્તી ગીચતા ૧ ચો કિમી દીઠ વ્યક્તિ |
|---|---|---|---|---|---|---|---|
| ● | ભારત | ૩૨,૮૭,૨૬૩ | ૧,૨૧,૦૧,૯૩,૪૨૨ | ૬૨,૩૭,૨૪,૨૪૮ | ૫૮,૬૪,૬૯,૧૭૪ | ૯૪૦ | ૩૮૨ |
| ● | ગુજરાત | ૧,૯૬,૦૨૪ | ૬,૦૩,૮૩,૬૨૮ | ૩,૧૪,૮૨,૨૮૨ | ૨,૮૯,૦૧,૩૪૬ | ૯૧૮ | ૩૦૮ |
| ૧. | અમદાવાદ | ૭,૧૭૦ | ૭૦,૪૫,૩૧૪ | ૩૬,૯૦,૯૭૦ | ૩૩,૫૪,૩૪૪ | ૯૦૩ | ૯૮૩ |
| ૨. | અમરેલી | ૭,૩૯૭ | ૧૫,૧૩,૬૧૪ | ૭,૭૦,૬૫૧ | ૭,૪૨,૯૬૩ | ૯૬૪ | ૨૦૫ |
| ૩. | અરવલ્લી | ૩,૨૧૭ | ૧૦,૫૧,૭૪૬ | ૫,૪૨,૧૩૮ | ૫,૦૯,૬૦૮ | ૯૪૦ | ૩૨૭ |
| ૪. | આણંદ | ૨,૯૪૧ | ૨૦,૯૦,૨૭૬ | ૧૦,૮૮,૨૫૩ | ૧૦,૦૨,૦૨૩ | ૯૨૧ | ૭૧૧ |
| ૫. | કચ્છ | ૪૫,૬૫૨ | ૨૦,૯૦,૩૧૩ | ૧૦,૯૬,૩૪૩ | ૯,૯૩,૯૭૦ | ૯૦૭ | ૦૪૬ |
| ૬. | ખેડા | ૩,૬૬૭ | ૨૦,૪૮,૮૬૧ | ૧૦,૫૭,૭૫૦ | ૯,૯૧,૧૧૧ | ૯૩૭ | ૫૫૯ |
| ૭. | ગાંધીનગર | ૨,૧૬૩ | ૧૩,૮૭,૪૭૮ | ૭,૨૨,૪૫૯ | ૬,૬૫,૦૧૯ | ૯૨૦ | ૬૪૧ |
| ૮. | ગીરસોમનાથ | ૩,૭૫૪ | ૧૨,૩૬,૭૮૩ | ૬,૩૬,૮૬૧ | ૫,૯૯,૯૨૨ | ૯૪૨ | ૩૨૯ |
| ૯. | છોટા ઉદેપુર | ૩,૨૩૭ | ૧૦,૨૨,૧૮૫ | ૫,૩૧,૨૮૨ | ૪,૯૦,૯૦૩ | ૯૨૪ | ૩૧૬ |
| ૧૦. | જામનગર | ૮,૪૪૧ | ૧૪,૬૪,૪૧૧ | ૭,૫૫,૬૩૧ | ૭,૦૮,૭૮૦ | ૯૩૮ | ૧૭૩ |
| ૧૧. | જૂનાગઢ | ૫,૦૯૨ | ૧૫,૦૫,૫૦૮ | ૭,૭૧,૨૬૫ | ૭,૩૪,૨૪૩ | ૯૫૨ | ૨૯૬ |
| ૧૨. | ડાંગ | ૧,૭૬૪ | ૨,૨૬,૭૬૯ | ૧,૧૨,૯૭૬ | ૧,૧૩,૭૯૩ | ૧૦૦૭ | ૧૨૯ |
| ૧૩. | તાપી | ૩,૪૩૫ | ૮,૦૬,૪૮૯ | ૪,૦૨,૩૯૮ | ૪,૦૪,૦૯૧ | ૧૦૦૪ | ૨૩૫ |
| ૧૪. | દાહોદ | ૩,૬૪૬ | ૨૧,૨૬,૫૫૮ | ૧૦,૭૦,૮૪૩ | ૧૦,૫૫,૭૧૫ | ૯૮૬ | ૫૮૩ |
| ૧૫. | દેવભૂમિ દ્વારકા | ૫,૬૯૪ | ૬,૯૪,૭૧૯ | ૩,૬૦,૩૩૨ | ૩,૩૪,૩૮૭ | ૯૨૮ | ૧૨૨ |
| ૧૬. | નર્મદા | ૨,૭૫૫ | ૫,૯૦,૩૭૯ | ૩,૦૧,૨૭૦ | ૨,૮૯,૧૦૯ | ૯૬૦ | ૨૧૪ |
| ૧૭. | નવસારી | ૨,૨૦૯ | ૧૩,૩૦,૭૧૧ | ૬,૭૮,૪૨૩ | ૬,૫૨,૨૮૮ | ૯૬૧ | ૬૦૨ |
| ૧૮. | પંચમહાલ | ૩,૨૭૨ | ૧૬,૩૦,૭૫૮ | ૮,૩૮,૪૩૬ | ૭,૯૨,૩૨૨ | ૯૪૫ | ૪૯૮ |
| ૧૯. | પાટણ | ૫,૭૩૦ | ૧૩,૪૨,૭૪૬ | ૬,૯૪,૦૬૨ | ૬,૪૮,૬૮૪ | ૯૩૫ | ૨૩૪ |
| ૨૦. | પોરબંદર | ૨,૨૯૮ | ૫,૮૬,૦૬૨ | ૩,૦૦,૯૬૭ | ૨,૮૫,૦૯૫ | ૯૪૭ | ૨૫૫ |
| ૨૧. | બનાસકાંઠા | ૧૦,૭૫૭ | ૩૧,૧૬,૦૪૫ | ૧૬,૦૯,૧૪૮ | ૧૫,૦૬,૮૯૭ | ૯૩૬ | ૨૯૦ |
| ૨૨. | બોટાદ | ૨,૫૬૪ | ૬,૫૨,૫૫૬ | ૩,૪૦,૪૦૫ | ૩,૧૨,૧૫૧ | ૯૧૭ | ૨૫૫ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૩. | ભરૂચ | ૬,૫૨૭ | ૧૫,૫૦,૮૨૨ | ૮,૦૫,૯૪૫ | ૭,૪૪,૮૭૭ | ૯૨૪ | ૨૩૮ |
| ૨૪. | ભાવનગર | ૮,૩૩૪ | ૨૩,૮૮,૨૯૧ | ૧૨,૩૬,૮૧૬ | ૧૧,૫૧,૪૭૫ | ૯૩૧ | ૨૮૭ |
| ૨૫. | મહીસાગર | ૨,૫૦૦ | ૧૦,૦૭,૫૮૨ | ૫,૧૯,૧૦૫ | ૪,૮૮,૪૭૭ | ૯૪૧ | ૪૦૩ |
| ૨૬. | મહેસાણા | ૪,૩૮૪ | ૨૦,૨૭,૭૨૭ | ૧૦,૫૩,૩૩૭ | ૯,૭૪,૩૯૦ | ૯૨૫ | ૪૬૨ |
| ૨૭. | મોરબી | ૪,૮૭૧ | ૧૦,૦૭,૯૫૪ | ૫,૨૨,૨૫૬ | ૪,૮૫,૬૯૮ | ૯૩૦ | ૨૦૭ |
| ૨૮. | રાજકોટ | ૭,૫૫૦ | ૨૯,૬૧,૩૩૮ | ૧૫,૩૯,૧૫૭ | ૧૪,૨૨,૧૮૧ | ૯૨૪ | ૩૯૨ |
| ૨૯. | વડોદરા | ૪,૩૧૨ | ૩૧,૩૫,૩૮૩ | ૧૬,૨૧,૧૯૧ | ૧૫,૧૪,૧૯૨ | ૯૩૪ | ૭૨૭ |
| ૩૦. | વલસાડ | ૩,૦૩૫ | ૧૭,૦૩,૦૬૮ | ૮,૮૪,૦૬૪ | ૮,૧૯,૦૦૪ | ૯૨૬ | ૫૬૧ |
| ૩૧. | સાબરકાંઠા | ૪,૧૭૩ | ૧૩,૭૫,૬૦૦ | ૭,૦૫,૪૩૬ | ૬,૭૦,૧૬૪ | ૯૫૦ | ૩૩૦ |
| ૩૨. | સુરત | ૪,૨૧૨ | ૬૦,૭૯,૨૩૧ | ૩૩,૯૯,૭૪૨ | ૨૬,૭૯,૪૮૯ | ૭૮૮ | ૧૩૭૬ |
| ૩૩. | સુરેન્દ્રનગર | ૯,૨૭૧ | ૧૫,૮૬,૩૫૧ | ૮,૨૨,૩૭૦ | ૭,૬૩,૯૮૧ | ૯૨૯ | ૧૭૧ |

## ગુજરાતના એક લાખથી વધુ વસ્તીવાળાં શહેરો

| ક્રમ | શહેર | વસ્તી (ઇ.સ. ૨૦૧૧ મુજબ) |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૬૩,૫૨,૨૫૪ |
| ૨. | સુરત | ૪૫,૮૫,૩૬૭ |
| ૩. | વડોદરા | ૧૮,૧૭,૧૯૧ |
| ૪. | રાજકોટ | ૧૩,૯૦,૯૩૩ |
| ૫. | ભાવનગર | ૬,૦૬,૨૮૨ |
| ૬. | જામનગર | ૬,૦૦,૪૧૧ |
| ૭. | જૂનાગઢ | ૩,૨૦,૨૫૦ |
| ૮. | ગાંધીનગર | ૨,૯૨,૭૫૨ |
| ૯. | આણંદ | ૨,૮૬,૯૨૧ |
| ૧૦. | નવસારી | ૨,૮૨,૭૫૩ |
| ૧૧. | સુરેન્દ્રનગર | ૨,૫૩,૬૨૦ |
| ૧૨. | ગાંધીધામ | ૨,૪૮,૭૦૫ |
| ૧૩. | મોરબી | ૨,૪૬,૦૦૮ |
| ૧૪. | નડિયાદ | ૨,૨૫,૧૩૨ |
| ૧૫. | ભરૂચ | ૨,૨૪,૨૧૦ |
| ૧૬. | પોરબંદર | ૨,૧૭,૩૦૭ |

| ક્રમ | શહેર | વસ્તી (ઇ.સ. ૨૦૧૧ મુજબ) |
|---|---|---|
| ૧૭. | મહેસાણા | ૧,૯૦,૧૮૯ |
| ૧૮. | ભુજ | ૧,૮૭,૨૭૯ |
| ૧૯. | વેરાવળ | ૧,૮૪,૮૫૫ |
| ૨૦. | અમરેલી | ૧,૭૮,૦૫૯ |
| ૨૧. | વલસાડ | ૧,૭૦,૨૩૫ |
| ૨૨. | વાપી | ૧,૬૩,૬૦૫ |
| ૨૩. | ગોધરા | ૧,૬૧,૯૨૫ |
| ૨૪. | અંકલેશ્વર | ૧,૪૦,૮૩૯ |
| ૨૫. | પાલનપુર | ૧,૪૦,૩૪૪ |
| ૨૬. | પાટણ | ૧,૩૩,૭૪૪ |
| ૨૭. | બોટાદ | ૧,૩૦,૩૦૨ |
| ૨૮. | દાહોદ | ૧,૩૦,૨૫૫ |
| ૨૯. | જેતપુર (નવાગઢ) | ૧,૧૮,૫૫૦ |
| ૩૦. | ગોંડલ | ૧,૧૨,૦૬૪ |
| ૩૧. | ડીસા | ૧,૧૧,૧૪૯ |
| | | |

## ગુજરાતના સાગરીય રેતપટ

અહમદપુર માંડવી (જિ. ગીરસોમનાથ), ચોરવાડ (જિ. જૂનાગઢ), ઉભરાટ (જિ. નવસારી), તીથલ (જિ. વલસાડ), ઉમરગામ (જિ. વલસાડ), હજીરા (જિ. સુરત), ડુમસ (જિ. સુરત), માંડવી (જિ. કચ્છ), મોટા ગોપનાથ (જિ. ભાવનગર), પીરમ બેટ (જિ. ભાવનગર), પીરોટન ટાપુઓ (જિ. જામનગર) અને દેવભૂમિ દ્વારકા.

## ગુજરાતના ઉજાણી સ્થળો

સરદાર સરોવર (કેવડિયા કોલોની, જિ. નર્મદા), ચાંદોદ - કરનાળી (ગુજરાતનું કાશી, જિ. વડોદરા), ધરોઇ (જિ. મહેસાણા), દાંતીવાડા (જિ. બનાસકાંઠા), બાલારામ (જિ. બનાસકાંઠા), શુક્લ તીર્થ, કબીરવડ (જિ. ભરૂચ), તુલસીશ્યામ (જિ. ગીરસોમનાથ), ઉનાઇ (જિ. નવસારી), ઉકાઈ (જિ. સુરત), લસુન્દ્રા (જિ. ખેડા), ટુવા (જિ. પંચમહાલ), મુંદ્રા (કચ્છનું પેરિસ, જિ. કચ્છ), ઉત્કંઠેશ્વર (જિ. ગાંધીનગર), લીંબડી (હાઇવે ટૂરિઝમ, જિ. સુરેન્દ્રનગર.)

## ગુજરાતના ઐતિહાસિક સ્થળો

લોથલ (જિ. અમદાવાદ), ધોળાવીરા (જિ. કચ્છ), મોઢેરા (જિ. મહેસાણા), વડનગર (જિ. મહેસાણા), પાટણ (જિ. પાટણ), સિદ્ધપુર (જિ. પાટણ), પોળોનાં મંદિર (જિ. સાબરકાંઠા), આંતરસુંબા (જિ. સાબરકાંઠા), ધુમલી (જિ. દેવભૂમિ દ્વારકા), મોરબી (જિ. મોરબી), વાંકાનેર (જિ. મોરબી), કુંભારિયા (જિ. બનાસકાંઠા), ગોરજ (જિ. વડોદરા) – રાજ્યનું સૌથી પ્રાચીન મંદિર, દાંડી (જિ. નવસારી).

## ગુજરાતના વિહાર ધામો

કોટેશ્વર (જિ. બનાસકાંઠા), ગલતેશ્વર (જિ. ખેડા), ગળતેશ્વર (જિ. સાબરકાંઠા), ગોપનાથ (જિ. ભાવનગર), હાથબ (જિ. ભાવનગર), ડેઝર (જિ. પંચમહાલ), પાવાગઢ (જિ. પંચમહાલ), વિલ્સન (જિ. વલસાડ), માલસામોટ (જિ. ભરૂચ), સાપુતારા (જિ. ડાંગ), મહોદ (જિ. કચ્છ), સાસણ (જિ. જૂનાગઢ અને ગીરસોમનાથ), નળ સરોવર (જિ. અમદાવાદ).

## ગુજરાતના પર્વત - શિખર

- દત્તાત્રેય - ગિરનાર (જિ. જૂનાગઢ)
- સાપુતારા (જિ. ડાંગ)
- રતનમલ (જિ. દાહોદ)
- પાવાગઢ (જિ. પંચમહાલ)
- ગીરની ટેકરીઓ (જિ. અમરેલી, ગીરસોમનાથ અને જૂનાગઢ)
- બરડો (જિ. પોરબંદર)
- સતિયાદેવ (જિ. જામનગર)
- ધીણોધર (જિ. કચ્છ)
- ખડીર (જિ. કચ્છ)
- ખાવડા (જિ. કચ્છ)
- લખપત (જિ. કચ્છ)
- કાળો (જિ. કચ્છ)
- ભુજિયો (જિ. કચ્છ)
- નખત્રાણા (જિ. કચ્છ)
- ઓસમ (જિ. રાજકોટ)
- ચોટીલા (જિ. સુરેન્દ્રનગર)
- શેત્રુંજય (જિ. ભાવનગર)
- શિહોર (જિ. ભાવનગર)
- ઈડર (જિ. સાબરકાંઠા)
- આરાસુર (જિ. બનાસકાંઠા)
- તારંગા (જિ. મહેસાણા)
- રાજપીપળાની ટેકરીઓ (જિ. નર્મદા)
- વિલ્સન (જિ. વલસાડ)

## ગુજરાતમાં નદી કિનારે વસેલા શહેરો

| નદી | શહેર |
|---|---|
| ૧. નર્મદા | : ભરૂચ, ચાંદોદ, કરનાળી, શુક્લતીર્થ, માલસર, નારેશ્વર |
| ૨. તાપી | : સુરત, નિઝર, માંડવી |
| ૩. પૂર્ણા | : નવસારી, મહુવા, જલાલપોર |
| ૪. ઔરંગા | : વલસાડ |
| ૫. પાર | : પારડી |
| ૬. કોલક | : ઉદવાડા |
| ૭. દમણગંગા | : સેલવાસ |
| ૮. અમરાવતી | : વાલિયા |
| ૯. સાબરમતી | : મહુડી, ગાંધીનગર, અમદાવાદ, વૌઠા |
| ૧૦. મહાર | : કપડવંજ |
| ૧૧. વિશ્વામિત્રી | : વડોદરા |
| ૧૨. ગોમતી | : ડાકોર |
| ૧૩. વાત્રક | : મહેમદાવાદ, ઉત્કંઠેશ્વર, ખેડા |
| ૧૪. મેણ | : કવાંટ |
| ૧૫. હરણાવ | : ખેડબ્રહ્મા |
| ૧૬. પુષ્પાવતી | : મોઢેરા, ઉનાવા, મીરાંદાતાર |
| ૧૭. બનાસ | : ડીસા, શિહોરી |
| ૧૮. હાથમતી | : હિંમતનગર |
| ૧૯. સરસ્વતી | : સિદ્ધપુર, પાટણ, દાંતા |
| ૨૦. મેશ્વો | : શામળાજી |
| ૨૧. માજુમ | : મોડાસા |
| ૨૨. વઢવાણ ભોગાવો | : ચોટીલા, સાયલા, મૂળી, વઢવાણ, સુરેન્દ્રનગર |

| નદી | શહેર |
|---|---|
| ૨૩. શિંગવડો | : કોડીનાર |
| ૨૪. લીંબડી ભોગાવો | : થોરિયાળી, લીંબડી |
| ૨૫. ભાદર | : જસદણ, આટકોટ, નવાગઢ, ધોરાજી, ઉપલેટા, ગણોદ, જેતપુર, નવીબંદર |
| ૨૬. શેત્રુંજી | : ધારી, ખોડિયાર, પાલિતાણા |
| ૨૭. મચ્છુ | : વાંકાનેર, મોરબી, માળિયા (મિયાણા) |
| ૨૮. સૂકભાદર | : ધંધુકા, રાણપુર, ધોલેરા |
| ૨૯. ગોદરા | : ધ્રાંગધ્રા |
| ૩૦. ઘેલો | : ઘેલા સોમનાથ, ગઢડા, અડતાળા, નવાગામ, વલભીપુર |
| ૩૧. આજી | : રાજકોટ |
| ૩૨. ગોંડલી | : ગોંડલ, કોટડા સાંગાણી |
| ૩૩. માલણ | : મહુવા |
| ૩૪. ફોફળ | : જામકંડોરણા |
| ૩૫. ગોમતી | : દ્વારકા |
| ૩૬. હિરણ, કપિલા અને સરસ્વતી | : સોમનાથ |
| ૩૭. કનકાવતી | : માંડવી (કચ્છ) |
| ૩૮. મહી | : વણાકબોરી, કડાણા |
| ૩૯. રૂપેણ | : મહેસાણા |
| ૪૦. કાળુભાર | : સમઢિયાળા |
| ૪૧. અંબિકા | : વાંસદા |

## રુશવતખોરીનું મૂળ

નેતા બન્યા પછી ચૂંટણી લડવા માટે ઘણા પૈસા જોઈએ. કાળું-ધોળું કર્યા વિના પૈસા ક્યાંથી મળે? દેશમાં રુશવતખોરીનું મૂળ ચૂંટણીમાં કરવો પડતો બેફામ ખર્ચ છે. પરિણામે પ્રામાણિક રાજકારણી દુર્લભ બની ગયો છે. બધો વાંક નેતાનો નથી હોતો, કારણકે એ ધારે તોય બેદાગ ન રહી શકે એવી રાજકીય પરિસ્થિતિ છે.

# ગુજરાતના ધાર્મિક સ્થળો

## હિન્દુ યાત્રાધામો :

★ સોમનાથ, પ્રભાસપાટણ (જિ. જૂનાગઢ) : બાર જ્યોતિર્લિંગમાંનું એક.
★ ગુપ્ત પ્રયાગ (જિ. ગીરસોમનાથ) : ગુપ્ત પ્રયાગરાજજીનું પ્રાચીન મંદિર.
★ અંબાજી (જિ. બનાસકાંઠા) : શક્તિ સંપ્રદાયનું સૌથી મોટું પ્રાચીન તીર્થધામ. ૫૧ શક્તિપીઠો પૈકીની એક.
★ બાલારામ (જિ. બનાસકાંઠા) : કોટેશ્વર મહાદેવનું મંદિર.
★ શામળાજી (જિ. અરવલ્લી) : શ્રીકૃષ્ણના ગદાધર શ્યામ સ્વરૂપની મૂર્તિ.
★ બહુચરાજી (જિ. મહેસાણા) : બહુચર માતાનું પ્રાચીન મંદિર.
★ ઊંઝા (જિ. મહેસાણા) : કડવા પાટીદારના કુળદેવી ઉમિયા માતાજીનું મંદિર.
★ નારાયણ સરોવર (જિ. કચ્છ) : ભારતના પાંચ પવિત્ર સરોવરોમાંનું એક.
★ કોટેશ્વર (જિ. કચ્છ) : કચ્છમાં દરિયા કિનારે આવેલું શિવાલય.
★ ગલતેશ્વર (જિ. ખેડા) : સોલંકી યુગનું શિવાલય.
★ ડાકોર (જિ. ખેડા) : રણછોડરાયજીનું મંદિર.
★ કાયાવરોહણ (જિ. વડોદરા) : પાશુપત સંપ્રદાયનું પવિત્ર તીર્થધામ.
★ નારેશ્વર (જિ. વડોદરા) : મહારાજ શ્રી રંગ અવધૂતનો આશ્રમ.
★ ચાંદોદ (જિ. વડોદરા) : પિતૃકાર્ય અને શ્રાદ્ધતર્પણ માટે પ્રસિદ્ધ સ્થળ.
★ વીરપુર (જિ. રાજકોટ) : ભક્ત જલારામનું સ્થાનક.
★ ગિરનાર (જિ. જૂનાગઢ) : ગોરખનાથ, અંબા માતા, ગુરુ દત્તાત્રેય, ઓઘડ અને કાલકા શિખર.
★ સત્તાધાર (જિ. જૂનાગઢ) : સંત શ્રી આપાગીગાનું સમાધિ સ્થળ.
★ રાજપરા (જિ. ભાવનગર) : ખોડિયાર માતાનું ભવ્ય મંદિર.
★ ગોપનાથ (જિ. ભાવનગર) : સમુદ્ર કિનારે ગોપનાથનું શિવમંદિર.
★ સાળંગપુર (જિ. અમદાવાદ) : હનુમાનજીનું પ્રસિદ્ધ મંદિર.
★ પાવાગઢ (જિ. પંચમહાલ) : મહાકાલી માતાનું પ્રાચીન તીર્થધામ.
★ કામરેજ (જિ. સુરત) : નારદ-બ્રહ્માની અનોખી પ્રતિમા.
★ દ્વારકા (જિ. દેવભૂમિ દ્વારકા) : ભગવાન શ્રીકૃષ્ણની નગરી, દ્વારકાધીશનું ભવ્ય મંદિર.
★ બિંદુ સરોવર (સિદ્ધપુર, જિ. પાટણ) : ભારતનાં પવિત્ર સરોવરોમાંનું એક.
★ ભૃગુ આશ્રમ (ભરૂચ, જિ. ભરૂચ) : ભૃગુ ઋષિનો પ્રાચીન આશ્રમ.

## જૈન તીર્થો

★ પાલિતાણા (જિ. ભાવનગર) : જૈનોનું પવિત્ર તીર્થધામ, ૮૬૩ દેરાસરો.
★ ભદ્રેશ્વર (જિ. કચ્છ) : ભગવાન મહાવીરનાં મંદિર ઉપરાંત ૫૨ દેરાસરો.
★ તારંગા (જિ. મહેસાણા) : એક જ શિલામાંથી કંડારાયેલ ભગવાન અજિતનાથની પ્રતિમા.
★ મહેસાણા (જિ. મહેસાણા) : ભગવાન સીમંધર સ્વામિની મૂર્તિ.
★ ભોયણી (જિ. મહેસાણા) : ભગવાન શ્રી મલ્લિનાથની સુંદર પ્રતિમા.

★ શંખેશ્વર (જિ. પાટણ) : પાલિતાણા પછીનું જૈનોનું મહત્ત્વનું તીર્થધામ.
★ મહુડી (જિ. ગાંધીનગર) : શ્રી ઘંટાકર્ણ મહાવીરની મૂર્તિ.
★ શેરીશા (જિ. ગાંધીનગર) : શ્રી પાર્શ્વનાથ અને શ્રી પદ્માવતી દેવીની ભવ્ય પ્રતિમા.
★ પાનસર (જિ. ગાંધીનગર) : ભગવાન શ્રી ધર્મનાથની મૂર્તિ.
★ ગિરનાર (જિ. જૂનાગઢ) : નેમિનાથજીના દેરાસર સહિત ૮૦૦ જૈન દેરાસરો.

**મુસ્લિમ આસ્થા કેન્દ્રો**

★ મીરાં દાતાર (ઉનાવા, જિ. પાટણ) : એક ઓલિયાની પુરાતન દરગાહ.
★ દેલમાલ (જિ. મહેસાણા) : હસનપીરની દરગાહનું પવિત્ર સ્થાન.
★ શેલાવી (જિ. મહેસાણા) : દાઉદી વહોરા કોમની બે દરગાહો.
★ દાતાર (જિ. જૂનાગઢ) : જમિયલશા પીરની દરગાહ.
★ રોજારોજી (મહેમદાવાદ, જિ. ખેડા) : પ્રસિદ્ધ રોજો.

**પારસી તીર્થો**

★ સંજાણ (જિ. વલસાડ) : ઈરાનથી આવેલા પારસીઓએ સંજાણના રાજાનો આશ્રય મેળવ્યો હતો.
★ ઉદવાડા (જિ. વલસાડ) : પવિત્ર આતશ બહેરામ પ્રજ્વલિત છે.

**યહૂદી તીર્થ**

★ ખમાસા (અમદાવાદ) : સિનેગૉગ (ગુજરાતનું એકમાત્ર પ્રાર્થનાગૃહ)

**ખ્રિસ્તી તીર્થ**

★ વડોદરા (જિ. વડોદરા) : નિષ્કલંક માતાનું ધામ.
★ ખંભોળજ (જિ. આણંદ) : નિરાધારોની માતા.

**સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થો**

★ ગઢડા (જિ. ભાવનગર) : સ્વામિનારાયણ સંપ્રદાયનું મુખ્ય તીર્થ.
★ વડતાલ (જિ. આણંદ) : શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મનોહર મંદિર.
★ બોચાસણ (જિ. આણંદ) : શ્રી અક્ષર પુરુષોત્તમ સંસ્થાનું મુખ્ય મથક.
★ અક્ષરધામ (ગાંધીનગર) : સ્વામિનારાયણ સંપ્રદાયનું આધુનિક અને ભવ્ય મંદિર સંકુલ.

**આ બધું અઘરું છે પણ....**

*★ લોકો શંકા કરતા હોય ત્યારે વિશ્વાસ રાખવો. લોકો સ્વપ્નમય હોય, ત્યારે કાર્યરત રહેવું. ★ લોકો ઉપેક્ષા કરતા હોય, ત્યારે સંભાળ લેવી. ★ લોકો છીનવી લેતા હોય, ત્યારે વહેંચવું. ★ લોકો દોષારોપણ કરતા હોય, ત્યારે માફી બક્ષવી. ★ લોકો ફરિયાદ કરતા હોય, ત્યારે હસતા રહેવું. ★ લોકો ટીકા કરતા હોય, ત્યારે પ્રશંસા કરવી. ★ લોકો વિધ્વંસ કરતા હોય, ત્યારે સર્જન કરવું. ★ લોકો અવઢવમાં હોય, ત્યારે સાહસ ખેડવું. ★ લોકો માગણી કરતા હોય, ત્યારે સેવારત રહેવું. ★ લોકો અધૂરું છોડી દેતા હોય, ત્યારે વળગી રહેવું.*

**આ બધું અઘરું છે... પણ ફળદાયી છે.**

# ગુજરાતની મુખ્ય સાહિત્ય સંસ્થાઓ

**(૧) ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (ગુજરાત વિદ્યાસભા) :** આ સંસ્થાની સ્થાપના ૨૬ ડિસેમ્બર, ૧૮૪૮ના રોજ ફાર્બસ સાહેબે અમદાવાદમાં કરી હતી. ૪ એપ્રિલ, ૧૮૪૯ના રોજ આ સંસ્થાએ 'વરતમાન' (અઠવાડિક) પ્રગટ કર્યું. ૧૫ મે, ૧૮૫૦ના રોજ 'બુદ્ધિપ્રકાશ' (પખવાડિક) શરૂ કર્યું. આજે પણ 'બુદ્ધિપ્રકાશ' (માસિક) પ્રકાશિત થાય છે. ઈ.સ. ૧૮૪૯માં 'નેટિવ લાઈબ્રેરી'ની સ્થાપના કરવામાં આવી. અમદાવાદના ભદ્ર વિસ્તારમાં આવેલું આ પુસ્તકાલય હિમાભાઈ ઈન્સ્ટિટ્યૂટ તરીકે પ્રખ્યાત છે. 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'નું પછી 'ગુજરાત વિદ્યાસભા'માં રૂપાંતર થયું. આ સંસ્થાએ લગભગ એક હજાર પુસ્તકોનું પ્રકાશન કરીને સાહિત્ય વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

**(૨) ગુજરાત સાહિત્ય સભા :** ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંશોધનને ઉત્તેજન આપવા માટે ઈ.સ. ૧૯૦૪માં રણજિતરામ વાવાભાઈ મહેતાએ અમદાવાદમાં 'ગુજરાત સાહિત્ય સભા'ની સ્થાપના કરી. ગુજરાતી સાહિત્યનો વિસ્તાર કરવા અને તેનો લોકપ્રિય બનાવવા વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી. ઈ.સ. ૧૯૨૯ના રજત જયંતી વર્ષથી ગુજરાતની અસ્મિતાને પોતાના કાર્ય અને કૃતિ દ્વારા પ્રગટ કરતા સાહિત્ય સર્જક કે કલાકારને 'રણજિતરામ સુવર્ણ ચંદ્રક'થી પુરસ્કૃત કરવાનો નિર્ણય લેવાયો.

**(૩) ગુજરાતી સાહિત્ય પરિષદ :** સમસ્ત ગુજરાતી ભાષી પ્રજાને સાહિત્ય અને વિદ્યાના રસથી આંદોલિત કરી એને સાહિત્ય પ્રીત્યર્થે એકત્રિત કરવામાં ગુજરાતી સાહિત્ય પરિષદે મહત્ત્વનો ફાળો આપ્યો છે. વિશાળ સંમેલનો, કલા સાહિત્ય, પુરાતત્ત્વના પ્રદર્શનો, વ્યાખ્યાનો, કવિ સંમેલનો, નાટ્ય પ્રયોગો અને લોકસંગીતના કાર્યક્રમો દ્વારા પરિષદે નવજાગૃતિ અને નવચેતનાનો સંચાર કરી, સાહિત્યિક પ્રવૃત્તિનાં પાસાંને પલ્લવિત કર્યા છે. આ ઉપરાંત પરિષદ સાહિત્ય પ્રવૃત્તિને પ્રેરણા આપતું સામયિક 'પરબ' પણ ચલાવે છે.

**(૪) પ્રેમાનંદ સાહિત્ય સભા :** ગુજરાતી ભાષા સાહિત્યના વિકાસ અને ઉન્નતિના ઉદ્દેશથી વડોદરામાં ઈ.સ. ૧૯૧૬માં 'વડોદરા સાહિત્ય સભા'ની સ્થાપના થઇ, જેણે ઈ.સ. ૧૯૪૪માં 'પ્રેમાનંદ સાહિત્ય સભા' નામ ધારણ કર્યું. સાહિત્યોપયોગી જ્ઞાનવર્ધક વ્યાખ્યાનો, સાહિત્યિક ગ્રંથોનું પ્રકાશન તેમજ સાહિત્યકારોની જયંતીઓની ઉજવણી આ સંસ્થા કરે છે.

**(૫) નર્મદ સાહિત્ય સભા :** ઈ.સ. ૧૯૨૩માં સુરતમાં 'ગુજરાતી સાહિત્ય મંડળ'ની સ્થાપના થઈ. ઈ.સ. ૧૯૩૯માં તેની સાથે નર્મદનું નામ સંકળાતાં તે 'નર્મદ સાહિત્ય સભા' બની. આ સંસ્થાએ મહોત્સવ, સમારોહ જેવા કાર્યક્રમો અને ઉત્સવો યોજી ગુજરાતી સાહિત્ય અને કલાની આરાધના કરી છે. આ સંસ્થા ઈ.સ. ૧૯૪૦થી 'નર્મદ સુવર્ણ ચંદ્રક' એનાયત કરે છે.

**(૬) ફાર્બસ ગુજરાતી સભા :** ગુજરાતી ભાષાનાં પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોના સંગ્રહના આશયથી ઈ.સ. ૧૮૬૫માં આ સંસ્થા સ્થપાઈ હતી. આ સંસ્થાએ ધર્મ, સાહિત્ય, વિજ્ઞાન અને સંશોધન ક્ષેત્રે ૭૫ જેટલાં પ્રકાશનો પ્રસિદ્ધ કર્યા છે. સંસ્થાએ ઈ.સ. ૧૯૩૨થી પોતાના મુખપત્ર 'ફાર્બસ ગુજરાતી સભા' ત્રૈમાસિક પત્રનું પ્રકાશન શરૂ કર્યું હતું, જે આજે પણ પ્રગટ થાય છે.

**(૭) ગુજરાત સાહિત્ય અકાદમી :** ગુજરાત રાજ્ય સંચાલિત 'ગુજરાત સાહિત્ય અકાદમી'ની સ્થાપના ઈ.સ. ૧૯૮૨માં થઈ. વર્ષ દરમિયાન પ્રગટ થયેલી કૃતિઓમાંથી સારી કૃતિને અકાદમી પુરસ્કાર આપે છે અને સર્જકોનું બહુમાન કરે છે. આ ઉપરાંત સાહિત્ય સર્જન તથા સંશોધન માટે ફેલોશિપ, પરિસંવાદ, કાર્યશિબિર, ગ્રંથ પ્રકાશન વગેરે પ્રવૃત્તિઓ કરે છે. સંસ્થાનું મુખપત્ર 'શબ્દસૃષ્ટિ' નિયમિત પ્રગટ થાય છે.

*"બકરીની જેમ સો વર્ષ જીવવા કરતાં એક પળ પણ સિંહની જેમ જીવવું બહેતર છે."*

*– ટીપુ સુલતાન*

## ગુજરાતી સાહિત્યના ગ્રંથ ભંડારો

૧. લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ.
૨. ભો.જે. વિદ્યાભવન (ગુજરાત વિદ્યાસભા), અમદાવાદ.
૩. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
૪. પંડિત રૂપવિજયગણિ જ્ઞાનભંડાર, દોશીવાડાની પોળ, અમદાવાદ.
૫. શ્રી સંવેગી જૈન ઉપાશ્રય જ્ઞાનભંડાર, પગથિયાની પોળ, અમદાવાદ.
૬. શ્રી વિજયનેમિસૂરિ જ્ઞાનભંડાર, પાંજરાપોળ ઉપાશ્રય, અમદાવાદ.
૭. પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા.
૮. શ્રી મુક્તિકમલ મોહન જ્ઞાનભંડાર, કોઠીની પોળ, વડોદરા.
૯. શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
૧૦. ગુજરાતી ભાષાભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૧૧. ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત.
૧૨. જૈન આનંદ પુસ્તકાલય ગ્રંથભંડાર, સુરત.
૧૩. ઈન્ડોલોજિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, શારદાપીઠ (દ્વારકા).
૧૪. શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર ગ્રંથભંડાર, પંચાસરાની પાસે, પાટણ.
૧૫. વિમલગચ્છ જૈન ગ્રંથભંડાર, ભાભાનો પાડો, પાટણ.
૧૬. મુક્તાબાઈ જૈન જ્ઞાનમંદિર, શ્રીમાળી વંડો, ડભોઇ.

## ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણના મહાવિદ્યાલયો

૧. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૧૯૨૦)
૨. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૧૯૪૯)
૩. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૧૯૬૨)
૪. ઈન્દિરા ગાંધી ઑપન યુનિવર્સિટી, અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૧૯૭૪)
૫. બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૧૯૯૭)
૬. નિરમા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૨૦૦૩)
૭. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા (સ્થાપના : ઈ.સ. ૧૯૫૦)
૮. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર (સ્થાપના : ઈ.સ. ૧૯૫૫)
૯. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (સ્થાપના : ૧૯૬૫)
૧૦. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત (સ્થાપના : ઈ.સ. ૧૯૬૭)
૧૧. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર (સ્થાપના : ઈ.સ. ૧૯૬૭)
૧૨. ગુજરાત કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા (સ્થાપના : ઈ.સ. ૧૯૭૩)
૧૩. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર (સ્થાપના : ઈ.સ. ૧૯૭૭)
૧૪. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ (સ્થાપના : ઈ.સ. ૧૯૮૫)
૧૫. કચ્છ યુનિવર્સિટી, કચ્છ (સ્થાપના : ઈ.સ. ૨૦૦૩)
૧૬. ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી, ગાંધીનગર (સ્થાપના : ઈ.સ. ૨૦૦૩)

## ગુજરાતમાં ગ્રામ વિદ્યાપીઠો

૧. લોકભારતી, સણોસરા, જિ. ભાવનગર
૨. નૂતન ગ્રામ વિદ્યાપીઠ, ગઢડા, જિ. ભાવનગર
૩. જે.પી. કુમારખા ગ્રામ વિદ્યાપીઠ, ગઢડા, જિ. ભાવનગર
૪. સાબરગ્રામ વિદ્યાપીઠ, સનોસણ, જિ. બનાસકાંઠા
૫. લોકનિકેતન ગ્રામ વિદ્યાપીઠ, રતનપુર, જિ. બનાસકાંઠા
૬. બનાસગ્રામ વિદ્યાપીઠ, અમીરગઢ, જિ. બનાસકાંઠા
૭. નૂતન ભારતી ગ્રામ વિદ્યાપીઠ, મડાણા ગઢ, જિ. બનાસકાંઠા
૮. સઘન મહિલા ગ્રામ વિદ્યાપીઠ, ચિત્રાસણી, જિ. બનાસકાંઠા
૯. સરસ્વતી વિદ્યાપીઠ, સમોડા, ગુણવાડા - ૩૮૪ ૧૩૦.
૧૦. મંગળ ભારતી, ગોલગામડી, જિ. વડોદરા
૧૧. સમાજસેવા મહાવિદ્યાલય, વેડછી, જિ. સુરત.
૧૨. ઈ.ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કુહાનવાડી, જિ. ખેડા
૧૩. શ્રી પીઠેશ્વરી કૃષિગ્રામ વિદ્યાપીઠ, પીઠાઈ, જિ. ખેડા.
૧૪. રંગભારતી વિદ્યાપીઠ, વાસણા મારગિયા, જિ. ખેડા
૧૫. ગ્રામસેવા મંદિર મહિલા વિદ્યાપીઠ, નારદીપુર, જિ. ગાંધીનગર
૧૬. પીપલ્સ વેલફેર સોસાયટી, કુમિયાણી આશ્રમ, કુમિયાણી - ૩૬૦ ૪૪૦.
૧૭. વનસેવા મહાવિદ્યાલય, બીલપુડી, જિ. વલસાડ
૧૮. બા.મો. શાહ ગ્રામ વિદ્યાપીઠ, ઝીલીઆ, જિ. મહેસાણા.
૧૯. ભારત સરસ્વતી મંદિર સંસદ, ગ્રામ વિદ્યાપીઠ મહા વિદ્યાલય, શારદાગ્રામ, જિ. જૂનાગઢ.
૨૦. આનંદ ગ્રામ ભારતી વિદ્યાપીઠ, હિલોલ - ૩૮૫ ૩૦૮.
૨૧. અમરભારતી મહિલા ગ્રામ વિદ્યાપીઠ, મોટી પાવઠી, જિ. અમદાવાદ.
૨૨. ગ્રામસેવા મહાવિદ્યાલય, અમરાપુર - ૩૮૨ ૭૨૧.

## ગુજરાતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની સંસ્થાઓ

૧. અમદાવાદ ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિએશન - અટીરા (ATIRA), અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૧૯૪૭)
૨. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL), અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૧૯૪૭)
૩. સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC), અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૧૯૭૨)
૪. ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૧૯૬૧)
૫. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID), અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૧૯૬૧)
૬. વેધશાળા, અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૧૯૫૬)
૭. વિકાસ અને શૈક્ષણિક સંચાર એકમ (DECU), અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૧૯૭૬)
૮. ડૉ. વિક્રમ સારાભાઈ કમ્યુનિટી સાયન્સ સેન્ટર, અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૧૯૬૨)
૯. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO), અમદાવાદ (સ્થાપના : ઈ.સ. ૧૯૬૯)
૧૦. સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, ભાવનગર (સ્થાપના : ઈ.સ. ૧૯૫૪)
૧૧. ઈન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝમા રિસર્ચ, ગાંધીનગર નજીક ભાટ ગ્રામ (સ્થાપના : ઈ.સ. ૧૯૮૬)

# ગુજરાતમાં ગૃહ ઉદ્યોગો

*પ્રાચીનકાળથી પટોળાં, મશરૂ, કિનખાબ, અકીકની વસ્તુઓ, વિવિધ પ્રકારનું ભરતકામ, રંગાટીકામ, લાકડાનું કોતરકામ વગેરે માટે ગુજરાત જાણીતું છે.*

(૧) **પટોળાં** : પટોળાં માટે પાટણ પ્રખ્યાત છે. કુમારપાળના સમયમાં પાટણમાં પટોળાં વણનારાં ૭૦૦ કારીગરો હતાં. હાલમાં કસ્તૂરચંદ અને બીજું એક કુટુંબ પટોળાં બનાવે છે. ઝીણા તાણા-વાણાને પ્રથમ બાંધી પછી તેને વિવિધ રંગોમાં રંગીન ભાત પ્રમાણે ગોઠવવામાં આવે છે. શુદ્ધ રેશમની ચટાઈ ડિઝાઈનમાં ભૌમિતિક આકૃતિઓ, નારીકુંજર, પાનભાત, ફૂલવાડી, ચોકડીભાત અને પશુ-પક્ષીઓની આકૃતિઓ વણાટ સાથે ઊપસતી આવે છે.

(૨) **મશરૂ** : આ કાપડ બનાવવા કૃત્રિમ રેશમનો તાણો અને સૂતરનો વાણો હોય છે. પાટણમાં ખત્રી અને શેખ મુસ્લિમ કારીગરો તેમજ ઊંઝામાં પટેલ કારીગરો મશરૂ તૈયાર કરે છે. પાટણમાં મશરૂના કારીગરોની સહકારી મંડળી છે. આ કાપડમાં સોનેરી, લાલ, લીલો અને પીળો રંગ વપરાય છે. કટારિયો, ચુંદડી, લાલ અને લીલી કંકણી, કમખી, સોદાગરી, અરબી વગેરે લોકપ્રિય ડિઝાઈનો છે.

(૩) **કિનખાબ** : સોનેરી અને રૂપેરી જરીમાંથી બનતું રેશમી કાપડ કિનખાબ તરીકે ઓળખાય છે. અમદાવાદ, સુરત, વડોદરા, ખંભાત, પાટણ, વિસનગર, મગરોડા, ઊંઝા, ઉપેરા અને ગોઝારિયા કિનખાબનાં ઉત્પાદન કેન્દ્રો છે. હાલ ઉપેરા, રિદ્રોલ અને નારદીપુરનું કિનખાબ વણાય છે. આ કાપડ રાજવી કુટુંબો અને મેમણ કોમ વધુ વાપરે છે.

(૪) **સુજની** : આ એક પ્રકારની રજાઈ છે અને એમાં એક પણ ટાંકો લીધા વિના વણાટની સાથે વચ્ચે રૂ ભરવામાં આવે છે. તેનો ઉદ્યોગ ભરૂચમાં છે.

(૫) **તણછાંઇ** : તણછાંઈનું કાપડ સુરતની વિશિષ્ટતા છે. રેશમી કાપડ ઉપર એક બાજુ સિંહ, હાથી વગેરેની ભાત છાપવામાં આવે છે.

(૬) **અકીકની વસ્તુઓ** : અકીકના પથ્થર રતનપુર (જિ. ભરૂચ) પાસેની બાવા ઘોરની ખાણમાંથી મળે છે. મોરબી, રાણપુર અને માઝુમ નદીના પટમાંથી હલકી જાતના પથ્થરો મળે છે. અકીકનો ઉદ્યોગ પ્રાચીનકાળથી વલભી અને ખંભાતમાં પ્રચલિત છે. છરી અને ખંજરનો હાથ, તલવારની મૂઠ, વીંટી, રકાબી-પ્યાલા, કલમ, ખડિયો, પેપર-વેઈટ વગેરે વસ્તુઓ અકીકના પથ્થરમાંથી બને છે. આફ્રિકા, યુરોપ અને મધ્ય એશિયાના દેશોમાં તેની નિકાસ થાય છે.

(૭) **જરીકસબ** : જરીકસબના ઉદ્યોગ માટે સુરત, અમદાવાદ, જામનગર અને ધોરાજી જાણીતાં છે. આ ઉદ્યોગના કાચા માલમાં રેશમી દોરા, ચાંદી અને સોનું મુખ્ય છે. કિનખાબ અને મખમલ ઉપર સોનેરી અને રૂપેરી તારથી ભરતકામ થાય છે. દક્ષિણના રાજયોમાં હાથસાળ કાપડમાં ગૂંથવા માટે ગુજરાતમાંથી સોનારૂપાનો કસબ ખરીદાય છે.

(૮) **ભરતકામ** : કચ્છ અને સૌરાષ્ટ્રની મોચી, જત, મતવા, લોહાણા, આહીર, મેર, કાઠી, રબારી, કણબી, સથવારા, ઓસવાળ વણિક અને સિંધી બહેનો ભરતકામ કરે છે.

- **મોચી ભરત** : કચ્છમાં માંડવીના મોચી અને ખાવડા તથા બન્નીના મતવા અને જત મોચી ભરતનું કામ કરે છે. આને 'આરી ભરત' કહે છે. સાટીન કે રેશમી ગજી, કુમળાં ચામડાં, અતલસ અને ગરમ કાપડ ઉપર હીરના રંગીન દોરા અને સોનાના ઝીણા તારથી આ ભરત ભરવામાં આવે છે. ચાકળા, તોરણ, ચણિયા, કપડું, પોલકું, ટોપી, પડદા તથા પહેરવેશનાં અન્ય કપડાં ઉપર આ ભરત ભરાય છે. કોઈ પણ જાતની ડિઝાઈન કર્યા સિવાય અક્ષરો, ફૂલવેલ, પક્ષીઓ, પશુઓ અને મનુષ્યોની આકૃતિઓ ભરતના ટાંકા દ્વારા ઉપસાવાય છે. તોરણ, પિછવાઈ વગેરે ઉપર બુલબુલ, મોર, પૂતળી વગેરેની આકૃતિઓ ઉપસાવાય છે. કોટાઈ અને લોડાઈની આહીર તથા રતનાલની રબારી સ્ત્રીઓ આભલાના ભરતમાં કુશળ છે. બન્નીના જત 'કજરી' ઉપર મોચી ભરત કરે છે.

- **કાઠી ભરત :** સૌરાષ્ટ્રમાં કાઠી કોમની બહેનો હાથવણાટના લાલ રંગના કાપડ ઉપર ઢોલામારુ, વાછડા દાદા, કૃષ્ણલીલા, રામાયણના પ્રસંગો, વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓ, ફૂલગોટા, કાંગરા વગેરેની ભાત ઉપસાવે છે. કાઠી કોમમાં લગ્નપ્રસંગે દીકરીને આણામાં ભરત ભરેલા ઘાઘરા, ચાકળા, તોરણ, ટોડલિયાં, દિવાલ ઉપરના પડદા વગેરે અપાય છે. અમરેલી જિલ્લાના બગસરા, ચાડિયા, ઈંગરોળા, બાબરા, વાડિયા, ચલાળા, કૂંકાવાવ વગેરે ગામોમાં કાઠી ભરત થાય છે.
- **આહીર ભરત :** પીળા પોત ઉપર પોપટ, બુલબુલ, પૂતળીઓ વગેરેની આકૃતિઓ ઉપસાવાય છે. આભલાનો પણ ઉપયોગ થાય છે. ચાકળા, તોરણ, પડદા, ટોડલિયાં, કાપડું અને ચોળી ઉપર આ ભરત ભરાય છે. જૂનાગઢ જિલ્લો આ ભરત માટે જાણીતો છે.
- **કણબી ભરત :** ભાવનગર જિલ્લાના ગારિયાધાર પંથકમાં કણબી સ્ત્રીઓ ઘાઘરા, ચોળી, ચંદરવા, બારસાખિયાં, થેલી, બળદની ઝૂલ, ઓશીકાના ગલેફ વગેરે ઉપર આ ભરત ભરે છે. લાલ અથવા ભૂરા રંગના જાડા કાપડ ઉપર આ ભરતકામ થાય છે. ચણિયાના ભરતકામમાં આભલાનો ઉપયોગ થાય છે.
- **મહાજન ભરત :** વાગડ અને ભુજ-માંડવીના ઓસવાળ વણિકો, સોની વગેરે ભૌમિતિક ડિઝાઈનો, હીરાચોકડી ભાતનો આ ભરતમાં ઉપયોગ કરે છે. ગલેફ, ટોટલિયાં, ચાકળા અને ભીંતિયાં ઉપર તેઓ ભરત ભરે છે.
- **મોતી ભરત :** મોતીનાં તોરણ, ઇંઢોણી, નારિયેળ, પંખા, ચોપાટ, ઢીંગલી, ચાકળા, ચંદરવા વગેરે ભરવાનું કામ અમરેલી જિલ્લાના કાઠી વસ્તીવાળાં ગામોમાં થાય છે. સૌરાષ્ટ્રમાં નવરાશના સમયમાં સ્ત્રીઓ ભૂંગળી અને મોતીવાળું તોરણ બનાવે છે.

**(૯) રંગાટીકામ :** જામનગર, જેતપુર, ગોંડલ, રાજકોટ, ભાવનગર, અમરેલી, શિહોર, વડોદરા, બગસરા, ભુજ, માંડવી, અંજાર, સુરત, નવસારી, ગણદેવી, વલસાડ, બારડોલી, ચીખલી વગેરે શહેરો રંગાટીકામ માટે જાણીતાં છે. કચ્છમાં ચુંદડી, સાફા, શીરક, રૂમાલ, ઉપરણાં, ચાદરો વગેરેનું રંગાટીકામ થાય છે. જામનગરની બાંધણી વખણાય છે. જેતપુરમાં સાડી ઉપર રંગાટીકામ થાય છે. રંગાટીકામ માટે મિલનું વાયલ, મલમલ, લોન, કેમ્બ્રિક તથા પાવરલૂમ અને હેન્ડલૂમનું કાપડ વપરાય છે.

**(૧૦) લાકડાનું કોતરકામ :** સંખેડા, ધોરાજી અને જૂનાગઢમાં કલાઈ તથા લાખ મિશ્રિત રંગવાળાં લાકડાનાં બાજોઠ, ઝૂલા, ઢોલિયા, ઘોડિયાં, સોફાસેટ, વેલણ વગેરે બનાવવામાં આવે છે. ભાવનગર જિલ્લાના મહુવામાં હાથીદાંત અને લાકડાનાં વિવિધ ફળો, રમકડાં, નાની પેટીઓ વગેરે બનાવવામાં આવે છે. ભાવનગરમાં મોટા પટારા બને છે. ગોધરા, ઈડર, અમદાવાદ, સુરત, લૂણાવાડા, પાલનપુર, વાડાસિનોર, મોડાસા, સંતરામપુર, સંખેડા, પાટણ, મહુવા, જૂનાગઢ અને ભાવનગર આ ગૃહઉદ્યોગનાં કેન્દ્રો છે.

**(૧૧) ધાતુકામ :** ધાતુકામ માટે શિહોર, વઢવાણ, ધ્રાંગધ્રા, જામનગર, વિસનગર, નડિયાદ, વડોદરા, ડભોઈ, નવસારી વગેરે શહેરો જાણીતાં છે. જામનગર, અંજાર, માંડવી, ભુજ, રોહા, કોઠારા વગેરે શહેરો સૂડી, ચપ્પુ, તાળાં વગેરે બનાવવા માટે જાણીતાં છે. વડનગર, ઉમરેઠ અને પીજમાં અસ્ત્રા અને ચપ્પુ બને છે. રાજકોટ અને ભુજ સોનાચાંદીનાં કલાત્મક આભૂષણો માટે જાણીતાં છે. રાખદાની, પાનદાની, ફૂલદાની, અત્તરદાની કચ્છમાં બને છે. રાજકોટમાં મીનાકામવાળાં, હીરામોતી જડેલાં આભૂષણો બને છે.

**(૧૨) માટી કામ :** કુંભારો સદીઓથી નળિયાં, ઈંટો, માટલાં, કુલડી, કોડિયાં વગેરે બનાવતા આવ્યા છે. આદિવાસીઓ સપાટ નળિયાં, ઘોડાં, ખતરીદેવની મૂર્તિ વગેરે બનાવે છે. થાનમાં માટીનાં રમકડાં બને છે. પાટણમાં ઓતિયા કુંભારો વિવિધ પ્રકારનાં રમકડાં બનાવે છે. થાન, શિહોર, વાંકાનેર, મોરબી, બીલીમોરા વગેરેમાં ચિનાઈ માટીના પ્યાલા, રકાબી, બરણી, ગ્લેઝવાળાં વાટકા, સેનેટરી વેર વગેરે બને છે.

*"જ્યારે તમે અનુભવો છો કે તમે કંઈ પણ જાણતા નથી ત્યારે તમે શીખવા માટે તૈયાર થાઓ છો."*
*– મધર ટેરેસા*

# ગુજરાતમાં રેલ - વ્યવહાર

*ગુજરાતમાં રેલવેની શરૂઆત ઈ.સ. ૧૮૫૫માં ઉતરાણ અને અંકલેશ્વર વચ્ચે (૪૬.૪ કિ.મી.) થઈ હતી. ઈ.સ. ૧૮૬૦થી ૧૯૦૦ સુધીમાં વડોદરા - ભરૂચ, વડોદરા - મહેમદાવાદ, મહેમદાવાદ - અમદાવાદ, અમદાવાદ - વીરમગામ વચ્ચે રેલ-વ્યવહાર શરૂ થયો હતો. સૌરાષ્ટ્રમાં ઈ.સ. ૧૮૮૦માં ભાવનગરથી વઢવાણ અને ઈ.સ. ૧૮૮૧માં ધોળા - જેતલસર વચ્ચે રેલવે લાઈન શરૂ થઈ હતી.*

*દેશનાં અગત્યનાં શહેરો ગુજરાત સાથે રેલમાર્ગે જોડાયેલા છે. ગુજરાતમાં કુલ ૫૬૯૬ કિ.મી.નો રેલવે માર્ગ છે. ગુજરાત સાથે જોડાયેલી અગત્યની ટ્રેનો નીચે પ્રમાણે છે.*

| ક્રમ | ટ્રેન નંબર | ટ્રેનનું નામ |
|---|---|---|
| ૧. | ૧૦૯૫ – ૧૦૯૬ | અમદાવાદ - પુણે અહિંસા એક્સપ્રેસ |
| ૨. | ૧૨૬૯ – ૧૨૭૦ | રાજકોટ - ભોપાલ એક્સપ્રેસ |
| ૩. | ૨૦૦૯ – ૨૦૧૦ | અમદાવાદ - મુંબઈ શતાબ્દી એક્સપ્રેસ |
| ૪. | ૨૪૭૩ – ૨૪૭૪ | અમદાવાદ - જમ્મુ તાવી સર્વોદય એક્સપ્રેસ |
| ૫. | ૨૪૭૫ – ૨૪૭૬ | રાજકોટ - જમ્મુ તાવી એક્સપ્રેસ |
| ૬. | ૨૪૭૭ – ૨૪૭૮ | જામનગર - જમ્મુ તાવી એક્સપ્રેસ |
| ૭. | ૨૯૦૧ – ૨૯૦૨ | અમદાવાદ - મુંબઈ ગુજરાત મેલ |
| ૮. | ૨૯૧૫ – ૨૯૧૬ | અમદાવાદ - દિલ્હી આશ્રમ એક્સપ્રેસ |
| ૯. | ૨૯૨૭ – ૨૯૨૮ | વડોદરા - મુંબઈ એક્સપ્રેસ |
| ૧૦. | ૨૯૩૩ – ૨૯૩૪ | અમદાવાદ - મુંબઈ કર્ણાવતી એક્સપ્રેસ |
| ૧૧. | ૨૯૫૭ – ૨૯૫૮ | અમદાવાદ - દિલ્હી સુવર્ણ જયંતિ રાજધાની એક્સપ્રેસ |
| ૧૨. | ૨૯૬૩ –૨૯૬૪ | વડોદરા - બાંદ્રા સયાજીનગરી એક્સપ્રેસ |
| ૧૩. | ૪૮૪૫ – ૪૮૪૬ | અમદાવાદ - જોધપુર સૂર્યનગરી એક્સપ્રેસ |
| ૧૪. | ૫૦૪૫ – ૫૦૪૬ | અમદાવાદ - ગોરખપુર એક્સપ્રેસ |
| ૧૫. | ૬૦૪૫ – ૬૦૪૬ | અમદાવાદ - ચેન્નાઈ નવજીવન એક્સપ્રેસ |
| ૧૬. | ૬૫૦૧ – ૬૫૦૨ | અમદાવાદ - બેંગાલુરુ (બેંગ્લોર) એક્સપ્રેસ |
| ૧૭. | ૬૬૧૩ – ૬૬૧૪ | રાજકોટ - કોઈમ્બતુર એક્સપ્રેસ |
| ૧૮. | ૭૦૧૭ – ૭૦૧૮ | રાજકોટ - સિકંદ્રાબાદ એક્સપ્રેસ |
| ૧૯. | ૮૦૩૩ – ૮૦૩૪ | અમદાવાદ - હાવડા એક્સપ્રેસ |
| ૨૦. | ૮૪૦૧ – ૮૪૦૨ | ઓખા - પુરી એક્સપ્રેસ |
| ૨૧. | ૮૪૦૩ – ૮૪૦૪ | અમદાવાદ - પુરી એક્સપ્રેસ |
| ૨૨. | ૯૦૦૫ – ૯૦૦૬ | ઓખા - મુંબઈ સૌરાષ્ટ્ર મેલ |
| ૨૩. | ૯૦૧૧ – ૯૦૧૨ | અમદાવાદ - મુંબઈ ગુજરાત એક્સપ્રેસ |

| | |
|---|---|
| ૨૪. ૯૦૧૭ – ૯૦૧૮ | જામનગર - બાંદ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ |
| ૨૫. ૯૦૨૧ – ૯૦૨૨ | સુરત - મુંબઈ ફ્લાઇંગ રાણી એક્સપ્રેસ |
| ૨૬. ૯૦૩૧ – ૯૦૩૨ | ગાંધીધામ - મુંબઈ કચ્છ એક્સપ્રેસ |
| ૨૭. ૯૦૪૫ – ૯૦૪૬ | સુરત - વારાણસી તાપ્તી ગંગા એક્સપ્રેસ |
| ૨૮. ૯૦૪૭ – ૯૦૪૮ | સુરત - પટણા તાપ્તી ગંગા એક્સપ્રેસ |
| ૨૯. ૯૧૦૫ – ૯૧૦૬ | અમદાવાદ - દિલ્હી મેલ |
| ૩૦. ૯૧૪૩ – ૯૧૪૪ | અમદાવાદ - મુંબઈ લોકશક્તિ જનતા એક્સપ્રેસ |
| ૩૧. ૯૧૬૩ – ૯૧૬૪ | અમદાવાદ - ફૈઝાબાદ સાબરમતી એક્સપ્રેસ |
| ૩૨. ૯૧૬૫ – ૯૧૬૬ | અમદાવાદ - મુઝફ્ફરપુર સાબરમતી એક્સપ્રેસ |
| ૩૩. ૯૧૬૭ – ૯૧૬૮ | અમદાવાદ - વારાણસી સાબરમતી એક્સપ્રેસ |
| ૩૪. ૯૨૧૫ – ૯૨૧૬ | પોરબંદર - મુંબઈ સૌરાષ્ટ્ર એક્સપ્રેસ |
| ૩૫. ૯૨૬૩ – ૯૨૬૪ | પોરબંદર - દિલ્હી સરાઇ રોહિલ્લા એક્સપ્રેસ |
| ૩૬. ૯૯૪૩ – ૯૯૪૪ | અમદાવાદ - દિલ્હી સરાઇ રોહિલ્લા એક્સપ્રેસ |
| ૩૭. ૩૩૫૦ – ૩૩૫૧ | અમદાવાદ - ધનબાદ પારસનાથ એક્સપ્રેસ |

## ગુજરાતના લોક નૃત્ય

**(૧) ગરબો** : ગરબો શબ્દ 'ગર્ભદીપ' ઉપરથી બન્યો છે. ગુજરાતમાં શક્તિપૂજા પ્રચલિત થઈ ત્યારથી ગરબો લોકપ્રિય છે. ગરબામાં માટલીમાં છિદ્રો રાખીને દીવો ગોઠવવામાં આવે છે. આ ગરબાને માથા ઉપર લઈને નવરાત્રિમાં સ્ત્રીઓ આદ્યશક્તિ અંબિકા, બહુચરા વગેરેના ગરબા ગાય છે.

**(૨) રાસ** : હલ્લીસક અને લાસ્ય નૃત્યમાંથી તેનો જન્મ થયો છે. વૈષ્ણવ સંપ્રદાયની અસર વધતાં રાસ લોકપ્રિય બન્યો છે.

**(૩) હાલીનૃત્ય** : હાલીનૃત્ય સુરત જિલ્લાના દૂબળા આદિવાસીઓનું નૃત્ય છે. એક પુરુષ અને એક સ્ત્રી ગોળાકારમાં ગોઠવાઈને, કમ્મર ઉપર હાથ રાખીને નાચે છે. સાથે ઢોલ અને થાળી વગાડતાં હોય છે.

**(૪) ભીલ નૃત્ય** : પંચમહાલનાં ભીલનૃત્યો પૈકી યુદ્ધનૃત્ય વિશેષ જાણીતું છે. યુદ્ધનું કારણ પ્રેમપ્રસંગ હોય છે. આ નૃત્ય પુરુષો કરે છે. ઉન્માદમાં આવી જઈને તેઓ ચિચિયારીઓ પાડે છે અને જોરથી કૂદકા મારે છે. આ નૃત્ય કરતી વખતે તેઓ તીરકામઠાં, ભાલાં વગેરે સાથે રાખે છે અને પગમાં ઘૂઘરા બાંધે છે. સાથે મંજીરા પૂંગીવાદ્ય અને ઢોલ પણ વાગતાં હોય છે. ભરૂચ જિલ્લામાં શિયાળામાં થતું આ નૃત્ય 'આગવા' તરીકે ઓળખાય છે. ઓખામંડળના વાઘેરો અને પોરબંદરના મેર તલવાર સાથે કૂદકા મારતાં આ નૃત્ય કરે છે.

**(૫) દાંડિયા રાસ** : દાંડિયા રાસમાં ભાગ લેનારના હાથમાં બે દાંડિયા હોય છે. આ દાંડિયા સાથે તે તાલબદ્ધ રીતે ગોળાકારમાં ફરે છે અને સામસામા બેસીને અથવા ફરતાં ફરતાં પરસ્પર દાંડિયા અથડાવે છે. આ રાસ સાથે ઢોલ, તબલાં, મંજીરા વગેરે પણ વાગતાં હોય છે.

**(૬) ગોફ ગુંથણ** : રંગીન કાપડની પટ્ટી, રાશ કે દોરીને એક કડીમાં બાંધીને ગુચ્છો બનાવાય છે. એક હાથમાં દોરીનો છેડો અને બીજા હાથમાં દાંડિયો પકડીને નૃત્ય કરવામાં આવે છે. આ નૃત્યમાં દોરીની ગૂંથણી અને હલનચલન મુખ્ય છે. આ નૃત્યમાં પુરુષો ભાગ લે છે.

(૭) **ટિપ્પણી નૃત્ય :** આ નૃત્ય ધાબું ભરવા માટે ચૂનાને પીસતી વખતે થાય છે. ચોરવાડ અને વેરાવળની ખારવણ બહેનો ટિપ્પણી વડે ટીપવાની ક્રિયા સાથે તાલબદ્ધ નૃત્ય કરે છે.

(૮) **પઢારોનું નૃત્ય :** નળકાંઠાના પઢારો મંજીરાં લઈને ગોળાકારમાં નૃત્ય કરતા હોય છે. પગ પહોળા રાખીને હલેસાં મારતા હોય છે કે અડધા બેસીને, અડધા સૂઈને નૃત્યની વિવિધ મુદ્રાઓ કરતા હોય છે. આ નૃત્ય સાથે એકતારો, તબલાં, બગલિયું અને મોટાં મંજીરાં વગાડવામાં આવે છે.

(૯) **માંડવી અને જાગનૃત્ય :** ઉત્તર ગુજરાતમાં નવરાત્રિમાં સોજા, મહેરવાડા, રૂપાલ વગેરે સ્થળોએ તથા અમદાવાદમાં ઠાકરડા, પાટીદાર, રજપૂત વગેરે કોમની બહેનો માથે માંડવી કે જાગ મૂકીને આ નૃત્ય કરે છે. એક બહેન ગવરાવે છે અને બીજી બહેનો માથે માંડવી મૂકી હાથમાં તાળી આપી નૃત્ય કરે છે.

(૧૦) **રૂમાલ નૃત્ય :** મહેસાણા જિલ્લાના ઠાકોરો હોળી તથા મેળાના પ્રસંગોએ હાથમાં રૂમાલ રાખી નૃત્ય કરતા હોય છે. ઘોડા કે અન્ય પશુનું મહોરું પહેરીને પણ આ નૃત્ય કરાય છે.

(૧૧) **હમચી કે હીંચ નૃત્ય :** સીમંત, લગ્ન કે જનોઈના પ્રસંગે રાંદલ માતાને તેડવામાં આવે છે. રાંદલ માતા ફરતી બહેનો રાંદલમાની સ્તુતિ કરતાં હમચી ખૂંદે છે કે હીંચ લે છે.

(૧૨) **રાસડા :** રાસડામાં લોકસંગીત મુખ્ય હોય છે. આ ત્રણ તાલી રાસનો એક પ્રકાર છે. કોળી અને ભરવાડ કોમોમાં સ્ત્રી-પુરુષો સાથે રાસડા લે છે. રાસડામાં ઉપયોગમાં લેવાતાં વાદ્યોમાં મોરલી, પાવા, શરણાઈ, કરતાલ, ઝાંઝ, ઘૂઘરા, મંજીરા, ઢોલ, ઢોલક, ડફ અને ખંજરી મુખ્ય છે.

(૧૩) **કોળી નૃત્ય :** કોળી સૌરાષ્ટ્રની રંગીલી કોમ છે. તેઓ મધ્યમ કદના હોય છે. તેમનાં શરીર પાતળાં અને ચેતનવંતા હોય છે. તરણેતરનો મેળો કોળીઓનો જ મેળો છે. કોળી સ્ત્રી ત્રણ તાલીના રાસમાં ચગે છે. મીઠી હલકે, મીઠા કંઠે અને મોકળા મને ગાતી તેમજ વાયુના હિલોળાની જેમ ઝુમતી કોળી સ્ત્રીને જોવી એ એક લહાવો છે.

(૧૪) **મેર નૃત્ય :** મેર જાતિનું લડાયક ખમીર અને આકર્ષક બાહુબળ આ નૃત્યમાં આગવું સ્વરૂપ ધારણ કરે છે. ઢોલ અને શરણાઈ એમનાં શૂરાતનને બિરદાવતાં હોય છે. મેર લોકોમાં પગની ગતિ તાલબદ્ધ હોવા છતાં તરલતા ઓછી હોય છે. ક્યારેક તેઓ એક થી દોઢ મીટર જેટલા ઊંચા ઊછળે છે અને વીરરસ તથા રૌદ્રરસની પ્રસન્ન ગંભીર છટા ઊભી કરે છે.

(૧૫) **સીદીઓનું ધમાલ નૃત્ય :** જાફરાબાદ પાસે જંબુસર ગામમાં સીદી લોકોની ત્રણસો વર્ષ જૂની વસાહત છે. તેઓ મૂળ આફ્રિકાના અહીં આવીને વસેલા મુસલમાનો છે. હાથમાં મશીરાને (નાળિયેરની આખી કાચલીમાં કોડીઓ ભરીને) તાલબદ્ધ ખખડાવે છે. મોરપિચ્છનું ઝુંડ, નાનાં ઢોલકાં એમનાં સાધન છે. સીદીઓનો મુખી ગીતો ગાતો અને ગવરાવતો જાય, ઠેક મારતો જાય અને બધાને માથે મોરપિચ્છનો ઝૂડો ફેરવતો જાય છે.

(૧૬) **મેરાયો :** આ બનાસકાંઠાના વાવ તાલુકાના ઠાકોરોનું લોકનૃત્ય છે. સરખડ અથવા ઝુંઝાળી નામના ઘાસમાંથી તોરણ જેવાં ઝુમખાં ગૂંથીને 'મેરાયો' બનાવવામાં આવે છે. મેરાયો ઘુમાવતી આ ટોળી મેળાના સ્થળે પહોંચે છે. પછી ખુલ્લી તલવારોથી પટાબાજી ખેલતા બે મોટિયારો દ્વંદ્વયુદ્ધ માટે એકબીજાને પડકારે છે. આ દૃશ્ય જોનારને હૃદય થંભી જતું હોય એમ લાગે છે. ત્યાં એકાએક બંને લડવૈયા સામસામે એકબીજાને ભેટી પડે છે. આ વખતે 'હુડીલા' (શૌર્યગાન) ગવાય છે.

(૧૭) **ડાંગી નૃત્ય :** ડાંગ જિલ્લાના આદિવાસીઓનું ડાંગીનૃત્ય 'ચાળો' તરીકે ઓળખાય છે. 'માળીનો ચાળો,' 'ઠાકર્યા ચાળો' વગેરે. ડાંગીનૃત્યના ૨૭ જાતના તાલ છે. તેઓ ચકલી, મોર, કાચબા વગેરે જેવાં પ્રાણીઓ અને પંખીઓની નકલ નૃત્ય સ્વરૂપે કરે છે. થાપી, ઢોલક, મંજીરા કે પાવરી નામનાં વાજિંત્રોમાંથી સૂર વહેતા થતાં જ સ્ત્રી-પુરુષો નાચવા માંડે છે.

*"મારે મન ઈશ્વર એ સત્ય છે અને સત્ય એ જ ઈશ્વર છે."*

*– મહાત્મા ગાંધી*

## ગુજરાતના મેળા

**(૧) શામળાજીનો મેળો :** સાબરકાંઠા જિલ્લામાં મેશ્વો નદીના કિનારે આવેલા પ્રાચીન તીર્થ શામળાજીમાં દેવઉઠી અગિયારસથી કારતકી પૂર્ણિમા સુધી મેળો ભરાય છે. આ મેળામાં આદિવાસીઓ અને ભીલો મોટી સંખ્યામાં આવે છે.

**(૨) તરણેતરનો મેળો :** સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર ગામમાં ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિરમાં ભાદરવા સુદ ચોથથી ભાદરવા સુદ છઠ્ઠ સુધી ભરાતો આ મેળો ગુજરાત સહિત ભારતભરમાં સુપ્રસિદ્ધ છે. ભારતના પ્રવાસે આવેલા વિદેશીઓ પણ આ મેળાનો લહાવો લે છે. સુંદર ભરતભર્યા અંગરખાં અને લાલ ફેંટા બાંધેલા આહીર, રબારી, કાઠી અને ભરવાડ યુવાનો તથા તેમની સાથે આભલાં ભરેલાં રંગબેરંગી ઘેરદાર ઘાઘરા અને ઓઢણાં સાથે ભરત ભરેલી છત્રીઓ ઓઢી ઘૂમતી યુવતીઓ આ મેળાનું વિશિષ્ટ આકર્ષણ છે.

**(૩) ભવનાથનો મેળો :** જૂનાગઢ પાસે ગિરનારની તળેટીમાં સુવર્ણરેખા નદી નજીક આવેલા ભવનાથ મહાદેવના મંદિરમાં મહા શિવરાત્રીની મધ્ય રાત્રિએ ભગવાન ભવનાથની મહાપૂજા થાય છે. આ મહાપૂજાના દર્શન કરવા માટે નાગા બાવાઓના ઝુંડ આ સ્થળે ઉમટી પડે છે. આ ઉપરાંત જૂનાગઢ જિલ્લાના આહીર અને મેર લોકો, સાધુ-સંતો, ભક્તો અને શ્રદ્ધાળુઓ લાખોની સંખ્યામાં દર્શનાર્થે આવે છે.

**(૪) વૌઠાનો મેળો :** અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વૌઠા ગામ પાસે સાબરમતી, વાત્રક, હાથમતી, ખારી, મેશ્વો, માઝમ અને શેઢી – એમ સાત નદીઓનો સંગમ થાય છે. 'સપ્તસંગમ' તરીકે આ સ્થળ પવિત્ર તીર્થ મનાય છે. કારતકી અગિયારસથી કારતકી પૂર્ણિમા સુધી ગુજરાતભરમાંથી લાખો લોકો અહીં સ્નાન કરવા આવે છે.

**(૫) ડાકોરનો માણેકઠારી પૂનમનો મેળો :** ખેડા જિલ્લાના ડાકોરમાં દર પૂનમે મેળો ભરાય છે. પરંતુ આસો માસની પૂનમ (શરદ પૂનમ - માણેકઠારી પૂનમ)નો મેળો મોટો ગણાય છે. એવી લોકવાયકા છે કે આ દિવસે ભગવાન રણછોડરાયજી સાક્ષાત હાજર હોય છે. આ દિવસે રણછોડરાયજીને ખાસ વસ્ત્રો અને કિંમતી અલંકારોથી શણગારવામાં આવે છે. આ દિવસે જ ભગવાનને વિશાળ કિંમતી મુગટ ખાસ પહેરાવાય છે.

**(૬) જન્માષ્ટમીનો મેળો :** શ્રાવણ વદ આઠમના રોજ કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ગુજરાતના અનેક શહેરો અને ગામડાઓમાં મેળો ભરાય છે.

**(૭) પલ્લી :** આસો સુદ નોમના રોજ રૂપાલ (જિ. ગાંધીનગર)માં માતાની પલ્લી ભરાય છે. જેમાં માંડવી ઉપર શુધ્ધ ઘી ચડાવવામાં આવે છે.

## ગુજરાતના નામાંકિત સમાચાર પત્રો

૧. ગાંધીનગર સમાચાર
૨. ગુજરાત સમાચાર
૩. સંદેશ
૪. જનસત્તા
૫. જયહિન્દ
૬. કચ્છમિત્ર
૭. ફૂલછાબ
૮. અકીલા
૯. મુંબઈ સમાચાર
૧૦. ગુજરાતમિત્ર
૧૧. ગુજરાત ટુડે
૧૨. પ્રભાત
૧૩. લોકસત્તા
૧૪. મુંબઈ વર્તમાન
૧૫. સમભાવ
૧૬. સૌરાષ્ટ્ર સમાચાર
૧૭. સાંજ સમાચાર
૧૮. કાઠિયાવાડ
૧૯. કૈસરેહિન્દ
૨૦. નયા પડકાર
૨૧. ખેડા વર્તમાન
૨૨. જન્મભૂમિ
૨૩. જય ભારત
૨૪. વંદે માતરમ્
૨૫. સમકાલીન
૨૬. સચરાચર
૨૭. રખેવાળ
૨૮. દિવ્ય ભાસ્કર
૨૯. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા
૩૦. નવગુજરાત ટાઈમ્સ

## ગુજરાતના પ્રસિદ્ધ સામયિકો

૧. અક્રમ વિજ્ઞાન
૨. અખંડ આનંદ
૩. અભિયાન
૪. અમૃતા
૫. આરામ
૬. ઉન્મૂલન
૭. એકાંકી
૮. કવિતા
૯. કવિલોક
૧૦. કુમાર
૧૧. કૌમુદી
૧૨. ક્ષિતિજ
૧૩. ખેલાડી
૧૪. ગુજરાત
૧૫. ગુજરાત ટાઈમ્સ
૧૬. ગુજરાત દર્પણ
૧૭. ગોષ્ઠિ
૧૮. ઘરશાળા
૧૯. ચાંદની
૨૦. ચિત્રલેખા
૨૧. ચિત્રલોક
૨૨. જનકલ્યાણ
૨૩. ઝગમગ
૨૪. ધર્મલોક
૨૫. ધર્મસંદેશ
૨૬. નચિકેતા
૨૭. નવજીવન
૨૮. નવનીત સમર્પણ
૨૯. પગલું
૩૦. પરબ
૩૧. પ્રવાસી
૩૨. ફાર્બસ ગુજરાતી સભાનું ત્રૈમાસિક
૩૩. બાલજીવન
૩૪. બાલમિત્ર
૩૫. બાલ સંદેશ
૩૬. બુદ્ધિ પ્રકાશ
૩૭. મહિલા જગત
૩૮. મિલાપ
૩૯. મુક્તિ
૪૦. યુગધર્મ
૪૧. યુગાન્તર
૪૨. યુવદર્શન
૪૩. યોજના
૪૪. રમકડું
૪૫. રંગતરંગ
૪૬. રંગભૂમિ
૪૭. લોકનાદ
૪૮. વિજ્ઞાનબંધુ
૪૯. વિજ્ઞાન મિત્ર
૫૦. વિશ્વ હિંદુ સમાચાર
૫૧. વ્યાયામ
૫૨. શ્રી
૫૩. સત્યપ્રકાશ
૫૪. સબરસ
૫૫. સમર્પણ
૫૬. સમાચાર દર્પણ
૫૭. સર્વોદય
૫૮. સંસાર
૫૯. સંસ્કૃતિ
૬૦. સાધના
૬૧. સિનેસ્ટાર
૬૨. સુવિચાર
૬૩. સ્ત્રી
૬૪. સ્ત્રીજીવન
૬૫. સ્વાધ્યાય
૬૬. સ્કૉપ
૬૭. હરિજનબંધુ
૬૮. હિંદુસ્તાન
૬૯. જીવનયજ્ઞ
૭૦. તાદર્થ્ય
૭૧. ભવિષ્ય નિદાન
૭૨. શહેરી
૭૩. અલવિઆ
૭૪. સફારી
૭૫. ઈન્ડિયા ટુડે
૭૬. ધર્મધારા
૭૭. નિત્ય સંસ્કૃતિ
૭૮. કચ્છશ્રુતિ
૭૯. મંગલ મંદિર
૮૦. લોહાણા પ્રકાશ
૮૧. જ્ઞાતિ સેતુ
૮૨. પાટીદાર સંદેશ

## ઐતિહાસિક મહત્ત્વ તેમજ શિલ્પ સ્થાપત્ય ધરાવતાં સ્થાનોની યાદી

**(૧) ધોળાવીરા :** સિંધુ સંસ્કૃતિના અવશેષો ધરાવતું સ્થાન છે. વિશ્વની ચાર પ્રાચીન સંસ્કૃતિઓમાં ભારતની સંસ્કૃતિ જેને સ્થાનિક લોકો "કોટડા" તરીકે ઓળખે છે.

**કેરા :** ભુજથી દક્ષિણે આશરે ૨૦ કિ.મી. પર કેરા ગામમાં પ્રાચીન શિવાલયની શિલ્પ સમૃદ્ધિ અદ્ભુત છે. જિ. કચ્છ

**(૨) ઘુમલી :** ૯મી થી ૧૪મી સદીમાં કોઈ વૈભવીનગરના અસ્તિત્વની હાજરી પૂરતી શિલ્પકૃતિથી સમૃદ્ધ નવલખા મંદિર તેમજ નાની મોટી વાવો, કોરી દેરાં કોટ, દરવાજા વગેરે જોવા-જાણવા લાયક છે. (ભાણવડ નજીક, બરડા ડુંગરમાં, જિ. જામનગર)

**(૩) સોમનાથ :** પ્રભાસ પાટણ, સોમનાથ પાટણ તરીકે પણ જાણીતું છે. ચંદ્રની તપશ્ચર્યાથી શરૂ કરીને આ મંદિર છ વાર ફરી બંધાયું છે અને બાર જ્યોતિર્લિંગમાંનું પ્રથમ જ્યોતિર્લિંગ છે. (જિ. જૂનાગઢ)

**(૪) પાલિતાણા :** ભાવનગર જિલ્લાનું વિશ્વ પ્રસિદ્ધ ભાવનગર શહેરથી આશરે ૬૦ કિ.મી. દૂર શત્રુંજય પર્વતમાળા પર આવેલ સુપ્રસિદ્ધ જૈન તીર્થ સ્થાન છે. (જિ. ભાવનગર)

(૫) **કુંભારિયા :** જિ. બનાસકાંઠા. સોલંકી કાળના આરસની અદ્‌ભુત કોતરણી ધરાવતાં મહત્ત્વનું જૈનતીર્થ. પ્રાચીન જૈન મંદિરો.

(૬) **પોળોના મંદિરો :** મૈત્રકાલીન ૧૦મીથી ૧૫મી સદીમાં બંધાયેલ ભવ્ય મંદિર સમૂહ-અવશેષો ઉચ્ચકોટીનાં સ્થાપત્યોની સાક્ષી પૂરે છે. રોડ ગામ પાસે, જિ. સાબરકાંઠા

(૭) **તારંગા :** નિસર્ગના ખોળે, ઉંચી ટેકરીઓ પર આવેલ બેનમૂન સિદ્ધ શિલા, તારનમાતા મંદિર, જોગીની ગુફા પણ જોવાલાયક સ્થળો છે. (વડનગર નજીક, જિ. મહેસાણા)

(૮) **મોઢેરા :** મહેસાણાથી ખૂબ જ નજીક, શિલ્પ સ્થાપત્યોની દષ્ટિએ ગુજરાતના ગૌરવ સમાન તેમજ ભારતભરમાં જૂજ સૂર્યમંદિરોમાનું એક સોલંકી યગના આભુષણ સમાન શિલ્પ સ્થાપત્યોના જિજ્ઞાસુઓ માટેનું મહત્ત્વનું પ્રવાસ કેન્દ્ર. (મહેસાણા નજીક, જિ. મહેસાણા)

(૯) **પાટણ :** અણહિલપુર પાટણ, વનરાજ ચાવડા સ્થાપિત અને સોલંકી રાજવીઓની રાજધાનીનું આ નગર બેનમુન શિલ્પ સ્થાપત્યો ધરાવતું ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું સ્થાન. આસપાસમાં રાણકી વાવ, સહસ્ત્રલિંગ તળાવ અનેક જિનાલયો તેમજ તાડપત્ર, કાપડ, ભોજપત્ર અને ગ્રંથો તૈયાર કરવાનાં પ્રાચીન સાધનો સચવાયેલા છે. (જિ. પાટણ)

(૧૦) **રૂદ્રમહાલય સિદ્ધપુર :** સોલંકી કાળમાં અનુપમ જાહોજલાલી ધરાવતાં રૂદ્રમહાલયના ખંડેરો ઐતિહાસિક તેમજ શિલ્પ સ્થાપત્યની દષ્ટિએ સીદકેરૂ મહત્ત્વ ધરાવે છે. તેમજ સિદ્ધપુરમાં આવેલ વણેરાઓમાં મકાનો જે હવેલી તરીકે ઓળખાય છે. તે પણ જોવાલાયક છે. (પાટણ નજીક, જિ. પાટણ)

(૧૧) **અમદાવાદ :** આશાવલ્લી, આશાવલ, કર્ણાવતી, અહમદાબાદ તરીકે ઓળખાતું આ નગર અનેક ઐતિહાસિક શિલ્પ સ્થાપત્યો ધરાવતું મહાનગર છે. ઉદય વિહાર, હઠીસિંહજીના દેરા, ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસર સહિત અનેક દેરાસરો, ભદ્રનો કિલ્લો, જામા મસ્જિદ, માણેકચોકની ઈમારતો ઉપરાંત જકરિયા મસ્જિદ, કુતુબુદ્દિન શાહની મસ્જિદ, રાણી સિપ્રીની મસ્જિદ, સારંગપુર મસ્જિદ, રાણી રૂપમતી મહાક્રિઝખાં, સિદ્દી સઈદ મસ્જિદ, શાહ આલમનો રોજો, દરિયાખાન ઘુમ્મટ, મલેક સબાનનો રોજો, હૌજેકુતુબ કાંકરિયા તળાવ, લાલ દરવાજા વગેરે અસંખ્ય મુસ્લિમ સ્થાપત્યો ઐતિહાસિક તેમજ શિલ્પકળાનું મહત્ત્વ ધરાવે છે. આ ઉપરાંત અનેક દેવાલયો, હવેલીઓ, જિનાલયો વગેરે પ્રાચીન શૈલીના ઉદ્દાત્ત નમુના છે. આમ મુસ્લિમ કે જૈન સ્થાપત્ય કલાનાં ઉત્કૃષ્ટ નમુના ઉપરાંત અદ્યતન, સુંદર ઈમારતમાં મોટેરા, એન.આઈ.ડી., કેલિકો મ્યુઝિયમ, ટાગોર હોલ, આઈ.આઈ.એમ. રવીન્દ્રનાથનું ઉતેરાયન નિવાસ, શેઠ અંબાલાલ સારાભાઈનો 'રીટ્રીટ બંગલો', લા.દ., પ્રાચ્ય વિદ્યા મંદિર, સંસ્કાર કેન્દ્ર, હુસેન દોશીની ગુફા, વિશાલા મ્યુઝિયમ, પતંગ મ્યુઝિયમ વગેરે જોવાલાયક સ્થાનો છે. હેરીટેજ વોક અને સાબરમતી રીવરફ્રન્ટનો લહાવો લેવા જેવો છે.

(૧૨) **અડાલજ :** આશરે ૧૫મી સદીનાં ઉત્તરાર્ધમાં રૂદાબાઈએ તેના પતિ વીરસિંહની યાદમાં લોકોપયોગીતા સાથે કલા, કારીગરીનાં ઉત્કૃષ્ટ નમુનારૂપ પાંચ મજલાની વાવ બંધાવેલ છે. જે તેની કોતરણી માટે જગતભરમાં જાણીતી છે. (જિ. ગાંધીનગર)

(૧૩) **લોથલ :** લોથલ (સરગવાલા) ભારતની પ્રાચીન સિંધુ સંસ્કૃતિ સમયનું બંદર હતું અને તેનો સમય આશરે ઈ.સ. પૂર્વે ૨૦૦૦ વર્ષનો મનાય છે અને તે સમયના આયોજનબધ્ધ નગર રચનાની ઊંડી માહિતી મળે છે. પુરાતત્ત્વિય રીતે પ્રાગ ઐતિહાસિક સમયનું આધુનિક નગરરચનાની ઝાંખપ કરાવતું ખૂબ જ અગત્યતા ધરાવતું સ્થાન છે. (ધોળકા, અરણેજ નજીક, જિ. અમદાવાદ.)

(૧૪) **ચાંપાનેર :** વનરાજ ચાવડાએ વસાવેલ ચાંપાનેર એક સમૃદ્ધ નગર હતું. જેની યાદ આજે મસ્જિદ, કિલ્લો, મંદિરના અવશેષો દર્શાવે છે. મહમંદ બેગડાના સમયમાં ચાંપાનેર રાજધાની હતું અને તેણે બંધાવેલી જુમ્મા મસ્જિદ ઈન્ડોસાર્સેનીક કૌશલ્યનો અલભ્ય નમૂનો છે. ઉપરાંત સાત માળનો આલીશાન મહેલ તથા અધ્ધર ઝરૂખો કાલી મંદિર ભગ્ન હાલતમાં પણ તેમની વિશિષ્ટતા દર્શાવે છે. યુનો દ્વારા ચાંપાનેરને "વર્લ્ડ હેરીટેજ" સાઈટમાં સમાવાયેલ છે. (જિ. પંચમહાલ)

(૧૫) **ડભોઇ :** ઐતિહાસિક નગર "દર્ભાવતી", ડભોઈ તરીકે ઓળખાય છે. પથ્થરના દુર્ગ જે વમાવર્ત સ્વસ્તિકના કોઠાવાળા પ્રવેશદ્વારો ધરાવે છે. આશરે તેરમી સદીમાં તૈયાર થયેલ આ દુર્ગમાં કાલીકા માતાનું મંદિર છે. તેમજ પથ્થરોમાં અદ્‌ભુત કોતરણી સૌંદર્ય જોવા અનુભવવા જેવું છે. (જિ. વડોદરા.)

# ગુજરાતના અગત્યના નિગમો

*ગુજરાતની પ્રજાની પ્રાથમિક જરૂરિયાતો સંતોષાય અને તેને વિકાસની પૂરતી તકો મળે તે માટે વિવિધ ક્ષેત્રે સ્વાયત્ત સંસ્થાઓની સ્થાપના ગુજરાત રાજ્ય દ્વારા થયેલી છે. આ પ્રકારના કેટલાક અગત્યના નિગમો નીચે પ્રમાણે છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ | GIDC | Gujarat Industrial Development Corporation |
| ૨. | ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ | GIIC | Gujarat Industrial Investment Corporation |
| ૩. | ગુજરાત ખનિજ વિકાસ નિગમ | GMDC | Gujarat Mineral Development Corporation |
| ૪. | ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ | GWRDC | Gujarat Water Resources Dev. Corporation |
| ૫. | ગુજરાત ડેરી વિકાસ નિગમ | GDDC | Gujarat Dairy Development Corporation |
| ૬. | ગુજરાત મત્સ્યોદ્યોગ વિકાસ નિગમ | GFDL | Gujarat Fishries Development Corporation |
| ૭. | ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ | GFCSC | Gujarat State Food Civil Supplies Corpn. |
| ૮. | ગુજરાત રાજ્ય વનવિકાસ નિગમ | GSFDC | Gujarat State Forest Development Corpn. |
| ૯. | ગુજરાત રાજ્ય હસ્તઉદ્યોગ વિકાસ નિગમ | GSHCDL | Gujarat State Handicraft Development Corpn. |
| ૧૦. | ગુજરાત રાજ્ય હાથશાળ વિકાસ નિગમ | GSHDC | Gujarat State Handloom Development Corpn. |
| ૧૧. | ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ | GSIC | Gujarat Small Industrial Corporation |
| ૧૨. | સરદાર સરોવર નર્મદા નિગમ | SSNNL | Sardar Sarovar Narmada Nigam Limited |

# મુખ્યમંત્રી અમૃતમ 'મા' અને 'મા વાત્સલ્ય' યોજના હેઠળ સહાય મળવાપાત્ર ગુજરાતની મુખ્ય હોસ્પિટલોની યાદી

'મા વાત્સલ્ય' યોજના હેઠળ કોઈ પણ જાતિના ભેદભાવ વગર, રૂપિયા ૬ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવનારા અને **૬૦ વર્ષની ઉપરના અને સિનિયર સિટીઝનનું પ્રમાણપત્ર ધરાવનાર દરેકને** વાર્ષિક ૫ લાખની તબીબી સારવાર, નિયમોને આધીન, ગુજરાત સરકાર મફત પૂરી પાડશે. આ યોજનાનો અમલ તા. ૧લી એપ્રિલ, ૨૦૧૮થી શરૂ થઈ ચૂક્યો છે.

મુખ્યમંત્રી અમૃતમ "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ સહાય મળવાપાત્ર મુખ્ય હોસ્પિટલોની યાદી.

| ક્રમ | હોસ્પિટલનું નામ | શહેર |
|---|---|---|
| ૧. | આરના સુપર સ્પેશિયાલિસ્ટ | અમદાવાદ |
| ૨. | નારાયણ હૃદયાલય પ્રા.લિ. | અમદાવાદ |
| ૩. | HCG કેન્સર સેન્ટર | સોલા, અમદાવાદ |
| ૪. | બોડી લાઈન હોસ્પિટલ | અમદાવાદ |
| ૫. | રાજસ્થાન હોસ્પિટલ | અમદાવાદ |
| ૬. | પુષ્પા ચિલ્ડ્રન હોસ્પિટલ | અમદાવાદ |
| ૭. | HCG મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ | અમદાવાદ |
| ૮. | મેડીલિંક હોસ્પિટલ | અમદાવાદ |
| ૯. | GCS મેડિકલ કોલેજ | અમદાવાદ |
| ૧૦. | સંજીવની સુપર સ્પે. હોસ્પિટલ | અમદાવાદ |
| ૧૧. | જયદીપ હોસ્પિટલ | અમદાવાદ |
| ૧૨. | પારેખ્સ હોસ્પિટલ | અમદાવાદ |

| ક્રમ | હોસ્પિટલનું નામ | શહેર |
|---|---|---|
| ૧૩. | ક્રિષ્ના શેલ્બી હોસ્પિટલ | અમદાવાદ |
| ૧૪. | ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ સેન્ટર | અમદાવાદ |
| ૧૫. | કિડની ડાયા. એન્ડ રિસર્ચ સેન્ટર | અમદાવાદ |
| ૧૬. | સિવિલ હોસ્પિટલ | અમદાવાદ |
| ૧૭. | યુ.એન. મહેતા કાર્ડિયોલોજી | અમદાવાદ |
| ૧૮. | શેઠ વી.એસ. જનરલ હોસ્પિટલ | અમદાવાદ |
| ૧૯. | એલ.જી. મ્યુનિસિપલ હોસ્પિટલ | અમદાવાદ |
| ૨૦. | મ્યુનિ. કોર્પો. હોસ્પિટલ | અમદાવાદ |
| ૨૧. | જનરલ હોસ્પિટલ - સોલા | અમદાવાદ |
| ૨૨. | સ્પિન ઇન્સ્ટિટ્યૂટ એન્ડ હોસ્પિટલ | અમદાવાદ |
| ૨૩. | ક્રિષ્ના હોસ્પિટલ | આણંદ |
| ૨૪. | એમ.એમ. પરીખ કાર્ડિયાક કેર | આણંદ/ખંભાત |
| ૨૫. | હનુમંત હોસ્પિટલ | ભાવનગર |
| ૨૬. | HCG હોસ્પિટલ | ભાવનગર |
| ૨૭. | ભાવનગર સિવિલ હોસ્પિટલ | ભાવનગર |
| ૨૮. | ગુજરાત અદાણી હોસ્પિટલ | ભુજ |
| ૨૯. | સ્ટર્લિંગ રામકૃષ્ણ હોસ્પિટલ | ગાંધીનગર |
| ૩૦. | GOENKA હોસ્પિટલ | ગાંધીનગર |
| ૩૧. | GMERS મેડિકલ કોલેજ હોસ્પિટલ | ગાંધીનગર |
| ૩૨. | ગુરુ ગોવિંદસિંહ જનરલ હોસ્પિટલ | જામનગર |
| ૩૩. | પ્રેમ સ્વરૂપ સ્વામી મલ્ટી હોસ્પિટલ | કલોલ |
| ૩૪. | DDMM કાર્ડ ઇન્સ્ટિટ્યૂટ | ખેડા |
| ૩૫. | AIMS હોસ્પિટલ | કચ્છ |
| ૩૬. | બા કેન્સર હોસ્પિટલ | નવસારી |
| ૩૭. | ઓરેન્જ હોસ્પિટલ | નવસારી |
| ૩૮. | યેશા સુપર સ્પે. હોસ્પિટલ | નવસારી |
| ૩૯. | યશકીન હોસ્પિટલ | નવસારી |
| ૪૦. | માવજત મલ્ટી. સ્પે. હોસ્પિટલ | પાલનપુર |
| ૪૧. | પાટણ જનતા હોસ્પિટલ | પાટણ |
| ૪૨. | GMERS મેડિકલ કોલેજ હોસ્પિટલ | પાટણ |
| ૪૩. | સ્ટર્લિંગ એન્ડ લાઇફ ઇન્ડિયા લિ. | રાજકોટ |
| ૪૪. | બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ | રાજકોટ |
| ૪૫. | શ્રી સત્ય સાંઇ હાર્ટ હોસ્પિટલ | રાજકોટ |
| ૪૬. | ક્રિષ્ના મલ્ટી સ્પે. હોસ્પિટલ | રાજકોટ |
| ૪૭. | એન.પી. કેન્સર હોસ્પિટલ | રાજકોટ |
| ૪૮. | યુનિકેર હોસ્પિટલ | રાજકોટ |
| ૪૯. | એચ.જે. દોશી હોસ્પિટલ | રાજકોટ |
| ૫૦. | સિવિલ હોસ્પિટલ | રાજકોટ |
| ૫૧. | મેડીસ્ટાર હોસ્પિટલ પ્રા.લિ. | બનાસકાંઠા |
| ૫૨. | ભારત કેન્સર હોસ્પિટલ | સુરત |
| ૫૩. | શ્રી બી.ડી.મહેતા મહાવીર હાર્ટ ઇન્સ્ટીટ્યુટ | સુરત |
| ૫૪. | પ્રભુ જનરલ હોસ્પિટલ | સુરત |
| ૫૫. | પી.પી. સવાણી હાર્ટ ઇન્સ. એન્ડ મલ્ટી હોસ્પિટલ | સુરત |
| ૫૬. | સીતા સુપર સ્પેશિયલ હોસ્પિટલ | સુરત |
| ૫૭. | લાઇફ લાઇન હોસ્પિટલ | સુરત |
| ૫૮. | લિઓન્સ હોસ્પિટલ | સુરત |
| ૫૯. | સાચી ચિલ્ડ્રન હોસ્પિટલ | સુરત |
| ૬૦. | યુનિકેર હોસ્પિટલ | સુરત |
| ૬૧. | વૉકહાર્ટ હોસ્પિટલ | સુરત |
| ૬૨. | સુરત મ્યુનિ. કોર્પો. મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ | સુરત |
| ૬૩. | સિવિલ હોસ્પિટલ | સુરત |
| ૬૪. | શ્રીજી હોસ્પિટલ એન્ડ ટ્રોમા સેન્ટર | વડોદરા |
| ૬૫. | સ્ટર્લિંગ એન્ડ લાઇફ ઇન્ડિયા લિ. | વડોદરા |
| ૬૬. | ધીરજ હોસ્પિટલ એન્ડ સુમનદીપ વિદ્યાપીઠ | વડોદરા |
| ૬૭. | બેન્કર્સ હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ | વડોદરા |
| ૬૮. | બરોડા હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેન્ટર | વડોદરા |
| ૬૯. | મુનિ સેવા આશ્રમ | વડોદરા |
| ૭૦. | પ્રેમદાસ જલારામ હોસ્પિટલ | વડોદરા |
| ૭૧. | હિમાલયા કેન્સર હોસ્પિટલ | વડોદરા |
| ૭૨. | વિરોક સુપર સ્પે. હોસ્પિટલ | વડોદરા |
| ૭૩. | પારૂલ સેવાશ્રમ હોસ્પિટલ | વડોદરા |
| ૭૪. | રીધમ હોસ્પિટલ | વડોદરા |
| ૭૫. | નાનક સુપર સ્પે. હોસ્પિટલ | વડોદરા |
| ૭૬. | મેટ્રો હોસ્પિટલ | વડોદરા |
| ૭૭. | SCHVIJK હોસ્પિટલ | વડોદરા |
| ૭૮. | બેન્કર્સ હાર્ટ એન્ડ મલ્ટી સ્પે. હોસ્પિટલ | વડોદરા |
| ૭૯. | એસ.એસ.જી. સિવિલ હોસ્પિટલ | વડોદરા |
| ૮૦. | GMERS મેડિકલ કૉલેજ હોસ્પિટલ | વડોદરા |
| ૮૧. | નાડકારની હોસ્પિટલ | વલસાડ |
| ૮૨. | GMERS હોસ્પિટલ | વલસાડ |

# સંપૂટ-૩ : ભારત

પાના નંબર


- ભારત : એક ઝલક ..... ૫૪
- ભારતના ઈતિહાસના સીમાસ્તંભ ..... ૫૫
- ભારતના જોવાલાયક અગત્યના સ્થળો અને તેની ખાસિયતો ..... ૫૮
- ભારતની રાષ્ટ્રીય વિશિષ્ટતાઓ
  - (૧) રાષ્ટ્રધ્વજ ..... ૬૨
  - (૨) રાષ્ટ્રીય પ્રતીક (રાષ્ટ્ર મુદ્રા) ..... ૬૨
  - (૩) રાષ્ટ્રીય પ્રતિજ્ઞા . ..... ૬૩
  - (૪) રાષ્ટ્રગીત **(National Anthem)**. ..... ૬૩
  - (૫) રાષ્ટ્રીય ગીત **(National Song)**. ..... ૬૩
- ભારત સરકારના જાહેર ઔદ્યોગિક સાહસો ..... ૬૪
- ભારત સરકારના જાહેર વ્યાપારી સાહસો ..... ૬૬
- ભારતમાં આયાત થતી ચીજવસ્તુઓ ..... ૬૬
- ભારતમાંથી નિકાસ થતી ચીજવસ્તુઓ ..... ૬૭
- મહત્ત્વના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દિવસો ..... ૬૭
- ભારતમાં પ્રારંભ ..... ૭૦
- ભારતની ખ્યાતિ પ્રાપ્ત વ્યક્તિઓના નામો અને તેમના કાર્યો ..... ૭૧
- ભારતના ખ્યાતનામ વૈજ્ઞાનિકો ..... ૭૩
- ભારતમાં રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ ..... ૭૪
- ભારતમાં અવકાશી સંશોધન ..... ૭૫
- ભારતમાં અવકાશ સંશોધન ક્ષેત્રે પ્રગતિ ..... ૭૭
- ભારતનો અણુશક્તિ ક્ષેત્રે વિકાસ ..... ૭૮
- ગગનયાન ..... ૭૮
- તમારા મોબાઈલ ફોન તથા **ATM** અંગે આ જાણો છો? ..... ૭૯
- ભારતની પૌરાણિક વ્યક્તિઓનો પરિચય ..... ૮૦
- શ્રીમદ્ ભાગવદ્ ગીતા વિષે જાણકારી ..... ૮૨
- ભારતમાં ગુજરાતીઓને રહેવાલાયક અતિથિ ગૃહોના નામ અને સરનામા ..... ૮૩
- તોલમાપના વિનિમયના દર ..... ૮૫
- સંખ્યાવાંચન ..... ૮૬
- સંક્ષિપ્ત રૂપોના પૂર્ણ નામો ..... ૮૭
- ભારતના રાજકીય પક્ષોના સંક્ષિપ્ત અને પૂર્ણ નામો ..... ૯૨
- ભારતમાં ચેક બાઉન્સનો કાયદો કડક બને છે ..... ૯૪
- ભારતમાં મંદિરોની આવક અને ભારતના ગરીબોની સંખ્યા ..... ૯૪
- ભારતમાં વિવિધ ધર્મના લોકોની વસ્તી ..... ૯૫
- ભારતમાં જૈન પોપ્યુલેશન ..... ૯૬

# ભારત : એક ઝલક

★ ક્ષેત્રફળ : ૩૨,૮૭,૨૬૩ ચો.કિ.મી.
★ અક્ષાંશ : ૮°૪' ઉ. થી ૩૭°૬' ઉત્તર અક્ષાંશ
★ રેખાંશ : ૬૮°૦' પૂ. થી ૯૭°૨૫' પૂર્વ રેખાંશ
★ પ્રમાણ સમયરેખા : ૮૨°૫' પૂ.રેખાંશ (અલાહાબાદ અને વારાણસી વચ્ચેથી પસાર થાય છે.)
★ રાજ્યો : ૨૮
★ કેન્દ્રશાસિત પ્રદેશો : ૭ (દિલ્હી સહિત)
★ રાજધાની : દિલ્હી
★ રાષ્ટ્રધ્વજ : ત્રિરંગો (કેસરી, સફેદ, લીલો અને વચ્ચે અશોક ચક્ર)
★ રાષ્ટ્રગીત : જન...ગણ... મન...
★ રાષ્ટ્રગાન : વંદે માતરમ
★ રાષ્ટ્રભાષા : હિંદી - દેવનાગરી લિપિ
★ રાષ્ટ્રપિતા : મહાત્મા ગાંધી
★ રાષ્ટ્રીયતા : ભારતીય
★ રાષ્ટ્ર મુદ્રા : ત્રણ સિંહવાળી આકૃતિ
★ રાષ્ટ્રીય પ્રાણી : વાઘ
★ રાષ્ટ્રીય ફૂલ : કમળ
★ રાષ્ટ્રીય જળચર પ્રાણી : ડૉલ્ફિન
★ રાષ્ટ્રીય ચલણ : રૂપિયો
★ રાષ્ટ્રીય મીઠાઈ : જલેબી
★ રાષ્ટ્રીય સ્મારક : ઈન્ડિયા ગેટ (દિલ્હી)
★ રાષ્ટ્રીય હેરિટેજ પ્રાણી : એશિયાઇ હાથી
★ સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર : ભારત રત્ન
★ રાષ્ટ્રીય પક્ષી : મોર
★ રાષ્ટ્રીય વૃક્ષ : વડ
★ રાષ્ટ્રીય ફળ : કેરી
★ રાષ્ટ્રીય રમત : હોકી
★ રાષ્ટ્રીય મુદ્રાલેખ : સત્યમેવ જયતે
★ રાષ્ટ્રીય પંચાંગ : ચૈત્ર સુદ એકમથી (શક સંવત)
★ કુલ વસ્તી : ૧,૨૧,૦૧,૯૩,૪૨૨ (૩૧ માર્ચ, ૨૦૧૧)
★ પુરુષ વસ્તી : ૬૨,૩૭,૨૪,૨૪૮
★ મહિલા વસ્તી : ૫૮,૬૪,૬૯,૧૭૪
★ પુરુષ-સ્ત્રી પ્રમાણ : ૧૦૦૦ : ૯૪૦
★ વસ્તી ગીચતા : ૩૮૨ પ્રતિ ચો.કિ.મી.
★ સૌથી ઓછી વસ્તીવાળું રાજ્ય : સિક્કિમ
★ સૌથી વધુ વસ્તીવાળું રાજ્ય : ઉત્તર પ્રદેશ (દેશની કુલ વસ્તીના ૧૬.૭ ટકા)
★ વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટું રાજ્ય : રાજસ્થાન
★ અક્ષરજ્ઞાન : ૭૪.૦૪ ટકા
★ અક્ષરજ્ઞાન : પુરુષોમાં ૮૨.૧૪ ટકા
★ અક્ષરજ્ઞાન : મહિલાઓમાં ૬૫.૪૬ ટકા
★ સૌથી વધુ અક્ષરજ્ઞાન ધરાવતું રાજ્ય : કેરલ (૯૩.૯૧ ટકા)
★ સૌથી ઓછું અક્ષરજ્ઞાન ધરાવતું રાજ્ય : બિહાર (૬૩.૮૨ ટકા)
★ પ્રથમ વડાપ્રધાન : જવાહરલાલ નેહરુ
★ પ્રથમ રાષ્ટ્રપતિ : ડૉ. રાજેન્દ્રપ્રસાદ
★ પ્રથમ લોકસભા સ્પીકર : ગણેશ વી. માવળંકર
★ સભ્ય સંખ્યા (લોકસભા) : ૫૪૫ = ૫૪૩ + ૨ (રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત)
★ સભ્ય સંખ્યા (રાજ્યસભા) : વધુમાં વધુ ૨૫૦ (૨૩૮ ચૂંટાયેલા અને ૧૨ રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત)
★ રેલવે માર્ગ : ૬૨,૯૧૫ કિ.મી. (માર્ચ ૧૯૯૭)
★ પાકા માર્ગ : ૧૯,૯૯,૫૯૦ કિ.મી.
★ હવાઈ મથક : ૧૪૦ (આંતરરાષ્ટ્રીય મથક : ૭)
★ બંદરો : ૧૨ મોટા, મધ્યમ અને નાના ૨૦૦
★ પોસ્ટ ઑફિસો : ૧,૫૩,૦૨૧ (માર્ચ ૧૯૯૭)
★ પુસ્તકાલયો : ૫૩,૫૫૦ (ડિસેમ્બર ૧૯૯૬)
★ બેંકની સંખ્યા : ૬૨,૩૪૬ (માર્ચ ૧૯૯૫)
★ કેન્દ્ર સરકારનાં જાહેર સાહસો : ૬૦
★ યુનિવર્સિટી : ૨૩૨ (વર્ષ ૨૦૦૧)
★ કૉલેજો : ૮,૮૧૨ (ડિસેમ્બર ૨૦૦૧)
★ પોલીટેકનિક કૉલેજો : ૮૮૭
★ કેન્દ્રિય વિદ્યાલય : ૮૭૭
★ આકાશવાણી કેન્દ્રો : ૧૯૪
★ ટેલિવિઝન રિલે કેન્દ્રો : ૮૩૪ (ડિસેમ્બર ૧૯૯૬)
★ સિનેમાગૃહ : ૧૨,૫૩૦ (ડિસેમ્બર ૧૯૯૬)
★ દૈનિક વર્તમાનપત્રો : ૪૪૫૩ (વર્ષ ૧૯૯૬)
★ સામયિકો : ૩૪,૬૯૬ (વર્ષ ૧૯૯૬)
★ હાલના વડાપ્રધાન : શ્રી નરેન્દ્રભાઈ મોદી
★ હાલના રાષ્ટ્રપતિ : શ્રી રામનાથ કોવિંદ
★ હાલના લોકસભા સ્પીકર : સુમિત્રા મહાજન

★ રાષ્ટ્રીય આવક : રૂા. ૮,૫૪,૧૦૩ કરોડ (૧૯૯૯-૨૦૦૦ના વર્ષના ભાવ પ્રમાણે)
★ આયાત : રૂા. ૨,૨૭,૫૭૨ કરોડ (માર્ચ ૨૦૦૧)
★ નિકાસ : રૂા. ૨,૦૧,૬૭૪ કરોડ (માર્ચ ૨૦૦૧)
★ દેવું (વિદેશી) : રૂા. ૪૮,૫૦૦ કરોડ (માર્ચ ૨૦૦૧)
★ દેવું (આંતરિક) રૂા. ૨,૬૨,૫૨૫ કરોડ (માર્ચ ૨૦૦૧)
★ માથાદીઠ આવક : રૂા. ૯,૩૨૧.૪૦ (૧૯૯૯-૨૦૦૦ના વર્ષના ભાવ પ્રમાણે)
★ સિંચાઈ : ૬૦.૪૭ લાખ હેક્ટર

# ભારત : ઇતિહાસના સીમાસ્તંભ

## ઇસવીસન પૂર્વે

**૩૦૦૦ : મહાભારતનું યુદ્ધ**
૩૦૦૦-૧૫૦૦ : સિંધુ સંસ્કૃતિ
૨૫૦૦ : આર્યોનું ભારતમાં આગમન
૧૦૦૦ : આર્યો ગંગાના મેદાનમાં વસ્યા
૮૦૦ : આર્યોએ બંગાળ તરફ વસવાટ શરૂ કર્યો
૫૯૯-૫૨૭ : મહાવીર સ્વામી અને જૈન ધર્મ
૫૬૬-૪૮૬ : ગૌતમ બુદ્ધ અને બૌદ્ધ ધર્મ
૫૫૦ : ઉપનિષદની રચના
૩૨૭-૩૨૬ : સિકંદરની હિંદ પર ચઢાઈ
૩૨૩ : સિકંદરનું મૃત્યુ
૩૨૧ : ચંદ્રગુપ્ત મૌર્યનો રાજ્યકાળ, અર્થશાસ્ત્રની રચના
૨૭૨-૨૩૨ : સમ્રાટ અશોકનો રાજ્યકાળ
૧૮૫ : પુષ્યમિત્રા સંગ સામ્રાજ્યની સ્થાપના
૧૪૫ : ચોલ રાજાનો શિલોન વિજય
૫૬ : વિક્રમ સંવતની શરૂઆત
૨૬ : પાંડ્ય રાજા પ્રતિનિધિને રોમ મોકલે છે.

## ઇસવી સન

૭૮ : શક સંવતની શરૂઆત
૯૮-૧૧૭ : કનિષ્ક, કુશાન રાજા
૩૨૦-૫૫૦ : ગુપ્ત વંશની સ્થાપના, અજંતા-ઈલોરાનું નિર્માણ
૩૬૦ : સમુદ્રગુપ્તે લગભગ આખા ભારતને જીત્યું
૩૮૦-૪૧૩ : વિક્રમાદિત્યનો શાસનકાળ, કાલીદાસનો સમય
૪૫૪ : હૂણ લોકોનું આક્રમણ
૬૦૬-૬૪૭ : હર્ષવર્ધનનો શાસનકાળ
૬૨૯ : ચીની યાત્રી યુએન સંગનું આગમન
૭૧૧ : સિંધ પર મહંમદ બિન કાસીમનું આક્રમણ
૭૩૫ : પારસીઓનો ગુજરાતમાં પ્રવેશ
૭૮૮ : શંકરાચાર્યનો જન્મ
૧૦૦૧-૧૦૨૬ : મહમદ ગઝનવીની ચઢાઈઓ
૧૧૯૧ : પૃથ્વીરાજ ચૌહાણ સામે મહંમદ ઘોરીની હાર
૧૧૯૨ : ઘોરીના હાથે પૃથ્વીરાજ ચૌહાણની હાર
૧૨૦૬ : દિલ્હીમાં ગુલામ વંશની સ્થાપના
૧૨૨૧ : ચંગીઝખાનની રાહબરી હેઠળ મોંગોલોનું આક્રમણ
૧૨૩૬ : રઝિયા બેગમ દિલ્હીની સુલતાન બની
૧૨૯૦ : જલાલુદ્દીન દ્વારા ખલજી વંશની સ્થાપના
૧૨૯૮ : માર્કો પોલો ભારતની યાત્રાએ
૧૩૨૦ : ગિયાસુદ્દીન દ્વારા તઘલખ વંશની સ્થાપના
૧૩૩૩ : ઈબ્નબતુતા ભારતની મુલાકાતે
૧૩૩૬ : વિજયનગર સામ્રાજ્યની સ્થાપના
૧૩૯૮ : તૈમૂર લંગનું આક્રમણ
૧૪૫૧ : લોદી વંશની સ્થાપના
૧૪૬૯ : શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકનો જન્મ
૧૪૯૮ : વાસ્કો-દ-ગામાનું કાલિકદ બંદરે આગમન
૧૫૧૦ : આલ્બુકર્ક ગોવાના ગવર્નર
૧૫૨૬ : પાણીપતનું પ્રથમ યુદ્ધ, મુઘલ રાજ્યની સ્થાપના
૧૫૪૦-૫૫ : શેરશાહનું દિલ્હી પર શાસન
૧૫૫૬ : પાણીપતનું બીજું યુદ્ધ, અકબરના હાથે હેમુનો પરાજય
૧૫૬૪ : અકબરે હિંદુઓ પર લાગતો જજિયાવેરો નાબૂદ કર્યો
૧૫૬૫ : તાલિકોટાનું યુદ્ધ - વિજયનગર સામ્રાજ્યનો અંત
૧૫૭૧ : અકબર દ્વારા ફતેહપુર-સિક્રીની સ્થાપના

૧૫૭૬ : હલ્દીઘાટીનું યુદ્ધ, અકબર સામે રાણા પ્રતાપની હાર
૧૫૮૧ : અકબરે દિન-એ-ઈલાહી ધર્મની સ્થાપના કરી
૧૬૦૦ : ઈંગ્લેન્ડમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના
૧૬૦૪ : શીખોના પવિત્ર ગ્રંથ આદિ ગ્રંથ સાહિબની રચના
૧૬૦૫-૨૭ : જહાંગીરનો શાસનકાળ
૧૬૦૯ : ડચ લોકોનું પુલિકટમાં વેપારી થાણું
૧૬૧૩ : સુરતમાં અંગ્રેજોનું થાણું
૧૬૨૮-૫૮ : શાહજહાંનો શાસનકાળ
૧૬૫૯ : ઔરંગઝેબ દિલ્હીની ગાદી પર બિરાજમાન
૧૬૬૪ : શિવાજીનો રાજ્યાભિષેક
૧૬૭૫ : તેગબહાદુરનો ઔરંગઝેબ દ્વારા વધ
૧૬૯૯ : ગુરુ ગોવિંદસિંહે ખાલસા પંથની સ્થાપના કરી
૧૭૨૦ : બાજીરાવ પેશ્વા પુણેના શાસક બન્યા
૧૭૩૯ : પર્શિયાના નાદીર શાહે દિલ્હી જીત્યું
૧૭૫૭ : પ્લાસીનું યુધ્ધ, અંગ્રેજો સામે સિરાજ-ઉદ્-દૌલાની હાર
૧૭૬૧ : પાણીપતનું ત્રીજું યુદ્ધ, અહમદ શાહ અબદાલીએ મરાઠાઓને હરાવ્યા
૧૭૬૪ : બકસરનું યુદ્ધ, અંગ્રેજો સામે મીર કાસિમની હાર
૧૭૬૭ : મૈસૂરનું પ્રથમ યુદ્ધ, હૈદરઅલી સામે અંગ્રેજોની હાર
૧૭૭૨ : વૉરન હેસ્ટિંગ્સ બંગાળના ગવર્નર
૧૭૮૦ : મૈસૂરનું બીજું યુદ્ધ, અંગ્રેજો સામે હૈદરઅલીની હાર
૧૭૮૪ : પિટ્સ ઇન્ડિયા એક્ટ અમલમાં
૧૭૯૦ : મૈસૂરનું ત્રીજું યુદ્ધ, ટીપુ સુલતાન અને અંગ્રેજો વચ્ચે સંધિ
૧૭૯૮ : વેલેસ્લી ગવર્નર જનરલ
૧૭૯૯ : મૈસૂરનું ચોથું યુદ્ધ, ટીપુ સુલતાનનું મૃત્યુ
૧૮૨૮ : લોર્ડ વિલિયમ બેન્ટીક ગવર્નર જનરલ
૧૮૨૮ : રાજા રામમોહન રાય દ્વારા બ્રહ્મો સમાજની સ્થાપના
૧૮૪૮ : લોર્ડ ડેલહાઉસી ગવર્નર જનરલ
૧૮૫૩ : ભારતમાં મુંબઈ અને થાણે વચ્ચે રેલવેની શરૂઆત
૧૮૫૪ : તાર-ટપાલની શરૂઆત
**૧૮૫૭-૫૮ : ભારતનો પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ**
૧૮૫૮ : ભારતનો વહીવટ બ્રિટીશ શાસને સંભાળ્યો
૧૮૬૯ : ગાંધીજીનો જન્મ
૧૮૭૪ : બંગાળમાં કારમો દુકાળ
૧૮૭૫ : દયાનંદ સરસ્વતી દ્વારા આર્ય સમાજની સ્થાપના
૧૮૮૫ : ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના
૧૯૦૫ : બંગાળનું વિભાજન
૧૯૦૬ : મુસ્લિમ લીગની સ્થાપના
૧૯૦૯ : મોર્લે-મિન્ટો સુધારા
૧૯૧૧ : અંગ્રેજોએ રાજધાની કોલકાતાથી દિલ્હી ખસેડી
૧૯૧૪-૧૮ : પ્રથમ વિશ્વયુદ્ધ
૧૯૧૫ : ગાંધીજીનું આફ્રિકાથી ભારતમાં આગમન
૧૯૧૫ : એની બેસન્ટ દ્વારા હોમરૂલ લીગની સ્થાપના
૧૯૧૯ : જલિયાંવાલા બાગ હત્યાકાંડ, મોન્ટેગ્યુ - ચેમ્સફર્ડ સુધારા
૧૯૨૦ : અસહકારનું આંદોલન
૧૯૨૨ : ચૌરીચોરામાં હિંસા થતાં અસહકાર આંદોલન મોકૂફ
૧૯૨૩ : સી.આર. દાસ અને મોતીલાલ નહેરુ દ્વારા સ્વરાજ પક્ષની રચના
૧૯૨૭ : સાયમન કમિશનનું આગમન
૧૯૨૯ : પૂર્ણ સ્વરાજનો ઠરાવ
૧૯૩૦ : સવિનય કાનૂનભંગ આંદોલન, દાંડીકૂચ, ડૉ. સી.વી. રામનને નોબેલ પારિતોષિક
૧૯૩૫ : રિઝર્વ બેન્કની શરૂઆત
૧૯૪૨ : હિંદ છોડો આંદોલન
૧૯૪૩ : સુભાષચંદ્ર બોઝ - આઝાદ હિંદ ફોજના નેતા
૧૯૪૬ : કેબિનેટ મિશન હિંદની મુલાકાતે
**૧૯૪૭ : આઝાદી, ભારતના ભાગલા**
૧૯૪૮ : દેશી રાજ્યોનું વિલીનીકરણ, ગાંધીજીની હત્યા
**૧૯૫૦ : ભારત સાર્વભૌમ પ્રજાસત્તાક બન્યું**
૧૯૫૧ : પ્રથમ પંચવર્ષીય યોજના
૧૯૫૨ : પ્રથમ સામાન્ય ચૂંટણીઓ
૧૯૫૨ : ડૉ. રાજેન્દ્રપ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ
૧૯૫૩ : તેનસિંગ અને હિલેરીએ એવરેસ્ટ સર કર્યું
૧૯૫૪ : ભારત-ચીન વચ્ચે પંચશીલ કરાર
૧૯૫૬ : ભાષાવાર રાજ્ય રચના, વીમાનું રાષ્ટ્રીયકરણ
૧૯૫૭ : બીજી સામાન્ય ચૂંટણીઓ
૧૯૫૮ : મેટ્રિક પદ્ધતિ અમલમાં
૧૯૬૦ : મુંબઈનું વિભાજન, ગુજરાત અને મહારાષ્ટ્રની સ્થાપના

૧૯૬૧ : ગોવા, દીવ અને દમણની પોર્ટુગીઝ શાસનમાંથી મુક્તિ
૧૯૬૨ : ત્રીજી સામાન્ય ચૂંટણીઓ, ડૉ. રાધાકૃષ્ણન ભારતના રાષ્ટ્રપતિ, ચીનનું આક્રમણ
૧૯૬૪ : જવાહરલાલ નેહરુનું નિધન
**૧૯૬૫ : ભારત-પાકિસ્તાન યુદ્ધ**
૧૯૬૬ : તાસ્કંદ કરાર, લાલબહાદુર શાસ્ત્રીનું નિધન, ઈન્દિરા ગાંધી વડાપ્રધાન પદે, ડૉ. હોમી ભાભાનું નિધન, હરિયાણા અને પંજાબની રચના
૧૯૬૭ : ચોથી સામાન્ય ચૂંટણીઓ, ડૉ. ઝાકીર હુસેન ભારતના રાષ્ટ્રપતિ
૧૯૬૯ : કોંગ્રેસના ભાગલા, બેંકોનું રાષ્ટ્રીયકરણ
**૧૯૭૧ : ભારત-પાકિસ્તાન યુદ્ધ,** પાંચમી સામાન્ય ચૂંટણીઓ
૧૯૭૨ : સીમલા કરાર, મણિપુર, મેઘાલય, ત્રિપુરા રાજ્યોની રચના
૧૯૭૩ : મૈસૂરનું નવું નામ કર્ણાટક
૧૯૭૪ : પોખરણમાં અણુ ધડાકો
૧૯૭૫ : મુંબઈ હાઈમાં તેલ મળ્યું, આર્યભટ્ટ આકાશમાં તરતો મૂકાયો, કટોકટી જાહેર કરવામાં આવી
૧૯૭૭ : છઠ્ઠી સામાન્ય ચૂંટણીઓ, મોરારજી દેસાઈ વડાપ્રધાન
૧૯૭૮ : ૧૦૦૦ રૂપિયાની નોટો ચલણમાંથી રદ કરવામાં આવી
૧૯૭૯ : મધર ટેરેસાને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક
૧૯૮૦ : સાતમી સામાન્ય ચૂંટણીઓ, ઈન્દિરા ગાંધી પુનઃ વડાપ્રધાન
૧૯૮૩ : આંધ્ર પ્રદેશમાં તેલુગુ દેશમ્ સત્તા પર.
૧૯૮૪ : ઈન્દિરા ગાંધીની હત્યા, રાજીવ ગાંધી વડા પ્રધાન, ભોપાલ ગેસ દુર્ઘટના.
૧૯૮૫ : સંત લોંગોવાલની હત્યા, આઠમી સામાન્ય ચૂંટણીઓ.
૧૯૮૭ : શ્રીલંકા સાથે સમજુતી.
૧૯૮૯ : નવમી સામાન્ય ચૂંટણીઓ, રાષ્ટ્રીય મોરચાની સરકાર
૧૯૯૦ : રામ જન્મભૂમિ આંદોલન, ચંદ્રશેખર વડાપ્રધાન
૧૯૯૧ : દસમી સામાન્ય ચૂંટણીઓ, રાજીવ ગાંધીની હત્યા, નરસિંહરાવ વડાપ્રધાન.
૧૯૯૨ : બાબરી મસ્જિદનો ધ્વંશ
૧૯૯૩ : લાતુરમાં ધરતીકંપ, મુંબઈમાં બોંબ ધડાકા.
૧૯૯૫ : સેલ્યુલર ફોન સેવા મુંબઈ, ચેન્નાઈ, દિલ્હીમાં શરૂ.
૧૯૯૬ : અગિયારમી સામાન્ય ચૂંટણીઓ, વાજપેયી ૧૩ દિવસ માટે વડાપ્રધાન, દેવગૌડા વડાપ્રધાન.
૧૯૯૭ : આઈ.કે. ગુજરાલ વડાપ્રધાન.
૧૯૯૮ : બારમી સામાન્ય ચૂંટણીઓ, અટલબિહારી વાજપેયી વડાપ્રધાન, પોખરણમાં અણુધડાકા.
૧૯૯૯ : વાજપેયી સરકાર બરખાસ્ત, તેરમી સામાન્ય ચૂંટણીઓ, ઓક્ટોબરમાં વાજપેયી પુનઃ સત્તા પર. સિત્તેર મંત્રીઓનું જંબો મંત્રીમંડળ.
૨૦૦૦ : કેન્દ્ર સરકાર દ્વારા બંધારણની સમીક્ષા કરવા અંગેની સમિતિ રચવાની જાહેરાત, નર્મદા બંધને સુપ્રીમ કોર્ટની લીલી ઝંડી, ત્રણ નવા રાજ્યો – છત્તીસગઢ, ઝારખંડ અને ઉત્તરાંચલની રચના.
૨૦૦૧ : ૨૬મી જાન્યુઆરીના રોજ ગુજરાતમાં વિનાશકારી ભૂકંપ. કચ્છ જિલ્લામાં ૭૦,૦૦૦ લોકોએ જાન ગુમાવ્યા.
૨૦૦૨ : સાબરમતી એક્સપ્રેસમાં અયોધ્યાથી પરત આવી રહેલા કારસેવકો ઉપર ગોધરા નજીક ઝનૂની તત્ત્વોનો હુમલો. ૫૮ કારસેવકો બળી મર્યા.
૨૦૦૩ : અમેરિકાનું અંતરીક્ષયાન 'કોલંબિયા' તૂટી પડતાં ભારતીય અંતરીક્ષયાત્રી કલ્પના ચાવલા સહિત સાત અવકાશયાત્રીઓના મૃત્યુ. યુ.એન.ના સિવિલ પોલીસ અધિકારી તરીકે નિયુક્ત થનાર કિરણ બેદી પ્રથમ ભારતીય મહિલા. તમાકુની જાહેરખબરો પર દુનિયાના ૧૭૦ દેશોનો પ્રતિબંધ.
૨૦૦૪ : સરદાર સરોવર યોજનાનું ૧૧૦ મીટરની ઊંચાઈનું કાર્ય પૂર્ણ. સુનામી મોજાને કારણે ભારતના તામિલનાડુ રાજ્ય અને આંદામાન-નિકોબાર ટાપુઓ પર ભારે વિનાશ.
૨૦૦૫ : યુરોપના સ્પેસ શટલનું શનિના ચંદ્ર 'ટાઈટન' પર સફળ ઉતરાણ. ભારતને પરમાણુ શસ્ત્ર સત્તા તરીકે માન્યતા આપતું અમેરિકા, યુનિસેફના શુભેચ્છા દૂત તરીકે ફિલ્મ અભિનેત્રી શર્મિલા ટાગોરની પસંદગી.
૨૦૦૬ : સૌથી નાની વયે પદ્મશ્રી પુરસ્કાર મેળવતી ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા. ભારત અને ફ્રાંસ તથા ભારત અને અમેરિકા વચ્ચે નાગરિક પરમાણુ સહકાર સંધિ, ભારતના ચંદ્ર અભિયાનમાં નાસા (અમેરિકા)ની ભાગીદારી.

# ભારતના જોવાલાયક અગત્યના શહેરો અને તેમની ખાસિયતો

| | | |
|---|---|---|
| ૧. | *અજમેર (રાજસ્થાન)* | : ખ્વાજા મોહયુદ્દીનની દરગાહ (અજમેર શરીફ) |
| ૨. | *અમદાવાદ (ગુજરાત)* | : ઐતિહાસિક શહેર, ગાંધી આશ્રમ, કોચરબ આશ્રમ, સીદી સૈયદની જાળી, ઝુલતા મિનારા. |
| ૩. | *અમરનાથ (જમ્મુ અને કશ્મીર)* | : પહેલગામ નજીકનું હિન્દુઓનું પવિત્ર યાત્રાધામ, બરફનું શિવલિંગ. |
| ૪. | *અમૃતસર (પંજાબ)* | : શીખોનું યાત્રાધામ, સુવર્ણમંદિર, જલિયાંવાલા બાગ. |
| ૫. | *અલીગઢ (ઉત્તર પ્રદેશ)* | : અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, તાળાં, ચપ્પુ, કાતર બનાવવાનો ઉદ્યોગ. |
| ૬. | *અલંગ (ગુજરાત)* | : જહાજ ભાંગવાનો ઉદ્યોગ. |
| ૭. | *અલાહાબાદ (ઉત્તર પ્રદેશ)* | : પંડિત નેહરુનું જન્મસ્થળ 'આનંદભવન', ત્રિવેણી સંગમ - અહીં કુંભ મેળો ભરાય છે. |
| ૮. | *અયોધ્યા (ઉત્તર પ્રદેશ)* | : શ્રીરામ જન્મભૂમિ સ્થળ, સાત મોક્ષદાયિની નગરીઓમાંની એક. |
| ૯. | *અવાડી (તમિલનાડુ)* | : ટેન્ક બનાવવાનું કારખાનું. |
| ૧૦. | *અડયાર (તમિલનાડુ)* | : થિયોસોફિકલ સોસાયટીનું મુખ્ય મથક. |
| ૧૧. | *અજંતા (મહારાષ્ટ્ર)* | : ઔરંગાબાદ પાસે આવેલા આ સ્થળે શૈવ અને બૌદ્ધ ગુફાઓ છે. |
| ૧૨. | *અંકલેશ્વર (ગુજરાત)* | : ખનીજ તેલનું ક્ષેત્ર |
| ૧૩. | *આબુ (રાજસ્થાન)* | : રાજસ્થાનમાં આવેલું અરાવલી ગિરિમાળાનું સુપ્રસિદ્ધ ગિરિમથક, દેલવાડાનાં દેરાં અને વશિષ્ઠ આશ્રમ પ્રસિદ્ધ છે. |
| ૧૪. | *ઓમકારેશ્વર (મધ્ય પ્રદેશ)* | : નર્મદા કિનારે આવેલું બાર જ્યોતિર્લિંગોમાંનું એક. |
| ૧૫. | *કંડલા (ગુજરાત)* | : મહત્ત્વપૂર્ણ બંદર, મુક્ત વ્યાપાર ક્ષેત્ર. |
| ૧૬. | *આગરા (ઉત્તર પ્રદેશ)* | : તાજમહલ, અકબરનો મકબરો. |
| ૧૭. | *આણંદ (ગુજરાત)* | : અમૂલ ડેરી, ડેરી ઉદ્યોગનું વડું મથક (NDDB) અહીં છે. |
| ૧૮. | *આસનસોલ (પશ્ચિમ બંગાળ)* | : કોલસાની ખાણો. |
| ૧૯. | *પોર્ટ બ્લેર (અંદમાન અને નિકોબાર)* | : રમણીય દરિયા કિનારો. |
| ૨૦. | *ઈલોરા (મહારાષ્ટ્ર)* | : શિલ્પસ્થાપત્ય માટે જગમશહુર વિશાળ ગુફાઓ. |
| ૨૧. | *ઈન્દોર (મધ્ય પ્રદેશ)* | : જૈનોનાં કાચનાં દેરાસર માટે વિખ્યાત. |
| ૨૨. | *ઉજ્જૈન (મધ્ય પ્રદેશ)* | : પ્રાચીન વિદ્યાધામ અને વીરવિક્રમની રાજધાની, મહાકાલેશ્વરનું મંદિર, બાર જ્યોતિર્લિંગોમાંનુ એક, મહાકવિ કાલિદાસની જન્મભૂમિ, સાત મોક્ષદાયિની નગરીઓમાંની એક. |
| ૨૩. | *ઉદયપુર (રાજસ્થાન)* | : સરોવરોના શહેર તરીકે વિખ્યાત, પિછોલા લેક, રાજસ્થાનનું વેનિસ. |
| ૨૪. | *ઔરંગાબાદ (મહારાષ્ટ્ર)* | : નજીકમાં દોલતાબાદનો પ્રાચીન કિલ્લો, ઔરંગઝેબની કબર, 'બીબી કા મકબરા' અને પવનચક્કી જોવાલાયક છે. |
| ૨૫. | *કોલકાતા (પશ્ચિમ બંગાળ)* | : શણ ઉદ્યોગનું કેન્દ્ર, ધાતુની ટંકશાળ, હાવડાબ્રિજ, વિક્ટોરિયા મેમોરિયલ, બેલુર મઠ, બોટોનિકલ ગાર્ડન અને મ્યુઝિયમ જોવાલાયક છે. |
| ૨૬. | *કાનપુર (ઉત્તર પ્રદેશ)* | : ઉત્તર પ્રદેશનું સૌથી મોટું શહેર, ચામડાં, ગરમ કાપડ, સુતરાઉ કાપડ અને ખાંડ ઉદ્યોગનું કેન્દ્ર |

૨૭. *કન્યાકુમારી (તમિલનાડુ)* : ત્રણ મહાસાગરોનું સંગમસ્થાન, 'વર્જિન ગોડેસ' કુમારી દેવીનું મંદિર, 'વિવેકાનંદ રોક' સ્મારક.

૨૮. *કુલ્લુ-મનાલી (હિમાચલ પ્રદેશ)* : રમણીય ખીણપ્રદેશ, કુદરતી સૌંદર્યધામ અને ગિરિમથક.

૨૯. *કોયલી (ગુજરાત)* : તેલ રિફાઈનરી અને અન્ય પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગ માટેનું કેન્દ્ર.

૩૦. *કોચી (કેરલ)* : પશ્ચિમ કિનારાનું બંદર, વહાણ બાંધવાનો ઉદ્યોગ, રિફાઈનરી.

૩૧. *કોડાઈકેનાલ (તમિલનાડુ)* : ગિરિમથક, આધુનિક વેધશાળા.

૩૨. *કોણાર્ક (ઓરિસ્સા)* : પ્રસિદ્ધ સૂર્યમંદિર, કામ શિલ્પો માટે જાણીતું.

૩૩. *કોળાર (કર્ણાટક)* : સોનાની ખાણ.

૩૪. *ખડકવાસલા (મહારાષ્ટ્ર)* : નેશનલ ડિફેન્સ એકેડેમી.

૩૫. *ખજુરાહો (મધ્ય પ્રદેશ)* : ઉત્કૃષ્ટ કામ શિલ્પવાળાં ૨૨ મંદિરો.

૩૬. *ગયા (બિહાર)* : હિન્દુ યાત્રાધામ, 'પિતૃશ્રાદ્ધ' માટે જાણીતું.

૩૭. *ગ્વાલિયર (મધ્ય પ્રદેશ)* : ઝાંસીની રાણીની સમાધિ, ઐતિહાસિક કિલ્લો, રાજમહેલ, સંગીત સમ્રાટ તાનસેનની જન્મભૂમિ.

૩૮. *ગિરનાર (ગુજરાત)* : અશોકનો શિલાલેખ.

૩૯. *ગુવાહાટી (અસમ)* : નૂનમતી રિફાઈનરી, કામાખ્યાદેવીનું પ્રખ્યાત મંદિર.

૪૦. *ગોમટેશ્વર (કર્ણાટક)* : પથ્થરમાંથી કોતરેલી બાહુબલીની ભવ્ય મૂર્તિ.

૪૧. *ગાંધીનગર (ગુજરાત)* : સુપ્રસિદ્ધ અક્ષરધામ મંદિર.

૪૨. *ચંદીગઢ (પંજાબ, હરિયાણા)* : બન્ને રાજ્યોની સંયુક્ત રાજધાની, રોક ગાર્ડન.

૪૩. *ચિત્તરંજન (પશ્ચિમ બંગાળ)* : રેલવે એન્જિન બનાવવાનું કારખાનું.

૪૪. *ચેરાપુંજી (મેઘાલય)* : ખાસી-જૈતિયાની ટેકરીઓમાં આવેલું વિશ્વના સૌથી વધુ વરસાદ માટે વિખ્યાત.

૪૫. *ચિત્તોડગઢ (રાજસ્થાન)* : રાણા કુંભાનો વિજયસ્તંભ, પદ્મિનીનો મહેલ, મીરાંબાઈનું મંદિર, કીર્તિ સ્તંભ.

૪૬. *પુરી (ઓરિસ્સા)* : મોટું યાત્રાધામ, ભારતની પ્રસિદ્ધ જગન્નાથની રથયાત્રા, જગન્નાથજીનું ભવ્ય મંદિર.

૪૭. *જબલપુર (મધ્ય પ્રદેશ)* : બીડી ઉદ્યોગનું કેન્દ્ર, આરસપહાણ માટે પ્રખ્યાત, નર્મદા પરના 'ધુઆંધાર' અને 'ભંડાઘાટ' દર્શનીય સ્થળો.

૪૮. *જમશેદપુર (ઝારખંડ)* : તાતાનું પોલાદનું જંગી કારખાનું.

૪૯. *જયપુર (રાજસ્થાન)* : પિન્ક સીટી તરીકે જાણીતું, હવામહલ, જંતર-મંતર, અંબર મહેલ વગેરે દર્શનીય સ્થળો.

૫૦. *જેસલમેર (રાજસ્થાન)* : સોનેરી નગરી, ઐતિહાસિક કિલ્લો, હવેલી અને ઝરૂખાઓ.

૫૧. *ઝરિયા (ઝારખંડ)* : કોલસાની ખાણોનું મુખ્ય કેન્દ્ર.

૫૨. *ઝાંસી (ઉત્તર પ્રદેશ)* : રાણી લક્ષ્મીબાઈનું સ્મારક.

૫૩. *તિરૂપતિ (આંધ્ર પ્રદેશ)* : તિરુમલાઈ પર્વત પર વ્યંકટેશ્વરનું જગપ્રસિદ્ધ મંદિર.

૫૪. *તિરુચ્ચિરાપલ્લી (તમિલનાડુ)* : પ્રાચીન મંદિરો.

૫૫. *તંજાવૂર (તમિલનાડુ)* : બૃહદેશ્વરનું જગપ્રસિદ્ધ મંદિર.

૫૬. *તિરુવનંતપુરમ (કેરલ)* : પદ્મનાભનું મંદિર.

૫૭. *દયાલબાગ (ઉત્તર પ્રદેશ)* : રાધાસ્વામી પંથકનું કેન્દ્ર.

૫૮. *દેહરાદૂન (ઉત્તરાખંડ)* : જંગલ સંશોધન કેન્દ્ર, લશ્કરી કોલેજ, તેલ અને કુદરતી વાયુ પંચનું મુખ્ય મથક.

૫૯. *દિલ્હી* : લાલ કિલ્લો, જામા મસ્જિદ, ઈન્ડિયા ગેટ, વિજયઘાટ, રાજઘાટ, કુતુબમિનાર, બિરલા મંદિર, રાષ્ટ્રપતિ ભવન, સ્વામિનારાયણ મંદિર વગેરે દર્શનીય સ્થળો.

૬૦. *દિગ્બોઈ (અસમ)* : ખનીજ તેલક્ષેત્ર અને રિફાઈનરી.

૬૧. *ધનબાદ (ઝારખંડ)* : કોલસાની ખાણોનું કેન્દ્ર.

૬૨. *નાગપુર (મહારાષ્ટ્ર)* : મહારાષ્ટ્ર રાજ્યનું બીજા નંબરનું વ્યાપારી કેન્દ્ર, સંતરા માટે વિખ્યાત.

૬૩. *નાશિક (મહારાષ્ટ્ર)* : ગોદાવરી તટે હિન્દુઓનું યાત્રાધામ, પશ્ચિમનું કાશી, ચલણી નોટોનું સરકારી પ્રિન્ટીંગ પ્રેસ.

૬૪. *નાલંદા (બિહાર)* : પ્રાચીન નાલંદા વિદ્યાપીઠ.

૬૫. *પટના (બિહાર)* : પ્રાચીન સમયનું પાટલીપુત્ર, જરીકામ માટે પ્રખ્યાત.

૬૬. *પાટણ (ગુજરાત)* : રાણકીવાવ, સહસ્ત્રલિંગ તળાવ, પટોળાં અને માટીકામ માટે પ્રખ્યાત

૬૭. *પાલિતાણા (ગુજરાત)* : શેત્રુંજય ડુંગર ઉપરનાં ભવ્ય જૈન દેરાસરો.

૬૮. *પુણે (મહારાષ્ટ્ર)* : પેશ્વાઓની રાજધાની, બગીચાઓનું શહેર, પુણે યુનિવર્સિટી.

૬૯. *પેરામ્બુર (તમિલનાડુ)* : રેલવેના ડબ્બા બનાવવાનું ભારત સરકારનું કારખાનું.

૭૦. *પુડુચેરી (પુડુચેરી)* : અરવિંદ આશ્રમ.

૭૧. *પોરબંદર (ગુજરાત)* : મહાત્મા ગાંધીની જન્મભૂમિ, ગાંધી સ્મૃતિમંદિર.

૭૨. *ફતેહપુર-સિક્રી (ઉત્તર પ્રદેશ)* : બુલંદ દરવાજો, રાણી જોધાબાઈનો મહેલ.

૭૩. *બિજાપુર (કર્ણાટક)* : ગોળગુંબજ સ્થાપત્યનો ઉત્તમ નમૂનો.

૭૪. *ભુવનેશ્વર (ઓરિસ્સા)* : લિંગરાજ મંદિર.

૭૫. *મથુરા (ઉત્તર પ્રદેશ)* : શ્રી કૃષ્ણની જન્મભૂમિ, દ્વારકાધીશનું મંદિર, ઓઈલ રિફાઈનરી, સાત મોક્ષદાયિની નગરીઓમાંની એક.

૭૬. *ચેન્નઈ (તમિલનાડુ)* : મરીના બીચ, સ્નેક પાર્ક, મ્યુઝિયમથી શોભતું પાટનગર, દ્રવિડ સંસ્કૃતિનું કેન્દ્ર.

૭૭. *મદુરાઈ (તમિલનાડુ)* : પ્રખ્યાત મીનાક્ષી મંદિર, હાથવણાટની સિલ્કની સાડીઓ માટે પ્રખ્યાત.

૭૮. *મુંબઈ (મહારાષ્ટ્ર)* : ગેટ વે ઓફ ઈન્ડિયા, એલીફન્ટા ગુફાઓ, નેશનલ પાર્ક, હેન્ગિંગ ગાર્ડનથી શોભતું ભારતનું પ્રથમ નંબરનું ઔદ્યોગિક શહેર.

૭૯. *મૈસૂર (કર્ણાટક)* : ઐતિહાસિક શહેર, રાજમહેલ અને આકર્ષક વૃંદાવન ગાર્ડન.

૮૦. *વારાણસી (ઉત્તર પ્રદેશ)* : કાશી વિશ્વનાથનું શિવમંદિર, બનારસ હિન્દુ યુનિવર્સિટી, હિન્દુઓનું પવિત્ર યાત્રાધામ.

૮૧. *બેંગાલૂરુ (કર્ણાટક)* : રેશમ તથા વિમાન ઉદ્યોગ માટે પ્રખ્યાત, હિન્દુસ્તાન મશીન ટુલ્સ ફેક્ટરી.

૮૨. *રાંચી (ઝારખંડ)* : મિલિટરી કેમ્પ, હેવી એન્જિનિયરિંગનું કારખાનું.

૮૩. *રામેશ્વર (તમિલનાડુ)* : જ્યોતિર્લિંગ મંદિર, હિન્દુઓનું યાત્રાધામ.

૮૪. *લોથલ (ગુજરાત)* : મોહેં-જો-દડોની સંસ્કૃતિના અવશેષ અહીંથી મળ્યા.

૮૫. *શિરડી (મહારાષ્ટ્ર)* : શ્રી સાંઈબાબાનું સુપ્રસિદ્ધ મંદિર.

૮૬. *શ્રાવસ્તી (ઉત્તર પ્રદેશ)* : બૌદ્ધોનું યાત્રાધામ.

૮૭. *શ્રીનગર (જમ્મુ અને કશ્મીર)* : નિશાત બાગ, દાલ સરોવર, શાલીમાર ગાર્ડન, ચશ્મેશાહી, સોનમર્ગ, ગુલમર્ગ, વુલર સરોવર જેવાં રમણીય સ્થળો, પૃથ્વી પરનું સ્વર્ગ.

૮૮. *શ્રી હરિકોટા (આંધ્ર પ્રદેશ)* : ભારતીય ઉપગ્રહ અને રોકેટ છોડવાનું મથક.

૮૯. *રાંચી (મધ્ય પ્રદેશ)* : બૌદ્ધ સ્તૂપ.
૯૦. *હૈદરાબાદ (આંધ્ર પ્રદેશ)* : ચાર મિનાર, સાલારજંગ.
૯૧. *હળેબિડુ (કર્ણાટક)* : શિવમંદિર.
૯૨. *હરદ્વાર (ઉત્તરાખંડ)* : ઈશ્વરનું પ્રવેશદ્વાર, હિન્દુઓનું યાત્રાધામ, લક્ષ્મણ ઝુલા, સાત મોક્ષદાયિની નગરીઓમાંની એક
૯૩. *અંબાલા (હરિયાણા)* : વૈજ્ઞાનિક સાધનો, હવાઈ દળનું તાલીમ મથક.
૯૪. *એલેપી (કેરલ)* : પેપર ઉદ્યોગ, પૂર્વનું વેનિસ.
૯૫. *બરેલી (ઉત્તર પ્રદેશ)* : વિમ્કો ફેક્ટરી, ફર્નિચર.
૯૬. *કોઈમ્બતૂર (તમિલનાડુ)* : ઉદ્યોગો, ભારતનું માંચેસ્ટર.
૯૭. *ધારીવાલ (પંજાબ)* : ઊનનાં વસ્ત્રો બનાવવાનું મોટું કેન્દ્ર.
૯૮. *ફીરોઝાબાદ (ઉત્તર પ્રદેશ)* : કાચની બંગડીઓ માટે વિખ્યાત.
૯૯. *જલંધર (પંજાબ)* : રમતગમતનાં સાધનો માટે વિખ્યાત.
૧૦૦. *ખેતરી (રાજસ્થાન)* : તાંબાની ખાણોનું કેન્દ્ર.
૧૦૧. *લુધિયાના (પંજાબ)* : હોઝિયરી, સાઈકલ, સીવવાના સંચા વગેરે ઉદ્યોગોનું કેન્દ્ર.
૧૦૨. *પન્ના (મધ્યપ્રદેશ)* : હીરાની ખાણો.
૧૦૩. *પિમ્પ્રી (મહારાષ્ટ્ર)* : પેનિસિલિનની ફેક્ટરી.
૧૦૪. *પિંજોર (હરિયાણા)* : બગીચા, એચ.એમ.ટી. નું કારખાનું.
૧૦૫. *રૂડકી (ઉત્તરાખંડ)* : એન્જિનિયરિંગ યુનિવર્સિટી.
૧૦૬. *રાઉરકેલા (ઓરિસ્સા)* : સ્ટીલ ઉદ્યોગનું કેન્દ્ર.
૧૦૭. *સોલાપુર (મહારાષ્ટ્ર)* : સુતરાઉ કાપડ ઉદ્યોગનું કેન્દ્ર.
૧૦૮. *સિંદરી (ઝારખંડ)* : રાસાયણિક ખાતરનું કારખાનું.
૧૦૯. *ટીટાગઢ (પશ્ચિમ બંગાળ)* : કાગળ ઉદ્યોગનું કેન્દ્ર.
૧૧૦. *વિશાખાપટ્ટનમ (આંધ્ર પ્રદેશ)* : ભારતનાં પૂર્વકિનારાનું મોટું બંદર, જહાજ બનાવવાનો ઉદ્યોગ.
૧૧૧. *ટ્રોમ્બે (મહારાષ્ટ્ર)* : અણુવિજ્ઞાનનું સંશોધન કેન્દ્ર, અણુભઠ્ઠી, ભારતનું પ્રથમ 'ભાભા અણુરિએક્ટર'.
૧૧૨. *થુમ્બા (કેરલ)* : રોકેટ મથક, પરીક્ષણ માટેના રોકેટ અહીંથી છોડવામાં આવે છે.
૧૧૩. *નાથદ્વારા (રાજસ્થાન)* : શ્રીનાથજીનું મંદિર.
૧૧૪. *મહાબલિપુરમ (તમિલનાડુ)* : રથ આકારનાં મંદિરો માટે વિશ્વપ્રસિદ્ધ.
૧૧૫. *અગરતલા (ત્રિપુરા)* : લક્ષ્મીનારાયણ મંદિર અને રાજમહેલ.
૧૧૬. *આળંદી (મહારાષ્ટ્ર)* : સંત જ્ઞાનેશ્વરનું સમાધિસ્થળ.
૧૧૭. *ઈમ્ફાલ (મણિપુર)* : મણિપુરી નૃત્યકલાનું મથક.
૧૧૮. *ઉદગમંડલમ્ (તમિલનાડુ)* : નીલગિરિ પર્વત પરનું રમણીય ગિરિમથક.
૧૧૯. *કાંચીપુરમ્ (તમિલનાડુ)* : પલ્લવ રાજાઓનું પાટનગર હતું, શંકરાચાર્યની પીઠ, દ્રવિડ સ્થાપત્યનાં મંદિરો, સાડી ઉદ્યોગનું કેન્દ્ર.
૧૨૦. *કુરુક્ષેત્ર (હરિયાણા)* : ધર્મક્ષેત્ર અને યુદ્ધક્ષેત્ર (મહાભારત), કુરુક્ષેત્ર યુનિવર્સિટીનું મથક, બ્રહ્મસરોવર.
૧૨૧. *કેદારનાથ (ઉત્તરાખંડ)* : કેદારનાથનું શિવમંદિર, બાર જ્યોતિર્લિંગોમાંનું એક, હિન્દુઓનું પવિત્ર યાત્રાધામ.

૧૨૨. *કોલ્હાપુર (મહારાષ્ટ્ર)* : ગોળ અને પગરખાં માટે જાણીતું.
૧૨૩. *ખડગપુર (પશ્ચિમ બંગાળ)* : વિશ્વમાં સૌથી લાંબુ રેલવે પ્લેટફોર્મ.
૧૨૪. *ગુંટૂર (આંધ્ર પ્રદેશ)* : તમાકુના વેપાર માટે પ્રસિદ્ધ.
૧૨૫. *ચિદંબરમ્ (તમિલનાડુ)* : નટરાજના (શૈવ) મંદિર માટે સુપ્રસિદ્ધ.
૧૨૬. *દાર્જિલિંગ (પશ્ચિમ બંગાળ)* : ચાના બગીચા તથા નારંગી માટે વિખ્યાત, રમણીય ગિરિમથક.
૧૨૭. *નબદ્વીપ (પશ્ચિમ બંગાળ)* : ચૈતન્ય મહાપ્રભુનું જન્મસ્થાન, વૈષ્ણવોનું યાત્રાધામ.
૧૨૮. *નૈનીતાલ (ઉત્તરાખંડ)* : રમણીય ગિરિમથક, નૈની સરોવર.
૧૨૯. *પણજી (ગોવા)* : પ્રાકૃતિક સૌંદર્ય, અગત્યનું બંદર.
૧૩૦. *પવનાર (મહારાષ્ટ્ર)* : વર્ધા પાસેનો વિનોબાજીનો આશ્રમ.
૧૩૧. *શ્રીરંગપટ્ટનમ (કર્ણાટક)* : ટીપુ સુલતાનની રાજધાની, રંગનાથનું મંદિર.
૧૩૨. *પંઢરપુર (મહારાષ્ટ્ર)* : વિઠોબાનું પ્રસિદ્ધ મંદિર, વાસ્કરી સંપ્રદાયનું તીર્થધામ.
૧૩૩. *બદરીનાથ (ઉત્તરાખંડ)* : ભગવાન વિષ્ણુનું ભવ્ય મંદિર, હિન્દુઓનું પવિત્ર તીર્થધામ, ચાર ધામોમાનું એક.
૧૩૪. *મહાબળેશ્વર (મહારાષ્ટ્ર)* : પશ્ચિમઘાટની પર્વતમાળામાં આવેલું રમણીય ગિરિમથક.
૧૩૫. *મસૂરી (ઉત્તરાખંડ)* : દેહરાદૂન નજીકનું ગિરિમથક, 'પર્વતોની રાણી' ઉપનામથી પ્રખ્યાત.
૧૩૬. *માર્માગોવા (ગોવા)* : પશ્ચિમ કિનારાનું બંદર, સહેલાણીઓનું સ્વર્ગ.
૧૩૭. *લખનઉ (ઉત્તર પ્રદેશ)* : ઐતિહાસિક નવાબી નગર.
૧૩૮. *રાણીગંજ (પશ્ચિમ બંગાળ)* : કોલસાની ખાણોનું મથક.
૧૩૯. *શિવકાશી (તમિલનાડુ)* : દારૂખાનું બનાવવાના અને ઑફસેટ પ્રિન્ટીંગના ઉદ્યોગનું કેન્દ્ર.
૧૪૦. *વૈષ્ણોદેવી (જમ્મુ અને કશ્મીર)* : હિમાલયની પર્વતમાળામાં આવેલું હિન્દુઓનું પવિત્ર યાત્રાધામ.

# ભારતની રાષ્ટ્રીય વિશિષ્ટતાઓ

## (૧) રાષ્ટ્રધ્વજ

ભારતનો રાષ્ટ્રધ્વજ ત્રણ સમાન પ્રમાણવાળા પટ્ટાનો બનેલો છે. રાષ્ટ્રધ્વજ ત્રણ રંગો (ઉપરના ભાગમાં કેસરી, વચ્ચેના ભાગમાં સફેદ અને નીચેના ભાગમાં ઘેરો લીલો)નો બનેલો છે. સફેદ પટ્ટાની મધ્યમાં ૨૪ આરાવાળું વાદળી રંગનું અશોકચક્ર છે. જે અશોકના સારનાથના સ્તંભ પરથી લેવામાં આવ્યું છે. રાષ્ટ્રધ્વજની લંબાઈ - પહોળાઈનું પ્રમાણ ૩ : ૨ છે. **રાષ્ટ્રધ્વજમાં કેસરી રંગ હિંમત અને બલિદાન, સફેદ રંગ શાંતિ અને પવિત્રતા, લીલો રંગ હરિયાળી અને સમૃદ્ધિ તેમજ અશોકચક્ર સતત પ્રગતિ કરવાનું અને જનતાની આશા તથા આકાંક્ષાઓ પૂરી કરવાનું સૂચવે છે.**

## (૨) રાષ્ટ્રીય પ્રતીક (રાષ્ટ્ર મુદ્રા)

સમ્રાટ અશોકના સારનાથ (વારાણસી)ના સ્તંભમાંથી લેવામાં આવી છે. આમાં ચાર સિંહ એકબીજાની બાજુએ પીઠ રાખીને ઊભા છે. આ શિલ્પ કૃતિમાં ત્રણ સિંહ દશ્યમાન છે. તેની નીચે મધ્યભાગમાં ધર્મચક્ર તથા જમણી બાજુએ આખલો અને હાથી તથા ડાબી બાજુએ દોડતો ઘોડો અને સિંહ છે. રાષ્ટ્રમુદ્રાની નીચે દેવનાગરી લિપિમાં 'सत्यमेव जयते' અંકિત છે. જેનો અર્થ સત્યનો સદા વિજય થાય છે. (આ સૂક્તિ 'મુંડક ઉપનિષદ'માંથી લેવામાં આવી છે.) ભારત સરકારે ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ રાષ્ટ્ર મુદ્રાને માન્યતા આપી છે.

## (૩) રાષ્ટ્રીય પ્રતિજ્ઞા

*ભારત મારો દેશ છે.*
*બધા ભારતીયો મારા ભાઈ-બહેન છે.*
*હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.*
*હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.*
*હું મારા માતા-પિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.*
*હું મારા દેશ અને દેશ બાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.*
*તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.*

## (૪) રાષ્ટ્રગીત (National Anthem)

*જન-ગણ-મન અધિનાયક જય હે, ભારત ભાગ્ય વિધાતા*
*પંજાબ - સિન્ધ - ગુજરાત - મરાઠા - દ્રાવિડ - ઉત્કલ - બંગ*
*વિંધ્ય - હિમાચલ - યમુના - ગંગા, ઉચ્છલ - જલધિ - તરંગ*
*તવ શુભ નામે જાગે,*
*તવ શુભ આશિષ માગે,*
*ગાયે તવ જય - ગાથા*
*જન-ગણ-મંગલ-દાયક જય હે, ભારત ભાગ્ય વિધાતા*
*જય હે, જય હે, જય હે.... જય જય જય જય હે...*

***ભારતનું રાષ્ટ્રગીત કવિવર રવીન્દ્રનાથ ટાગોરે બંગાળી ભાષામાં લખ્યું હતું. જેને હિંદી ભાષામાં ભારતની બંધારણ સભાએ ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ રાષ્ટ્રગીત તરીકે માન્યતા આપી હતી. આ આખું ગીત પાંચ ભાગમાં લખાયેલું છે. જેનો ફક્ત પ્રથમ ભાગ રાષ્ટ્રગીત તરીકે સ્વીકારાયો છે. આ ગીત ગાવાની અવધિ બાવન સેકન્ડ છે. રાષ્ટ્રગીતને ૨૭ ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ સો વર્ષ પૂરા થયા છે.***

## (૫) રાષ્ટ્રીય ગીત (National Song)

*વન્દે માતરમ્!*
*સુજલામ્, સુફલામ્, મલયજશીતલામ્*
*શસ્યશ્યામલામ્ માતરમ્! વન્દે માતરમ્!*
*શુભ્રજ્યોત્સના-પુલકિતયામિનીમ્,*
*ફુલ્લકુસુમિત-દ્રુમદલ-શોભિનીમ્,*
*સુહાસિનીમ્ સુમધુર-ભાષિણીમ્,*
*સુખદામ, વરદામ, માતરમ્,*
*વન્દે માતરમ!*

***ભારતનું રાષ્ટ્રીય ગીત બંકીમચંદ્ર ચેટરજીએ ઈ.સ. ૧૮૮૨માં પોતાની નવલકથા 'આનંદ મઠ'માં લખ્યું હતું. ભારતની બંધારણ સભાએ ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ આ ગીતને રાષ્ટ્રીય ગીત તરીકે માન્યતા આપી હતી. આ ગીત પ્રથમવાર ૧૮૯૬ના ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના અધિવેશનમાં ગાવામાં આવ્યું હતું. આ ગીત ગાવાની અવધિ ૬૫ સેકન્ડ છે.***

# ભારત સરકારનાં જાહેર ઔદ્યોગિક સાહસો

*ઈ.સ. ૨૦૦૦ ના અંતે કેન્દ્ર સરકારની માલિકીના કુલ ૨૪૪ ઉદ્યોગો થયા છે. જેમાં રૂ. ૨,૫૨,૫૫૪ કરોડનું રોકાણ થયું છે. ભારત સરકારનાં કેટલાંક જાહેર ઔદ્યોગિક સાહસો નીચે મુજબ છે :*

૧. અશોક હોટેલ લિમિટેડ (હોટેલ ઉદ્યોગ) : દિલ્હી
૨. ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી (રેલવેના ડબ્બા) : પેરામ્બુર (તમિલનાડુ); હુસેનપુર (પંજાબ)
૩. ઈન્ડિયન ઈન્સ્ટ્રુમેન્ટસ લિમિટેડ (ઓજારો) : કોટા (રાજસ્થાન), પાલઘાટ (કેરલ)
૪. ઈન્ડિયન એકસ્પ્લોઝિવ (સ્ફોટક પદાર્થો) : ગોમિયા (બિહાર), ભંડારા (મધ્ય પ્રદેશ)
૫. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (રિફાઈનરીઓ) : ગુવાહાટી (અસમ), બરૌની (બિહાર), કોયલી (ગુજરાત), હલ્દિયા (પશ્ચિમ બંગાળ), મથુરા (ઉત્તર પ્રદેશ)
૬. ઈન્ડિયન ટેલિફોન ઈન્ડસ્ટ્રીઝ (ટેલિફોન) : બેંગાલૂરુ (કર્ણાટક), નૈની, રાયબરેલી (ઉત્તર પ્રદેશ)
૭. ઈન્ડિયન ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લિમિટેડ (દવાઓ) : પિંપરી (મહારાષ્ટ્ર), હૃષિકેશ (ઉત્તરાખંડ)
૮. ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કો. ઓપરેટીવ સોસાયટી (ઈફકો) : કલોલ, કંડલા (ગુજરાત), ફૂલપુર (ઉત્તર પ્રદેશ)
૯. ઈન્ડિયન રેર અર્થ લિમિટેડ (મોંઘાં ખનીજો) : અલ્વાયે (કેરલ)
૧૦. કોચીન રિફાઈનરી લિમિટેડ (પેટ્રોલ શુદ્ધીકરણ) : કોચી (કેરલ)
૧૧. કોલાર ગોલ્ડ માઈનિંગ (ધાતુ) : ઓરુગમ (કર્ણાટક)
૧૨. કોલ ઈન્ડિયા લિમિટેડ (કોલસા) : ઝરિયા (ઝારખંડ), રાણીગંજ (પશ્ચિમી બંગાળ)
૧૩. ચિત્તરંજન લોકોમોટિવ વર્કસ (એન્જિન) : આસનસોલ (પશ્ચિમ બંગાળ)
૧૪. જ્યુટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (શણ) : કોલકાતા (પશ્ચિમ બંગાળ)
૧૫. ડીઝલ લોકોમોટિવ વર્કસ (રેલવે) : વારાણસી (ઉત્તર પ્રદેશ)
૧૬. તુંગભદ્રા સ્ટીલ પ્રોડક્ટસ્ લિમિટેડ (પોલાદ) : તુંગભદ્રા (કર્ણાટક)
૧૭. ત્રિવેણી સ્ટ્રક્ચરલ લિમિટેડ (બાંધકામને લગતા યંત્રો) : નૈની (ઉત્તર પ્રદેશ)
૧૮. નેશનલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ લિમિટેડ (વૈજ્ઞાનિક સાધનો) : જાદવપુર, કોલકાતા (પશ્ચિમ બંગાળ)
૧૯. નેશનલ ન્યુઝ પ્રિન્ટ મિલ્સ (સમાચારપત્રો માટેનો કાગળ) : નેપાનગર (મધ્ય પ્રદેશ)
૨૦. નેશનલ ફર્ટિલાઈઝર (ખાતર) : નંગલ, બઠિંડા (પંજાબ), પાનીપત (હરિયાણા)
૨૧. નેશનલ સિક્યોરિટી પ્રેસ (ચલણી નોટો) : હોશંગાબાદ (મધ્યપ્રદેશ)
૨૨. નેશનલ મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (ખનીજ) : હૈદરાબાદ (આંધ્ર પ્રદેશ)
૨૩. ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (ખાતર) : ત્રાવણકોર (કેરલ)
૨૪. ફર્ટિલાઈઝર્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ખાતર) : ગોરખપુર (ઉત્તર પ્રદેશ), સિંદરી (ઝારખંડ)
૨૫. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (અનાજ) : દિલ્હી
૨૬. બોકારો સ્ટીલ લિમિટેડ (પોલાદ) : હઝારીબાગ (ઝારખંડ)
૨૭. ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (વિદ્યુત) : બેંગાલૂરુ (કર્ણાટક), ગાઝિયાબાદ (ઉત્તર પ્રદેશ), પુણે (મહારાષ્ટ્ર)
૨૮. ભારત અર્થ મુવર લિમિટેડ (જમીનનાં ખોદકામનાં યંત્રો) : બેંગાલૂરુ (કર્ણાટક)

૨૯. ભારત એલ્યુમિનિયમ (એલ્યુમિનિયમ) : રત્નાગિરિ (મહારાષ્ટ્ર), કોરબા (છત્તીસગઢ)
૩૦. ભારત ગોલ્ડ માઈન્સ લિમિટેડ (સોનું) : કોલાર (કર્ણાટક), રામગિરિ (આંધ્ર પ્રદેશ)
૩૧. ભારત હેવી પ્લેટ એન્ડ વેસલ્સ લિમિટેડ (વહાણ માટેનાં યંત્રો) : વિશાખાપટ્ટનમ (આંધ્ર પ્રદેશ)
૩૨. મશીન ટુલ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (યંત્ર) : અજમેર (રાજસ્થાન)
૩૩. મશીન ટુલ્સ પ્રોટેટાઈપ (યંત્ર) : અંબરનાથ (મહારાષ્ટ્ર)
૩૪. માઈનિંગ એન્ડ એલાઈડ મશીનરી કોર્પોરેશન લિમિટેડ (ખાણ માટે ઉપયોગી યંત્રો) : દુર્ગાપુર (પશ્ચિમ બંગાળ)
૩૫. યુરેનિયમ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ (યુરેનિયમ) : જંદુગોડા (બિહાર)
૩૬. રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર લિમિટેડ (ખાતર) : ટ્રોમ્બે (મહારાષ્ટ્ર)
૩૭. લિગ્નાઈટ પ્રોજેક્ટ (લિગ્નાઈટ) : નેયવેલી (તમિલનાડુ), મલંજખંડ (મધ્ય પ્રદેશ)
૩૮. સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડ (પોલાદ કારખાનાં) : ભિલાઈ (છત્તીસગઢ), રાઉરકેલા (ઓરિસ્સા), દુર્ગાપુર (પશ્ચિમ બંગાળ), બોકારો (ઝારખંડ), ભદ્રાવતી (કર્ણાટક), બર્નપુર (પશ્ચિમ બંગાળ)
૩૯. સ્કૂટર્સ ઇન્ડિયા લિમિટેડ (વાહન) : લખનઉ (ઉત્તર પ્રદેશ)
૪૦. સિન્થેટિક ડ્રગ્સ (સર્જિકલ સાધનો) : હૈદરાબાદ, ગૂટી, સંતનગર (આંધ્ર પ્રદેશ), ચેન્નઈ (તમિલનાડુ)
૪૧. સેન્ટ્રલ ટુલ્સ ઇન્સ્ટિટ્યૂટ લિમિટેડ (યંત્ર) : અજમેર (રાજસ્થાન)
૪૨. હિન્દુસ્તાન ઇન્સેક્ટીસાઈડ લિમિટેડ (ડી.ડી.ટી.) : દિલ્હી, અલ્વાયે (કેરલ)
૪૩. હિન્દુસ્તાન એન્ટિબાયોટિક્સ લિમિટેડ (દવાઓ) : પિંપરી (મહારાષ્ટ્ર), ઋષિકેશ (ઉત્તરાખંડ)
૪૪. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (ઉડ્ડયન) : બેંગાલૂરુ (કર્ણાટક), નાશિક (મહારાષ્ટ્ર, હૈદરાબાદ (આંધ્ર પ્રદેશ)
૪૫. હિન્દુસ્તાન કેબલ્સ (ટેલિફોનના વાયર) : રૂપનારાયણપુર (પશ્ચિમ બંગાળ), હૈદરાબાદ (આંધ્ર પ્રદેશ)
૪૬. હિન્દુસ્તાન કોપર લિમિટેડ (ધાતુ) : કોલકાતા (પશ્ચિમ બંગાળ), ખેતડી, દરીબા (રાજસ્થાન), ઘાટસિલા, રાખા (ઝારખંડ)
૪૭. હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમિકલ્સ લિમિટેડ (દવા) : કોરબા (છત્તીસગઢ)
૪૮. હિન્દુસ્તાન ટેલિપ્રિન્ટર્સ લિમિટેડ (ટેલિપ્રિન્ટર) : ચેન્નઈ (તમિલનાડુ), ગૂટી (આંધ્ર પ્રદેશ)
૪૯. હિન્દુસ્તાન ઝિંક લિમિટેડ (જસત) : દરીબા (રાજસ્થાન), વિશાખાપટ્ટનમ (આંધ્ર પ્રદેશ)
૫૦. હિન્દુસ્તાન ફર્ટિલાઈઝર કોર્પોરેશન લિમિટેડ (ખાતર) : દુર્ગાપુર, હલ્દિયા (પશ્ચિમ બંગાળ), બરૌની (બિહાર)
૫૧. હિન્દુસ્તાન પેપર કોર્પોરેશન લિમિટેડ (કાગળ) : નૌગાંવ (નાગાલેન્ડ), ક્યાર (અસમ), વેલ્લુર (કેરલ)
૫૨. હિન્દુસ્તાન મશીન ટુલ્સ (યંત્રો) : ઝળહળી (બેંગાલૂરુ), પિંજોર (હરિયાણા), કાલામાસોરી (કેરલ), હૈદરાબાદ (આંધ્ર પ્રદેશ), શ્રીનગર (જમ્મુ અને કશ્મીર), અજમેર (રાજસ્થાન)
૫૩. હિન્દુસ્તાન ફોટોફિલ્મ કંપની લિમિટેડ (ફોટોફિલ્મ) : ઉદગ્મંડલમ્ (તમિલનાડુ)
૫૪. હિન્દુસ્તાન સોલ્ટ લિમિટેડ (મીઠું, સોડા) : સાંભર, ડીડવાણા (રાજસ્થાન), ખારાઘોડા (ગુજરાત)
૫૫. હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ (ગોદી) : વિશાખાપટ્ટનમ (આંધ્ર પ્રદેશ), કોચી (કેરલ)
૫૬. હિન્દુસ્તાન સ્ટીલ લિમિટેડ (પોલાદ) : રાંચી (ઝારખંડ)
૫૭. હેવી એન્જિનિયરિંગ કોર્પોરેશન (ભારે યંત્રો) : રાંચી (ઝારખંડ), દુર્વા (બિહાર)
૫૮. હેવી વ્હીકલ્સ ફેક્ટરી (ટેન્કો) : અવાડી, ચેન્નઈ (તમિલનાડુ)
૫૯. હેવી ઇલેક્ટ્રિકલ્સ લિમિટેડ (ભારે વીજળીક યંત્રો) : ભોપાલ (મધ્ય પ્રદેશ), હૈદરાબાદ (આંધ્ર પ્રદેશ)

## ભારત સરકારનાં જાહેર વ્યાપારી સાહસો

૧. **ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ બેન્ક ઓફ ઇન્ડિયા (IDBI)** : આ બેન્ક દ્વારા ઔદ્યોગિક એકમોને, વ્યક્તિગત એકમોને, હાઉસિંગ વગેરે માટે અનેક પ્રકારની લોન આપવામાં આવે છે. તેની મુખ્ય કચેરી મુંબઈમાં છે. અમદાવાદ, કોલકાતા, દિલ્હી, ચેન્નઈ અને ગુવાહાટીમાં પ્રાદેશિક કચેરીઓ છે.

૨. **ઇન્ડિયન એરલાઇન્સ (IA)** : રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાસ માટે મુસાફરોને ઉડ્ડયન સેવાની સગવડ આપે છે.

૩. **એર ઇન્ડિયા કોર્પોરેશન (AIC)** : પરદેશ જતા-આવતા મુસાફરોને વિમાનના પ્રવાસની સગવડ આપે છે. હવાઈ સેવા અંગે ૮૦ દેશો સાથે સમજૂતી કરવામાં આવી છે.

૪. **ઓ.એન.જી.સી. (ONGC)** : ભારતમાં પેટ્રોકેમિકલ્સ પ્રોડક્ટસનું સંશોધન, ઉત્પાદન અને વેચાણ સંભાળતી સંસ્થા.

૫. **જનરલ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (GICI)** : ૨૨ નવેમ્બર, ૧૯૭૨ ના રોજ રજિસ્ટર્ડ થયેલી ભારત સરકારની સામાન્ય વીમા અંગેની સંસ્થા

## ભારતમાં આયાત થતી ચીજવસ્તુઓ

| | | |
|---|---|---|
| ૧. | અનાજ | : યુ.એસ.એ., કેનેડા, ઑસ્ટ્રેલિયા, આર્જેન્ટિના |
| ૨. | કાચું શણ | : બાંગ્લાદેશ |
| ૩. | સૂકો મેવો | : ઈરાન, ઈરાક, અફઘાનિસ્તાન |
| ૪. | રબર | : શ્રીલંકા, મલાયા, સિંગાપુર |
| ૫. | ડેરીની પેદાશો | : યુ.એસ.એ., ડેન્માર્ક, હોલેન્ડ |
| ૬. | લાંબા તારનું રૂ | : યુ.એસ.એ., ઈજિપ્ત, સુદાન, આફ્રિકા |
| ૭. | ખનીજ તેલ અને પેદાશો | : યુ.એસ.એ., રશિયા, ઈરાન, ઈરાક |
| ૮. | યંત્રસામગ્રી | : યુ.કે., યુ.એસ.એ., જર્મની, જાપાન, ફ્રાન્સ |
| ૯. | રંગ-રસાયણ | : યુ.એસ.એ., યુ.કે., રશિયા |
| ૧૦. | રાસાયણિક ખાતરો | : યુ.એસ.એ., રશિયા, યુ.કે. |
| ૧૧. | દવાઓ | : યુ.એસ.એ., રશિયા, યુ.કે., કેનેડા. |
| ૧૨. | લોખંડ | : યુ.એસ.એ., રશિયા, યુ.કે., કેનેડા, જાપાન |
| ૧૩. | કાગળ, પૂઠાં, પેકિંગ સામાન | : નોર્વે, સ્વિડન, કેનેડા |
| ૧૪. | વીજળીનો સામાન | : યુ.એસ.એ., યુ.કે., જાપાન, હોલેન્ડ |
| ૧૫. | ઊન અને ગરમ કાપડ | : યુ.કે., ઈરાન, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ |

*મૂંઝાય છે શું મનમાં, સમય જતાં વાર નથી લાગતી.*
*કાંકરાને રેતીમાં બદલાતા વાર નથી લાગતી.*
*પ્રેમથી જીવન જીવી લેજો, હૃદયને બંધ થવામાં વાર નથી લાગતી.*

## ભારતમાંથી નિકાસ થતી ચીજવસ્તુઓ

| | | |
|---|---|---|
| ૧. | શણનું કાપડ | : યુ.એસ.એ., યુ.કે., કેનેડા, જાપાન |
| ૨. | ચા | : યુ.એસ.એ., યુ.કે., ઈરાન, ઈરાક |
| ૩. | સુતરાઉ કાપડ | : યુ.કે., રશિયા, ઈરાન, ઈરાક |
| ૪. | ઈજનેરી સામાન | : ઈરાન, ઈરાક, ઈન્ડોનેશિયા |
| ૫. | ખાંડ | : યુ.એસ.એ., ગલ્ફ, મ્યાનમાર |
| ૬. | કોફી | : ઈંગ્લેન્ડ, યુરોપના દેશો |
| ૭. | ચામડું અને તેનો સામાન | : યુ.એસ.એ., રશિયા, યુ.કે. |
| ૮. | કાચું લોખંડ, મેંગેનીઝ, અબરખ | : ઈરાન, ઈરાક, અફઘાનિસ્તાન |
| ૯. | તમાકુ | : રશિયા, જાપાન, ઈન્ડોનેશિયા, શ્રીલંકા |
| ૧૦. | મરીમસાલા | : યુ.એસ.એ., યુરોપના દેશો |
| ૧૧. | કોલસો | : બાંગ્લાદેશ |
| ૧૨. | કેરોસીન | : નેપાલ |
| ૧૩. | ખનીજ તેલ | : બાંગ્લાદેશ |
| ૧૪. | સિમેન્ટ | : શ્રીલંકા, મ્યાનમાર |
| ૧૫. | રંગ-રસાયણ | : ઈરાન, મ્યાનમાર |
| ૧૬. | દવાઓ | : શ્રીલંકા, બાંગ્લાદેશ, નેપાલ |
| ૧૭. | લાખ | : યુ.એસ.એ., જાપાન, |
| ૧૮. | માછલાં | : યુ.એસ.એ., જાપાન, યુરોપના દેશો |
| ૧૯. | ચોખા અને અનાજ | : શ્રીલંકા, બાંગ્લાદેશ |

## મહત્ત્વના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દિવસો

### જાન્યુઆરી

૧ નાગાલેન્ડ દિન, નૂતન વર્ષ દિન
૧૦ વિશ્વ હાસ્ય દિન
૧૧ લાલબહાદુર શાસ્ત્રી પુણ્યતિથિ
૧૨ યુવા દિન, સ્વામી વિવેકાનંદ જન્મદિન
૧૪ મકરસક્રાંતિ દિન
૧૫ થલ સેના દિન
૨૧ મેઘાલય, મણિપુર, ત્રિપુરા દિન
૨૩ સુભાષચંદ્ર બોઝનો જન્મ દિન
૨૬ પ્રજાસત્તાક દિન
૩૦ શહીદ દિન, મહાત્મા ગાંધી પુણ્યતિથિ, રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન, વિશ્વ કસ્ટમ દિન

### ફેબ્રુઆરી

૧ જમનાદાસ બજાજ પુણ્યતિથિ, તટરક્ષક દિન
૬ જમ્મુ અને કાશ્મીર દિન
૧૨ સર્વોદય દિન, ઉત્પાદકતા દિન
૧૪ વેલેન્ટાઇન ડે

૧૮ રામકૃષ્ણ પરમહંસ જન્મદિન
૨૦ અરુણાચલ પ્રદેશ, મિઝોરમ દિન
૨૨ કસ્તુરબા ગાંધી પુણ્યતિથિ
૨૪ સેન્ટ્રલ એક્સાઇઝ દિન
૨૮ રાષ્ટ્રીય વિજ્ઞાન દિન
૨૯ મોરારજી દેસાઇ જન્મદિન

## માર્ચ

૧ આર્મી પોસ્ટલ સર્વિસ દિન
૪ રાષ્ટ્રીય સુરક્ષા દિન
૮ વિશ્વ મહિલા દિન, વિશ્વ સાક્ષરતા દિન
૧૧ આંદામાન-નિકોબાર દિન
૧૨ દાંડીકૂચ દિન
૧૫ વિશ્વ ગ્રાહક દિન, વિશ્વ વિકલાંગ દિન
૨૧ વિશ્વ વન દિન, વિશ્વ રંગભેદ નીતિ સમાપ્તિ દિન
૨૨ વિશ્વ જળ દિન
૨૩ શહીદ ભગતસિંહ પુણ્યતિથિ, વિશ્વ મોસમ વિજ્ઞાન દિન, વિશ્વ શાળા દિન, વિશ્વ વાયુશાસ્ત્ર દિન
૨૭ વિશ્વ રંગભૂમિ દિન
૩૦ રાજસ્થાન દિન

## એપ્રિલ

૧ એપ્રિલ ફૂલ દિન, ઓરિસ્સા દિન, વાયુસેના દિન
૪ સાગર દિન
૫ નેશનલ મેરી ટાઇમ ડે
૭ વિશ્વ આરોગ્ય દિન
૧૦ વિશ્વ કેન્સર દિન
૧૨ વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિન
૧૩ જલિયાંવાલા બાગ હત્યાકાંડ દિન
૧૪ ડૉ. આંબેડકર જયંતિ, અગ્નિ શમન સેવા દિન
૧૫ હિમાચલ પ્રદેશ દિન
૧૮ વિશ્વ વારસા દિન
૨૨ પૃથ્વી દિન
૨૩ વિશ્વ પુસ્તક દિન
૩૦ બાળમજૂરી વિરોધી દિન

## મે

૧ વિશ્વ શ્રમદિન, ગુજરાત - મહારાષ્ટ્ર દિન
૩ વિશ્વ પ્રેસ સ્વાતંત્ર્ય દિન, વિશ્વ ઊર્જા દિન
૫ વિશ્વ એથલેટિક્સ દિન, વિશ્વ સૂર્ય દિન
૭ રવીન્દ્રનાથ ટાગોર જયંતિ
૮ વિશ્વ રેડક્રોસ દિન
૯ ઇતિહાસ દિન, મધર્સ ડે (માસનો બીજો રવિવાર)
૧૧ રાષ્ટ્રીય ટેકનોલોજી દિન
૧૫ વિશ્વ પરિવાર દિન
૧૬ રાષ્ટ્રીય ગૌરવ દિન
૧૭ વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિન
૨૧ ત્રાસવાદ વિરોધી દિન
૨૪ કોમનવેલ્થ દિન
૨૭ જવાહરલાલ નહેરુ પુણ્યતિથિ
૩૧ વિશ્વ તમાકુ નિષેધ દિન

## જૂન

૫ વિશ્વ પર્યાવરણ દિન
૧૨ વિશ્વ બાળમજૂરી વિરોધ દિન
૨૩ વિશ્વ ઓલિમ્પિક દિન
૨૬ માદક પદાર્થ વિરોધ દિન
૨૭ વિશ્વ ડાયાબિટીસ દિન
૨૮ ફાધર્સ ડે

## જુલાઈ

૧ વસંત-રજબ દિન, ડૉક્ટર દિન
૪ સ્વામી વિવેકાનંદ પુણ્યતિથિ, અમેરિકા સ્વાતંત્ર્ય દિન
૧૧ વિશ્વ વસ્તી દિન
૧૯ બેંક રાષ્ટ્રીયકરણ દિન
૨૩ લોકમાન્ય ટિળક જન્મદિન
૨૫ પેરેન્ટ્સ ડે
૨૬ કારગીલ વિજય દિન

## ઓગસ્ટ

૧ લોકમાન્ય ટિળકની પુણ્યતિથિ, વિશ્વ મૈત્રી (ફ્રેન્ડશિપ) દિન (માસનો પ્રથમ રવિવાર)
૭ રવીન્દ્રનાથ ટાગોરની પુણ્યતિથિ
૮ શહીદ દિન — મહાગુજરાત આંદોલન
૯ 'હિંદ છોડો' આંદોલન દિન, વિશ્વ આદિવાસી દિન

૧૪ પાકિસ્તાનનો સ્વાતંત્ર્ય દિન
૧૫ ભારતનો સ્વાતંત્ર્ય દિન
૨૯ રાષ્ટ્રીય રમત દિન (મેજર ધ્યાનચંદનો જન્મદિન)

## સપ્ટેમ્બર

૫ શિક્ષક દિન, ડૉ. રાધાકૃષ્ણનનો જન્મદિન
૮ વિશ્વ સાક્ષરતા દિન
૧૧ દેશ ભક્તિ દિન
૧૪ હિંદી દિવસ, અંધજન દિન
૧૬ વિશ્વ ઓઝોન દિન
૨૫ વિશ્વ નૌકા દિન
૨૬ વિશ્વ બધિર દિન
૨૭ વિશ્વ પ્રવાસન દિન

## ઓક્ટોબર

૧ વિશ્વ સંગીત દિન, વિશ્વ પ્રૌઢ દિન, સ્વૈચ્છિક રક્તદાન દિન
૨ મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મદિન
૩ વિશ્વ પશુ દિન, વિશ્વ નિવાસ દિન
૪ વિશ્વ વન્ય જીવ દિન
૫ વિશ્વ રહેઠાણ દિન
૬ વિશ્વ શાકાહાર દિન
૮ ભારતીય વાયુસેના દિન
૯ વિશ્વ ટપાલ દિન, પ્રાદેશિક સેના દિન
૧૦ રાષ્ટ્રીય ટપાલ દિન
૧૧ જયપ્રકાશ નારાયણ જન્મ દિન
૧૪ વિશ્વ સ્ટાન્ડર્ડ્સ દિન
૧૬ વિશ્વ ખાદ્ય (અન્ન) દિન, બૉસ ડે
૧૭ વિશ્વ ગરીબી નાબૂદ દિન
૨૪ 'સંયુક્ત રાષ્ટ્ર' દિન (યુ.એન. ડે)
૩૦ વિશ્વ બચત દિન
૩૧ રાષ્ટ્રીય એકતા દિન (ઇન્દિરા ગાંધીની પુણ્યતિથિ), સરદાર પટેલ જન્મ દિન

## નવેમ્બર

૧ હરિયાણા દિન
૭ રાષ્ટ્રીય કેન્સર જાગરુકતા દિન
૯ રાષ્ટ્રીય ન્યાયિક સેવા દિન
૧૪ બાલ દિન (જવાહરલાલ નેહરુ જન્મદિન)
૧૫ ઝારખંડ સ્થાપના દિન
૧૬ રાષ્ટ્રીય પત્રકારિતા દિન
૨૦ બાળ અધિકાર દિન
૨૪ એન.સી.સી. સ્થાપના દિન
૨૬ રાષ્ટ્રીય કાયદા દિન, બંધારણ દિન

## ડિસેમ્બર

૧ બી.એસ.એફ. સ્થાપના દિન, વિશ્વ એઇડ્ઝ દિન
૩ વિશ્વ વિકલાંગ દિન
૪ નૌસેના દિન
૬ નાગરિક સુરક્ષા દિન
૭ સશસ્ત્ર સેના ધ્વજ દિન
૮ મંદબુદ્ધિનાં બાળકો માટેનો દિન
૧૦ વિશ્વ માનવ અધિકાર દિન
૧૫ સરદાર પટેલ પુણ્યતિથિ
૨૩ કિસાન દિન (ચૌધરી ચરણસિંહ જન્મદિન)
૨૪ રાષ્ટ્રીય ગ્રાહક દિન
૩૧ ઇસુના નવા વર્ષની પૂર્વસંધ્યા

## અનોખી અજાયબીનું વર્ષ એટલે ૨૦૧૮

*૨૦૧૮નું વર્ષ એ અજાયબ વર્ષ છે. આ પ્રકારનું વર્ષ દર ૧૦૦૦ વર્ષે આવે છે.*
*તમારી ઉંમરમાં તમારા જન્મનું વર્ષ ઉમેરો.*
*જવાબ ૨૦૧૮ આવશે.*
*આ સમીકરણથી દુનિયાની દરેક વ્યક્તિનો જવાબ એકસરખો જ આવશે.*
*જેમણે પણ આ અજાયબી શોધેલ છે તેમને ધન્યવાદ!*

# ભારતમાં પ્રારંભ

- ★ છાપખાનું (પ્રિન્ટીંગ પ્રેસ) : પાદરી જોવાન બુસ્તમેન (ગોવા) ............ ઈ.સ. ૧૭૫૬
- ★ અંગ્રેજી સાપ્તાહિક : બંગાળ ગેઝેટ (કોલકાતા) ............ ઈ.સ. ૧૭૭૮
- ★ કાપડ (ટેક્ષટાઈલ) મિલ : ફોર્ટ ગ્લોસ્ટર (કોલકાતા) ............ ઈ.સ. ૧૮૧૮
- ★ દૈનિક (વર્તમાનપત્ર) : મુંબઈ સમાચાર (ગુજરાતી) ............ ઈ.સ. ૧૮૨૨
- ★ ટપાલ વ્યવસ્થા : લોર્ડ ડેલહાઉસીના સમયમાં ............ ઈ.સ. ૧૮૩૭
- ★ તાર વ્યવસ્થા : કોલકાતા અને ડાયમંડ હાર્બર વચ્ચે ............ ઈ.સ. ૧૮૫૧
- ★ પોસ્ટની ટિકિટ પ્રગટ થઈ : સિંધ ડાક, કરાંચી ............ ઈ.સ. ૧૮૫૨
- ★ રેલવે : થાણા અને મુંબઈ વચ્ચે ............ ઈ.સ. ૧૮૫૩
- ★ યુનિવર્સિટી : કોલકાતા, મુંબઈ અને ચેન્નાઈ ............ ઈ.સ. ૧૮૫૭
- ★ ટેલિફોન એક્સચેન્જ : કોલકાતા ............ ઈ.સ. ૧૮૮૧
- ★ જળ વિદ્યુત મથક : શિવ સમુદ્રમ, કર્ણાટક ............ ઈ.સ. ૧૯૦૦
- ★ લોખંડનું કારખાનું : જમશેદપુર ............ ઈ.સ. ૧૯૦૭
- ★ હવાઈ ટપાલ સેવા : અલાહાબાદથી નૈનીતાલ ............ ઈ.સ. ૧૯૧૧
- ★ ફિલ્મ (અવાચક) : રાજા હરિશ્ચંદ્ર ............ ઈ.સ. ૧૯૧૩
- ★ વિદ્યુત રેલવે : મુંબઈ અને કુર્લા વચ્ચે ............ ઈ.સ. ૧૯૨૫
- ★ આકાશવાણી મથક : મુંબઈ અને કોલકાતા ............ ઈ.સ. ૧૯૨૭
- ★ ભારતીય બોલપટ : આલમ આરા, મુંબઈ ............ ઈ.સ. ૧૯૩૧
- ★ વિમાની સામાનનું કારખાનું : બેંગાલુરુ ............ ઈ.સ. ૧૯૬૧
- ★ અણુભઠ્ઠી : 'અપ્સરા' ટ્રોમ્બે (મહારાષ્ટ્ર) ............ ઈ.સ. ૧૯૫૬
- ★ ટેલિવિઝન કાર્યક્રમ : દિલ્હી ............ ઈ.સ. ૧૯૫૯
- ★ ટેંક : અવાડી, ચેન્નાઈ પાસે ............ ઈ.સ. ૧૯૬૫
- ★ ગાઈડેડ મિસાઈલ ............ ઈ.સ. ૧૯૬૬
- ★ અણુ પરીક્ષણ : પોખરણ, રાજસ્થાન ............ ઈ.સ. ૧૯૭૪
- ★ કૃત્રિમ ઉપગ્રહ : આર્યભટ્ટ, રશિયાના યાન દ્વારા ............ ઈ.સ. ૧૯૭૫
- ★ કૃત્રિમ ઉપગ્રહ : રોહિણી, પોતાના યાન દ્વારા ............ ઈ.સ. ૧૯૮૦
- ★ એન્ટાર્કટિકા : દક્ષિણ ધ્રુવખંડ સંશોધન ............ ઈ.સ. ૧૯૮૨
- ★ અવકાશયાત્રા : રશિયન યાનમાં ............ ઈ.સ. ૧૯૮૪
- ★ વીમા ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ ............ ઈ.સ. ૧૯૫૭
- ★ ભારતીય બેન્કોનું રાષ્ટ્રીયકરણ ............ ઈ.સ. ૧૯૬૯
- ★ એસ.ટી.ડી. : લખનઉ અને કાનપુર વચ્ચે ............ ઈ.સ. ૧૯૬૦
- ★ ટેલેક્ષ સેવા : અમદાવાદ અને મુંબઈ વચ્ચે ............ ઈ.સ. ૧૯૬૩

# ભારતની ખ્યાતિપ્રાપ્ત વ્યક્તિઓના નામો અને તેમના કાર્યો

★ *ભિક્ષુ અખંડઆનંદ* : ગુજરાતમાં સસ્તુ સાહિત્યની સ્થાપના કરી.
★ *અલિભાઈઓ* : ખિલાફત આંદોલન ચલાવ્યું.
★ *અશોક મહેતા* : પારડી સત્યાગ્રહમાં નેતાગીરી સંભાળી.
★ *એની બેસન્ટ* : થિયોસોફીકલ સોસાયટીની સ્થાપના કરી અને હોમરૂલ આંદોલનનાં અગ્રેસર નેતા રહ્યાં.
★ *એ.ઓ. હ્યુમ* : ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપના કરી.
★ *ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર* : વિધવા પુનર્લગ્નની હિમાયત કરી.
★ *કનૈયાલાલ મુનશી* : ભારતીય વિદ્યાભવનની સ્થાપના કરી.
★ *ગોલ્વેલકર* : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરી
★ *ગોપાળકૃષ્ણ ગોખલે* : સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટીની સ્થાપના કરી.
★ *ગાંધીજી* : અસહકારનું આંદોલન, દાંડીકૂચ, હિંદ છોડો વગેરે અહિંસક આંદોલનનો દ્વારા ભારતને આઝાદી અપાવી.
★ *જયપ્રકાશ નારાયણ* : ભારતમાં સમાજવાદની વિચારસરણીનો ફેલાવો કર્યો.
★ *જવાહરલાલ નેહરુ* : બિનજોડાણવાદી નીતિ અમલમાં મૂકી.
★ *જીવરાજ મહેતા* : ગુજરાતમાં દ્વિલક્ષી વેચાણવેરો દાખલ કર્યો.
★ *જે.બી. કૃપલાની* : પ્રજાસમાજવાદી પક્ષની સ્થાપના કરી.
★ *જસ્ટિસ રાનડે* : પ્રાર્થના સમાજની સ્થાપના કરી.
★ *ઠક્કર બાપા* : હરિજનો માટેનાં સેવાકાર્યો કર્યા.
★ *ડૉ. આંબેડકર* : ભારતનું બંધારણ ઘડવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું.
★ *જે.આર.ડી. તાતા* : ભારતમાં પોલાદ ઉદ્યોગની સ્થાપના કરી.
★ *ડૉ. હાર્ડિકર* : કોંગ્રેસ સેવાદળની સ્થાપના કરી.
★ *શેરપા તેનસિંગ* : માઉન્ટ એવરેસ્ટ સર કરનાર પ્રથમ ભારતીય.
★ *દયાનંદ સરસ્વતી* : આર્યસમાજની સ્થાપના કરી.
★ *ઘોંડો કેશવ કર્વે* : ભારતમાં મહિલા યુનિવર્સિટીની સ્થાપના કરી.
★ *ગુલઝારીલાલ નંદા* : સદાચાર સમિતિની સ્થાપના કરી.
★ *પોટ્ટી રામુલ્લુ* : આંધ્ર પ્રદેશની રચના માટે પ્રથમ શહાદત વહોરનાર.
★ *ફાર્બસ સાહેબ* : ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી.
★ *ભુલાભાઈ દેસાઈ* : લાલ કિલ્લાનો મુકદમ્મો લડનાર વકીલ.
★ *મદનમોહન માલવિયા* : હિન્દુ યુનિવર્સિટીની સ્થાપના કરી.
★ *મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ* : દ્વિગૃહી ધારાસભા શરૂ કરાવનાર.
★ *મોર્લે મિન્ટો* : લઘુમતીઓ માટે અલગ મતદાર મંડળની રચના કરી.
★ *માસ્ટર તારાસિંગ* : અકાલી દળની સ્થાપના કરી

| | | |
|---|---|---|
| ★ | *રવીન્દ્રનાથ ટાગોર* | : શાંતિ નિકેતનની સ્થાપના કરી. |
| ★ | *રાજા રામમોહનરાય* | : બ્રહ્મો સમાજની સ્થાપના કરી. |
| ★ | *રાધાનાથ સિકદાર* | : માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ માપી. |
| ★ | *વિનોબા ભાવે* | : ભૂદાન અને ગ્રામદાન પ્રવૃત્તિ ચલાવી. |
| ★ | *લોર્ડ રિપન* | : ભારતમાં સ્થાનિક સ્વરાજની શરૂઆત કરાવી. |
| ★ | *લોર્ડ ડેલહાઉસી* | : ભારતમાં રેલવેની શરૂઆત કરાવી. |
| ★ | *લોર્ડ મેકોલ* | : ભારતમાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત કરાવી. |
| ★ | *લોકમાન્ય ટિળક* | : બંગભંગની ચળવળ કરાવી. |
| ★ | *સર સૈયદ એહમદ* | : મુસ્લિમ યુનિવર્સિટીની સ્થાપના કરી. |
| ★ | *સરદાર વલ્લભભાઈ પટેલ* | : બારડોલી સત્યાગ્રહના પ્રમુખ નેતા, દેશી રાજ્યોનું ભારતમાં વિલિનીકરણ કરાવ્યું. |
| ★ | *સાને ગુરુજી* | : આંતરભારતીની સ્થાપના કરી. |
| ★ | *વીર સાવરકર* | : હિન્દુ મહાસભાની સ્થાપના કરી. |
| ★ | *સુભાષચંદ્ર બોઝ* | : આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી. |
| ★ | *સ્વામી વિદ્યાનંદજી* | : અમદાવાદમાં ગીતામંદિરની સ્થાપના કરી. |
| ★ | *સ્વામી વિવેકાનંદ* | : રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. |
| ★ | *શામળદાસ ગાંધી* | : આરઝી હકૂમતની સ્થાપના કરી. |
| ★ | *શ્યામપ્રસાદ મુખરજી* | : જનસંઘની સ્થાપના કરી. |
| ★ | *ડૉ. હેડગેવર* | : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો સક્રિય પ્રચાર કર્યો. |
| ★ | *અરવિંદ ઘોષ* | : પોંડિચેરી આશ્રમની સ્થાપના કરી. |
| ★ | *એમ.એન. રોય* | : રેડિકલ ડેમોક્રેટિક પાર્ટીની સ્થાપના કરી. |
| ★ | *શ્યામજી કૃષ્ણ વર્મા* | : ઇંગ્લેન્ડમાં ક્રાંતિકારીઓની સંસ્થાની સ્થાપના કરી. |
| ★ | *ડૉ. જગદીશચંદ્ર બોઝ* | : વનસ્પતિમાં સંવેદના છે તેમ સાબિત કર્યું. |
| ★ | *રામમનોહર લોહિયા* | : પ્રજાસમાજવાદી પક્ષની સ્થાપના કરી. |
| ★ | *ઈન્દુલાલ યાજ્ઞિક* | : ગુજરાતમાં મહાગુજરાતની ચળવળ ચલાવી. |
| ★ | *ડૉ. વિક્રમ સારાભાઈ* | : ભારતનો અવકાશ યુગમાં પ્રવેશ કરાવ્યો, પીઆરએલની સ્થાપના કરી. |
| ★ | *શંકરાચાર્ય* | : હિંદુ ધર્મનો પુનરુદ્ધાર કર્યો. |
| ★ | *ડૉ. રવીન્દ્ર દવે* | : લાઈફ લોંગ એજ્યુકેશનની હિમાયત કરી. |

*ઉંમરની અનુભૂતિ મનથી થાય છે.*

*જો તમે સ્વપ્નો જોવાનું ભૂલી ગયા હો, આશા-અરમાન ત્યજી દીધાં હોય, મહત્ત્વાકાંક્ષાની ચિનગારી બૂઝાઈ ગઈ હોય તો તમે વૃદ્ધ છો.*

*પણ જીવનરસને તમે જાળવી રાખ્યો હોય, જીવનમાંથી શ્રેષ્ઠ મેળવી લેવાની ગુંજાયશ હોય, હૃદય હજી પ્રેમસભર હોય, સ્વપ્નો જોવાની અને સાકાર કરવાની ક્ષમતા હોય તો હજી તમે યુવાન છો!*

*કેટલા જન્મદિવસ પસાર થઈ ગયા તે કોણ પૂછે છે?*

# ભારતના ખ્યાતનામ વૈજ્ઞાનિકો

૧. **ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ** : ભારતને પ્રક્ષેપાસ્ત્ર ક્ષેત્રે મહાસત્તા બનાવનાર દેશના આ મહાન વૈજ્ઞાનિકને દેશના સર્વોચ્ચ સન્માન 'ભારત રત્ન'થી નવાજી ભારતે પોતાનો પ્રતિભાવ વ્યક્ત કર્યો છે. ગાઈડેડ મિસાઈલ્સ (પ્રક્ષેપાસ્ત્ર) નો યશ ડૉ. અબ્દુલ કલામને ફાળે જાય છે. દેશનો ડિફેન્સ અને અંતરિક્ષ ક્ષેત્રે વિકાસ કરી દેશની નામના વધારવાના અનેક સ્વપ્નો ડૉ. અબ્દુલ કલામ પાસે છે.

૨. **ડૉ. ચંદ્રશેખર વેંકટ (સી.વી.) રામન** : 'રામન અસર' ની શોધ માટે તેમને ઈ.સ. ૧૯૩૦ માં નોબેલ પારિતોષિક મળ્યું હતું. વિજ્ઞાનના ક્ષેત્રે નોબેલ પારિતોષિક મેળવનાર તે પ્રથમ એશિયન વ્યક્તિ હતા. તેમણે 'ઇન્ડિયન એકેડમિ ઓફ સાયન્સ' અને 'રામન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ' ની સ્થાપના કરી હતી.

૩. **ડૉ. જગદીશચંદ્ર બોઝ** : કેસ્કોગ્રાફ, રેઝોનન્સ, રેકોર્ડર વગેરે સાધનોની શોધ કરી વનસ્પતિમાં માણસની માફક સંવેદના છે તે સાબિત કરી આખા જગતને આંજી નાખનાર વૈજ્ઞાનિક. તેમની બીજી શોધ ઇલેક્ટ્રિક વેવ્ઝ (વાયરલેસ) ની છે.

૪. **ડૉ. હોમી ભાભા** : ભારતીય અણુશક્તિ કાર્યક્રમના સર્જક, એટમિક એનર્જી કમિશનના પ્રથમ અધ્યક્ષ.

૫. **ડૉ. કે.એસ. ક્રિશ્નન** : સી.વી. રામનના શિષ્ય, પ્રકાશના સંશોધનમાં તેમના સહભાગી, તેમને 'નશનલ પ્રોફેસર પદ' અને 'પદ્મભૂષણ' ના પુરસ્કારો મળેલ છે.

૬. **ડૉ. પ્રફુલ્લ ચંદ્ર રોય** : મહાન રસાયણશાસ્ત્રી. મર્ક્યુરસ નાઈટ્રેસને લગતી તેમની શોધ નોંધપાત્ર છે.

૭. **ડૉ. મેઘનાથ સહા** : મહાન ભૌતિકશાસ્ત્રી, ભૌતિકશાસ્ત્રને લગતાં તેમનાં લખાણો અને સંશોધન નિબંધો નોંધપાત્ર છે.

૮. **શ્રીનિવાસ રામાનુજમ્** : વિશ્વવિખ્યાત ગણિતશાસ્ત્રી, જેમણે નંબર થીઅરી આપી.

૯. **ડૉ. વિક્રમ સારાભાઈ** : અવકાશી સંશોધન માટે ભારતને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી. તેઓ ગુજરાત રાજ્યના અમદાવાદ ખાતેની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી અને અટિરા જેવી આંતરરાષ્ટ્રીય સંશોધન સંસ્થાઓના પ્રણેતા છે.

૧૦. **ડૉ. જયંત નાર્લીકર** : ઇંગ્લેન્ડના પ્રાધ્યાપક મિ. ઓઈલ સાથે તેમણે આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદમાં સુધારા સૂચવ્યા છે.

૧૧. **ડૉ. હરગોવિંદ ખુરાના** : જનીન વિજ્ઞાનમાં સંશોધન કરી નોબેલ પારિતોષિક મેળવનાર વૈજ્ઞાનિક, જેઓ અમેરિકામાં સ્થાયી થયા છે.

***આ ઉપરાંત ડૉ. રામનાથન, ડૉ. શાંતિ સ્વરૂપ ભટનાગર, ડૉ. આત્મારામ ઉપેન્દ્ર દેસાઈ, ડૉ. ચંદ્રશેખર, ડૉ. રાજા રામન્ના, શ્રી રાવ, ડૉ. યશપાલ કપૂર, ડૉ. સતીષ ધવન, ડૉ. એમ.જી.કે. મેનન, ડૉ. વરદરાજન, પ્રો. અર્ચના શર્મા વગેરે પણ નોંધપાત્ર વૈજ્ઞાનિકો છે.***

# આયુષ્યમાન ભારત યોજના

*વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવાર, તા. ૨૩-૯-૨૦૧૮ના રાંચીથી દુનિયાની સૌથી મોટી આરોગ્ય યોજના "પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના - આયુષ્યમાન ભારત"ને દેશને સમર્પિત કરી હતી.*

*આ યોજના અનુસાર :*

- ★ એક પરિવારને ૫ લાખ રૂપિયા સુધીની સારવાર મફત.
- ★ ૩૦ રાજ્યના ૪૪૩ જિલ્લામાં ૫૦ કરોડથી વધુ લોકોને મળશે લાભ.
- ★ અત્યાર સુધીમાં ૧૩૦૦૦ હોસ્પિટલ યોજના સાથે જોડાઈ.
- ★ પરિવારની આવક ૧૦,૦૦૦ રૂપિયા પ્રતિ માસ કરતા ઓછી હોવાથી મળશે લાભ.
- ★ પરિવારની મુખ્ય વ્યક્તિના નામે ઇન્સ્યોરન્સનું પૂરું કવચ.
- ★ હોસ્પિટલમાં દાખલ થતા દર્દીને રૂપિયા નહીં આપવા પડે.
- ★ મેડિકલ ઇન્સ્યોરન્સ કેશલેસ અને પેપરલેસ રહેશે.
- ★ ૧૩૫૦ બીમારી જેમાં નિદાન, સર્જરી અને દવા સામેલ.
- ★ યાદીમાં રહેલી કોઈ પણ રાજ્યની સરકારી - ખાનગી હોસ્પિટલમાં કરાવી શકાશે સારવાર.
- ★ દાખલ થવા આધાર અથવા સરકારી ઓળખપત્ર બતાવવાનું રહેશે.

આ યોજના અંતર્ગત ૧૦ કરોડ પરિવાર એટલે કે ૫૦ કરોડ લોકોને ૫ લાખ રૂપિયાનો આરોગ્ય વીમો મળશે.

# ભારતની રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ

*આપણા દેશમાં અનેક રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ છે અને નવી આકાર લઈ રહી છે. કેટલીક નોંધપાત્ર પ્રયોગશાળાઓ નીચે મુજબ છે :*

૧. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન, બેંગાલૂરુ (કર્ણાટક)
૨. ઈન્ડિયન સ્કૂલ ઓફ માઈન્સ, ધનબાદ (ઝારખંડ)
૩. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એક્સપરિમેન્ટલ મેડિસિન, કોલકાતા (પશ્ચિમ બંગાળ)
૪. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોલિયમ, દેહરાદૂન (ઉત્તરાખંડ)
૫. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ બાયોકેમિસ્ટ્રી એન્ડ મેડિસિન, કોલકાતા (પશ્ચિમ બંગાળ)
૬. ઈન્ડિયન ઓસન એક્સપીડિશન (સમુદ્ર સંશોધન સંસ્થા), દિલ્હી
૭. નેશનલ ફિઝીકલ લેબોરેટરી, દિલ્હી
૮. નેશનલ કેમિકલ લેબોરેટરી, પુણે (મહારાષ્ટ્ર)
૯. નેશનલ મેટાલર્જિકલ લેબોરેટરી, જમશેદપુર (ઝારખંડ)
૧૦. નેશનલ બોટાનિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, લખનઉ (ઉત્તર પ્રદેશ)
૧૧. નેશનલ એરોનૉટિકલ લેબોરેટરી, બેંગાલૂરુ (કર્ણાટક)
૧૨. નેશનલ જિયોફિઝિકલ ઇન્સ્ટિટ્યૂટ, હૈદરાબાદ (આંધ્ર પ્રદેશ)
૧૩. સેન્ટ્રલ ફ્યુઅલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ધનબાદ (ઝારખંડ)
૧૪. સેન્ટ્રલ ગ્લાસ એન્ડ સિરેમિક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, જાદવપુર (પશ્ચિમ બંગાળ)
૧૫. સેન્ટ્રલ રોડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દિલ્હી
૧૬. સેન્ટ્રલ ડ્રગ ટેકનોલોજીકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, મૈસૂર (કર્ણાટક)
૧૭. સેન્ટ્રલ ડ્રગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, લખનઉ (ઉત્તર પ્રદેશ)
૧૮. સેન્ટ્રલ ડ્રગ લેબોરેટરી, કોલકાતા (પશ્ચિમ બંગાળ)
૧૯. સેન્ટ્રલ લેધર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ચેન્નઈ (તમિલનાડુ)
૨૦. સેન્ટ્રલ બિલ્ડિંગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, રૂડકી (ઉત્તરાખંડ)
૨૧. સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર (ગુજરાત)
૨૨. સેન્ટ્રલ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ એન્જિનિયરિંગ ઇન્સ્ટિટ્યૂટ, પિલાની (રાજસ્થાન)
૨૩. સેન્ટ્રલ માઈનિંગ રિસર્ચ સ્ટેશન, ધનબાદ (ઝારખંડ)
૨૪. સેન્ટ્રલ મિકેનિકલ એન્જિનિયરિંગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દુર્ગાપુર (પશ્ચિમ બંગાળ)
૨૫. નેશનલ એન્વાયરમેન્ટલ એન્જિનિયરિંગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, નાગપુર (મહારાષ્ટ્ર)
૨૬. સેન્ટ્રલ સાયન્ટિફિક ઇન્સ્ટ્રુમેન્ટસ ઓર્ગેનાઈઝેશન, ચંદીગઢ (પંજાબ)
૨૭. બિરલા ઇન્ડસ્ટ્રિયલ એન્ડ ટેકનોલોજી મ્યુઝિયમ, કોલકાતા (પશ્ચિમ બંગાળ)
૨૮. નેહરુ સેન્ટર, વર્લી, મુંબઈ (મહારાષ્ટ્ર)
૨૯. વિશ્વેશ્વરૈયા ઇન્ડસ્ટ્રિયલ એન્ડ ટેકનોલોજી મ્યુઝિયમ, બેંગાલૂરુ (કર્ણાટક)

૩૦. એટમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટ, ટ્રોમ્બે (મહારાષ્ટ્ર)
૩૧. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીઝ (પીઆરએલ), અમદાવાદ (ગુજરાત)
૩૨. સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ રિસર્ચ સેન્ટર, રૂડકી (ઉત્તરાખંડ)
૩૩. ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઇસરો), અમદાવાદ (ગુજરાત), તિરુવનંતપુરમ (કેરલ), શ્રી હરિકોટા (આંધ્ર પ્રદેશ), બેંગાલૂરુ (કર્ણાટક)

## ભારતમાં અવકાશી સંશોધન

★ **ઇસરો :** ભારતમાં અવકાશી સંશોધન માટેની સંસ્થા 'ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન' (ISRO) ની કામગીરીને પાંચ વિભાગમાં વહેંચવામાં આવી છે.

(૧) વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC), તિરુવનંતપુરમ : જે કૃત્રિમ ઉપગ્રહો માટેનાં વાહનો તૈયાર કરવાનું કામ કરે છે.

(૨) ઇસરો સેટેલાઈટ સેન્ટર (ISC), બેંગાલૂરુ : ઉપગ્રહો તૈયાર કરે છે.

(૩) શ્રી હરિકોટા રેન્જ (SHAR), શ્રી હરિકોટા : ત્રણ તબક્કાવાળું રોકેટ બનાવવાનું અને ત્યાંના લોન્ચિંગ મથક પરથી રોકેટ છોડવાનું કામ કરે છે. ઉપગ્રહ સાથે સતત સંપર્ક અને તે ઉપર ઉપકરણો દ્વારા નિયંત્રણ રાખવાનું કામ પણ કરે છે.

(૪) સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC) અમદાવાદ : જે ઉપગ્રહ દ્વારા ટેલિવિઝન પ્રોગ્રામ સેટેલાઈટ ઇન્સ્ટ્રક્શન ટેલિવિઝન એક્સપરિમેન્ટ (ISITE) હાથ ધરે છે.

(૫) ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL) અમદાવાદ : સમસ્યાનો અભ્યાસ કરી પોતાનો રિપોર્ટ તૈયાર કરી સંબંધિત કચેરીએ મોકલે છે.

★ **ઇન્ડિયન નેશનલ સેટેલાઇટ :** ભારતે પોતાનો પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટ ૧૯ એપ્રિલ, ૧૯૭૫ ના રોજ રશિયામાંથી તરતો મૂક્યો હતો. ઉપગ્રહ છોડનાર દેશોમાં ભારતનું સ્થાન અગિયારમું છે. ૭ જૂન, ૧૯૭૯ ના રોજ ભારતે બીજો ઉપગ્રહ ભાસ્કર-૧ છોડ્યો. આ રીતે છોડેલા ઉપગ્રહ મારફત ભારત વાયુમંડળ, ભૂસ્તરીય સંશોધન તેમજ તાર, ટેલિફોન અને ટેલિવિઝન વ્યવહાર અમલમાં મૂકે છે. આ માટે ઇન્ડિયન નેશનલ સેટેલાઈટ (INSAT) સંસ્થા કામ કરે છે.

- ૧૮ જુલાઈ, ૧૯૮૦ ના રોજ ભારતે રોહિણી નામનો ત્રીજો ઉપગ્રહ પોતે જ બનાવેલ એસ.એલ.વી.-૩ રોકેટ દ્વારા શ્રી હરિકોટા મથકેથી તરતો મૂક્યો અને આ રીતે ભારત અવકાશ ક્લબનું છઠ્ઠું સભ્ય બન્યું.
- સંદેશા વ્યવહારના ક્ષેત્રે ક્રાંતિ સર્જવા માટે ભારતે ૧૦ એપ્રિલ, ૧૯૮૨ ના રોજ INSAT-1A નામનો ઉપગ્રહ તરતો મૂક્યો. પરંતુ ટેકનિકલ ખામીના કારણે તે નિષ્ફળ નીવડ્યો. પરંતુ તે પછી ૩૦ ઓગસ્ટ, ૧૯૮૩ ના રોજ છોડેલા INSAT-1B ને સફળતા મળી. ૩ એપ્રિલ, ૧૯૮૪ ના રોજ રશિયન અવકાશયાનમાં પ્રવાસ કરી ભારતીય વૈજ્ઞાનિક રાકેશ શર્મા ભારતના પ્રથમ અવકાશયાત્રી બન્યા.
- ૨૪ માર્ચ, ૧૯૮૭ ના રોજ શ્રી હરિકોટા મથકેથી ASLV-D1 (ઓગમેન્ટેડ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ-ડેવલપમેન્ટ વન) ને તરતો મૂકવામાં આવ્યો, પરંતુ ઉપગ્રહ થોડી જ મિનિટમાં બંગાળની ખાડીમાં તૂટી પડ્યો.
- ૧૩ જુલાઈ, ૧૯૮૮ ના રોજ ASLV-D2 દ્વારા ફક્ત ૧૫૦ સેકન્ડમાં SROSS - 2 ઉપગ્રહને લઈ જતું આ વ્હિકલ પણ બંગાળાની ખાડીમાં તૂટી પડ્યું. આ બે નિષ્ફળતાઓના કારણે ભારતના મહત્ત્વાકાંક્ષી અવકાશી કાર્યક્રમને આઘાત લાગ્યો, તેમ છતાં ૨૨ જુલાઈ, ૧૯૮૮ ના રોજ ફ્રેંચ ગિયાનાના કૌરુ અવકાશ મથકેથી INSAT-1C ને ૨૪૦ ટન વજનના એરિયન - ૧ રોકેટ દ્વારા છોડવામાં આવ્યો. INSAT - 1D ને ૧૨ જૂન, ૧૯૯૦ ના રોજ અંતરિક્ષમાં તરતો મૂકવામાં આવ્યો.

- ૨૯ ઓગસ્ટ, ૧૯૯૧ ના રોજ ભારતની આઈ.આર. 1B રિમોટ સેન્સિંગ ઉપગ્રહને સોવિયેટ સંઘના કોસ્મોડ્રોમ ઉપરથી વોઝટોક રોકેટ દ્વારા સફળતાપૂર્વક છોડવામાં આવ્યો.
- શ્રી હરિકોટા રેન્જ મથકેથી ASLV - D3 દ્વારા ૨૦ મે, ૧૯૯૨ ના રોજ SROSS - 3 ને ૪૫૦ કિમીની ઊંચાઈએ સફળતાપૂર્વક અંતરિક્ષમાં મૂકવામા આવ્યો.
- ૧૦ જુલાઈ, ૧૯૯૨ ના રોજ INSAT-2A ને ફ્રેંચ ગિયાના મથકેથી એરિયન ટુ રોકેટ દ્વારા અવકાશમાં તરતો મૂકવામાં આવ્યો. તે પછી ૨૩ જુલાઈ, ૧૯૯૩ ના રોજ બહુઉદ્દેશીય INSAT - 2B ને એરિયન દ્વારા સફળતાથી તરતો મૂકવામાં આવ્યો.
- ૭ ડિસેમ્બર, ૧૯૯૫ ના રોજ ફ્રેંચ ગિયાનાના કૌરુ ખાતેથી INSAT - 2C ને સફળતાપૂર્વક અવકાશમાં તરતો મૂકવામાં આવ્યો. ૨૮ ડિસેમ્બર, ૧૯૯૫ ના રોજ રશિયાના અંતરિક્ષ કેન્દ્ર પરથી મોલિનિયા રોકેટ દ્વારા IRS - 1C ને કક્ષામાં મૂકવામાં આવ્યો. ૨૧ માર્ચ, ૧૯૯૬ ના રોજ સહાર ખાતેથી PSLV D-3 ના સફળ પ્રક્ષેપણ દ્વારા IRS P-3 ને કક્ષામાં તરતો મૂકવામાં આવ્યો.
- ૪ જૂન, ૧૯૯૭ ના રોજ કૌરુ ખાતેથી એરિયાન રોકેટ દ્વારા INSAT - 2D ને કક્ષામાં સ્થાપિત કરવામાં આવ્યો. ૨૯ સપ્ટેમ્બર, ૧૯૯૭ ના રોજ શ્રી હરિકોટાથી PSLV - C1 દ્વારા IRS - 1D ને તરતો મૂકવામાં આવ્યો. ૧૯ નવેમ્બર, ૧૯૯૭ ના રોજ અમેરિકન અંતરિક્ષ યાન 'કોલંબિયા' માં જનાર કલ્પના ચાવલા ભારતની પ્રથમ મહિલા અવકાશયાત્રી બની. ૧ ફેબ્રુઆરી, ૨૦૦૩ ના રોજ 'કોલંબિયા' દુર્ઘટનાગ્રસ્ત થતાં કલ્પના ચાવલાનું નિધન થયું. ૩ એપ્રિલ, ૧૯૯૯ ના રોજ ફ્રેંચ ગિયાનાના કૌરુ ખાતેથી INSAT-2E ને અંતરિક્ષમાં મૂકવામાં આવ્યો. ૨૬ મે, ૧૯૯૯ ના રોજ શાર (SHAR) થી PSLV - C2 દ્વારા IRS - P4 ને બે વિદેશી ઉપગ્રહ (કિટસેટ અને ટનસેટ) સાથે અવકાશમાં તરતો મૂકવામાં આવ્યો.
- ૨૨ માર્ચ, ૨૦૦૦ ના રોજ કૌરુ ખાતેથી ભારતના પ્રથમ આધુનિક સ્વદેશી ઉપગ્રહ INSAT-3B ને અવકાશમાં તરતો મૂકવામાં આવ્યો.
- ૧૮ એપ્રિલ, ૨૦૦૧ ના રોજ શ્રી હરિકોટા ખાતેથી GSLV-D1 ને સફળતાપૂર્વક અવકાશમાં છોડવામાં આવ્યો. ૨૨ ઓક્ટોબર, ૨૦૦૧ ના રોજ શ્રી હરિકોટાથી PSLV C-3 ને અવકાશમાં તરતો મુકાયો.
- ૨૪ જાન્યુઆરી, ૨૦૦૨ ના રોજ INSAT-3C ને સફળતાપૂર્વક છોડવામાં આવ્યો. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૦૨ ના રોજ ૧૦૬૦ કિગ્રા વજનનો મોસમના અભ્યાસ માટેનો પ્રથમ ઉપગ્રહ કલ્પના-૧ (METSAT) શ્રી હરિકોટાના સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્રથી સફળતાપૂર્વક છોડવામાં આવ્યો.
- ૧૦ એપ્રિલ, ૨૦૦૩ ના રોજ કૌરુ ખાતેથી INSAT-3A ને સફળતાપૂર્વક અંતરિક્ષમાં મૂકવામાં આવ્યો. ૮ મે, ૨૦૦૩ ના રોજ શ્રી હરિકોટાના સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્રથી GSAT - 2 ને સફળતાપૂર્વક છોડવામાં આવ્યો.
- ***અવકાશમાં પ્રથમ કૃત્રિમ ઉપગ્રહ ઈ.સ. ૧૯૫૭ માં રશિયાએ તરતો મૂક્યો. ત્યાર પછી નીચેના ૧૩ દેશોએ સફળતાપૂર્વક સેટેલાઈટ તરતા મૂક્યા છે.***

૧. રશિયા - સ્પુતનિક (ઇ.સ. ૧૯૫૭)
૨. અમેરિકા - એક્સપ્લોરર-૧ (ઇ.સ. ૧૯૫૮)
૩. કેનેડા - આર્યપુટે-૧ (ઇ.સ. ૧૯૬૨)
૪. ઇટલી - સાનમાર્કો (ઇ.સ. ૧૯૬૪)
૫. ફ્રાન્સ - એસ્ટરીટ-૧ (ઇ.સ. ૧૯૬૫)
૬. બ્રિટન - એરિયલ-૩ (ઇ.સ. ૧૯૬૭)
૭. ઑસ્ટ્રેલિયા - વેસ્ટ-૧ (ઇ.સ. ૧૯૬૭)
૮. પશ્ચિમ જર્મની - અઝુર-૧ (ઇ.સ. ૧૯૬૯)
૯. જાપાન - ઓસુમી-૧ (ઇ.સ. ૧૯૭૦)
૧૦. ચીન - ચિકોમ-૧ (ઇ.સ. ૧૯૭૦)
૧૧. નેધરલેન્ડઝ - એન.એ.એસ. (ઇ.સ. ૧૯૭૪)
૧૨. સ્પેઈન - ઈન્સેટ (ઇ.સ. ૧૯૭૪)
૧૩. ભારત - આર્યભટ્ટ (ઇ.સ. ૧૯૭૫)

# ભારતમાં અવકાશ સંશોધન ક્ષેત્રે પ્રગતિ

| | | |
|---|---|---|
| ૧૯૬૨ | : | ભારતમાં અવકાશ સંશોધન કાર્યક્રમની શરૂઆત. તિરુવનંતપુરમ (કેરલ) ની નજીક થુમ્બા ઇક્વેટોરિયલ રોકેટ લોન્ચિંગ સ્ટેશન (TERLS) ની સ્થાપના કરવામાં આવી. |
| ૧૯૬૩ | : | ૨૧ નવેમ્બરે TERLS પરથી પ્રથમ રોકેટ છોડાયું. |
| ૧૯૬૫ | : | થુમ્બામાં સ્પેસ સાયન્સ એન્ડ ટેકનોલોજી સેન્ટર (SSTC) ની સ્થાપના. |
| ૧૯૬૭ | : | અમદાવાદમાં સેટેલાઈટ કમ્યુનિકેશન અર્થ સ્ટેશન (SSTC) ની સ્થાપના. થુમ્બા ખાતે રોહિણી-૭૫ રોકેટ પ્રણાલી વિકસાવવામાં આવી. |
| ૧૯૬૮ | : | ૨ ફેબ્રુઆરીના રોજ TERLS યુ.એન.ને અર્પણ. |
| ૧૯૬૯ | : | ૧૫ ઓગસ્ટના રોજ ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) ની સ્થાપના. |
| ૧૯૭૨ | : | ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ એન્ડ સ્પેસ કમિશનની સ્થાપના. |
| ૧૯૭૨-૭૬ | : | હવામાનલક્ષી દૂરસ્થ પ્રયોગો. |
| ૧૯૭૫ | : | અમેરિકાના ઉપગ્રહોની મદદથી ભારતમાં ટેલિવિઝન પ્રસારણની શરૂઆત. |
| ૧૯૭૫-૭૬ | : | સેટેલાઈટ ઇન્સ્ટ્રક્શન ટેલિવિઝન પ્રયોગ (SITE) અમદાવાદ. |
| ૧૯૭૭ | : | સેટેલાઈટ ટેલિકમ્યુનિકેશન એક્સ્પેરિમેન્ટ પ્રોજેક્ટ (STEP). |
| ૧૯૭૯ | : | ૧૦ ઓગસ્ટના રોજ SLV-3 નું પ્રાયોગિક ઉડાન નિષ્ફળ. |
| ૧૯૮૧ | : | ૩૧ મેના રોજ SLV-3 દ્વારા રોહિણી ઉપગ્રહ (RS - D1) ને શ્રી હરિકોટાથી છોડવામાં આવ્યો. ૧૯ જૂનના રોજ ફ્રેંચ ગિયાનામાં એપલ ઉપગ્રહ છોડવામાં આવ્યો. ૨૦ નવેમ્બરે રશિયાથી ભાસ્કર-II ઉપગ્રહ છોડવામાં આવ્યો. |
| ૧૯૮૩ | : | ૧૭ એપ્રિલના રોજ શ્રી હરિકોટાથી ૪૨ કિગ્રા વજનવાળા રોહિણી ઉપગ્રહ (RS - D2) ને સફળતાપૂર્વક છોડવામાં આવ્યો. |
| ૧૯૮૮ | : | ૧૯ માર્ચના રોજ રશિયાના મોસ્ટોક દ્વારા ભારતમાં નિર્મિત IRS-1A ઉપગ્રહ તરતો મૂકવામાં આવ્યો. |
| ૧૯૯૪ | : | ૪ મેના રોજ ASLV - D4 દ્વારા શ્રી હરિકોટાથી SROSS - C2 ઉપગ્રહને સફળતાપૂર્વક છોડવામાં આવ્યો. ૧૫ ઓક્ટોબરના રોજ PSLV - D2 ને શ્રી હરિકોટાથી સફળતાપૂર્વક છોડાયો. |
| ૧૯૯૮ | : | INSAT પ્રણાલીનો વિસ્તાર કરવામાં આવ્યો. |
| ૧૯૯૯ | : | ૩ માર્ચ, ૧૯૯૯ ના રોજ ફ્રેંચ - ગિયાનાથી INSAT-2E સફળતાપૂર્વક છોડવામાં આવ્યો. |
| ૨૦૦૦ | : | INSAT - 3B (૨૨ માર્ચ, ૨૦૦૦) ની મદદથી ભારતમાં મોબાઈલ ટેલિફોન સેવાઓ શરૂ કરવામાં આવી. |
| ૨૦૦૨ | : | INSAT - 3C (૨૧ જાન્યુઆરી, ૨૦૦૨) ની મદદથી મોસમ અંગેની સંપૂર્ણ માહિતી મેળવવામાં આવી. |
| ૨૦૦૩ | : | INSAT - 3E (૨૮ સપ્ટેમ્બર, ૨૦૦૩) માત્ર ભારતીય જરૂરિયાતોની પૂર્તિ માટે છોડવામાં આવ્યો. |
| ૨૦૦૪ | : | ૨૦ સપ્ટેમ્બરના રોજ GSLV - Fo1 ને સફળતાપૂર્વક છોડવામાં આવ્યો. |
| ૨૦૦૫ | : | ૫મેના રોજ PSLV - C6 ને સફળતાપૂર્વક છોડવામાં આવ્યો. |
| ૨૦૦૬ | : | ૧૦ જુલાઈના રોજ GSLV - F02 નું ઉડાન નિષ્ફળ |
| ૨૦૦૭ | : | ૧૦ જાન્યુઆરીના રોજ PSLV - C7 દ્વારા એકસાથે ચાર ઉપગ્રહો છોડવામાં આવ્યા. |

*"દરેક નવો જન્મનાર બાળક એવો સંદેશ લઈને આવે છે કે ભગવાન હજુ માણસથી નિરાશ નથી થયા."*

*– રવીન્દ્રનાથ ટાગોર*

## ભારતનો અણુશક્તિ ક્ષેત્રે વિકાસ

અણુશક્તિ માટે જરૂરી કાચી ધાતુઓમાં યુરેનિયમ અને થોરિયમનો સમાવેશ થાય છે. ભારતમાં યુરેનિયમ થોડા પ્રમાણમાં અને થોરિયમ પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. થોરિયમ મુખ્યત્વે કેરલ અને તમિલનાડુ રાજ્યોમાંથી મળે છે. બિહારમાં જદુઘોડા ખાતેથી યુરેનિયમ મળી આવ્યું છે. કર્ણાટકના આરાબેઈલ ઘાટ વિસ્તારમાંથી અને મેઘાલયની ગારો ટેકરીઓમાંથી યુરેનિયમ મળી આવ્યું છે. કેરલ રાજ્યના અલ્વાયે નગર પાસેની ખાણમાંથી મેળવેલા થોરિયમને ટ્રોમ્બે ખાતે આવેલી પ્રયોગશાળામાં શુદ્ધ કરવામાં આવે છે. ભારતમાં ૪૦૦ ટન યુરેનિયમ અને ૫ લાખ ટન થોરિયમનો જથ્થો છે.

અણુશક્તિના સંશોધનનું મુખ્ય કેન્દ્ર ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (BARC) ટ્રોમ્બે છે. ટ્રોમ્બે ખાતે ભારતની પહેલી અણુભઠ્ઠી 'અપ્સરા', ૪ ઓગસ્ટ, ૧૯૫૬ ના રોજ શરૂ કરવામાં આવી. ત્યારબાદ ૧૦ જુલાઈ, ૧૯૬૦ માં 'સાઈરસ', ૧૦ જાન્યુઆરી, ૧૯૬૧ માં 'જરલીના', ૧૮ ફેબ્રુઆરી, ૧૯૭૧ માં 'પૂર્ણિમા - ૧', ૧૦ મે, ૧૯૮૦ માં 'પૂર્ણિમા - ૨', ૮ ઓગસ્ટ, ૧૯૮૫ માં 'ધ્રુવ', ૯ નવેમ્બર, ૧૯૯૦ માં 'પૂર્ણિમા - ૩', ૨૯ ઓક્ટોબર, ૧૯૯૬ માં 'કામિની' અણુભઠ્ઠી શરૂ કરવામાં આવી છે.

આ અણુભઠ્ઠીઓ દ્વારા કાર્બન અને કોબાલ્ટને કૃત્રિમ કિરણોત્સર્ગી રેડિયો-એક્ટિવ બનાવી ૩૫૦ જાતના આઈસોટોપ્સ બનાવાયા છે. ભારતે રાજસ્થાનના પોખરણમાં ૧૮ મે, ૧૯૭૪ ના રોજ અણુપરીક્ષણ કરી હલચલ મચાવી હતી. ત્યારબાદ ૧૧ અને ૧૩ મે, ૧૯૯૮ ના રોજ અન્ય પાંચ અણુપરીક્ષણ કર્યાં.

વિશ્વની પાંચ મહાસત્તાઓ (અમેરિકા, રશિયા, ચીન, ફ્રાન્સ અને બ્રિટન) એ NPT (ન્યુક્લિયર નોનપ્રોલિફરેશન ટ્રીટી) એટલે કે અણુશક્તિનો ફેલાવો રોકવા માટેની સંધિ પર સહીઓ કરી છે. અમેરિકા અન્યને તેવી સહીઓ કરવા દબાણ કરી રહ્યું છે. પરંતુ છેલ્લાં ત્રેપન વર્ષોમાં આ પાંચ મહાસત્તાઓએ ૨૦૪૫ અણુધડાકા કર્યા છે, જેમાંથી એકલા અમેરિકાએ જ ૧૦૩૦ અણુધડાકાઓ કર્યા છે.

BARC તરફથી અણુવિજ્ઞાનના શિક્ષણ અને પ્રયોગ માટે કોલકાતામાં 'સાઈક્લોટ્રોન' બાંધવામાં આવ્યું છે. ભૂગર્ભ અણુપ્રયોગ માટે બેંગ્લોર અને શ્રીનગર ખાતે હાઈ ઓલ્ટીટ્યૂડ લેબોરેટરી સ્થાપી છે.

રાજસ્થાનનાં કોટા નજીક રાણા પ્રતાપસાગર ખાતે, મહારાષ્ટ્રમાં તારાપુર ખાતે, તમિલનાડુના કલપક્કમ ખાતે, ઉત્તર પ્રદેશમાં નરોરા ખાતે, સુરત પાસે કાકરાપાર ખાતે અણુવિદ્યુત મથકો કાર્યરત છે. કર્ણાટકમાં કૈગા ખાતે અને રાજસ્થાનમાં રાવતભાટા ખાતે અણુવિદ્યુત મથકો ઊભાં થઈ રહ્યાં છે. હૈદરાબાદ ખાતે રિએક્ટર ફ્યુઅલ કોમ્પ્લેક્ષ છે. વડોદરા, નંગલ, કોટા, તુતીકોરિન, તાલ્ચેર ખાતે હેવી વોટર પ્લાન્ટ નાખવામાં આવ્યા છે.

## ગગનયાન

ભારતે તેના પહેલવહેલા સમાનવ અવકાશયાનનો કાર્યક્રમ નિર્ધારીત કરીને જાહેર પણ કરી દીધેલ છે. આ યોજનાને નામ આપવામાં આવ્યું છે "ગગનયાન."

આ યોજના મુજબ વર્ષ ૨૦૨૨ના અંત પહેલાં ભારત પોતાની રીતે તેના અવકાશયાત્રીને પૃથ્વીનું ભ્રમણ કરવા મોકલશે.

એક મહાકાય રોકેટની ઉપરની તરફના પોલાણવાળા હિસ્સામાં ગગનયાન ગોઠવાયેલું હશે. દેશના પૂર્વ કિનારે આવેલા શ્રીહરિકોટા ખાતેના લૉન્ચિંગ પેડ પરથી રોકેટ ઉંચકાશે અને પૃથ્વીની સપાટીથી ૩૦૦ કે ૪૦૦ કિ.મી. ઉપર પેલા ગગનયાનને અવકાશમાં તરતું મૂકવામાં આવશે.

આ ગગનયાનમાં બે કે ત્રણ અવકાશયાત્રીઓ હશે. તેઓ ત્રણથી સાત દિવસ સુધી અવકાશમાં રહી અવનવા પ્રયોગો કરશે. ત્યાર પછી ગગનયાનને ૩૦૦થી ૪૦૦ કિ.મી.ની રેન્જમાંથી નીચે લાવવામાં આવશે અને પેરાશુટની મદદથી અવકાશયાત્રીઓ સહિતના ગગનયાનને ગુજરાત નજીકના દરિયામાં ઉતારવામાં આવશે. ત્યાં તહેનાત ભારતીય કોસ્ટગાર્ડના જહાજ ગગનયાનમાંથી અવકાશયાત્રીઓને સહીસલામત બહાર કાઢશે અને આ સાથે ગગનયાનનો કાર્યક્રમ પૂરો થશે.

# તમારા મોબાઇલ ફોન તથા ATM અંગે આ જાણો છો?

મોબાઈલ ફોન હવે લગભગ બધા જ વાપરતા થઈ ગયા છે. પરંતુ મુશ્કેલીના સમયમાં તે તમને કેવી રીતે મદદ કરે છે તે કદાચ બહુ ઓછાને ખબર હશે... તે જાણો...

૧. જો મોબાઈલ ફોનના કવરેજ એરિયાની બહાર હો અને તમારે કોઈને ફોન કરવાની તાકીદની જરૂર ઊભી થાય તો આપના મોબાઈલમાંથી ૧૧૨ નંબર જોડો. આ સમગ્ર વિશ્વમાં ઈમરજન્સી નંબર તરીકે માન્ય છે. આ નંબર જોડવાથી તમારો મોબાઈલ ગમે તે નેટવર્ક શોધીને તમને નંબર જોડી આપે છે અને વધુ રસપ્રદ તો એ છે કે તમારા મોબાઈલનું કીપેડ લોક હશે તો પણ આ નંબર લાગશે.

૨. જો તમારા મોબાઈલની ફોનની બેટરી ખૂબ જ લો થઈ ગઈ હોય અને ફોન બંધ થઈ ગયો હોય તો *3370# કી દબાવો. એ બટન દબાવવાથી બેટરીમાં ૫૦ ટકા જેટલો પાવર વધશે અને આ રીઝર્વ પાવર ફરી તમે બેટરી ચાર્જ કરશો ત્યારે ચાર્જ થઈ જશે.

૩. તમારા મોબાઈલ ફોનનો I.M.E.I. Number તમે ડાયરીમાં નોંધી રાખો. તમારા ફોનમાં તમે *#06# કી દબાવશો તો એક ૧૫ આંકડાનો નંબર સ્ક્રીન પર આવશે. જો ક્યારેક તમારો ફોન ચોરાઈ જાય તો પોલીસ ફરિયાદ સમયે આ નંબર આપવો. સર્વિસ પ્રોવાઇડર મારફત પોલીસ આ મોબાઈલ ફોન કયા એરિયામાંથી ઓપરેટ થાય છે તે જાણી શકાય છે અને કદાચ ફોન ચોરનાર વ્યક્તિને પકડી ન શકે તો પણ આ સર્વિસ પ્રોવાઇડર I.M.E.I. નંબરવાળો ફોન બંધ કરી શકે છે. જો ચોર તેમાં સીમ કાર્ડ બદલી નાખે તો પણ તેમાંથી ઈનકમિંગ કે આઉટગોઈંગ ફોન થતા નથી. તેથી તે ફોન વાપરી કે વેચી શકશે નહીં.

૪. જો તમારી કારમાં ડોર રીમોટ કંટ્રોલવાળા હોય ને તમે રીમોટ કારમાં જ ભૂલી ગયા હો અને કાર લોક થઈ ગઈ હોય તો? તમારે સ્પેર રીમોટ લેવા ઘરે જવાની જરૂર નથી. તમારે ઘરે જે પણ હોય તેના મોબાઈલ પર ફોન કરો. તેને કહો કે ઘરે પડેલા ગાડીના રીમોટનું બટન તેના મોબાઈલ પાસે રાખીને દબાવે. ત્યારે તમે તમારો મોબાઈલ ગાડીના લોકથી એકાદ ફૂટ દૂર રાખો. સામે છેડેથી અનલોક બટન દબાવશે કે તરત જ ગાડીનું લોક ખૂલી જશે. ગમે તેટલા દૂરના સ્થળેથી પણ આ થઈ શકશે. (તમારા બંનેના મોબાઈલ વાત ચાલુ હોય તે રીતે ચાલુ રાખવા.)

૫. ATM બાબત : જો તમને કોઈ લૂંટારું તમારા ATM માંથી નાણાં ઉપાડવા ધમકીથી ફરજ પાડે ત્યારે શાંત રહીને પણ તમે પોલીસને જાણ કરી શકો છો. તમારે તમારો પાસવર્ડ ઊલટા ક્રમમાં એન્ટર કરવો. દા.ત. પાસવર્ડ '૧૨૩૪' હોય તો '૪૩૨૧' એન્ટર કરો. આ રીતે એન્ટર કરવાથી ATM તમે માંગ્યા પ્રમાણેની રકમ તો આપશે પરંતુ સાથે સાથે પોલીસને જાણ પણ કરશે અને પોલીસ તુરત જ આ સ્થળે આવી જશે.

## R.T.O.ના નવા નિયમો

★ જેમની પાસે ડ્રાઈવિંગ લાઇસન્સ ન હોય તેમને તમારું વાહન ચલાવવા આપવું નહીં. ડ્રાઈવિંગ લાઇસન્સ વગર ચાલકને પકડવામાં આવશે તો વાહનના માલિકને ૧૦ દિવસની જેલ અને રૂા. ૨૦૦૦/-નો દંડ કરવામાં આવશે.

★ કોઈ સગીર વાહન ચલાવતા પકડાશે તો તેના ગાર્ડિયનને રૂા. ૨૫,૦૦૦/- સુધીનો દંડ અને ૩ વર્ષની જેલની સજા પણ થઈ શકે છે.

★ એક દુર્ઘટનામાં મોતના મામલે વાહન ચાલકને બે વર્ષની જગ્યાએ સાત વર્ષની સજા ભોગવવાની આવશે.

★ દરેક ગુનાઓમાં દંડની રકમને દર વર્ષે ૧૦ ટકા લેખે વધારવામાં આવશે.

★ અમદાવાદમાં BRTS રૂટમાં વાહન ચલાવનાર ડિજિટલ મેમો (ઇ-મેમો) આપવાની શરૂઆત કરવામાં આવેલ છે. તેથી આ બાબતે સાવચેત રહેવું.

★ મોબાઈલ પર વાત કરતી વખતે વાહન ચલાવવા પર દંડ રૂા. ૧,૦૦૦/-થી વધારીને રૂા. ૫,૦૦૦/- કરી દેવામાં આવેલ છે.

★ 'હીટ એન્ડ રન' કેસમાં દંડની રકમને રૂા. ૨૫,૦૦૦/-થી વધારીને રૂા. ૨ લાખ કરી દેવામાં આવેલ છે.

★ કોઇ પણ અકસ્માતમાં પ્રથમ ૪૮ કલાકની ઈમરજન્સીમાં કોઈ પણ હોસ્પિટલમાં દાખલ થનારને રૂા. ૫૦,૦૦૦/- સુધીનો ખર્ચ ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તરફથી મળવાપાત્ર છે.

# ભારતની પૌરાણિક વ્યક્તિઓનો પરિચય

*અગસ્ત્ય* : એક મહાન વેદકાલીન ઋષિ. દેવો અને દાનવો વચ્ચેના યુદ્ધમાં દાનવો દરિયામાં છુપાયા ત્યારે અગસ્ત્ય ઋષિ આખો દરિયો પી ગયા હતા, એવી એક કથા છે.

*અજ* : શ્રીરામના પિતામહ, દશરથ રાજાના પિતા.

*અત્રિ* : સપ્તર્ષિમાંના એક ઋષિ, જેમના નેત્રમાંથી ચંદ્ર નિર્માયો હોવાની કથા છે.

*અનસૂયા* : અત્રિમુનિના પત્ની, દત્તાત્રેય અને દુર્વાસાની માતા.

*અનિરુદ્ધ* : શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નનો પુત્ર.

*અભિમન્યુ* : અર્જુન અને સુભદ્રાનો પુત્ર. મહાભારત યુદ્ધના તેરમા દિવસે તેણે એકલે હાથે કૌરવોનો ચક્રવ્યૂહ ભેદ્યો હતો. છેલ્લા કોઠામાં છ કૌરવોએ સાથે મળીને તેનો વધ કર્યો હતો.

*અરુંધતી* : સપ્તર્ષિમાંના વશિષ્ઠ મુનિનાં પત્ની. તે અખંડ દાંપત્યના આદર્શરૂપ ગણાય છે.

*અર્જુન* : પાંચ પાંડવોમાં ત્રીજો ભાઈ.

*અશ્વત્થામા* : ગુરુ દ્રોણ અને કૃપીનો પુત્ર. તે પાંડવોનો કટ્ટર દુશ્મન હતો.

*અશ્વિનીકુમાર* : સૂર્ય અને અશ્વિનીથી થયેલા જોડિયા પુત્રો. તે દેવોના વૈદ્ય તરીકે ઓળખાય છે.

*અહલ્યા* : ગૌતમ ઋષિનાં પત્ની. ઇન્દ્રના છળથી શિયળભંગ થતાં તે પોતાના પતિના શાપથી શિલા બની ગયેલાં. ભગવાન શ્રીરામના ચરણસ્પર્શથી તે શિલામાંથી ફરીથી સ્ત્રી બન્યાં હતાં.

*ઈક્ષ્વાકુ* : સૂર્યવંશનો પ્રથમ રાજા.

*ઈંદુમતી* : અજની પત્ની અને દશરથની માતા.

*ઉર્વશી* : નારાયણ નામના ઋષિએ પોતાના ઉરુ (સાથળ) માંથી પેદા કરેલી અતિ સ્વરૂપવાન સ્ત્રી. તે પુરુરવાને પરણી હતી.

*ઉલૂપૂ* : પાતાળલોકના સર્પરાજ કૌરવ્યની પુત્રી. તે અર્જુનને પરણી હતી અને અર્જુનથી તેને ઇરાવત નામનો પુત્ર થયો હતો.

*ઊર્મિલા* : જનક રાજાની પુત્રી અને લક્ષ્મણની પત્ની.

*કંસ* : મથુરાનો રાજા. શ્રીકૃષ્ણની માતા દેવકી કંસના કાકાની દીકરી હતી. એ રીતે કંસ શ્રીકૃષ્ણના મામા હતા.

*કચ* : દેવોના ગુરુ બૃહસ્પતિનો પુત્ર. તે અપાર કષ્ટો સહન કરીને શુક્રાચાર્ય પાસેથી સંજીવની વિદ્યા શીખ્યો હતો.

*કણ્વ ઋષિ* : શકુંતલાના પાલક પિતા.

*કપિલ મુનિ* : સાંખ્યશાસ્ત્રના રચયિતા.

*કર્ણ* : કુંતીને સૂર્યમંત્રથી કુમારિકા અવસ્થામાં થયેલો પુત્ર. દુર્યોધને તેને અંગ દેશનો રાજા બનાવ્યો હતો. તે દાનેશ્વરી તરીકે પ્રસિદ્ધ હતો.

*કુંભકર્ણ* : રાવણનો નાનો ભાઈ. તપને અંતે બ્રહ્મા પાસેથી વરદાનમાં તેણે 'ઇંદ્રપદ' ને બદલે 'નિદ્રાપદ' માગી લીધું. પરિણામે તે વર્ષના છ મહિના સુધી ઊંઘતો રહેતો.

*કુબેર* : યક્ષો અને કિન્નરોનો રાજા તેમજ ધનનો દેવતા.

*કુબ્જા* : કંસની કદરૂપી દાસી. કંસ માટે તૈયાર કરેલું ચંદન તેણે શ્રીકૃષ્ણને ભક્તિપૂર્વક અર્પણ કર્યું હતું. બદલામાં શ્રીકૃષ્ણે તેને સ્વરૂપવાન બનાવી હતી.

*ગણપતિ* : શિવ અને પાર્વતીના મોટા પુત્ર.

*ઘટોત્કચ* : રાક્ષસી હિડિંબા અને ભીમનો પુત્ર.

*ચાર્વાક* : નાસ્તિક તત્ત્વદર્શન રજૂ કરનાર એક મુનિ.

*જરાસંઘ* : મગધનો રાજા અને કંસના સસરા.

*તિલોત્તમા* : વિશ્વામિત્ર દ્વારા સર્જિત એક અપ્સરા.

*ત્રિશંકુ* : રાજા હરિશ્ચંદ્રના પિતા. પોતાને સદેહે સ્વર્ગે પહોંચાડવા માટે તેણે વિશ્વામિત્રને વિનંતી કરેલી. વિશ્વામિત્રે તેને પોતાના તપના બળથી સ્વર્ગ સુધી ચડાવેલો. પરંતુ ઇંદ્રે તેને નીચે ધકેલતાં અને વિશ્વામિત્રે ફરી ઉપર ધકેલતાં, તેને થોડો સમય અંતરિયાળ લટકવું પડ્યું હતું. છેવટે ઇંદ્રે વિશ્વામિત્ર સાથે સમજૂતી કરીને ત્રિશંકુને સ્થૂલ દેહ છોડાવી સ્વર્ગમાં દાખલ કર્યો હતો.

*દધીચિ* : એક મહાન ઋષિ. તેમણે વૃત્રાસુરનો નાશ કરવા માટેનું વ્રજ તૈયાર કરવા પોતાનાં હાડકાં ઇંદ્રને આપ્યાં હતાં.

*દમયંતી* : નળરાજાની પત્ની.

*દિલીપ* : સૂર્યવંશના એક રાજા, રઘુના પિતા.

*દુર્યોધન* : ધૃતરાષ્ટ્રનો મોટો પુત્ર, કૌરવોનો મોટો ભાઈ.

*દુર્વાસા* : અત્રિ અને અનસૂયાના પુત્ર. અતિ ક્રોધી સ્વભાવના ઋષિ.

*દુષ્યંત* : શકુંતલાનો પતિ અને ભરતનો પિતા.

*દેવયાની* : શુક્રાચાર્યની પુત્રી અને યયાતિની પત્ની

*પરશુરામ* : જમદગ્નિના પુત્ર, જે વિષ્ણુના છઠ્ઠા અવતાર મનાય છે. પોતાના પિતાની હત્યાનું વેર લેવા તેમણે પૃથ્વીને એકવીસ વાર નક્ષત્રી કરી હતી.

*પુરૂરવા* : સોમવંશનો સ્થાપક, જેણે સ્વર્ગની અપ્સરા ઉર્વશી સાથે લગ્ન કર્યા હતાં.

*બલરામ (બલભદ્ર)* : શ્રી કૃષ્ણના મોટા ભાઈ.

*ભગીરથ* : તેમણે હજાર વર્ષ સુધી તપ કરી સ્વર્ગમાંથી ગંગાને પૃથ્વી પર ઉતારી હતી.

*બૃહસ્પતિ* : દેવના ગુરુ અને કચના પિતા.

*ભીષ્મ* : શાંતનું રાજાના પુત્ર તથા વિચિત્રવીર્યના સાવકા મોટા ભાઈ.

*યયાતિ* : નહુષ રાજાનો પુત્ર. દેવયાની અને શર્મિષ્ઠાનો પતિ.

*લોપામુદ્રા* : અગત્સ્ય મુનિનાં પત્ની.

*વશિષ્ઠ* : સૂર્યવંશી રાજાઓના કુલગુરુ.

*વાલ્મીકિ* : રામાયણના રચયિતા.

*વિચિત્રવીર્ય* : શાંતનું અને મત્સ્યગંધા (સત્યવતી) નો પુત્ર. ભીષ્મનો સાવકો નાનો ભાઈ.

*વ્યાસ* : મહાભારત અને અઢાર પુરાણોના રચયિતા. તે પરાશરથી મત્સ્યગંધાને કુમારિકા અવસ્થામાં અવતર્યા હતા.

*શર્મિષ્ઠા* : દૈત્યરાજ વૃષપર્વાની પુત્રી, જે દેવયાની સાથે યયાતિને ત્યાં દાસી તરીકે ગઈ હતી. પરંતુ પાછળથી યયાતિએ તેના પર મોહિત થઈને તેની સાથે લગ્ન કર્યા હતાં.

*શુક્રાચાર્ય* : દૈત્યોના ગુરુ, જે સંજીવની વિદ્યા જાણતા હતા.

*સત્યભામા* : શ્રીકૃષ્ણની આઠ પટરાણીઓમાંની એક

*સાંદીપનિ* : શ્રીકૃષ્ણ અને સુદામાના ગુરુ.

*હિરણ્યકશિપુ* : પ્રહલાદના પિતા.

# શ્રીમદ્ ભાગવત ગીતા વિશે જાણકારી

*શ્રીમદ્ ભાગવત ગીતા વિશે કોઈપણ હિન્દુને જાણકારી પ્રાપ્ત હોવી જ જોઈએ કે જે નીચે મુજબ પ્રશ્ન અને જવાબ સ્વરૂપે રજૂ કરવામાં આવેલ છે.*

***પ્રશ્ન*** : કોણે કોને આ માહિતી સંભળાવી?
***જવાબ*** : શ્રીકૃષ્ણે અર્જુનને સંભળાવી.

***પ્રશ્ન*** : ક્યારે સંભળાવી?
***જવાબ*** : આજથી લગભગ ૭૦૦૦ વર્ષ પહેલા.

***પ્રશ્ન*** : ભગવાને કયે દિવસે આ ગીતા સંભળાવી?
***જવાબ*** : રવિવારના દિવસે.

***પ્રશ્ન*** : એ દિવસે તિથિ કઈ હતી?
***જવાબ*** : એકાદશી.

***પ્રશ્ન*** : ક્યાં સંભળાવી?
***જવાબ*** : કુરુક્ષેત્રના રણ મેદાનમાં.

***પ્રશ્ન*** : કેટલા સમયમાં સંભળાવી?
***જવાબ*** : લગભગ ૪૫ મિનિટમાં.

***પ્રશ્ન*** : કેમ સંભળાવી?
***જવાબ*** : કર્તવ્યથી ભટકેલા અર્જુનને કર્તવ્ય શીખવાડવા માટે અને આવનારી પેઢીઓને ધર્મ-જ્ઞાન શીખવાડવા માટે.

***પ્રશ્ન*** : કેટલા અધ્યાય છે?
***જવાબ*** : કુલ ૧૮ અધ્યાય.

***પ્રશ્ન*** : કેટલા શ્લોક છે?
***જવાબ*** : ૭૦૦ શ્લોક.

***પ્રશ્ન*** : ગીતામાં શું શું બતાવવામાં આવ્યું છે?
***જવાબ*** : જ્ઞાન-ભક્તિ-કર્મ યોગ માર્ગોની વિસ્તૃત વ્યાખ્યા આપી છે. આ માર્ગો ઉપર ચાલવાથી વ્યક્તિ નિશ્ચિત જ પરમપદનો અધિકારી બની જાય છે.

***પ્રશ્ન*** : ગીતાને અર્જુન સિવાય અન્ય કયા કયા લોકોએ સાંભળી?
***જવાબ*** : ધૃતરાષ્ટ્ર અને સંજયે.

***પ્રશ્ન*** : અર્જુનથી પહેલા ગીતાનું પાવન જ્ઞાન કોને મળ્યું હતું?
***જવાબ*** : ભગવાન સૂર્યદેવને.

***પ્રશ્ન*** : ગીતાની ગણતરી કયા ધર્મગ્રંથોમાં આવે છે?
***જવાબ*** : ઉપનિષદોમાં.

***પ્રશ્ન*** : ગીતા કયા મહાગ્રંથનો ભાગ છે?
***જવાબ*** : ગીતા મહાભારતના એક અધ્યાય શાંતિ-પર્વનો ભાગ છે.

***પ્રશ્ન*** : ગીતાનું બીજું નામ શું છે?
***જવાબ*** : ગીતોપનિષદ.

***પ્રશ્ન*** : ગીતાનો સાર શું છે?
***જવાબ*** : પ્રભુ શ્રીકૃષ્ણનું શરણ લેવું.

***પ્રશ્ન*** : ગીતામાં કોણે કેટલા શ્લોક કહ્યા છે?
***જવાબ*** : શ્રીકૃષ્ણ : ૫૭૪, અર્જુન : ૮૫, ધૃતરાષ્ટ્ર : ૧, સંજય : ૪૦.

★

## હિંદુ ધર્મમાં 33 કરોડ નહીં પરંતુ 33 પ્રકારના દેવી - દેવતાઓ છે.

દેવભાષા સંસ્કૃતમાં કોટિના અર્થ થાય છે : (૧) પ્રકાર, (૨) કરોડ. અહીં કોટિનો અર્થ 'પ્રકાર' હોવો જોઈએ. તેના બદલે 'કરોડ' કરી નાખવામાં આવેલ છે. ખરેખર હિંદુ ધર્મમાં ૩૩ પ્રકારના દેવી-દેવતાઓ છે.

આ દેવી દેવતાઓને ૪ ભાગમાં વિભાજવામાં આવેલ છે કે જે નીચે મુજબ છે :

★ *૧૨ પ્રકાર છે :* આદિત્ય, ધાતા, મિત, આર્યમા, શક્રા, વરુણ, અંશ, ભાગ, વિવાસ્વાન, પૂષ, સવિતા, તવાસ્થા અને વિષ્ણુ.

★ *૮ પ્રકાર છે :* વાસુ, ધર, ધ્રુવ, સોમ, અહ, અનિલ, અનલ, પ્રત્યુષ અને પ્રભાસ.

★ *૧૧ પ્રકાર છે :* રૂદ્ર, હર, બહુરુપ, ત્ર્યંબક, અપરાજિતા, બૃષાકાપિ, શંભુ, કપાર્દી, રેવાત, મૃગવ્યાધ, શર્વા અને કપાલી.

★ *૨ પ્રકાર છે :* અશ્વિની અને કુમાર

કુલ ૧૨ + ૮ + ૧૧ + ૨ = ૩૩ પ્રકાર.

# ભારતમાં ગુજરાતીઓને રહેવાલાયક અતિથિ ગૃહોના નામ તથા સરનામા

- **અમૃતસર**
  શ્રી ગુજરાતી સમાજ, કુત્રા હરિસિંઘ.
- **અલ્હાબાદ**
  શ્રી ગુજરાતી સમાજ, પ્રયોગ અતિથિ ગૃહ.
  ગૌતમ સિનેમા પાસે, કટદાર રોડ, ૩૫૬, મંડીગંજ
- **અજમેર**
  શ્રી ગુજરાતી મહામંડળ, સરદાર પટેલ અતિથિ ગૃહ, હાથીભાટા ગેડાલાલ રોડ
- **આબુરોડ**
  શ્રી ગુજરાતી સમાજ, સ્ટેશન પાસે, સરદાર કોલોની, અંબાજી રોડ.
- **આગ્રા**
  (૧) શ્રી ગુજરાતી સમાજ, કચેરી ઘાટ, બેલનગંજ.
  (૨) શ્રી ગુજરાતની મોર્ડન કમળ, દરેસ્ત નં-૨.
- **આસાનસોલ**
  શ્રી આસાનસોલ ગુજરાતી સમાજ, ઉષાગ્રામ, વેસ્ટ બંગાળ
- **આકોલા (મહારાષ્ટ્ર)**
  શ્રી ગુજરાતી સમાજ, જી.પી.ઓ. પાછળ
- **ઔરંગાબાદ**
  (૧) સમરવાલ દેવડા
  (૨) હિન્દુ ધર્મશાળા
- **ઇન્દોર**
  શ્રી ગુજરાતી સમાજ, ગુજરાતી ગર્લ્સ હાઈસ્કુલની બાજુમાં, ગુજરાતી સમાજ માર્ગ, નસીયાર રોડ, સંયોગીતા ગંજ
- **ઉદેપુર**
  શ્રી ઉદયનગર ગુજરાતી સમાજ, સ્ટેશન નજીક.
- **ઉજ્જૈન**
  શ્રી ગુજરાતી સમાજ, શ્રવન્તીકાલય, તિલક માર્ગ
- **કોલકાટા (કલકત્તા)**
  (૧) શ્રી કલકત્તા ગુજરાતી સમાજ, ત્રીજા માળે, પી/૫, કેનીંગ સ્ટ્રીટ, શારજહાં બિલ્ડિંગ. ફોન : ૩૪૫૧૯૪
  (૨) શ્રી કચ્છી જૈન ભવન, ૫૯, ઈઝરા સ્ટ્રીટ. ફોન : ૩૪૭૬૭૪૫
  (૩) છગનબાપા અતિથિ ગૃહ, લક્ષ્મીનારાયણ મંદિર, ભવાનીપુર, ૪૨ શરદબોઝ રોડ,
- **કન્યાકુમારી**
  શ્રી વિવેકાનંદ સ્મારક ટ્રસ્ટ લોજ
- **કાનપુર**
  (૧) શ્રી ગુજરાતી સમાજ, ૬૦/૨૯, પુરાના દાલમંડી, નયાગંજ, ચાર રસ્તા
  (૨) શ્રી ગુજરાતી સમાજ, ૨૭/૫૪, કેનાલ રોડ
- **કોલ્હાપુર**
  શ્રી ગુજરાતી મિત્ર મંડળ, શાહપુરી ૧લી ગલી.
- **કોઈમ્બતુર**
  (૧) શ્રી ગુજરાતી સમાજ ભવન, ૨૦૭/એ, ૬૬૨ મેડુ પાલ્યમ રોડ, સુપર માર્કેટની બાજુમાં, આર.એસ. પુરમ
  (૨) શ્રી કોઈમ્બતુર ગુજરાતી સમાજ, ૧૨/૨, સીરીયન ચર્ચ ગેઈટ
- **કોચીન**
  (૧) શ્રી ગુજરાતી મહાજન, ન્યુ રોડ, જૈન મંદિરની બાજુમાં,
  (૨) શ્રી પોપટલાલ ગોરધનલાલ જૈન સમાજ અતિથિ ગૃહ
- **કોટા (રાજસ્થાન)**
  શ્રી ગુજરાતી સમાજ, ૪૧, ગન્નાધર, મસ્જિન નીચે
- **ખડગપુર**
  શ્રી ગુજરાતી મિત્ર મંડળ, મેટલ બજાર, રેલવે માર્કેટ પાસે, જિ. મીદનાપુર
- **ખંડવા**
  શ્રી ગુજરાતી સમાજ, રાધાવલ્લભદાસ શંકરદાસ, ૮૫, એન.જી. રોડ
- **ગૌહાટી**
  શ્રી ગુજરાતી સમાજ, ફેન્સી બજાર, ગૌહાટી.

- **ચંદીગઢ**
  (૧) પંચાયતી ધર્મશાળા, સેક્ટર ૧૮/બી,
  (૨) શ્રી ગુજરાતી સમાજ, સેક્ટર-૧૪/૧૮એ.

- **જયપુર**
  (૧) શ્રી જયપુર ગુજરાતી સમાજ, સી સ્કીમ, મહાવીર માર્ગ.
  (૨) શ્રી જયપુર ગુજરાતી સમાજ ચાંદપોલ-મહોદ પોલબજાર.
  ફોન : ૬૩૬૬૦/૭૩૮૧૭

- **જમશેદપુર**
  શ્રી ગુજરાતી સનાતન સમાજ, ખરકાઈ લીંક રોડ, બીસ્ટુપુર

- **જગન્નાથપુરી**
  ધનજી મુળજી ધર્મશાળા, ગ્રાંટ રોડ, મુખ્ય મંદિરની પાસે.

- **તિરૂચીપલ્લી**
  શ્રી ગુજરાતી સમાજ, ૫૨, ગુજલી સ્ટ્રીટ.

- **ત્રિવેન્દ્રમ**
  શ્રી મુળજી જેઠાની ધર્મશાળા, ૨, આર્યભવન
  શ્રી નિવાસ ટુરિસ્ટ હોમ.

- **દિલ્હી**
  (૧) શ્રી દિલ્હી ગુજરાતી સમાજ
  સરદાર વલ્લભભાઈ ભવન, રાજનિવાસ માર્ગ
  સિવિલ લાઈન, દિલ્હી-૧૧૦ ૦૫૪.
  ફોન : ૨૨૦૩૭૮, ૨૨૬૩૮૭
  (૨) શ્રી સ્વામિનારાયણ અતિથિ ગૃહ, બસ સ્ટેન્ડ,
  ૧૩ બેલા રોડ, ઘંટાઘર-૧૧૦ ૦૦૬.
  (૩) શ્રી ગુજરાતી ભવન, અશોક હોટલ પાસે,
  ચાણક્યપુરી
  (૪) શ્રી સ્વામિનારાયણ અક્ષરધામ, નેશનલ હાઈવે-૨૪,
  નોઈડા પાસે, નવી દિલ્હી.
  ફોન : (૦૧૧) ૨૨૦૧૬૬૮૮૮, ૨૨૨૦૨૬૬૮૮૮
  ફેક્સ : (૦૧૧) ૨૨૪૮૭૦૪૭

- **દુર્ગાપુર**
  (૧) શ્રી ગુજરાતી સમાજ, અનુરાધા સિનેમા, બેનાચેટી
  (૨) શ્રી દુર્ગાપુર ગુજરાતી સમાજ, નાચન રોડ,
  પોસ્ટ ઓફિસ પાસે.

- **નાસીક**
  (૧) મુક્તિધામ, સ્ટેશન રોડ.
  (૨) ઝવેરબાઈ આરોગ્યભવન, પંચવટી-૩.
  (૩) મારવાડી ધર્મશાળા, પંચવટી.
  (૪) ભક્તિધામ, સ્ટેશન રોડ.
  (૫) ભાટિયા ધર્મશાળા.
  (૬) સુરતવાલાની ધર્મશાળા.
  (૭) તપોવન વસીતપ આશ્રમ, પંચવટી.

- **નાગપુર**
  (૧) શ્રી નાગપુર નવ સમાજ, તાડપુરા જૈન દેરાસર પાસે,
  ઈતવારી.
  (૨) શ્રી લોહાણા સેવા મંડળ અતિથિ ગૃહ, સેન્ટ્રલ
  એવન્યુ, ગાંધીબાગ.

- **પટના**
  શ્રી પટના ગુજરાતી સમાજ, આબદીન હાઉસ, ફ્રેજર રોડ,
  ઓલ ઈન્ડિયા રેડિયો પાસે.

- **પુના**
  (૧) આદિનાથ સોસાયટી ટેમ્પલ ટ્રસ્ટ, દેવીચંદ કેસરીમલ
  અતિથિગૃહ, સતારા રોડ.
  (૨) શ્રી જે.પી. ત્રિવેદી અતિથિ ગૃહ, ગોખલે રોડ,
  શિવાજીનગર.
  (૩) શ્રી મોરારજી ગોકુલદેશ ધર્મશાળા, સ્ટેશનની સામે.
  (૪) શ્રી પુના ગુજરાતી બંધુ સમાજ, ૧૯૮૯ રવિવાર
  પેઠ, પુના

- **ભીલાઈ**
  શ્રી ગુજરાતી સમાજ, ભીલાઈ એન.જી. અમીન ક્વાર્ટર્સ
  નં. ૧૩/બી, સ્ટ્રીટ નં. ૨, સેક્ટર નં. ૨.

- **બેંગ્લોર**
  (૧) શ્રી ગુજરાતી મિત્ર મંડળ, સી.ઓ.જે.જે. ચોક્સી,
  દેના બેન્ક કેમ્પ, ગોવડા રોડ
  (૨) જૈન ધર્મશાળા (જૈનો માટે) ચીકપેટ
  (૩) જૈન ભવન (જૈનો માટે) ગાંધીનગર
  (૪) વૈષ્ણવ સમાજ
  (૫) મહારાષ્ટ્ર મંડળ

- **મદ્રાસ (ચેન્નાઈ)**
  (૧) શ્રી ગુજરાતી મંડળ, ૧૧૬, બ્રોડવે સાઈકલ બજાર,
  મહારાષ્ટ્ર બેન્કની ઉપર.
  (૨) શ્રી કચ્છી જૈન સમાજ, વેંકટનારાયણ સ્ટ્રીટ.

(૩) શ્રી ગુજરાતી ધર્મશાળા, સ્ટેશન પાસે.

- **મથુરા**
  (૧) સુરતવાલાની ધર્મશાળા, મુખ્ય મંદિરની સામે, યમુના કિનારે.
  (૨) મથુરાદાસ મુંબઈવાલા ધર્મશાળા, બંગાલી ઘાટ પાસે

- **શ્રી નગર**
  બાંગડ ધર્મશાળા, સાઉથ ગેટ મંદિર પાસે

- **શ્રીરંગમ**
  ગુજરાતી લોજ, જેલમ નદી કિનારે, બસ સ્ટેન્ડ પાસે.

- **રતલામ**
  શ્રા રતલામ ગુજરાતી સમાજ, જવાહર માર્ગ

- **રામગંજવાડી**
  રામગંજવાડી, જિ. કોટા. રાજસ્થાન

- **રાયપુર**
  શ્રી ગુજરાતી સમાજ, ૩૬, ગુજરાતી સ્કૂલ પાસે, કે.કે. રોડ, મહુધા રોડ, રાયપુર-૪૯૨ ૦૦૧.

- **રૂરકેલા**
  શ્રી ગુજરાતી સનાતન સમાજ, બીરા રોડ, ગુજરાતી કોલોની

- **સિકંદ્રાબાદ**
  શ્રી ગુજરાતી સેવા મંડળ, ૧૧૪૧, રાષ્ટ્રપતિ રોડ. ફોન : ૭૩૯૫૭

- **વારાણસી**
  રેવાબાઈની ધર્મશાળા, ચોક, વારાણસી

- **હરિદ્વાર**
  (૧) શ્રી ગુજરાતી ભવન, જસારામ ફતેચંદ રોડ, સ્ટેશન પાસે.
  (૨) નાનજી કાલીદાસ ગુજરાતી ભવન, નિરંજન ચાવડા રોડ, ગંગા કિનારે

- **હૈદ્રાબાદ**
  (૧) શ્રી ગુજરાતી પ્રગતિ સમાજ, દીપક ભવન, ૩/૪/૧૪૮, હનુમાન ટેકરી મસ્જિદ સામે.
  (૨) શ્રી ગુજરાતી સમાજ વાડી, કંદાસ્વામી લાઈન, પ્રેમબાગ, સુલતાન બજાર.
  (૩) શ્રી કચ્છી મિત્ર મંડળ, કચ્છી ભવન અતિથિ ગૃહ, ૩/૫/૧૪૨ મિત્ર મંડળ, રામકોટ એર્ડન, ગાર્ડન રોડ.
  (૪) શ્રી આંધ્રપ્રદેશ ગુજરાતી સમાજ, હંદા સ્વામી લાઈન, પ્રેમબાગ, સુલતાની બજાર.

## તોલમાપના વિનિમય દર

૧ ઇંચ = ૨.૫૪ સેન્ટિમીટર
૧ સેન્ટિમીટર = ૦.૩૯ ઇંચ
૧ ફૂટ = ૦.૩૦૪૮ મીટર
૧ મીટર = ૩.૨૮ ફૂટ
૧ માઇલ = ૧.૬૧ કિલોમીટર
૧ કિલોમીટર = ૦.૬૨ માઇલ
૧ પાઉન્ડ = ૦.૪૫ કિલોગ્રામ
૧ કિલોગ્રામ = ૨.૨૧ પાઉન્ડ
૧ પિન્ટ = ૦.૫૭ લિટર
૧ લિટર = ૧.૭૬ પિન્ટ
૧ લિટર = ૦.૨૨ ગેલન
૧ ગેલન = ૪.૫૪૬ લિટર
૧ ગેલન પાણી = ૧૦ શેર
૧ ગેલન પેટ્રોલ = ૮ શેર
૧ ગેલન કેરોસીન = ૮ પિન્ટ
૧ કિલોમીટર = ૦.૬૨૧૪ માઇલ
૧ માઇલ = ૧૬૦૯ મીટર, ૧.૬૦૯ કિ.મી.
૧ ફૂટ = ૧૨ ઇંચ
૧ વાર = ૩ ફૂટ
૧ ફર્લોંગ = ૨૨૦ વાર
૧ માઇલ = ૫૨૮૦ ફૂટ
૧ માઇલ = ૧૭૬૦ વાર
૧ એકર = ૪૮૪૦ ચોરસ વાર
૧ ગુંઠા = ૧૨૧ ચોરસ વાર
૧ તોલા = ૧૧.૬૬૪ ગ્રામ
૧ ઔંસ = ૩૧.૧૦૩ ગ્રામ

૧૬ ઔંસ = ૧ પાઉન્ડ
૨૮ પાઉન્ડ = ૧ ક્વાર્ટર
૧ ક્વાર્ટર = ૧ હંડ્રવેટ
૨૦ હંડ્રવેટ = ૧ ટન
૧ રીમ = ૫૦૦ કાગળ
૧ દિવસ = ૨૪ કલાક
૧ કલાક = ૬૦ મિનિટ
૧ મિનિટ = ૬૦ સેકન્ડ
૧ ડઝન = ૧૨ નંગ
૧ ગ્રોસ = ૧૨ ડઝન
૧ એકર = ૦.૪૦૫ હેક્ટર
૧૦ મિલિગ્રામ = ૧ સેન્ટિગ્રામ
૧૦ સેન્ટિગ્રામ = ૧ ડેસિગ્રામ
૧૦ ડેસિગ્રામ = ૧ ગ્રામ
૧૦ ગ્રામ = ૧ ડેકાગ્રામ
૧૦ ડેકાગ્રામ = ૧ હેક્ટોગ્રામ
૧૦ હેક્ટોગ્રામ = ૧ કિલોગ્રામ
૧૦૦ કિલોગ્રામ = ૧ મેટ્રિક ટન
૧ કિલોગ્રામ = ૧૦૦૦ ગ્રામ
૧ એકર = ૪૦૪.૭ ચો.મીટર
૧ ચો.માઈલ = ૨.૫૯૯ ચો. કિ.મી.
૧ ચો.વાર = ૦.૮૩૬ ચોરસ મીટર
૧ ચો. ઈંચ = ૬.૪૫૧ ચો. સે.મી.
૧ ચો. ફૂટ = ૯૨૯.૦ ચો. સે.મી.
૧ ઘનફૂટ = ૦.૦૨૮૩૨ ઘનમીટર
૧ ઘનમીટર = ૩૫.૩૧૪૬ ઘનફૂટ
૧ રૂપિયો = ૧૦૦ પૈસા
૧ વાર = ૦.૯૧૪ મીટર

## સંખ્યાવાંચન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦,૦૦૦ | = | દસ હજાર | = | Ten Thousand | (ટેન થાઉઝન્ડ) |
| ૧,૦૦,૦૦૦ | = | એક લાખ | = | One Lac | (વન લેક) |
| ૧૦,૦૦,૦૦૦ | = | દસ લાખ | = | One Million | (વન મિલિયન) |
| ૧,૦૦,૦૦,૦૦૦ | = | એક કરોડ | = | Ten Million | (ટેન મિલિયન) |
| ૧૦,૦૦,૦૦,૦૦૦ | = | દસ કરોડ | = | Hundred Million | (હન્ડ્રેડ મિલિયન) |
| ૧૦૦,૦૦,૦૦,૦૦૦ | = | સો કરોડ (અબજ) | = | One Billion | (વન બિલિયન) |
| ૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | = | દસ અબજ (એક ખર્વ) | = | Ten Billion | (ટેન બિલિયન) |
| | | | | Ten Thousand Million | (ટેન થાઉઝન્ડ મિલિયન) |
| ૧૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | = | નિખર્વ (દસ ખર્વ) | = | Hundred Million | (હન્ડ્રેડ મિલિયન) |
| ૧૦૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | = | મહાપદ્મ | = | Trillion | (ટ્રિલિયન) |
| ૧૦૦૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | = | શંકુ | = | Ten Trillion | (ટેન ટ્રિલિયન) |
| ૧૦૦૦૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ | = | જલધિ | = | Hundred Trillion | (હન્ડ્રેડ ટ્રિલિયન) |

**મજા ભેંસ મજા**

એક ભેંસ જંગલમાં ડરેલી ગભરાયેલી ભાગી રહી હતી. ઉંદરે પૂછ્યું, : 'કેમ આટલી દોડે છે?'

***ભેંસ :*** પોલીસ જંગલમાં હાથી પકડવા આવી છે.

***ઉંદર :*** પણ તું તો ભેંસ છે ને!

***ભેંસ :*** હા, પણ આ ઇન્ડિયા છે બકા! અહીં પકડાઈ ગઈ તો કોર્ટમાં એ સાબિત કરતા ૨૦ વરસ લાગી જશે કે હું હાથી નહીં, ભેંસ છું!

આ સાંભળીને ઉંદર પણ ભાગવા લાગ્યો.

# સંક્ષિપ્ત રૂપોનાં પૂર્ણ નામો

AAAA – એશિયન એમેચ્યોર એથ્લેટિક એસોસિએશન
ABC – ઑડિટ બ્યુરો ઓફ સરક્યુલેશન
ACB – એન્ટીકરપ્શન બ્યુરો (લાંચરુશવત વિરોધી ખાતું)
AD – એનો ડોમિની, ઇસુના વર્ષમાં (ઇસવી સન)
AEC – એટમિક એનર્જી કમિશન (અણુશક્તિ પંચ) / અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપની
AGP – અસમ ગણપરિષદ (અસમનો રાજકીય પક્ષ)
AIADMK – ઓલ ઇન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ (તમિલનાડુનો રાજકીય પક્ષ)
AIC – એર ઇન્ડિયા કોર્પોરેશન
AICC – ઓલ ઇન્ડિયા કોંગ્રેસ કમિટી
AIDS – (એઇડ્સ) એક્વાયર્ડ ઇમ્યુનિટી ડેફિસિયન્સી સિન્ડ્રોમ (એક જીવલેણ જાતીય રોગનું નામ)
AIR – ઓલ ઇન્ડિયા રેડિયો (આકાશવાણી)
AISSF – ઓલ ઇન્ડિયા શીખ સ્ટુડન્ટ્સ ફેડરેશન
A/c – એકાઉન્ટ (હિસાબ)
AM – એન્ટી મેરિડિયમ (બપોરના બાર પહેલાં)
AWACS – એરબોર્ન વોર્નિંગ એન્ડ કન્ટ્રોલ સિસ્ટમ (એરક્રાફ્ટ)
ASLV – ઓગમેન્ટેડ સેટેલાઇટ લોન્ચ વ્હીકલ (અવકાશી રોકેટ)
BA – બેચલર ઑફ આર્ટસ (વિનયનના સ્નાતક)
BARC – ભાભા એટમિક એનર્જી રિસર્ચ સેન્ટર
BBC – બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (બ્રિટનની આકાશવાણી)
BC – બિફોર ક્રાઇસ્ટ (ઇ.સ. પૂર્વે) / બેકવર્ડ કાસ્ટ (પછાત જાતિ)
BCom – બેચલર ઓફ કોમર્સ (વાણિજ્યના સ્નાતક)
BE – બેચલર ઓફ એન્જિનિયરિંગ (ઇજનેરીના સ્નાતક)
BEd – બેચલર ઓફ એજ્યુકેશન (શિક્ષણના સ્નાતક)
BOAC – બ્રિટિશ ઓવરસીઝ એરવેઝ કોર્પોરેશન
BHEL – ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ
BJP – ભારતીય જનતા પાર્ટી (ભા.જ.પા.)
BSc – બેચલર ઓફ સાયન્સ (વિજ્ઞાનના સ્નાતક)
BSF – બોર્ડર સિક્યુરિટી ફોર્સ (સરહદી સલામતી દળ)
BTU – બ્રિટિશ થર્મલ યુનિટ
CA – ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સનદી હિસાબ તપાસનીશ)
CBI – સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (કેન્દ્રીય તપાસ પંચ)
CENTO – સેન્ટ્રલ ટ્રિટી ઓર્ગેનાઇઝેશન (બગદાદ કરાર)
CHOGM – કોમનવેલ્થ હેડ્સ ઑફ ગવર્નમેન્ટ મીટિંગ
CIA – સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ એજન્સી (અમેરિકાનું જાસૂસી ખાતું)

| | | |
|---|---|---|
| CID | – | ક્રિમિનલ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (ગુનાશોધક ખાતું) |
| CinC | – | કમાન્ડર ઇન ચીફ (સરસેનાપતિ) |
| CM | – | ચીફ મિનિસ્ટર (મુખ્ય પ્રધાન) |
| CNN | – | કેબલ ન્યુઝ નેટવર્ક (અમેરિકાના એટલાન્ટાની પ્રસારણ કંપની) |
| C/o | – | કેર ઑફ (—ની સંભાળ નીચે) |
| Co Ltd | – | કંપની લિમિટેડ |
| CPI | – | કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા (ભારતીય સામ્યવાદી પક્ષ) |
| CPI (M) | – | કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા (માર્કસિસ્ટ) |
| CRPF | – | સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (કેન્દ્રીય અનામત પોલીસ દળ) |
| CSIR | – | કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ |
| CTBT | – | કોમ્પ્રિહેન્સિવ ટેસ્ટ બાન ટ્રિટી |
| DA | – | ડિયરનેસ એલાઉન્સ (મોંઘવારી ભથ્થું) |
| DCB | – | ડેવલપમેન્ટ ક્રેડિટ બેન્ક |
| DMK | – | દ્રવિડ મુનેત્ર કઝગમ (તમિલનાડુનો રાજકીય પક્ષ) |
| DNA | – | ડાઇઓક્સિ રિબો ન્યુક્લિઇક એસિડ |
| do | – | ડિટ્ટો (તે જ પ્રમાણે) |
| DSP | – | ડિસ્ટ્રિક્ટ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ (જિલ્લા પોલીસ અધિકારી) |
| ECG | – | ઇલેક્ટ્રો કાર્ડિયોગ્રામ |
| ECM | – | યુરોપિયન કોમન માર્કેટ (યુરોપનું સહિયારું બજાર) |
| eg | – | એક્ઝેમ્પલી ગ્રેશિયા, ફોર ઇગ્ઝામ્પલ (દાખલા તરીકે) |
| etc | – | એટસેટ્રા (એન્ડ સો ફોર્થ, ઇત્યાદિ) |
| E & OE | – | એરર્સ એન્ડ ઑમિશન્સ એક્સેપ્ટેડ (ભૂલચૂક લેવીદેવી) |
| FBTR | – | ફાસ્ટ બ્રિડર ટેસ્ટ રિએક્ટર |
| FCI | – | ફૂડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા / ફર્ટિલાઇઝર કોર્પો. ઓફ ઇન્ડિયા |
| FOR | – | ફ્રી ઓન રેઇલ (રેલવે નૂર માફી) |
| FRCS | – | ફેલો ઑફ રૉયલ કૉલેજ ઑફ સર્જન્સ (વૈદ્યકીય ડિગ્રી) |
| GDR | – | જર્મન ડેમોક્રેટિક રિપબ્લિક (જર્મની) |
| GICS | – | જનરલ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા |
| GMT | – | ગ્રિનિચ મીન ટાઇમ (ગ્રિનિચ પ્રમાણસમય) |
| GNLF | – | ગુરખા નેશનલ લિબરેશન ફ્રન્ટ |
| GNP | – | ગ્રોસ નેશનલ પ્રોડક્ટ્સ (કુલ રાષ્ટ્રીય પેદાશ) |
| GPSC | – | ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (ગુજરાત જાહેર સેવા આયોગ) |
| GSLV | – | જિયોસિન્ક્રોનસ સેટેલાઇટ લોન્ચિંગ વેહીકલ |
| HCF | – | હાઇએસ્ટ કોમન ફેક્ટર (ગુરુત્તમ સાધારણ અવયવ) |
| HDFC | – | હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન |
| HE | – | હિઝ એક્સેલન્સી (નેક નામદાર) |
| HIV | – | હ્યુમન ઇમ્યુનો ડેફીસિયન્સી સિન્ડ્રોમ |

| | | |
|---|---|---|
| HMT | – | હિંદુસ્તાન મશીન ટુલ્સ |
| HMV | – | હિઝ માસ્ટર્સ વોઇસ (ગ્રામોફોન ટ્રેડમાર્ક) |
| HPCL | – | હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ |
| IA | – | ઇન્ડિયન એરલાઇન્સ |
| IAF | – | ઇન્ડિયન એરફોર્સ (ભારતીય હવાઇદળ) |
| IAEA | – | ઇન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સી (આંતરરાષ્ટ્રીય અણુપંચ) |
| IAS | – | ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (ભારતીય સનદી નોકરી) |
| IA & AC | – | ઇન્ડિયન ઓડિટ એન્ડ એકાઉન્ટ સર્વિસ |
| IBRD | – | ઇન્ટરનેશનલ બેન્ક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ |
| ICICI | – | ઇન્ડસ્ટ્રિયલ ક્રેડિટ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા |
| IDA | – | ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ એસોસિએશન (ઇડા) |
| IDBI | – | ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ બેન્ક ઓફ ઇન્ડિયા |
| IDFC | – | ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફાઇનાન્સ કંપની |
| IGNOU | – | ઇન્દિરા ગાંધી નેશનલ ઑપન યુનિવર્સિટી |
| ILO | – | ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન |
| IMF | – | ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (આંતરરાષ્ટ્રીય નાણાફંડ) |
| INS | – | ઇન્ડિયન નેવી શિપ (ભારતીય નૌકાદળનું વહાણ) |
| INTUC | – | ઇન્ડિયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસ (ઇન્ટુક) |
| IPC | – | ઇન્ડિયન પીનલ કોડ (ભારતીય ફોજદારી કાયદો) |
| IPR | – | ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ |
| ISKCON | – | ઇન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ણા કોન્સિયસનેસ |
| IPKF | – | ઇન્ડિયન પીસ કીપિંગ ફોર્સ (ભારતીય શાંતિ સ્થાપક દળ) |
| IST | – | ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઇમ (ભારતીય પ્રમાણસમય) |
| ISI | – | ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ઇન્સ્ટિટ્યૂટ |
| ISRO | – | ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો) |
| ITI | – | ઇન્ડસ્ટ્રિયલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ / ઇન્ડિયન ટેલિફોન ઇન્ડસ્ટ્રિઝ |
| JP | – | જસ્ટિસ ઑફ પીસ / જયપ્રકાશ નારાયણ |
| Kg | – | કિલોગ્રામ |
| LBW | – | લેગ બિફોર વિકેટ (ક્રિકેટની પરિભાષા) |
| LIB | – | લીગલ ઇન્વેસ્ટિગેશન બ્યુરો |
| LIC | – | લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન (જીવન વીમા નિગમ) |
| LLB | – | બેચલર ઑફ લૉઝ (કાયદાના સ્નાતક) |
| LTTE | – | લિબરેશન ટાઇગર ઑફ તમિલ ઇલમ (શ્રીલંકામાં વસતા તમિલોનું સંગઠન) |
| MA | – | માસ્ટર ઑફ આર્ટસ (વિનયનના અનુસ્નાતક) |
| MBBS | – | બેચલર ઓફ મેડિસિન એન્ડ બેચલર ઑફ સર્જરી |
| MCC | – | મેલબોર્ન ક્રિકેટ ક્લબ |
| MCom | – | માસ્ટર ઑફ કૉમર્સ (વાણિજ્યના અનુસ્નાતક) |

MD – ડૉક્ટર ઑફ મેડિસિન (દાક્તરી વિદ્યાના અનુસ્નાતક)
MISA – મેઇન્ટેનન્સ ઑફ ઇન્ટર્નલ સિક્યુરીટી એક્ટ (મિસા)
MLA – મેમ્બર ઑફ લેજિસ્લેટિવ એસેમ્બલી (વિધાનસભાના સભ્ય)
MLC – મેમ્બર ઑફ લેજિસ્લેટિવ કાઉન્સિલ (વિધાન પરિષદના સભ્ય)
MNF – મિઝો નેશનલ ફ્રન્ટ (મિઝોરમનો રાજકીય પક્ષ)
MO – મનીઑર્ડર (ટપાલથી પૈસા મોકલવાની વિધિ)
MS – માસ્ટર ઑફ સર્જરી (વાઢકાપના અનુસ્નાતક)
MSc – માસ્ટર ઑફ સાયન્સ (વિજ્ઞાનના અનુસ્નાતક)
NATO – નોર્થ એટલેન્ટિક ટ્રિટી ઓર્ગેનાઇઝેશન (નાટો)
NASA – નેશનલ ઍરોનોટિક એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન
NB – નોટા બેને (તા.ક.) નોંધ
NCERT – નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ
NCC – નેશનલ કેડેટ કૉર (રાષ્ટ્રીય સૈનિક દળ)
NDA – નેશનલ ડિફેન્સ એકેડેમી (રાષ્ટ્રીય સંરક્ષણ અકાદમી)
NHRC – નેશનલ હ્યુમન રાઇટ્સ કમિશન (માનવ અધિકાર પંચ)
NPA – નોન પરફોર્મિંગ એકાઉન્ટ
NRI – નોન રેસિડેન્ટ ઇન્ડિયન (બિનનિવાસી ભારતીય)
OIGC – ઑન ઇન્ડિયન ગવર્નમેન્ટ સર્વિસ (સરકારી ટપાલ)
ONGC – ઑઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (કુદરતી તેલ વાયુ નિગમ)
OK – ઓ.કે. (ઓલ કરેક્ટ) બધું બરાબર
PDS – પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમ (જાહેર વિતરણ વ્યવસ્થા)
PIN – પોસ્ટલ ઇન્ડેક્ષ નંબર (પોસ્ટનો ક્રમ નંબર)
PIO – પર્સન્સ ઑફ ઇન્ડિયન ઓરીજિન
PM – પ્રાઇમ મિનિસ્ટર (વડાપ્રધાન) / પાસ્ટ મેરિડિયન (બપોર પછી)
PhD – ડૉક્ટર ઑફ ફિલોસોફી (જે તે વિષયના જ્ઞાનની ઉચ્ચ ઉપાધિ)
PPP – પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ
P & T – પોસ્ટ એન્ડ ટેલિગ્રાફ (તાર-ટપાલ ખાતું)
PTI – પ્રેસ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા
PTO – પ્લીઝ ટર્ન ઓવર (પાછળ જુઓ)
POK – પાકિસ્તાન ઑક્યુપાઇડ કશ્મીર (પાકિસ્તાનના કબજાનો કાશ્મીરનો ભાગ)
PWD – પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટ (જાહેર બાંધકામ ખાતું)
RBI – રિઝર્વ બેન્ક ઑફ ઇન્ડિયા
RLV – રિયુઝેબલ લોન્ચ વેહીકલ
RMS – રેલવે મેઇલ સર્વિસ (રેલવે ટપાલ ખાતું)
RSS – રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ
RTO – રિજિયોનલ ટ્રાન્સપોર્ટ ઑફિસ
rpm – રિવોલ્યુશન પર મિનિટ (દર મિનિટે ફરતા આંટા)

| | | |
|---|---|---|
| SAARC | – | સાઉથ એશિયન એસોસિએશન ફોર રીજિયોનલ કોર્પોરેશન (સાર્ક) |
| SAIL | – | સ્ટીલ ઑથોરિટી ઑફ ઇન્ડિયા લિમિટેડ |
| SBI | – | સ્ટેટ બેન્ક ઑફ ઇન્ડિયા |
| SCI | – | શિપિંગ કોર્પોરેશન ઑફ ઇન્ડિયા |
| SDI | – | સ્ટ્રેટેજીક ડિફેન્સ ઇનિશિયેટીવ (સ્ટાર વૉરની રેગન યોજના) |
| SEBI | – | સિક્યુરીટીઝ એન્ડ એક્ષચેંજ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) |
| SEATO | – | સાઉથ ઇસ્ટ એશિયા ટ્રિટી ઓર્ગેનાઇઝેશન (સીઆટો) |
| SGPC | – | શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક કમિટી |
| SITE | – | સેટેલાઇટ ઇન્સ્ટ્રક્શન ટેલિકમ્યુનિકેશન એક્સપરિમેન્ટ |
| SIV | – | સિમિયન ઇમ્યુનીડેફિસિયન્સી વાયરસ |
| SRPF | – | સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (રાજ્ય અનામત પોલીસ દળ) |
| STAR (TV) | – | સેટેલાઇટ ટેલિવિઝન ફોર એશિયન રીજિયન (હોંગકોંગથી પ્રસારણ) |
| STC | – | સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશન (રાજ્ય વ્યાપાર કંપની) |
| STD | – | સબસ્ક્રાઇબર ટ્રંક ડાયલિંગ (ગ્રાહક દ્વારા સીધા ટ્રંકકોલ) |
| SWAPO | – | સાઉથ વેસ્ટ આફ્રિકા (નામિબિયા) પીપલ્સ ઓર્ગેનાઇઝેશન |
| TELEX | – | ટેલિપ્રિન્ટર એક્ષચેંજ (ટેલિપ્રિન્ટર દ્વારા સમાચાર) |
| TA | – | ટ્રાવેલિંગ એલાઉન્સ (પ્રવાસ ભથ્થું) |
| TADA | – | ટેરરિસ્ટ એન્ડ ડિસ્પ્યુટિવ એક્ટિવિટી પ્રિવેન્શન એક્ટ |
| TELCO | – | તાતા એન્જિનિયરિંગ એન્ડ લોકોમોટીવ વર્કસ (ટેલ્કો) |
| TISCO | – | તાતા આયર્ન એન્ડ સ્ટીલ કંપની (ટિસ્કો) |
| TULF | – | તમિલ યુનાઇટેડ લિબરેશન ફ્રન્ટ |
| TV | – | ટેલિવિઝન (દૂરદર્શન) |
| TTE | – | ટ્રાવેલિંગ ટિકિટ એક્ઝામિનર (ટિકિટ તપાસનાર) |
| UBI | – | યુનાઇટેડ બેન્ક ઑફ ઇન્ડિયા |
| UGC | – | યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન |
| UK | – | યુનાઇટેડ કિંગ્ડમ (ગ્રેટ બ્રિટન) |
| UN | – | યુનાઇટેડ નેશન્સ (સંયુક્ત રાષ્ટ્રો) |
| UNCTAD | – | યુએન કોન્ફરન્સ ઑન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (અંક્ટાડ) |
| UNDP | – | યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ |
| USAID | – | યુનાઇટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ |
| UNIDO | – | યુનાઇટેડ નેશન્સ ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન |
| UNRRA | – | યુનાઇટેડ નેશન્સ રિલીફ એન્ડ રીહેબીલીટેશન એડમિનિસ્ટ્રેશન |
| UNEP | – | યુનાઇટેડ નેશન્સ એન્વાયરોનમેન્ટ પ્રોગ્રામ |
| UNESCO | – | યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન (યુનેસ્કો) |
| UNI | – | યુનાઇટેડ ન્યુઝ ઓફ ઇન્ડિયા (ભારતીય સમાચાર સંસ્થા) |
| UNICEF | – | યુનાઇટેડ નેશન્સ ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઇમરજન્સી ફંડ (યુનિસેફ) |
| UP | – | ઉત્તર પ્રદેશ |

UPSC – યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (જાહેર નોકરી પંચ)
USA – યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો)
USIS – યુનાઈટેડ સ્ટેટ્સ ઈન્ફર્મેશન સર્વિસ (યુસિસ)
USSR – યુનાઈટેડ સોવિયટ સોશિયાલિસ્ટ રિપબ્લિક (રશિયા)
UTI – યુનિટ ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા
VAT – વેલ્યુ એડેડ ટેક્ષ
VCR – વીડિયો કેસેટ રેકોર્ડર
VDIS – વૉલંટરી ડિસ્કલોઝર ઑફ ઈન્કમ સ્કીમ
VHP – વિશ્વ હિંદુ પરિષદ
VIP – વેરી ઈમ્પોર્ટન્ટ પર્સન (ઘણી મહત્ત્વની વ્યક્તિ)
VPP – વેલ્યુ પેયેબલ બાય પોસ્ટ
VC – વાઈસ ચાન્સેલર (કુલપતિ)
VOA – વૉઈસ ઑફ અમેરિકા (અમેરિકન આકાશવાણી)
VD – વેનેરિયલ ડિસિઝિસ (જાતીય રોગો)
VIZ – વીઝ નેમ્લી (એટલે કે)
WHO – વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન (વિશ્વ આરોગ્ય સંસ્થા)
WWF – વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડ
WWW – વર્લ્ડવાઈડ વેબ
X-mas – ક્રિસમસ (નાતાલ)
ZSI – ઝુઓલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયા

## ભારતના રાજકીય પક્ષોનાં સંક્ષિપ્ત અને પૂર્ણ નામો

| Abbreviations | Partys' Full Name | National or Regional |
|---|---|---|
| BJP | ભારતીય જનતા પાર્ટી | રાષ્ટ્રીય |
| BSP | બહુજન સમાજ પાર્ટી | ઉત્તર પ્રદેશ તથા અન્ય રાજ્યોમાં |
| CPI | કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા | રાષ્ટ્રીય |
| CPI (M) | કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા (માર્કસિસ્ટ) | રાષ્ટ્રીય |
| INC | ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ - ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | રાષ્ટ્રીય |
| NCP | નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી | મહારાષ્ટ્ર |
| AIADMA | ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ | તામિલનાડુ |
| AGP | આસામ ગણ પરિષદ | આસામ |
| AIFB | ઓલ ઈન્ડિયા ફોરવર્ડ બ્લોક | વેસ્ટ બેંગાલ |
| AITC | ઓલ ઈન્ડિયા તૃણમુલ કોંગ્રેસ | વેસ્ટ બેંગાલ |

| | | |
|---|---|---|
| BJD | બીજુ જનતા દળ | ઓરિસ્સા |
| DMK | દ્રવિડ મુનેત્ર કઝગમ | તામિલનાડુ |
| INLD | ઇન્ડિયન નેશનલ લોક દલ | હરિયાણા |
| JD (S) | જનતા દળ (સીક્યુલર) | રાષ્ટ્રીય (આંશિક) |
| JD (U) | જનતા દળ (યુનાઈટેડ) | રાષ્ટ્રીય (આંશિક) |
| JKN | જમ્મુ એન્ડ કાશ્મીર નેશનલ કોન્ફરન્સ | જમ્મુ એન્ડ કાશ્મીર |
| JKNPP | જમ્મુ એન્ડ કાશ્મીર નેશનલ પેન્થર્સ પાર્ટી | જમ્મુ એન્ડ કાશ્મીર |
| JKPDP | જમ્મુ એન્ડ કાશ્મીર પીપલ્સ ડેમોક્રેટીક પાર્ટી | જમ્મુ એન્ડ કાશ્મીર |
| JMM | ઝારખંડ મુક્તિ મોર્ચા | ઝારખંડ |
| LJNSP | લોક જનશક્તિ પાર્ટી | બિહાર |
| KEC (M) | કેરાલા કોંગ્રેસ (એમ) | કેરાલા |
| MAG | મહારાષ્ટ્રવાદી ગોમાંતક | ગોવા |
| MDMK | મરુમાલાર્ચી દ્રવિડ મુન્નેત્ર કઝગમ | તામિલનાડુ |
| MNF | મિઝો નેશનલ ફ્રન્ટ | મિઝોરમ |
| MPP | મણિપુર પીપલ્સ પાર્ટી | મણિપુર |
| MLKSC | મુસ્લિમ લીગ કેરાલા સ્ટેસ કમિટી | કેરાલા |
| NPF | નાગાલેન્ડ પીપલ્સ ફ્રન્ટ | નાગાલેન્ડ |
| PMK | પટ્ટલી મક્કલ કાચી | તામિલનાડુ |
| RJD | રાષ્ટ્રીય જનતા દલ | બિહાર અને અન્ય રાજ્યોમાં |
| RLD | રાષ્ટ્રીય લોક દલ | ઉત્તર પ્રદેશ |
| RPI (A) | રીપબ્લિકન પાર્ટી ઑફ ઇન્ડિયા (આઠવલે) | મહારાષ્ટ્ર |
| RSP | રિવોલ્યુશનરી સોશિયાલિસ્ટ પાર્ટી | વેસ્ટ બેંગાલ |
| SAD (B) | અકાલી દલ (બાદલ) | પંજાબ |
| SAD (M) | અકાલી દલ (માન) | પંજાબ |
| SDF | સિક્કીમ ડેમોક્રેટીક ફ્રન્ટ | સિક્કીમ |
| SHS | શિવસેના | મહારાષ્ટ્ર |
| SP | સમાજવાદી પાર્ટી | ઉ.પ્ર. અને અન્ય રાજ્યોમાં |
| TDP | તેલુગુ દેશમ પાર્ટી | આંધ્ર પ્રદેશ |
| TRS | તેલંગાણા રાષ્ટ્ર સમિતિ | આંધ્ર પ્રદેશ |
| UGDP | યુનાઈટેડ ગોવા ડેમોક્રેટીક પાર્ટી | ગોવા |
| UKKD | ઉત્તરાખંડ ક્રાંતિ દલ | ઉત્તરાખંડ |

*માત્ર ઊભા રહીને પાણીને જોવાથી નદી પાર નથી કરી શકાતી. તેમાં ઝંપલાવવું પડે છે.*

# ચેક બાઉન્સનો કાયદો કડક બને છે

"હવે ચેક બાઉન્સ થયો, તો મર્યા સમજો." લોકસભામાં તા. ૨૩ જુલાઈ, ૨૦૧૮ના રોજ પાસ થઈ ગયું વિધેયક.

ચેક આપીને બાદમાં બાઉન્સ થાય તો શું કરી લેવાના છે? કાયદામાં વધારે સજાની જોગવાઈ જ ન હોવાથી ચેક બાબતની ગંભીરતાને કોઈ લેતું જ નથી. જેને પગલે ચેકનું મહત્ત્વ ધીમેધીમે ઘટી રહ્યું હતું. હવેથી ચેક બાઉન્સ થયો તો મર્યા સમજજો. જેથી ચેક આપતા પહેલા ખાતામાં બેલેન્સની જોગવાઈ કરી લેવી એ જરૂરી છે. તા. ૨૩ જુલાઈ, ૨૦૧૮ના રોજ લોકસભામાં નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ સંશોધન વિધેયક, ૨૦૧૭ ધ્વનિમતથી પાસ થઈ ગયું છે. રાજ્ય નાણામંત્રી શિવ પ્રતાપ શુક્લાએ વિધેયક પર ચર્ચા કરતાં જણાવ્યું હતું કે, હાલમાં ચેક બાઉન્સ થાય તો સજાની જોગવાઈ છે. આ કેસમાં અપીલ કરવાની જોગવાઈને પગલે કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે અને ચેકની વિશ્વસનિયતામાં પણ ઘટાડો થયો છે.

- **હવે શું છે નવા નિયમો?**

નવા નિયમો અનુસાર કેસ કરનારને તાત્કાલિક ન્યાય મળશે. કેસ કરનારને ૨૦ ટકા રકમ મુઆવજાના સ્વરૂપમાં આપવાની જોગવાઈ કરાઈ છે. જો કેસ અપીલ અદાલતમાં જશે તો ૨૦ ટકા રકમ બીજી કોર્ટમાં જમા કરાવવી પડશે. ચેક આપનારે ૨૦ ટકા દંડ સાથે વ્યાજ પણ આપવું પડશે. કોર્ટ ઇચ્છે તો આ દંડની રકમ ૧૦૦ ટકા પણ કરી શકે છે. વિધેયકમાં અધિનિયમ ૧૪૩ અંતર્ગત અપીલ કરનારને વ્યાજ સહિત પૈસા ચૂકવવાની જોગવાઈ કરાઈ છે. ધારા ૧૩૮ અંતર્ગત કોર્ટમાં કેસ ચાલવાની સાથે ૨ મહિનામાં જ ૨૦ ટકા રકમ ચૂકવી આપવી પડશે. મોટી રકમ હોય તો બે ભાગમાં રકમ ચૂકવવા માટે સમયગાળો ૩૦ દિવસ વધારી શકાય છે. ધારા ૧૪૮માં સુધારાઓ કરી કોર્ટને ચેક આપનાર સામે દંડ ફટકારવાનો પણ અધિકાર અપાયો છે.

શિવપ્રતાપ શુક્લાના જણાવ્યા અનુસાર, "વિધેયક પાસ થતાં ચેકની વિશ્વસનીયતામાં વધારો થશે, વેપારમાં પણ વધારો થશે. લોકો ચેકથી લેવડ દેવડમાં ભરોસો એકબીજા પર મૂકી શકશે." – હવે ચેક બાઉન્સ થયો તો મર્યા સમજો. લોકસભામાં આ બીલ પાસ થઈ ગયું છે.

# ભારતમાં મંદિરોની આવક અને ભારતના ગરીબોની સંખ્યા

*શું તમે જાણો છો.......*

| | ભારતમાં આવેલ મંદિર | વાર્ષિક ફાળો | દરરોજના સરેરાશ રૂા. |
|---|---|---|---|
| ૧. | શીરડીનું સાંઇ મંદિર | રૂા. ૩૬૦ કરોડ | રૂા. ૯૮ લાખ |
| ૨. | તિરૂપતિ બાલાજી મંદિર | રૂા. ૨૨૪૮ કરોડ | રૂા. ૬ કરોડ ૨૪ લાખ |
| ૩. | વૈષ્ણોદેવી મંદિર | રૂા. ૫૦૦ કરોડ | રૂા. ૧ કરોડ ૩૬ લાખ |
| ૪. | 'Guruvayyrappan Temple' | રૂા. ૪૮૦૦ કરોડ. | રૂા. ૧૩.૧૫ કરોડ. |
| ૫. | 'મહાલક્ષ્મી મંદિર' (મહારાષ્ટ્ર) | રૂા. ૧૪.૬૬ કરોડ. | રૂા. ૪.૧ લાખ |
| ૬. | 'સિદ્ધિવિનાયક મંદિર' (મહારાષ્ટ્ર) | રૂા. ૪૮ થી ૧૨૫ કરોડ. | રૂા. ૧૩ લાખથી ૩૩ લાખ. |
| ૭. | 'મીનાક્ષી મંદિર' (તામિલનાડુ) | રૂા. ૬૦૦ કરોડ | રૂા. ૧.૬૪ કરોડ |
| ૮. | Lingaraj Temple (Odisha) | રૂા. ૫૨૦ કરોડ | રૂા. ૧.૪૨ કરોડ |
| ૯. | કાશી વિશ્વનાથ મંદિર (વારાણસી) | રૂા. ૪.૫ કરોડ | રૂા. ૧.૨૨ લાખ |

આ તો વાત થઈ ભારતના ૮-૧૦ મંદિરોની. પરંતુ આવા તો ૫૦ કરતાંય વધુ મંદિરો છે કે જ્યાં દરરોજ કરોડો રૂપિયાનું દાન થાય છે. આમ બધું થઇને ભારતમાં દરરોજ અબજો રૂપિયાનું દાન થાય છે.

હવે વાત કરીએ ભારતના ગરીબોની. તો ભારતમાં લગભગ ૨૬% લોકો ગરીબી રેખાની નીચે જીવે છે. એટલે કે ૧૨૫ કરોડ લોકોમાંથી ૩૨.૫ કરોડ લોકો ગરીબ છે. કુલ મળીને આશરે બધા મંદિરોનો ફાળો રૂા. ૩૦ કરોડ દરરોજનો છે. તો પછી વાર્ષિક રૂા. ૧૧૦૦૦ કરોડનો ફાળો થાય. અને એની સરખામણીએ ભારતમાં ૩૨.૫ કરોડ ગરીબ લોકો છે.

મતલબ કે જો ભારતના મંદિરોમાં ૧ વર્ષ દાન ન આપવામાં આવે તો રૂા. ૧૧,૦૦૦ કરોડ બચે અને આ જ રૂપિયા ભારતના ૩૨.૫ કરોડ ગરીબ લોકોને આપવામાં આવે તો પ્રત્યેક ગરીબને રૂા. ૩૩૬ લાખ મળે.

ઓહ!!!

સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરો તો બાકી જ....

મતલબ કે ભારતના તમામ ગરીબ, જે Audi, BMW કે Ferrari જેવી કારનો માલીક બની જાય...

આ વિગતો કહેવાનો મતલબ શું છે તે તમે જાણી જ ગયા હશો...!

મિત્રો, ધન મંદિરો (તમામ ધાર્મિક સ્થાનો)માં નહીં પણ ગરીબોને આપો. (ગરીબ લોકો પોતાની રીતે કમાઈ શકે તેવી વ્યવસ્થા ઊભી કરો.)

ભગવાનને તો માત્ર તમારા 'પ્રેમભાવ'ની જ જરૂરિયાત છે. જેઓ ખરેખર ગરીબ છે તેમને મદદ કરો.

*(નોંધ : તમામ મંદિરોની આંકડાકીય માહિતી ઈન્ટરનેટ પરથી મેળવેલી છે.)*

## ભારતમાં વિવિધ ધર્મના લોકોની વસ્તી

| **ધર્મ** | **વસ્તી (ઇ.સ. ૨૦૧૧ના આધારે)** | |
|---|---|---|
| હિન્દુ | ૯૬.૬૩ કરોડ | (૭૯.૮%) |
| મુસ્લિમ | ૧૭.૨૨ કરોડ | (૧૪.૨%) |
| ખ્રિસ્તી | ૨.૭૮ કરોડ | (૨.૩%) |
| શીખ | ૨.૦૮ કરોડ | (૧.૭%) |
| બૌદ્ધ | ૦.૮૪ કરોડ | (૦.૭%) |
| જૈન | ૦.૪૫ કરોડ | (૦.૪%) |
| અન્ય ધર્મીઓ | ૦.૭૯ કરોડ | (૦.૭%) |
| ધર્મમાં ન માનનારા | ૨૮,૬૭,૩૦૩ | |

(***નોંધ :*** ભારતની કુલ વસ્તી ૧,૨૧,૦૧,૯૩,૪૨૨ – ૩૧ માર્ચ, ૨૦૧૧)

*જિંદગીમાં બે વસ્તુ જરૂરથી મેળવીએ :*
*એક કૃષ્ણ જે લડે નહીં તેમ છતાં જીત પાકી કરી દે.*
*બીજો કર્ણ, જેને ખબર છે કે હાર નિશ્ચિત છે તેમ છતાં સાથ ના છોડે.*

# ભારતમાં જૈન પોપ્યુલેશન

★ **ભારતમાં જૈનોની વસ્તી**

| | |
|---|---|
| કુલ | : ૪૪,૫૧,૭૫૩ |
| પુરુષો | : ૨૨,૭૮,૦૯૭ |
| સ્ત્રીઓ | : ૨૧,૭૩,૬૫૬ |
| શહેરોમાં | : ૩૫,૪૬,૯૪૪ |
| ગામડાંઓમાં | : ૯,૦૪,૮૦૯ |

★ **જૈનોની વધુ વસ્તી ધરાવતા રાજ્યો**

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | : ૧૪,૦૦,૩૪૯ |
| રાજસ્થાન | : ૬,૨૨,૦૨૩ |
| ગુજરાત | : ૫,૭૯,૬૫૪ |
| મધ્ય પ્રદેશ | : ૫,૬૭,૦૨૮ |
| કર્ણાટક | : ૪,૪૦,૨૮૦ |
| ઉત્તર પ્રદેશ | : ૨,૧૩,૨૬૭ |
| દિલ્હી | : ૧,૬૬,૨૩૧ |
| તામિલનાડુ | : ૮૯,૨૬૫ |
| છત્તીસગઢ | : ૬૧,૫૧૦ |
| વેસ્ટ બેંગાલ | : ૬૦,૧૪૧ |

● **જ્યાં જૈનોની વસ્તી ૧૦,૦૦૦થી ૬૦,૦૦૦ વચ્ચેની છે તેવા રાજ્યો**

| | |
|---|---|
| આંધ્ર પ્રદેશ | : ૫૩,૮૪૯ |
| હરિયાણા | : ૫૨,૬૧૩ |
| પંજાબ | : ૪૫,૦૪૦ |
| આસામ | : ૨૫,૯૪૯ |
| બિહાર | : ૧૮,૯૧૦ |
| ઝારખંડ | : ૧૪,૯૭૪ |

● **જ્યાં જૈનોની વસ્તી ૧૦,૦૦૦થી ઓછી છે તેવા રાજ્યો**

| | |
|---|---|
| ઓરિસ્સા | : ૯,૪૨૦ |
| ઉત્તરાખંડ | : ૯,૧૮૩ |
| કેરાલા | : ૪,૪૮૯ |
| નાગાલેન્ડ | : ૨,૬૫૫ |
| જમ્મુ એન્ડ કાશ્મીર | : ૨,૪૯૦ |
| ચંદીગઢ | : ૧,૯૬૦ |
| હિમાચલ પ્રદેશ | : ૧,૮૦૫ |
| મણિપુર | : ૧,૬૯૨ |
| પોંડિચેરી | : ૧,૪૦૦ |
| દાદરા અને નગર હવેલી | : ૧,૧૮૬ |
| ગોવા | : ૧,૧૦૯ |
| અરુણાચલ પ્રદેશ | : ૭૭૧ |
| મેઘાલય | : ૬૨૭ |
| મિઝોરમ | : ૩૭૬ |
| સિક્કિમ | : ૩૧૪ |
| દીવ અને દમણ | : ૨૮૭ |
| આંદામાન એન્ડ નિકોબાર | : ૩૧ |
| લક્ષદ્વીપ | : ૧૧ |

*(બધી જાણકારી ફેબ્રુઆરી ૨૦૧૪માં ભારતમાં થયેલ એક સર્વે અનુસાર)*

★ જૈન મંદિરો : ૧૬,૫૭૦

★ પથ્થરની મૂર્તિઓ : ૨,૦૭,૮૯૬

★ જૈન ઉપાશ્રય અને ધર્મ સ્થાનકો : ૧૯,૫૬૭

★ જૈન સમાજ સંચાલિત હોસ્પિટલો : ૧૪૫

★ જૈન સમાજ સંચાલિત સ્કૂલ કોલેજો : ૬૮

★ આંશિક રૂપથી જૈન સમાજ દ્વારા સંચાલિત સ્કુલ કોલેજો : ૧૨૩૪

★ જૈન સમાજ દ્વારા સંચાલિત જીવરક્ષા કેન્દ્રો : ૧,૪૦૮

★ સાધુ ભગવંતો : ૫,૬૭૮

★ સાધ્વીજી - મહાસતીજી : ૨૩,૭૬૮

★ જૈન એન.જી.ઓ. : લગભગ ૩,૬૦૦

★ જૈન સમાજની પ્રાઈવેટ લિમિટેડ કંપનીઓ : ૩,૪૦૦

★ શેર બજારમાં જૈનોની હિસ્સેદારી : ૩૪%

★ દેશના ઈન્કમટેક્ષમાં જૈન સમાજનું યોગદાન : ૨૩%

★ જૈન માલીકો તથા જૈન સંસ્થાઓ દ્વારા આપવામાં આવી રહેલ પ્રત્યક્ષ રોજગારી : ૨.૫ કરોડ

***જૈન સમાજ, એ ભારત દેશનો એવો પહેલો સમાજ છે જેનું આંદોલન અનામતના લાભ માટે નથી થતું પરંતુ માત્ર અને માત્ર જીવદયા અને જીવરક્ષા માટે થાય છે.***

# સંપૂટ-૪ : વિશ્વ


પાના નંબર

- વિશ્વના વૈજ્ઞાનિકો ........ ૯૮-૧૦૫
- વિજ્ઞાન જગત
  - (A) વિવિધ વિજ્ઞાન ........ ૧૦૬
  - (B) અવકાશી વિજ્ઞાન ........ ૧૦૭
  - (C) વૈજ્ઞાનિક શોધો અને શોધકો ........ ૧૦૮
  - (D) વૈજ્ઞાનિક સાધનો ........ ૧૧૨
  - (E) વૈજ્ઞાનિક કારણો ........ ૧૧૪
  - (F) અણુવૈજ્ઞાનિક શોધો ........ ૧૧૫
  - (G) આધુનિક શોધો ........ ૧૧૬
  - (H) વિજ્ઞાનની દૃષ્ટિએ માનવશરીર ........ ૧૧૮
  - (I) આધુનિક વિજ્ઞાન ........ ૧૧૯
- બ્રહ્માંડ અને અવકાશ ........ ૧૨૦
- સૂર્યમંડળના ગ્રહો ........ ૧૨૨
- મહાન વૈજ્ઞાનિકો અને તેમની શોધો ........ ૧૨૨
- પૃથ્વી ઉપરના વાતાવરણના થરો ........ ૧૨૪
- સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)ના અગત્યના અંગો ........ ૧૨૫
- પ્રથમ વિશ્વયુદ્ધ અને દ્વિતીય વિશ્વયુદ્ધ ........ ૧૨૭
- વિશ્વની મહાન વ્યક્તિઓ ........ ૧૨૯
- વિવિધ દેશોના સમય ........ ૧૩૧
- વિશ્વના વિવિધ દેશોના નવા નામ ........ ૧૩૨
- ઈન્ટરનેટ, વેબ વર્લ્ડ કે સાયબર વર્લ્ડના બ્રાન્ડ નામો અને તેની માર્કેટ કિંમત ........ ૧૩૨
- વિશ્વના મોટા વિસ્તારના દેશો ........ ૧૩૩
- વિશ્વના નાના વિસ્તારના દેશો ........ ૧૩૩
- વિશ્વની મોટી વસ્તીવાળા દેશો ........ ૧૩૪
- વિવિધ દેશોનું ચલણી નાણું ........ ૧૩૪
- વિવિધ પેદાશો ઉત્પન્ન કરતા દેશો ........ ૧૩૫
- વિવિધ ખનીજો ઉત્પન્ન કરતા દેશો ........ ૧૩૬
- વિશ્વના શહેરોના જૂના અને નવા નામ ........ ૧૩૭
- વિશ્વની અજાયબીઓ ........ ૧૩૭
- વિશ્વની સૌથી મોટી કંપનીઓ ........ ૧૩૮
- વિશ્વના મુખ્ય ધર્મોના અનુયાયીઓ ........ ૧૩૮
- વિશ્વમાં રમાતી રમતો ........ ૧૩૯

# વિશ્વના વૈજ્ઞાનિકો

## એમઆરઆઇ મશીનનો શોધક રેમન્ડ વહાન ડેમેડિયન




માણસને થતા રોગોની તપાસ કરવા માટે ઘણી પદ્ધતિઓ શોધાઈ છે. પરંતુ આધુનિક એમઆરઆઈ પદ્ધતિ સૌથી વધુ કાર્યક્ષમ છે. એમઆરઆઈ મશીનથી શરીરના આંતરિક ભાગોની ઝીણવટભરી તસવીરો જોવા મળે છે. આ ઇમેજિંગ પદ્ધતિ સંપૂર્ણ તપાસ તેમજ કેન્સર જેવા ઘાતક રોગોના નિદાન માટે પણ ઉપયોગી થાય છે.

**એમઆરઆઈ મશીનની શોધ રેમન્ડ ડેમેડિયન નામના વિજ્ઞાનીએ કરેલી.**

રેમન્ડ વહાનનો જન્મ ઇ.સ. ૧૯૩૬ ના માર્ચની ૧૬ તારીખે અમેરિકાના ન્યૂયોર્કમાં થયો હતો. વિસ્કોન્સિવ યુનિવર્સિટીમાં મેથેમેટિક્સમાં બેચલર થયા બાદ આલ્બર્ટ આઈનસ્ટાઈન કૉલેજમાંથી એમ.ડી.ની ડિગ્રી મેળવી હતી. સજીવોના શરીરમાં પોટેશિયમ અને સોડિયમ હોવાથી તે મેગ્નેટિક ફિલ્ડ સામે પ્રતિક્રિયા આપે છે તેવા સિદ્ધાંત સાથે તેણે કરેલા પ્રયોગો દ્વારા મેગ્નેટિક ફિલ્ડ દ્વારા શરીરની આંતરિક ઈમેજ લેવાની પદ્ધતિનું આલેખન કર્યું હતું. આ પદ્ધતિથી કેન્સરની ગાંઠ ઓળખી શકાય છે તેમ જાહેર કરીને તેણે એક યંત્ર બનાવ્યું. ૧૯૭૭માં તેણે પોતાના એમઆરઆઈ મશીન દ્વારા કેન્સરનું નિદાન કરવામાં સફળતા મેળવી. આ શોધ બદલ તેને અમેરિકામાં ઘણા બધા સન્માન મળેલા.

એમઆરઆઈ મશીન બનાવીને ઉત્પાદન કરવા માટે તેણે ફોનાર કંપની સ્થાપી હતી. એમઆરઆઈ ની શોધ બદલ તેને અમેરિકાનો નેશનલ મેડલ ઓફ ટેકનોલોજી, બોવર ઍવૉર્ડ, બાયોસાયન્સ ઇનોવેશન ઍવૉર્ડ વગેરે ઍવૉર્ડ એનાયત થયેલા. ૨૦૦૩ માં મેડિસિનના નોબેલ ઇનામ માટે તેનું નામ વિવાદાસ્પદ બનેલું. ■

## લીવરનો અભ્યાસ કરનાર પ્રથમ વિજ્ઞાની ક્લાઉડ બર્નાર્ડ



માનવ શરીરમાં લીવર અગત્યનો અવયવ છે. લીવર એક મોટી લેબોરેટરી જેવું છે. તેમાં શરીરની જૈવિક પ્રક્રિયાઓને ચાલુ રાખનારા અનેક હોર્મોન અને રસાયણો પેદા થાય છે. લીવરની રચના અને કાર્યનો સૌ પ્રથમ અભ્યાસ ક્લાઉડ બર્નાર્ડ નામના વિજ્ઞાનીએ કરેલો. આ અભ્યાસથી ઘણા રોગોના નિદાન અને સારવાર શક્ય બન્યા છે.

ક્લાઉડ બર્નાર્ડનો જન્મ ઇ.સ. ૧૮૧૩ ના જુલાઈની ૧૨ તારીખે ફ્રાન્સના સેંટ જુલિયન ગામમાં થયો હતો. સ્થાનિક લિઓન કૉલેજમાં અભ્યાસ કર્યા બાદ ઇ.સ. ૧૮૩૪ માં તે પેરિસ ગયો. પેરિસના સુવિખ્યાત ડૉક્ટર ફ્રાન્કોઈઝ મેગેન્ડીની હોસ્પિટલમાં કારકિર્દી શરૂ કરી. બર્નાર્ડ રોગોની સારવાર માટે પ્રચલિત અંધશ્રદ્ધાઓ દૂર કરી વૈજ્ઞાનિક પદ્ધતિ વિકસાવી. તેણે શરીરના ઘણા અવયવોનો અભ્યાસ કરી રોગોની સારવાર માટે વૈજ્ઞાનિક પદ્ધતિનો પાયો નાખ્યો. આ અભ્યાસમાં લીવર અને પેનક્રિયાસ મુખ્ય હતા. બર્નાર્ડે કરેલા સંશોધનોથી ડાયાબિટીસ રોગની ઓળખ થઈ. તેણે મેડિસિન ક્ષેત્રે અનેક સંશોધનો કરેલા. ઇ.સ. ૧૮૭૮ના ફેબ્રુઆરીની ૧૦ તારીખે તેનું અવસાન થયું હતું. ■

*તમારા ઘરમાં વીજળીની બત્તી છે. ઉપર જે વાયરિંગ છે એમાં તાર છે અને એ તારમાં વીજળીનો પ્રવાહ વહે છે. વીજળીનો પ્રવાહ એટલે શક્તિ! આ શક્તિ જુદી જુદી રીતે પ્રગટ થાય છે, પણ તારમાં જે પ્રવાહ વહે છે એની સાથે તમે બીજો તાર જોડશો તો એ તારમાં પણ શક્તિ વહેવા લાગશે. સર્વશક્તિમાન પરમાત્મા સાથે પણ આવી રીતે મન જોડી દેવાથી પરમાત્માની શક્તિનો ખ્યાલ આવે છે અને આપણને એમાંથી ઘણું જાણવાનું મળે છે.*

## એમોનિયા વાયુનો શોધક
## ફ્રિટ્ઝ હેબર



પૃથ્વીની ફરતે વાયુમંડળમાં ઘણા વાયુઓ છે. પ્રાચીનકાળમાં માણસ વાતાવરણને માત્ર વાયુ તરીકે ઓળખતો. અગ્નિની જેમ તેને દેવતા તરીકે પૂજતો. વિજ્ઞાનીઓએ હવાનું પૃથ્થકરણ કરીને તે વિવિધ પ્રકારના વાયુઓની બનેલી છે તે શોધી કાઢ્યું. ઓક્સિજન, હાઈડ્રોજન વગેરે વાયુઓની શોધ થઈ તેમાં એમોનિયા વાયુ કૃષિ ક્ષેત્રે ઉપયોગી છે. તેની શોધ ફ્રિટ્ઝ હેબર નામના વિજ્ઞાનીએ કરેલી. ફ્રિટ્ઝ હેબર કેમિસ્ટ્રીનો પિતામહ કહેવાય છે. ૧૯૧૮ માં તેને એમોનિયાની શોધ બદલ કેમિસ્ટ્રીનું નોબેલ ઇનામ મળેલું.

હેબરનો જન્મ ઈ.સ.૧૮૬૮ ના ડિસેમ્બરની નવમી તારીખે જર્મનીના બ્રેસલાઉમાં થયો હતો. હાલ આ શહેર પોલેન્ડમાં છે. તેના પિતા અગ્રણી વેપારી હતા. હેબરે હાઈડલબઝ યુનિવર્સિટીમાં કેમિસ્ટ્રીનો અભ્યાસ કરેલો. હેબરે ઝેરી વાયુઓની શોધ કરી તેનો કેમિકલ શસ્ત્રો તરીકે ઉપયોગ કરવાની પદ્ધતિ શોધેલી. **તેની આ હિંસક શોધથી શરમ અનુભવી તેની પત્ની અને પુત્રે આત્મહત્યા કરેલી.** ત્યારબાદ તે વિજ્ઞાની કેમિકલ ફેક્ટરીમાં જોડાયો. ઈ.સ. ૧૮૯૪થી ૧૯૧૧ સુધી વિવિધ પ્રયોગો કરી તેણે એમોનિયા વાયુ શોધ્યા. આ ક્રાંતિકારી શોધ હતી. આ પદ્ધતિને **'હેબર પ્રોસેસ'** નામ અપાયું.

પ્રથમ વિશ્વયુદ્ધમાં હેબરે કેમિકલ શસ્ત્રોના ઉપયોગમાં મહત્ત્વની ભૂમિકા ભજવેલી. ઝેરી વાયુથી બચવા ગેસ માસ્ક પણ તેણે જ શોધેલો. તેની આ સંહારક શોધો બદલ વિશ્વભરમાં તે અણમાનિતો બન્યો અને ટીકાનો ભોગ બનેલો. પરંતુ જર્મનીની સેનાએ તેને ઘણા સન્માન આપેલા. જીવનના પાછલા વર્ષોમાં તે ઇંગ્લેન્ડ જઈ વસેલો. ૧૯૩૪ ના જાન્યુઆરીની ૨૯ તારીખે તેનું અવસાન થયું હતું. ■

*"હું માનવી માનવ થાઉં તોય ઘણું."*

*– સુન્દરમ્*

## ગેસ માસ્કનો શોધક
## ગેરેટ ઓગસ્ટસ મોર્ગન



સ્વાઈન ફ્લૂ જેવા શ્વસનતંત્રના ચેપી રોગોથી બચવા માટે પહેરવામાં આવતા ગેસ માસ્ક તમે જોયા હશે. મોં અને નાકને ઢાંકી દેતા આ ગેસ માસ્ક શ્વાસમાં લીધેલી હવાને ગાળે છે અને શુદ્ધ કરે છે. જેના લીધે પ્રદૂષિત વાયુ કે જંતુઓ શ્વાસમાં જતા અટકે છે. દવાખાનાઓમાં ડૉક્ટરો અને નર્સો પણ ઑપરેશન કે ડ્રેસિંગ દરમિયાન ગેસ માસ્ક પહેરે છે. આ ગેસ માસ્કની શોધ અમેરિકન વિજ્ઞાની ગેરેટ ઓગસ્ટસ મોર્ગને કરેલી.

ગેરેટ મોર્ગનનો જન્મ ઈ.સ. ૧૮૭૭ ના માર્ચ માસની ૪ થી તારીખે અમેરિકાના સિનસિનાટી શહેરમાં થયો હતો. મોર્ગન બાળવયમાં જ જમીનદારને ત્યાં નોકર તરીકે રહેલો. એટલે તેને ભણવાની તક મળી નહોતી. યુવાનવયે તે નોકરીની શોધમાં ક્લિવલેન્ડ ગયો અને ત્યા સીલાઈ મશીન રીપેરિંગનું કામ કરવા લાગ્યો. ધીમે ધીમે તેણે કપડાં સીવવાની દુકાન પણ કરેલી. આ દરમિયાન તેને અકસ્માત જ એક એવું રસાયણ હાથ લાગ્યું કે જેમાં કપડું પલાળવાથી કપડું કડક થઈ જતું, વાળ પણ કડક થઈ જતાં. આ રસાયણનો ઉપયોગ કરીને તેણે ચહેરા પર પહેરવાના ગેસ માસ્ક બનાવ્યા. કે જેનાથી ધૂમાડા સામે રક્ષણ મળતું. ૧૯૧૬ માં લેક એટી સરોવર નજીક થયેલા વિસ્ફોટ વખતે ધૂમાડાથી બચવા તેના ગેસ માસ્કનો ભરપૂર ઉપયોગ થયો. તેની શોધ સમગ્ર અમેરિકામાં પ્રસિદ્ધ થઈ અને તેને ક્લિવલેન્ડ સત્તાવાળાઓએ સુવર્ણચંદ્રક એનાયત કર્યા. માત્ર ગેસમાસ્ક નહીં પરંતુ ટ્રાફિક સિગ્નલ લાઈટની શોધ પણ મોર્ગેને કરેલી. ૧૯૬૩ના જુલાઈની ૨૭ તારીખે તેનું અવસાન થયું હતું. ■

*"લોકશાહી પ્રત્યે મને ખૂબ આદરભાવ અને પ્રેમભાવ હોવા છતાં હું એ માનવા માટે તૈયાર નથી કે બહુમતી જ હંમેશાં સાચી હોય છે."*

*– જવાહરલાલ નેહરુ*

## પેટ્રોલ વડે ચાલતી કારનો શોધક કાર્લ બેન્ઝ



વાહનો પેટ્રોલ, ડીઝલ, ગેસ જેવા બળતણથી ચાલે એ જાણીતી વાત છે. પેટ્રોલ વડે ચાલતી કારની શોધ જર્મનીના કાર્લ ફ્રેડરિક બેન્ઝ નામના વિજ્ઞાનીએ કરેલી.

કાર્લ બેન્ઝનો જન્મ ઇ.સ. ૧૮૪૪ના નવેમ્બરની ૨૫ તારીખે જર્મનીના બહેન પ્રાંતમાં થયો હતો. તેનો પરિવાર ગરીબ હતો અને કાર્લ બે વર્ષનો હતો ત્યારે તેના પિતાનું અવસાન થયેલું. ગરીબ હોવા છતાં વિધવા માતાએ કાર્લને પોલિટેકનિક યુનિવર્સિટીમાં અને ત્યારબાદ મિકેનિકલ એન્જિનિયરિંગ કૉલેજમાં જોડાયો. માત્ર ૧૫ વર્ષની ઉંમરે ઉચ્ચ અભ્યાસમાં જોડાયેલો બેન્ઝ સાઇકલ લઈને કૉલેજ જતો. રસ્તામાં ઘોડાગાડી જોઈને તેને ઘોડા વિના જ ગાડી દોડે તેવી શોધ કરવાની ઇચ્છા થતી.

અભ્યાસ પૂરો કરીને તેમણે નહિમ ખાતે વજન કાંટા બનાવતી કંપનીમાં ડિઝાઈનર તરીકે કારકિર્દી શરૂ કરી. ઘણી બધી જગ્યાએ નોકરી કર્યા બાદ તેણે પોતાની સાઇકલ રીપેરિંગની દુકાન નાખી. થોડા પૈસા એકઠા કરીને તેણે મિત્રો સાથે મળી વાહનો બનાવવાની બેન્ઝ કંપનીની સ્થાપના કરી. ઇ.સ. ૧૮૮૫ માં તેણે ગાડીના પાછલા વ્હીલ વચ્ચે પેટ્રોલ વડે ચાલતું એન્જિન જોડી પ્રથમ બેન્ઝ કાર બનાવી. ઇ.સ. ૧૮૮૬ માં તેને ઓટોમોબાઈલ ફ્યુઅલ્ડ બાયગેસ તેવું નામ મળ્યું. બેન્ઝની કારમાં લાકડાના પૈડા હતા. તે જમાનામાં પેટ્રોલનો ઉપયોગ માત્ર સાફસફાઈ માટે થતો અને કરિયાણાની દુકાનમાં વેચાતું. બેન્ઝની કાર સફળ થઈ. ૧૮૯૯ માં તેણે ૫૭૨ કાર બનાવીને બજારમાં મૂકી. તે કાર બનાવતી પ્રથમ કંપની હતી. ઇ.સ. ૧૯૨૮ ના એપ્રિલની ચાર તારીખે તેનું અવસાન થયેલું. ■

*"દીવાને ઝળહળતો રાખવા તેમાં તેલ નાખતા રહેવું પડે છે."*

*– મધર ટેરેસા*

## સોલાર સેલ ક્ષેત્રનો અગ્રણી કેલ્વિન ફૂલર



નાના ઇલેક્ટ્રોનિક સાધનમાં સોલાર સેલ ઉપયોગી થાય છે. સોલાર સેલ સૂર્યપ્રકાશમાંથી વીજળી પેદા કરે છે અને ઉર્જાના ઉત્પાદન માટેનો પર્યાવરણલક્ષી ઉપાય છે. હવે તો સોલાર સેલની મોટી પેનલો વડે આખા ગામને વીજળી પહોંચાડી શકાય છે. અવકાશમાં ઘૂમતા સેટેલાઈટને સોલાર સેલ વડે જ વીજળી મળે છે. સિલિકોનની બે પાતળી ચીપમાંથી બનતા સોલાર સેલની શોધમાં ઘણા વિજ્ઞાનીઓનું યોગદાન છે. કેલ્વિન ફૂલર તેમાં અગ્રણી છે.

કેલ્વિન ફૂલરનો જન્મ ઇ.સ. ૧૯૦૨ ના મે માસની ૨૫ તારીખે અમેરિકાના એક ગરીબ પરિવારમાં થયો હતો. કિશોર અવસ્થામાં તે પ્રિન્ટિંગ પ્રેસમાં કામ કરીને ભણવા માટે પૈસા મેળવી લેતો. આ રીતે માધ્યમિક અભ્યાસ પૂરો કરી તેણે શિકાગો યુનિવર્સિટીમાંથી ફિઝિક્સનો અભ્યાસ કરી પીએચડીની ડિગ્રી મેળવેલી.

ઇ.સ. ૧૯૪૨માં અમેરિકામાં રબરની અછત સર્જાઈ. ત્યારે સરકારે રબરની ખેતી વિકસાવવા વિજ્ઞાનીઓની ટુકડી બનાવેલી તેમાં ફૂલરને સ્થાન મળેલું. આ ટુકડીએ કૃત્રિમ રબર બનાવવાની પદ્ધતિ વિકસાવી તેમાં ફૂલરનું મોટું યોગદાન હતું. આ યોગદાન માટે તે પ્રસિદ્ધિ પામ્યો. ત્યારબાદ તે અમેરિકાની મોટી અને સુપ્રસિદ્ધ બેલ લેબોરેટરીમાં સંશોધક તરીકે જોડાયો. ખૂલરે ડેરિલ ચેપિન અને ગોરાલ્ડ પિયરસન્ નામના સાથી સાથે મળી સિલિકોનની ચીપ વડે સૂર્યપ્રકાશનું વીજળીમાં રૂપાંતર કરવાની પદ્ધતિ શોધી. ઇ.સ. ૧૯૫૫ ફૂલરના સોલાર સેલ ઉપયોગી થવા લાગ્યા. ફિઝિક્સ ક્ષેત્રે યોગદાન બદલ ફૂલરને અનેક સન્માનો એનાયત થયેલા. ઇ.સ. ૧૯૯૪ ના ઓક્ટોબરની ૨૮ તારીખે તેનું અવસાન થયેલું. ■

*"ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો."*

*– સ્વામી વિવેકાનંદ*

## એરકંડિશનરનો શોધક
## વિલિસ કેરીયર



એરકંડિશનર કેટલું ઉપયોગી છે તેની ખબર ઉનાળાની ગરમીમાં જ પડે છે. આજે ઘર, ઓફિસ, થિયેટર અને મોટા શોપિંગ મોલમાં એરકંડિશનરનો ઘણો ઉપયોગ થાય છે. આ એરકંડિશનરનો શોધક વિલિસ કેરિયર નામનો એન્જિનિયર હતો. કુલિંગ સિસ્ટમના પિતામહ તરીકે ઓળખાતાં વિલિસનું જીવન પણ રોમાંચક હતું.

વિલિસ કેરિયરનો જન્મ ન્યૂયોર્ક નજીકના અંગોલા નામના નાનકડા ગામમાં ઇ.સ. ૧૮૭૫ ના નવેમ્બરની ૨૬ તારીખે થયો હતો. તેના પિતા ખેડૂત હતા અને તેની માતા સીલાઈ મશીન અને ઘડિયાળ જેવા યંત્રોનું સમારકામ કરતી હતી. વિલિસને માતા તરફથી ટેકનિકલ જ્ઞાનનો વારસો મળ્યો હતો. ૧૯૦૨ માં કોર્નલ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થયાં. તે બફેલોની હિટર અને પંખા બનાવતી કંપનીમાં એન્જિનિયર તરીકે જોડાયો. અહીં તેણે પ્રયોગો કરીને હવામાં રહેલી ગરમી અને ઠંડી ઉપર કાબુ મેળવવાની પદ્ધતિ શોધી કાઢી. ઇ.સ. ૧૯૦૨ માં તેણે ફુવારાવાળું એક યંત્ર બનાવી હવામાં ઠંડક લાવી ભેજ ઓછો કરવામાં સફળતા મેળવી. ત્યારબાદ તેણે એરકંડિશનર બનાવ્યું તે ઘણું મોટું હતું. તેમાં એમોનિયા વાયુ ઉપયોગમાં લેવાતો હતો. તે ઝેરી વાયુ હતો.

ઇ.સ. ૧૯૧૧ માં તેણે એક નવી પદ્ધતિ શોધી કાઢી જેને રેશનલ સાયક્રોમેટ્રિક પદ્ધતિ કહે છે. આજે પણ આ પદ્ધતિનો એરકંડિશનરમાં ઉપયોગ થાય છે. ઇ.સ. ૧૯૧૫ માં વિલિસે અમેરિકામાં એરકંડિશનર મશીનો બનાવવાનું કારખાનું સ્થાપ્યું. અને સમય જતાં નાના કદના એરકંડિશનરો પણ બનાવવાની પદ્ધતિ શોધી કાઢી અને તેની ખ્યાતિ વધવા લાગી. અમેરિકાના મેડિસન સ્કવેર ગાર્ડન, સંસદ ભવન અને વ્હાઈટ હાઉસમાં તેણે પ્રથમ કંડિશનર મૂકી આપેલા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન વિલિસે અમેરિકાની સેનામાં પણ સેવા આપેલી. ■

## ઇન્ડકશન મોટરનો શોધક
## ગેલિલિયો ફેરાસીસ



ઇલેકટ્રિક મોટરના ઉપયોગ જાણીતા છે. મોટા મોટા મશીનોથી માંડીને રમકડા તેમજ સીડી પ્લેયર, કમ્પ્યુટર કે જ્યાં ચક્રાકાર ગતિની જરૂર પડે ત્યાં ઇલેકટ્રિક મોટરનો ઉપયોગ થાય છે. મોટરમાં મેગ્નેટના બે ધ્રુવ વચ્ચે મૂકેલી વાયરની કોઈલમાં વીજપ્રવાહ દાખલ કરવાથી ચુંબકિય ક્ષેત્ર રચાય છે અને મેગ્નેટ ચક્રાકાર ફરવા લાગે છે. મોટરની શોધ થઈ ત્યારે તેમાં ડીસી કરંટ વપરાતો પણ હવે એસી કરંટ વડે ચાલતી મોટર પણ બને છે. આ મોટરની શોધ ગેલેલિયો ફેરાસિસ નામના વિજ્ઞાનીએ કરેલી. ફેરાસિસ બહુ જાણીતો નથી પરંતુ તે **થ્રી ફેઝ કરંટનો પિતામહ ગણાય છે.**

ફેરાસિસનો જન્મ ઇ.સ. ૧૮૪૭ ના ઓક્ટોબરની ૩૧ તારીખે ઇટાલીના સાર્ડીનિયા નજીક લીવાનો શહેરમાં થયો હતો. તેના પિતા ફાર્માસિસ્ટ હતા. બાળપણમાં જ ફેરાસીસ તુરીન શહેરમાં તેના કાકાને ત્યાં ભણવા ગયો હતો. તેના કાકા વિજ્ઞાની હતા. તેણે ફેરાસીસને તુરીન યુનિવર્સિટીમાં ભણાવી એન્જિનિયરિંગની ડિગ્રી અપાવી. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ તુરીન પોલિટેકનિકમાં તે ફિઝિક્સના પ્રોફેસર તરીકે જોડાયો.

ફેરાસીસ પોતાના વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન મળે તેમ તે ઇચ્છતો. ઇલેકટ્રિક અને મેગ્નેટિઝમના પ્રયોગો શીખવવા તેણે સ્કૂલ ઓફ ઇલેક્ટ્રો ટેકનોલોજીની સ્થાપના કરેલી. ૧૮૮૧ માં તેણે એસી કરંટ વડે ચાલતી મોટર શોધી અને પેરિસમાં યોજાયેલા પ્રદર્શનમાં રજૂ કરી. ઇ.સ. ૧૮૮૪ માં તેણે રોયલ એકેડેમિમાં આ શોધ રજૂ કરી. દરમિયાન અમેરિકામાં નિકોલા ટેસ્લા નામના વિજ્ઞાનીએ પણ તે જ સમયે એસી કરંટની મોટર શોધેલી. વિજ્ઞાન જગતમાં આ ઘટનાથી વિવાદ થયેલો ઇ.સ. ૧૮૯૭ના ફેબ્રુઆરીની સાત તારીખે ફેરાસીસનું અવસાન થયેલું. ■

## સિસ્મોગ્રાફનો શોધક
## જહોન મિલ્ને



ભૂકંપની તીવ્રતા માપવા માટેના સાધન સિસ્મોગ્રાફની શોધ પ્રાચીનકાળમાં ચીનમાં થઈ હતી. તે સાધનમાં એક કુંભની ટોચે ચાર દિશામાં લોખંડના ચાર વજનદાર ગોળા મૂકાતા. ભૂકંપ દરમિયાન આ ગોળા ગબડીને નીચે દેડકાના મોંમાં પડતાં. હાલમાં વ્યવહારમાં ઉપયોગી થતું સિસ્મોગ્રાફ જહોન મિલ્ને નામના વિજ્ઞાનીએ શોધેલું જેમાં એક ડ્રમ પર લપેટેલા કાગળ ઉપર જમીનની ધ્રુજારી પ્રમાણે સોય દ્વારા ગ્રાફ અંકિત થાય છે.

જહોન મિલ્નેનો જન્મ ઇ.સ. ૧૮૫૦ ડિસેમ્બરની ૩૦ તારીખે બ્રિટનના લીવરપુલમાં થયો હતો. કિંગ્સ કૉલેજ લંડન અને રોયલ સ્કૂલ ઓફ માઈન્સ જેવી અગ્રણી સંસ્થાઓમાં અભ્યાસ કરી તે ભૂસ્તરશાસ્ત્રી બનેલો. ઇ.સ. ૧૮૭૬માં જાપાનની સરકારે ટોકિયો ઇમ્પોરિયલ કૉલેજમાં તેને સલાહકાર તરીકે નિમણૂંક આપી. આ સમયે જાપાનના યોકોહામામાં પ્રચંડ ભૂકંપ થયો હતો. જાપાનમાં રહીને મિલ્ને એ ભૂકંપના સંશોધનો કર્યા તે જમીનમાં લોલકવાળું સિસ્મોગ્રાફ વપરાતું. મિલ્નેએ અન્ય બ્રિટીશ વિજ્ઞાનીઓ સાથે મળી સિસ્મોગ્રાફ સોસાયટીની સ્થાપના કરેલી. આ સમયગાળામાં તેણે ચોકસાઈ પૂર્વક તીવ્રતા માપતું સિસ્મોગ્રાફ શોધ્યું. ત્યારબાદ બ્રિટન આવી, મોટી લેબોરેટરી સ્થાપી. વિશ્વભરમાં ભૂસ્તરશાસ્ત્રની લેબોરેટરીઓ સ્થાપવામાં તેણે યોગદાન આપેલું. ઇ.સ. ૧૮૯૫ માં લંડનમાં લાગેલી મોટી આગમાં તેની લેબોરેટરી નાશ પામેલી. ઇ.સ. ૧૯૧૩ ના જુલાઈ માસના ૩૧ તારીખે તેનું અવસાન થયેલું.

***આપણે જાણીએ છીએ કે આ સંસારમાં કોઈ કોઈનું સગું નથી. સૌ કોઈ એકબીજાને છોડીને ચાલ્યું જવાનું છે. જે દેખાય છે એ બધો ભ્રમ છે અને ઈશ્વરે રચેલી આ બધી માયા છે. માટે સુખ કે દુઃખથી આપણે પર રહેવું જોઈએ અને ગમે એવા સંજોગોમાં પણ મનની શાંતિ જાળવવી જોઈએ.***

## ઝેરોક્ષ મશીનનો શોધક
## ચેસ્ટર કાર્લસન



દસ્તાવેજ, સર્ટિફિકેટ કે તાસાવીરોની ફટાફટ નકલ કરી આપતું ઝેરોક્ષ મશીન જાણીતું સાધન છે. આજે તો રંગીન નકલ કાઢતા ઝેરોક્ષ પણ છે. તે ઉપરાંત ઘણી બધી સુવિધાવાળા કોપી મશીનો બન્યાં છે. આ મશીનોના પાયામાં કાર્લસન નામના એન્જિનિયરનો ફાળો મહત્ત્વનો છે. ઉપયોગી થાય એવું ઝેરોક્ષ મશીન બનાવવા તેણે ૨૦ વર્ષ મહેનત કરી હતી. કાર્લસને બનાવેલા પ્રથમ ઝેરોક્ષ મશીનમાં જસતની પ્લેટ પર સલ્ફરના રજકણો ચઢાવીને કોપી નીકળતી. આ મશીન વીજભારથી કામ કરતું એટલે તેને ઇલેક્ટ્રો ફોટો કોપી કહેતાં.

ચેસ્ટર કાર્લસનનો જન્મ અમેરિકાના સીએટલમાં ઇ.સ. ૧૯૦૬ ના ફેબ્રુઆરીની આઠ તારીખે થયો હતો. તેના પિતા વાળંદ હતા. કિશોરાવસ્થામાં જ તેના માતાપિતા મૃત્યુ પામેલા. એટલે પરિવારનો બોજ કાર્લસન પર આવ્યો. શાળાના સમયને બાદ કરતા તે નાના મોટા કામ કરી આવક ઊભી કરતો. તે પ્રિન્ટિંગ પ્રેસમાં કામ કરતો અને ત્યાં વિજ્ઞાનના પુસ્તકો વાંચતો. સખત પરિશ્રમ કરીને તે કેલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટમાં ગ્રેજ્યુએટ થયો અને એક લેબોરેટરીમાં સહાયક સંશોધક તરીકે જોડાયો. મંદીને કારણે તે લેબોરેટરી બંધ થતા તે ફરી બેકાર બન્યો. ત્યારબાદ લાઈબ્રેરીમાં નોકરીમાં જોડાયો. તે ખૂબ જ પુસ્તકો વાંચતો. કંઈક નવું કરવાની ધગશથી તેણે નાનકડી પ્રયોગશાળા ઊભી કરી. ભંડકિયા જેવી લેબોરેટરીમાં તેણે જાતજાતના પ્રયોગો કરી કાગળ ઉપર નકલ છાપવાની શોધ કરી. સતત ૨૦ વર્ષ મહેનત કરીને તેણે ૧૯૫૯ માં વ્યવહારૂ ઝેરોક્સ મશીન બનાવ્યું. આ મશીનની શોધ પછી તેને ઘણાં પૈસા અને સન્માન મળ્યા. તેણે મોટા ભાગની કમાણી ગરીબ વિદ્યાર્થીઓને દાનમાં આપી દીધી. ઇ.સ. ૧૯૬૮ ના સપ્ટેમ્બરમાં તેનું અવસાન થયું. ■

## ઇલેક્ટ્રિક ટ્રામનો શોધક
## ગ્રાનવિલ વુડ્સ



રેલવેનું સ્ટીમ એન્જિન ક્રાંતિકારી શોધ ગણાય છે. તેની શોધ થયા પછી વિજ્ઞાનીઓએ તેમાં ઘણા સુધારા કરી પેટ્રોલ અને ડીઝલ વડે ચાલતા રેલવે એન્જિનો બનાવ્યા અને ત્યારબાદ વીજળી વડે ચાલતા ઇલેક્ટ્રિક એન્જિનની શોધ થઈ. ઇલેક્ટ્રિક વડે ચાલતા એન્જિન ઓવરહેડ વાયરમાંથી વીજળી મેળવીને ચાલે છે. રેલવે ટ્રેનના આધુનિકરણમાં ગ્રાનવિલ વુડ્સ નામના વિજ્ઞાનીનો મહત્ત્વનો ફાળો હતો.

ગ્રાનવિલ ટી.વુડ્સનો જન્મ અમેરિકાના ઓહાયો રાજ્યના કોલંબસ શહેરમાં ઇ.સ. ૧૮૫૬ ના એપ્રિલની ૨૩ તારીખે થયો હતો. ગરીબ પરિવારમાં જન્મેલો ગ્રાનવિલ દિવસે લુહારની દુકાનમાં કામ કરતો અને રાત્રિ શાળામાં ભણવા જતો. અભ્યાસ પુરો થયા પછી તે નેબ્રાસ્કાની રેલવેમાં ફાયરમેનની નોકરીમાં રહ્યો. નોકરી સાથે કૉલેજનો અભ્યાસ ચાલુ રાખી તે એન્જિનિયર બન્યો.

ઇ.સ. ૧૮૭૮ માં ગ્રાનવિલને બ્રિટીશ જહાજમાં મુખ્ય એન્જિનિયર તરીકે નિમણૂંક મળી. ગ્રાનવિલે રેલવે ટ્રેનનો ઊંડો અભ્યાસ કરીને તેમાં વીજળીના ઉપયોગો શોધ્યા. **ટ્રેનના પાટાનો ઉપયોગ કરીને રેલવે સ્ટેશનોને ટેલિગ્રામ વડે જોડવામાં તેનો મુખ્ય ફાળો હતો.** રેલવે લાઈન નજીક પસાર થતા વીજળીના તારમાંથી વીજળી મેળવીને ટ્રેન ચલાવવાની ટેકનોલોજી તેણે વિકસાવી અને ઑવરહેડ વાયરની ટેકનોલોજી શોધી. ગ્રાનવિલ વિજ્ઞાન જગતનો બીજો એડિસન કહેવાય છે. ઇ.સ. ૧૯૧૦ ના જાન્યુઆરીની ૩૦ તારીખે તેનું અવસાન થયું હતું. ■

*"ઝાડના થડને કાપી નાખો, ડાળાં આપોઆપ તૂટી પડશે."*
*– બાજીરાવ પહેલો*

## હાઈવેક્યુમ ટ્યુબનો શોધક
## ઇર્વિંગ લેંગમૂર



ટ્રાન્ઝિસ્ટર અને સેમિ કન્ડક્ટરની શોધ થયા પહેલા રેડિયો, ટીવી અને રડાર સહિતના ઇલેક્ટ્રોનિક સાધનોમાં વેક્યુમ ટ્યુબ મહત્ત્વનું સાધન હતી. તેને વાલ્વ પણ કહેતાં. આજે વપરાતાં ડિઓડ એ સાદી વેક્યુમ ટ્યુબ છે. વેક્યુમ ટ્યુબમાં કાચની નળીમાં શૂન્યાવકાશને સ્થાને વિવિધ વાયુઓના ઉપયોગથી પણ ટ્યુબ બને છે. જૂના વખતના ટીવીની કેથોડ રે ટ્યુબ પણ વેક્યુમ ટ્યુબનો એક પ્રકાર છે. અમેરિકન વિજ્ઞાની ઇર્વિંગ લેંગમૂરે હાઈવેક્યુમ ટ્યુબ શોધ્યા પછી ઘણા જટિલ સાધનોમાં તેનો ઉપયોગ શક્ય બનેલો. ઇર્વિંગને સર્ફસ કેમેસ્ટ્રીના ક્ષેત્રે ૧૯૩૨ માં કેમિસ્ટ્રીનું નોબેલ એનાયત થયેલું.

ઇર્નિંગ લેંગમૂરનો જન્મ ન્યૂયોર્કના બ્રુકલિનમાં ઇ.સ. ૧૮૮૧ ના જાન્યુઆરીની ૩૧ તારીખે થયો હતો. તેના માતા પિતાએ તેને બાળપણથી જ પ્રકૃતિના વિવિધ સ્વરૂપોના નિરીક્ષણ કરવા પ્રોત્સાહન આપેલું. તેનો મોટો ભાઈ કેમિસ્ટ્રીનો સંશોધક વિજ્ઞાની હતો. તેની પાસેથી ઇર્વિંગ ઘણું શીખ્યો.

ઇર્વિંગે અમેરિકા અને પેરિસની ઘણી કૉલેજોમાં શિક્ષણ લીધેલું. તેણે ફિલાડેલ્ફિયાની ચેસ્ટનટ હિલ એકેડેમિમાંથી મેટાલર્જિકલ કેમિસ્ટ્રીમાં ડિગ્રી મેળવેલી. ઇ.સ. ૧૯૦૩ માં તેણે પીએચડીની ડિગ્રી મેળવી. ત્યારબાદ તેણે ન્યુજર્સીની સ્ટીફન્સ ઇન્સ્ટિટ્યૂટમાં શિક્ષણ કાર્ય કર્યું. ત્યારબાદ વિશ્વપ્રસિદ્ધ જનરલ ઇલેક્ટ્રિક કંપનીમાં સંશોધન વિભાગમાં જોડાયો. અહીં તેણે ૨૦ કિલોવોટની ટ્રીઓડ ટ્યુબની શોધ કરી અને વિશ્વખ્યાતિ મેળવી. ઇર્વિંગે લાઈટ, બલ્બ અને શૂન્યાવકાશમાં વિવિધ વાયુઓના ઉપયોગના વ્યાપક સંશોધનો કરેલા. **પાણીની સપાટી પર ઢોળાયેલા ઓઈલના પડ અંગે તેણે સંશોધનો કરી તેની જાડાઈ વગેરે માપવાની પદ્ધતિ પણ શોધી.** આ શોધથી તેને નોબેલ ઇનામ મળેલું. ઇર્વિંગ લેંગામૂરને નોબેલ ઉપરાંત ફ્રેન્કલીન મેડલ ફેરાડે મેડલ જેવા અનેક સન્માનો મળેલાં. ઇ.સ. ૧૯૫૭ ના ઓગસ્ટની ૧૬ તારીખે તેનું અવસાન થયું હતું. ■

## એલસીડી સ્ક્રીનનો શોધક જેમ્સ ફર્ગેસન



લિક્વીડ ક્રિસ્ટલ ડિસ્પ્લે ટૂંકમાં એલસીડી સ્ક્રીનને આપણે સારી રીતે ઓળખીએ છીએ. તમને જાણીને નવાઈ લાગે પણ કેન્સરના નિદાન માટેના સ્ક્રીનની શોધ કરવાના પ્રયાસમાં એલસીડીની શોધ થઈ હતી અને આજે તેનો વ્યાપક ઉપયોગ થાય છે. આ શોથ જેમ્સ ફર્ગેસન નામના વિજ્ઞાનીએ કરેલી. તેણે ૧૫૦ જેટલી શોધો કરેલી.

જેમ્સ ફર્ગેસનનો જન્મ ઇ.સ. ૧૯૩૪ ના જાન્યુઆરીની ૧૨ તારીખે અમેરિકાના મિસુરી રાજ્યના બાકેન્ડા ગામમાં થયો હતો. તેણે મિસુરી યુનિવર્સિટીમાં ફિઝિક્સની ડિગ્રી મેળવીને થોડો સમય લશ્કરમાં સેવા આપી હતી. ત્યારબાદ વેલ્ટિંગ હાસિ લેબોરેટરીમાં સંશોધનો માટે જોડાયો હતો. ઇ.સ. ૧૯૬૬ માં તેણે લિક્વિડ ક્રિસ્ટલ ઇન્સ્ટિટ્યૂટમાં જોડાઈને સેમિનલ ક્રિસ્ટલની શોધ કરી. તેણે ૧૯૬૮ માં લિક્વિડ ક્રિસ્ટલ બનાવવાની પોતાની ફેક્ટરી સ્થાપી અને વિશ્વની પ્રથમ એલસીડી સ્ક્રીનવાળી ઘડિયાળો બજારમાં મૂકી હતી. ફર્ગેસને ૧૫૦ જેટલી નાની મોટી શોધી કરીને અનેક સન્માનો મેળવેલા ૨૦૦૮ના ડિસેમ્બરની ૯ તારીખે તેનું અવસાન થયું હતું. ■

*કોઈ મારી પ્રશંસા કરે છે ત્યારે મારા અંતઃકરણમાં સુખ પેદા થતું નથી તો પછી કોઈ મારી નિંદા કરે તો એથી મને દુઃખ શું કામ થવું જોઈએ? જુઓ, આ રહ્યું ગુલાબ! એમાં કાંટા છે, ગુલાબ પણ છે. કોણ કોની પ્રશંસા કરે અને કોણ કોની નિંદા કરે? કાંટાની નિંદા થાય તો ગુલાબનું મહત્ત્વ વધે, ગુલાબની નિંદા થાય તો કાંટાનું મહત્ત્વ વધે, પણ છેવટે તો બંને એકબીજાની જ શોભા છે. આ સંસારમાં આપણા સૌના સંબંધ આવા જ છે. તે મારી નિંદા કરે છે એટલે મારું મહત્ત્વ વધે છે અને મારે લીધે એનું મહત્ત્વ વધે છે.*

## સ્ટેઇનલેસ સ્ટીલનો શોધક હેરી બ્રેર્લી



સ્ટીલ જાણીતી ધાતુ છે. વાસણો ઉપરાંત ઘણા ઓજારો અને રાચરચીલું બનાવવામાં તેનો ઉપયોગ થાય છે. સ્ટીલ લોખંડમાંથી જ બને છે પરંતુ તેને કાટ લાગતો નથી એટલે ઉપયોગી બને છે. વળી લોખંડ કરતાં તેજસ્વી છે. સ્ટેઈનલેસ સ્ટીલની શોધ હેરી બ્રેર્લી નામના વિજ્ઞાનીએ કરેલી.

હેરી બ્રેર્લીનો જન્મ ઇ.સ. ૧૮૭૧ ના ફેબ્રુઆરીની ૧૮ તારીખે ઈંગ્લેન્ડના રોફિલ્ડ શહેરમાં થયો હતો. તેના પિતા લુહાર હતા. ગરીબ પરિવારનો બ્રેર્લી ૧૨ વર્ષની ઉંમરે જ અભ્યાસ છોડી લોખંડના કારખાનામાં મજૂરી કામમાં જોડાયેલો. કામની સાથે તે રાત્રે અભ્યાસ કરીને લોખંડના ઉત્પાદનની નવી ટેકનીકની શોધ કરતો. ધગશ અને મહેનતથી તે યુવાન વયે જ ધાતુ ક્ષેત્રનો જાણકાર બની ગયો. તેને તેની જ ફેક્ટરીમાં લેબોરેટરીમાં ઉચ્ચ હોદ્દો મળેલો. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે બ્રિટનની સેનામાં શસ્ત્રોનું ઉત્પાદન વધારવું પડ્યું. બંદૂકના નાળચામાં કાટ લાગવાથી તે નકામી બની જતી. બ્રેર્લીએ કાટ ન લાગે તેવું લોખંડ બનાવવાના પ્રયોગો કર્યા. ઇ.સ. **૧૯૧૩માં તેણે કાર્બન અને ક્રોમિયમને લોખંડ સાથે મિશ્રણ કરી કાટ ન લાગે તેવી નવી ધાતુ બનાવી. તેણે તેને સ્ટેઇનલેસ સ્ટીલ નામ આપ્યું. સ્ટેઈનલેસ સ્ટીલ શુદ્ધ લોખંડ નથી પણ મિશ્રણથી બનેલી ધાતુ એટલે કે એલોય છે.** આકર્ષક અને તેજસ્વી સ્ટીલનો વાસણો બનાવવામાં ઉપયોગ થવા લાગ્યો. બ્રેર્લીને બેસેપર ગોલ્ડ મેડલ એનાયત થયેલો. ઇ.સ. ૧૯૪૮ ના ઓગસ્ટની ૧૨ તારીખે તેનું અવસાન થયું હતું. ■

*સૌથી વધુ ગતિ કોની? એવો પ્રશ્ન ધર્માત્મા યુધિષ્ઠિરને પૂછવામાં આવ્યો ત્યારે તેમણે જવાબ આપેલો કે મનથી વધુ કોઈની ગતિ છે જ નહીં. આ વાત તદ્દન સાચી છે. મન આંખના એક જ પલકારામાં અબજો માઈલનું અંતર કાપી નાખે છે અને બ્રહ્માંડના કોઈ પણ ભાગમાં તે પહોંચી જાય છે.*

## પ્રકાશની ઝડપનો શોધક
## આર્માન્ડ ફિઝુ



સૂર્યનો પ્રકાશ એક સેકંડમાં ૨૯૯૭૯૨ કિલોમીટરની ઝડપે ગતિ કરે છે. જમીન પર દોડતા વાહનો, ઊડતા વિમાનો કે પક્ષીઓની ઝડપ માપવી સરળ છે પરંતુ પ્રકાશની ગતિ માપવી મુશ્કેલ કામ છે. પ્રકાશના કિરણને પકડી શકાતું કે રોકી શકાતું નથી. નરી આંખે તેની ગતિ દેખાતી પણ નથી. ઘણા વિજ્ઞાનીઓએ પ્રકાશની ઝડપ માપવા પ્રયાસો કરેલા.

ઈ.સ. ૧૬૭૬ માં ઓલોસ રોમર નામના વિજ્ઞાનીએ ગુરુના ઉપગ્રહોનો અભ્યાસ કરીને પ્રકાશની ગતિ ૨૧૪૦૦૦ કિલોમીટર પ્રતિ સેકંડ હોવાનું જાહેર કર્યું હતું. ત્યારબાદ ૧૮૪૯ માં આર્માન્ડ ફિઝુ નામના વિજ્ઞાનીએ પ્રથમ વાર પ્રયોગ કરીને પ્રકાશની ગતિ માપી. ફિઝુએ સામસામા બે અરીસા ગોઠવી વચ્ચે દાંતવાળુ ચક્ર ફરતું રહે તેવી ગોઠવણ કરી. પ્રકાશનું કિરણ ચક્રના દાંતા વચ્ચેથી પસાર થઈ અરીસા પર પડે અને ત્યાંથી પરાવર્તિત થઈને સામા અરીસા પર પડે. ચક્ર ફરવાની ગતિ અને અરીસામાં દેખાતા પ્રતિબિંબની ગણતરી કરીને તેણે પ્રકાશની ઝડપ ૩૧૫૦૦૦ કિલોમીટર પ્રતિસેકંડ હોવાનું જાહેર કરેલું. આર્માન્ડ ફિઝુનો જન્મ ઈ.સ. ૧૮૧૯ ના સપ્ટેમ્બરની ૨૩ તારીખે પેરિસમાં થયો હતો. તેના પિતા ડૉક્ટર અને પ્રોફેસર હતા. ફિઝુને પણ મેડિકલમાં ભણવા મૂકેલો પરંતુ નબળી તબિયતને કારણે તેણે અભ્યાસ છોડી ફિઝિક્સમાં ધ્યાન કેન્દ્રિત કર્યું. પ્રકાશ સંબંધી અભ્યાસ કરવામાં તે મશગુલ રહેતો. **સતત ગતિશીલ વસ્તુની ફોટોગ્રાફી કરવાની શોધ તેણે કરેલી.** પ્રકાશની ઝડપની શોધ કર્યા પછી તે પ્રસિદ્ધ થયેલી. ઈ.સ. ૧૮૯૬ માં તેનું અવસાન થયું હતું. ■

---

***જો હારેલ વ્યક્તિ હાર્યા પછી પણ ખુશખુશાલ રહી શકે તો જીતવાવાળો પોતાની ખુશી ગુમાવી દે છે. ખુશખુશાલ રહેવાની આ છે તાકાત!***

---

## એક રસપ્રદ માહિતી

***આજના ભારતમાં માણસની સરેરાશ વય ૭૦ વર્ષની ગણીએ તેના અનુસંધાને –***

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | ઊંઘ | : દરરોજના ૮ કલાકના હિસાબે | ૭૦ વર્ષમાં | ૨૩ વર્ષ ઊંઘમાં જાય. |
| (૨) | બ્રશ | : દરરોજની ૧૦ મિનિટના હિસાબે | ૭૦ વર્ષમાં | ૬ મહિના બ્રશ કરવામાં જાય. |
| (૩) | જમવું | : દરરોજના ૩ ટાઈમની ૪૦ મિનિટ ગણીએ તો | ૭૦ વર્ષમાં | ૨ વર્ષ જમવામાં જાય. |
| (૪) | નોકરી | : દરરોજના ૮ કલાકના હિસાબે | ૭૦ વર્ષમાં | ૨૩ વર્ષ નોકરીમાં જાય. |
| (૫) | પહેલા ૭ વર્ષ સમજ વગરના જાય. | | | ૭ વર્ષ |
| (૬) | છેલ્લા ૫ વર્ષ ઘડપણમાં જાય. | | | ૫ વર્ષ |
| | | | *કુલ...* | *૬૦ વર્ષ અને ૬ મહિના* |

હજુ મોબાઈલ વાપરવાના સમયની ગણના કરી નથી. તેમાં કેટલો સમય જાય તે ચેક કરવું.

આ પ્રકારની બીજી બાબતો પણ હોઈ શકે.

બાકી સારા કામ કરવાના તમારી પાસે રહ્યા કેટલા વર્ષ?

આ વિચારી સમયનો સદુપયોગ કરો.

# વિજ્ઞાન જગત

## (A) વિવિધ વિજ્ઞાન

૧. *એસ્ટ્રોનોમી (Astromy - ખગોળશાસ્ત્ર)* : ગ્રહો, ઉપગ્રહો અને અંતરિક્ષ વિશેના અભ્યાસનું શાસ્ત્ર.
૨. *ઍરોનેટિક્સ (Aeronautics - ઉડ્ડયનશાસ્ત્ર)* : વિમાનોના ઉડ્ડયન અને યાંત્રિક સામગ્રી અંગેનું શાસ્ત્ર.
૩. *એનેટોમી (Anatomy - શરીરબંધારણ શાસ્ત્ર)* : શરીરનું અસ્થિપિંજર અને તેના બંધારણ અંગેનો અભ્યાસ કરતું શાસ્ત્ર.
૪. *બાયોલોજી (Biology - જીવવિજ્ઞાન)* : પ્રાણીઓના ભૌતિક શરીરનો અભ્યાસ કરતું વિજ્ઞાન.
૫. *બોટની (Botany - વનસ્પતિશાસ્ત્ર)* : જુદી જુદી વનસ્પતિની ઉત્પત્તિ અને તેનું વર્ગીકરણ કરતું શાસ્ત્ર.
૬. *એગ્રિકલ્ચર (Agriculture - કૃષિવિજ્ઞાન)* : ખેતીની બાબતોના અભ્યાસનું વિજ્ઞાન.
૭. *કેમિસ્ટ્રી (Chemistry - રસાયણવિજ્ઞાન)* : વસ્તુઓના રાસાયણિક ગુણધર્મ તપાસતું વિજ્ઞાન.
૮. *કોસ્મોલોજી (Cosmology - અંતરિક્ષ વિજ્ઞાન)* : ગ્રહો, ઉપગ્રહો અને અંતરિક્ષનો અભ્યાસ કરતું વિજ્ઞાન.
૯. *ઈકોલોજી (Ecology - પર્યાવરણવિજ્ઞાન)* : પ્રાણીઓ, મનુષ્ય અને આસપાસની સ્થિતિ વચ્ચેનો સંબંધ તપાસતું વિજ્ઞાન.
૧૦. *ઈથોલોજી (Ethology - પ્રાણીવર્તન વિજ્ઞાન)* : પ્રાણીના વર્તન અંગેનું વિજ્ઞાન.
૧૧. *જીનેટિક્સ (Genetics - ઉત્પત્તિશાસ્ત્ર)* : જીવશાસ્ત્રની શાખા, અણુ અને ઉત્પત્તિનું વિશ્લેષણ કરતું શાસ્ત્ર.
૧૨. *ગાયનેકોલોજી (Gynaecology - સ્ત્રી - રોગશાસ્ત્ર)* : સ્ત્રીઓની માંદગી અને પ્રસૂતિ અંગેનો અભ્યાસ કરતું શાસ્ત્ર.
૧૩. *હિસ્ટોલોજી (Histology)* : જીવંત એકમના અભ્યાસનું શાસ્ત્ર.
૧૪. *હોર્ટિકલ્ચર (Horticulture - બાગાયતશાસ્ત્ર)* : ફળ, ફૂલ, શાકભાજી વગેરેનું બાગાયતીશાસ્ત્ર.
૧૫. *હાયડ્રોલોજી (Hydrology - જળવિજ્ઞાન)* : પાણીનો, તેની ઉત્પત્તિ અને લક્ષણોના સંદર્ભમાં અભ્યાસ કરતું વિજ્ઞાન.
૧૬. *હાઈજીન (Hygiene - આરોગ્યવિજ્ઞાન)* : આરોગ્ય અને સ્વચ્છતાની બાબતોનું અભ્યાસ કરતું વિજ્ઞાન.
૧૭. *આઈકોનોલોજી (Iconology - મૂર્તિશાસ્ત્ર)* : મૂર્તિઓ અને તેના વિવિધ મુદ્દાઓનો અભ્યાસ કરતું શાસ્ત્ર.
૧૮. *જીઓલોજી (Geology - ભૂસ્તરશાસ્ત્ર)* : ખડકો અને જમીનના સ્તરોના અભ્યાસનું શાસ્ત્ર,
૧૯. *મેટલર્જી (Metallurgy - ધાતુવિજ્ઞાન)* : વિવિધ ધાતુઓની ઉત્પત્તિ, સંશોધન, શુદ્ધીકરણ વગેરેનું વિજ્ઞાન.
૨૦. *માઈક્રોબાયોલોજી (Microbiology - જંતુવિજ્ઞાન)* : સૂક્ષ્મ જીવાણુ જેવાં કે બેક્ટેરિયા, પ્રોટોઝુઆ વગેરેનો અભ્યાસ કરતું વિજ્ઞાન.
૨૧. *ન્યુરોલોજી (Neurology - જ્ઞાનતંતુશાસ્ત્ર)* : જ્ઞાનતંતુ કે મજ્જાતંતુ અને મગજના વિવિધ ભાગો અને તેની ક્રિયાઓનો અભ્યાસ કરતું શાસ્ત્ર.
૨૨. *ઓપ્ટિક્સ (Optics - પ્રકાશ વિજ્ઞાન)* : પ્રકાશનાં લક્ષણોનો અભ્યાસ કરતું વિજ્ઞાન.
૨૩. *ઓર્થોપેડિક્સ (Orthopaedics - અસ્થિવિજ્ઞાન)* : હાડકાં અને તેને લગતાં રોગોનું વિજ્ઞાન.
૨૪. *પેથોલોજી (Pathology - વિકૃતિશાસ્ત્ર)* : વિવિધ વિકૃતિઓ અને બીમારીઓનું શાસ્ત્ર.
૨૫. *ફોનેટિક્સ (Phonetics - વાણીશાસ્ત્ર)* : વાણી કેવી રીતે ઉત્પન્ન થાય છે તેનો અભ્યાસ કરતું શાસ્ત્ર.
૨૬. *ફિઝીક્સ (Physics - ભૌતિક વિજ્ઞાન)* : પદાર્થોના ગુણધર્મોનો અભ્યાસ કરતું વિજ્ઞાન.
૨૭. *ફિઝીયોલોજી (Physiology - જીવવિજ્ઞાન)* : જુદા જુદા જીવોની ઉત્પત્તિ અને એમનાં અંગ ઉપાંગોના અભ્યાસનું વિજ્ઞાન.
૨૮. *સાયકોલોજી (Psychology - માનસશાસ્ત્ર)* : પ્રાણી અને મનુષ્યના વર્તનનો અભ્યાસ કરતું શાસ્ત્ર.

૨૯. *રેડિયોલોજી (Radiology - કિરણોત્સર્ગશાસ્ત્ર)* : ક્ષ-કિરણો અને કિરણોત્સર્ગ પદાર્થોનું શાસ્ત્ર.

૩૦. *સીસ્મોલોજી (Seismology - ભૂકંપશાસ્ત્ર)* : ધરતીકંપ અને તેની સાથે સંકળાયેલી ઘટનાઓનો અભ્યાસ કરતું શાસ્ત્ર.

૩૧. *સોસ્યોલોજી (Sociology - સમાજશાસ્ત્ર)* : માનવ સમાજની રચના અને કાર્યનો અભ્યાસ કરતું શાસ્ત્ર.

૩૨. *સેરીકલ્ચર (Sericulture - રેશમશાસ્ત્ર)* : રેશમના કીડા ઉછેરનું શાસ્ત્ર.

૩૩. *ટોપોગ્રાફી (Topography - ભૂશાસ્ત્ર)* : જમીનના ખાડા ટેકરાનો અભ્યાસ કરતું શાસ્ત્ર.

૩૪. *ફાર્માકોલોજી (Pharmacology - ઔષધવિજ્ઞાન)* : જુદાં જુદાં ઔષધો, તેમનુ બંધારણ અને તેમની ઉપયોગિતાની ચર્ચા કરતું વિજ્ઞાન.

૩૫. *પેડિયાટ્રિક્સ (Paediatrics - બાળરોગ વિજ્ઞાન)* : બાળકોના વિવધ રોગોનું નિદાન કરતું અને સારવાર કરતું વિજ્ઞાન.

૩૬. *મિટીઓરોલોજી (Meteorology - હવામાનશાસ્ત્ર)* : હવામાનનાં લક્ષણો અને તેમાં થતા ફેરફારનો અભ્યાસ કરતું શાસ્ત્ર.

૩૭. *ઓશનોગ્રાફી (Oceanography - સામુદ્રિક વિજ્ઞાન)* : સમુદ્રના પ્રવાહો, જીવો, તોફાનો વગેરે અંગેનું વિજ્ઞાન.

૩૮. *ઝુલૉજી (Zoology - પ્રાણીવિજ્ઞાન)* : પ્રાણીઓની ઉત્પત્તિના પ્રકારોનું વિજ્ઞાન.

## (B) અવકાશી વિજ્ઞાન

મનુષ્યે વર્ષો સુધી પૃથ્વી ઉપર સંશોધન અને વૈજ્ઞાનિક પ્રયોગો કરી તેનાં રહસ્યો શોધવા સતત પ્રયત્નો કર્યા છે. વૈજ્ઞાનિક સંશોધન માટે માનવીને આ પૃથ્વી નાની પડે છે. એટલે પૃથ્વીની આસપાસ રહેલ વાતાવરણમાં, અવકાશમાં, સૂર્યમંડળમાં સંશોધન માટે મનુષ્યે દોટ મૂકી. આમ, છેલ્લાં કેટલાંય વર્ષોમાં અવકાશી વિજ્ઞાને ઘણી પ્રગતિ સાધી છે.

૪, ઓક્ટોબર ૧૯૫૭માં રશિયાએ પ્રથમ ઉપગ્રહ 'સ્પુટનિક-૧' છોડ્યો. તે પછી બીજા જ વર્ષે અમેરિકાએ ગ્રહોની પ્રાથમિક માહિતી મેળવવા **એક્સપ્લોરર (પાયોનિયર)** નામનો ઉપગ્રહ છોડ્યો. પાયોનિયરે જુદા જુદા ગ્રહની પ્રદક્ષિણા કરી ખૂબ જ ઉપયોગી એવા ફોટોગ્રાફ્સ અને માહિતી પૃથ્વી પર મોકલ્યાં. બે વર્ષ પછી ઈ.સ. ૧૯૬૧ માં રશિયાએ યુરી ગાગારીન દ્વારા માનવ સહિતનું યાન મોકલ્યું. અવકાશી વિજ્ઞાનમાં રશિયા અને અમેરિકા મોખરે છે. અવકાશ ક્ષેત્રે બંને રાષ્ટ્રોએ કેટલીક વાર સહકારથી પણ કામ કરેલ છે. ઈ.સ. ૧૯૭૫ માં અમેરિકન યાન **એપોલો** અને રશિયન યાન **સોયુઝ**નું અભૂતપૂર્વ જોડાણ કર્યું હતું અને એક નવી જ અવકાશીય સિદ્ધિ મેળવી હતી.

ઈ.સ. ૧૯૭૦ માં પ્રથમ અવકાશીય પ્રયોગશાળા રશિયા દ્વારા અવકાશમાં તરતી મૂકવામાં આવી. એ પછી અમેરિકા, રશિયા અને અન્ય દેશો દ્વારા અવકાશમાં ઘણા ઉપગ્રહો છોડાયા છે. આવા ઉપગ્રહો દ્વારા સંદેશાવ્યવહાર, હવામાન સંદેશાઓ અને ટેલિવિઝન કાર્યક્રમોનું પ્રસારણ સરળ બન્યું છે. **આકાશમાં આ રીતે તરતા મુકાયેલા ઉપગ્રહ સ્થિર લાગે છે તેથી તેના પર ગોઠવેલ રીલે સ્ટેશનો દ્વારા લાભો શક્ય બન્યા છે. ભારતે પણ ઇ.સ. ૧૯૭૫ માં પ્રથમ ઉપગ્રહ 'આર્યભટ્ટ' છોડ્યો.** તે પછી ભારતે ઉપગ્રહની હારમાળામાં **'ભાસ્કર', 'રોહિણી'** અને **'એપલ'** છોડ્યા છે.

ભારતે છોડેલા INSAT 1-A ઉપગ્રહનું અકાળે અવસાન થયું હતું. પરંતુ ભારતનો સંદેશાવ્યવહાર ક્ષેત્રે છોડાયેલ ઉપગ્રહ INSAT 1-B નામનો ઉપગ્રહ સફળતાપૂર્વક અવકાશમાં ગોઠવાયો છે. અવકાશી વિજ્ઞાનમાં પ્રગતિ કરનાર ઘણા દેશો રશિયા, અમેરિકા, બ્રિટન, કેનેડા, ઑસ્ટ્રેલિયા, જાપાન, ઇટલી, જર્મની, ફ્રાન્સ, ચીન, નેધરલેન્ડઝ, સ્પેઈન અને ભારતે સંખ્યાબંધ કૃત્રિમ ઉપગ્રહો છોડ્યા છે.

**અમેરિકાએ વાઈકિંગ દ્વારા મંગળ ગ્રહ પર ઉતરાણ કર્યું છે.**

**ઇંગ્લેન્ડના મહાન વૈજ્ઞાનિક સર આઈઝેક ન્યુટને ગુરુત્વાકર્ષણનો નિયમ શોધ્યો.** બધા અવકાશી પદાર્થો આ બળના કારણે ગતિ કરે છે. આ ગુરુત્વાકર્ષણ બળ જે બધા અવકાશી પદાર્થોને ગતિમાં રાખે છે, તે અવકાશી ઉડ્ડયન માટે અવરોધરૂપ હતું કારણ કે વસ્તુને પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ ભેદીને દૂર મોકલવી હોય, તો દર કલાકે ૪૦૦૦ કિમી કરતાં વધારે

ઝડપથી તે વસ્તુ ફેંકાવી જોઈએ. આ ખાસ પ્રકારની ઝડપને 'પલાયન વેગ' (Scope Velocity) કહે છે. વધારે ગતિ મેળવવા માટે વધારે તબક્કાવાળાં રોકેટ શોધાયાં. આ રોકેટમાં એક પછી એક રોકેટ ચાલુ થાય છે અને વધારે ને વધારે વેગ મેળવે છે. કૃત્રિમ ઉપગ્રહ માટે ત્રણ તબક્કાવાળાં રોકેટ છોડવામાં આવે છે. રોકેટને છેડે કૃત્રિમ ચંદ્ર મૂકવામાં આવે છે. જેમાં અનેક ઈલેકટ્રિક ઉપકરણો હોય છે. જે અવકાશ અંગેની સઘળી માહિતી પૃથ્વી પર મોકલે છે.

(૧) **ચંદ્ર પર ઉતરાણ :** ચંદ્ર પર રોકેટ પહોંચાડવામાં, કૃત્રિમ ઉપગ્રહ છોડવામાં અને માનવીની અવકાશયાત્રા કરાવવામાં રશિયાએ પહેલ કરી હતી. જ્યારે અમેરિકાએ ચંદ્ર ઉપર પ્રથમ માનવી મોકલવામાં પહેલ કરી હતી. **ઇ.સ. ૧૯૬૯ માં અમેરિકાના નીલ આર્મસ્ટ્રોંગ અને તેના સાથીદારોએ ચંદ્ર ઉપર પ્રથમ પગ મૂક્યો.** અમેરિકાએ એપોલો ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬ અને ૧૯ ને ચંદ્ર પર ઉતાર્યા હતા.

ત્યાર પછી રશિયાએ **લ્યુના ૧૭** દ્વારા ચંદ્ર પર **લ્યુના ખોદ ૧** નામનું માનવરહિત યાન સફળ રીતે ઉતાર્યું અને રેડિયો સંકેતો દ્વારા ચલાવ્યું. લ્યુના ૨૧ ચંદ્ર પર ઊતર્યું અને જમીનના નમૂના એકત્ર કરી પૃથ્વી પર પાછું આવ્યું.

(૨) **અવકાશમથક :** માનવી ચંદ્ર કે અન્ય ગ્રહોની યાત્રા કરી શકે તે માટે અવકાશમથક અને અવકાશ શટલની યોજનાઓ વિચારવામાં આવી. રશિયાએ અવકાશમથક તરતું મૂક્યું, જ્યારે અમેરિકાએ માનવી સાથેની સ્કાયલેબ ૧, ૨, ૩ છોડી હતી.

**અવકાશમાં સૌથી વધુ સમય રહેવાનો વિક્રમ રશિયન અવકાશયાત્રીઓ અનાનોલી બેરેઝોવોઈ અને વાલેન્ટિન લેવદેવે સ્થાપ્યો છે.** સેલ્યુન ૭ નામની પ્રયોગશાળામાં વૈજ્ઞાનિકો અવારનવાર જઈ પાછા આવી શકે અને રહી શકે તેવું આયોજન છે.

ઈ.સ. ૧૯૮૧ માં અમેરિકાનું **કોલંબિયા** નામનું અવકાશ શટલ અવકાશમથક પર જઈ પહેલી વાર પાછું આવ્યું. તે પછી અનેક અવકાશ શટલો જઈને પાછાં આવ્યાં છે.

(૩) **મંગળ પર યાત્રા :** અમેરિકાના મેરિનર - ૯ અને વાઈકિંગ - ૧ નું મંગળ પર સફળ ઉતરાણ થયું અને વિવિધ માહિતી પૃથ્વી પર મળી. મંગળ પર ઑક્સિજન, કાબન ડાયોક્સાઈડ તેમજ સૂક્ષ્મ પ્રકારની જીવસૃષ્ટિ હોવાનો સંભવ છે. પાણીની સંભાવના પણ છે. રશિયાનાં માર્સ ૧, ૨, ૩ મંગળ પર પહોંચ્યાં છે અને ત્યાંની માહિતી મોકલે છે.

શુક્ર પર અવકાશયાન વિનસ ૭, ૮, ૯ અને માનવરહિત રશિયન યાન બુધ સુધી પહોંચ્યાં છે. ત્યાંની કેટલીક માહિતી તે દ્વારા મળી છે. વિનસ ૧૦, ૧૧, ૧૨ શુક્ર પર ઊતર્યા છે અને માહિતી મોકલે છે.

અમેરિકાએ પાયોનિયર - ૧, ૨ તેમજ વોયેઝર - ૧, ૨ ગુરુ, શનિ, યુરેનસ અને નેપ્ચ્યુન ગ્રહો તરફ મોકલ્યાં છે. વોયેઝર - ૧ ગુરુના ગ્રહ પાસે માર્ચ, ૧૯૮૧ માં પહોંચ્યું હતું. ૫ ઓગસ્ટ, ૧૯૮૯ ના રોજ વોયેઝર - ૨૨ નેપ્ચ્યુન પાસે પહોંચ્યું હતું, તેણે ફોટોગ્રાફ્સ મોકલ્યા છે. ગુરુનો ગ્રહ પૃથ્વી કરતાં દસગણો ગરમ છે તેવી માહિતી મળી છે.

**અમેરિકાએ જર્મનીના સહયોગથી સૂર્ય તરફ છોડેલ અવકાશયાન હેલિયોસ - ૧ દ્વારા સૂર્યને લગતી કેટલીક માહિતી મળી છે.**

## (C) વૈજ્ઞાનિક શોધો અને શોધકો

| | શોધ | શોધક | વર્ષ | દેશ |
|---|---|---|---|---|
| ૧. | અભય દીવો | હંફ્રી ડેવી | ૧૮૧૬ | ઇંગ્લેન્ડ |
| ૨. | અલ્ટ્રાવાયોલેટ કિરણો | ફિન્સેન | ૧૮૯૬ | નેધરલેન્ડ્ઝ |
| ૩. | આઈસોટોપનો સિદ્ધાંત | એફ.સોડી | ૧૯૫૨ | ઇંગ્લેન્ડ |
| ૪. | ચશ્માં | બેન્જામીન ફ્રેંકલીન | ૧૭૮૦ | ઇંગ્લેન્ડ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫. | એન્ટિસેપ્ટિક | લોર્ડ લિસ્ટર | ૧૮૮૫ | ઈંગ્લેન્ડ |
| ૬. | એસ્પિરિન | ફેલિક્સ હોફમેન | ૧૮૯૭ | જર્મની |
| ૭. | ઍરોપ્લેન | રાઈટ બ્રધર્સ | ૧૯૦૩ | અમેરિકા |
| ૮. | ઑક્સિજન | જે.બી. પ્રિસ્ટલે | ૧૭૭૪ | ઈંગ્લેન્ડ |
| ૯. | થરમોમીટર | ગેલિલિયો | ૧૫૯૩ | ઈટલી |
| ૧૦. | ક્લૉરોફોર્મ | જેમ્સ સિમ્પસન | ૧૮૪૭ | ઈંગ્લેન્ડ |
| ૧૧. | કાર્બોરેટર | ગોટલિબ ડેમ્લર | ૧૮૭૬ | જર્મની |
| ૧૨. | ક્વિનાઈન | પેલ્લેટિયર અને કાર્વેન્તોઉ | ૧૮૧૮ | ફ્રાન્સ |
| ૧૩. | કેસ્કોગ્રાફ | જગદીશચંદ્ર બોઝ | ૧૯૨૬ | ભારત |
| ૧૪. | કૉલેરા અને ક્ષયની રસી | રોબર્ટ કોક | ૧૮૭૭ | જર્મની |
| ૧૫. | કાંડા ઘડિયાળ | બ્રિગ્યુએટ | ૧૭૯૧ | ફ્રાન્સ |
| ૧૬. | ગાયરોસ્કોપ | લિઓન ફોકોલ્ટ | ૧૯૧૧ | ફ્રાન્સ |
| ૧૭. | ગ્રહમંડળની ગતિના નિયમો | કેપ્લર | ૧૬૦૯ | જર્મની |
| ૧૮. | ગ્રામોફોન | થોમસ આલ્વા એડિસન | ૧૮૭૮ | અમેરિકા |
| ૧૯. | ગુરુત્વાકર્ષણનો નિયમ | આઈઝેક ન્યૂટન | ૧૬૮૭ | ઈંગ્લેન્ડ |
| ૨૦. | ગેલ્વેનોમીટર | એન્દ્રીમેર ઍમ્પિયર | ૧૮૩૪ | ફ્રાન્સ |
| ૨૧. | ચલચિત્ર સંશોધન | થૉમસ આલ્વા એડિસન | ૧૮૯૩ | અમેરિકા |
| ૨૨. | ઍક્સ-રે મશીન | રોન્ટેજન | ૧૮૯૫ | જર્મની |
| ૨૩. | ઍટમ બોમ્બ | ઓટોહાન | ૧૯૨૦ | અમેરિકા |
| ૨૪. | જેટ એન્જિન | ફ્રેન્ક વ્હાઈટલ | ૧૯૩૭ | ઈંગ્લેન્ડ |
| ૨૫. | ટાઈપરાઈટર | ક્રિસ્ટોફર શોલ્સ | ૧૮૬૭ | અમેરિકા |
| ૨૬. | હવા ભરેલું ટાયર | જહૉન ડનલોપ | ૧૮૮૮ | સ્કોટલેન્ડ |
| ૨૭. | ટ્રાન્ઝિસ્ટર | જોન બાર્ડિન, વિલિયમ શોકલી, વોલ્ટર બ્રેટેન | ૧૯૪૮ | અમેરિકા |
| ૨૮. | ટેપરેકોર્ડર | વલ્ડેમેર પુલસેન | ૧૯૪૮ | અમેરિકા |
| ૨૯. | ટ્રેક્ટર | જોન ફ્રોલિક | ૧૮૯૮ | ડેન્માર્ક |
| ૩૦. | ટેરિલિન | જે. વિનફિલ્ડ, એચ. ડિક્શન | ૧૯૪૧ | ઈંગ્લેન્ડ |
| ૩૧. | ટેલિફોન | ઍલેક્ઝાંડર ગ્રેહામ બેલ | ૧૮૭૬ | અમેરિકા |
| ૩૨. | ટેલિગ્રાફ કોડ | સેમ્યુઅલ મોર્સ | ૧૮૩૭ | અમેરિકા |
| ૩૩. | ટેન્ક | અર્નેસ્ટ સ્વિન્ટોન | ૧૯૧૪ | ઈંગ્લેન્ડ |
| ૩૪. | ટેલિવિઝન | જહૉન લૂઈસ બેઈર્ડ | ૧૯૨૫ | ઈંગ્લેન્ડ |
| ૩૫. | ટોરપિડો | રોબર્ટ વ્હાઈટ હેટ | ૧૮૬૬ | ઈંગ્લેન્ડ |
| ૩૬. | ડાયનેમો ટ્રાન્સફોર્મર, વિદ્યુત મોટર | માઈકલ ફેરાડે | ૧૮૩૧ | ઈંગ્લેન્ડ |
| ૩૭. | ડાયનેમાઈટ | આલ્ફ્રેડ નોબેલ | ૧૮૬૭ | સ્વિડન |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૮. | ડીઝલ એન્જિન | રૂડોલ્ફ ડીઝલ | ૧૮૯૫ | જર્મની |
| ૩૯. | તરતા પદાર્થોનો નિયમ | આર્કિમિડિઝ | ૧૮૧૫ | સિસિલી |
| ૪૦. | નાઈલોન | વેલેસ કેરોથર્સ | ૧૯૩૭ | અમેરિકા |
| ૪૧. | પાણીનું પૃથક્કરણ | કેવેન્ડિસ | ૧૭૮૧ | ઈંગ્લેન્ડ |
| ૪૨. | પાવરલૂમ | એડમંડ કાર્ટરાઈટ | ૧૭૮૫ | ઈંગ્લેન્ડ |
| ૪૩. | પિરિયોડિક ટેબલ | મેન્ડેલિફ | ૧૮૬૯ | રશિયા |
| ૪૪. | પ્રિન્ટિંગ પ્રેસ | ગુટનબર્ગ | ૧૪૫૫ | જર્મની |
| ૪૫. | પેનિસિલીન | એલેક્ઝાંડર ફલેમિંગ અને ફલોરી | ૧૯૨૮ | ઈંગ્લેન્ડ |
| ૪૬. | પેરેશ્યુટ | એ.જે. ગાનીરેન | ૧૭૯૭ | ફ્રાન્સ |
| ૪૭. | પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે | કૉપરનિક્સ | ૧૫૪૩ | પોલૅન્ડ |
| ૪૮. | ફોટોગ્રાફી | ડબલ્યુ.એચ.એફ.ટેલ્બોટ | ૧૮૩૫ | ઈંગ્લેન્ડ |
| ૪૯. | ફોનોગ્રાફ | થોમસ આલ્વા એડિસન | ૧૮૭૭ | અમેરિકા |
| ૫૦. | ફોટોગ્રાફી (કલર) | લિપમેન | ૧૮૫૭ | અમેરિકા |
| ૫૧. | ફાઉન્ટનપેન | લુઈસ વોટરમેન | ૧૮૮૪ | અમેરિકા |
| ૫૨. | બલૂન | મોન્ટ ગોલ્ફિયર ભાઈઓ | ૧૭૮૩ | ફ્રાન્સ |
| ૫૩. | બી.સી.જી.ની રસી | કાલમેટ, ગ્યુરિન | ૧૯૨૦ | ફ્રાન્સ |
| ૫૪. | બૅક્ટેરિયા | વાન લ્યુ વેન હોક | ૧૬૭૬ | નેધરલેન્ડ્ઝ |
| ૫૫. | બૅકેલાઈટ | લિયો બેકલેનડ | ૧૯૦૭ | બેલ્જિયમ |
| ૫૬. | બૉલ પોઈન્ટ પેન | લેઝલો બીરો | ૧૯૩૮ | હંગેરી |
| ૫૭. | બૅટરી | ઍલેક્ઝાંડર વોલ્ટા | ૧૮૦૦ | ઈટલી |
| ૫૮. | ક્ષ-કિરણો | રોન્ટેજન | ૧૮૯૫ | જર્મની |
| ૫૯. | મશીનગન | રિચાર્ડ ગેટલિંગ | ૧૮૬૧ | અમેરિકા |
| ૬૦. | માઈક્રોફોન | ઍલેક્ઝાંડર ગ્રેહામ બેલ | ૧૮૭૬ | અમેરિકા |
| ૬૧. | મલેરિયાના રોગનું કારણ | રોનાલ્સ રોસ | ૧૯૦૨ | ઈંગ્લેન્ડ |
| ૬૨. | મોટરકાર | ડેઈમ્બર અને કાર્લબેન્ઝ | ૧૮૮૮ | જર્મની |
| ૬૩. | મોટરસાઈકલ | ગોટલિબ ડેમ્લર | ૧૮૮૫ | જર્મની |
| ૬૪. | યુરેનિયમ | માર્ટિન કલાપ્રોધ | ૧૮૪૧ | જર્મની |
| ૬૫. | રડાર | રોબર્ટ વેટસન વેટ | ૧૯૩૫ | ઈંગ્લેન્ડ |
| ૬૬. | રબર (વલ્કેનાઈઝડ) | ચાર્લ્સ ગુડઈયર | ૧૮૪૧ | અમેરિકા |
| ૬૭. | રબર (ફોર્મ) | ડનલોપ રબર કંપની | ૧૮૨૩ | ઈંગ્લેન્ડ |
| ૬૮. | શીતળાની રસી | એડવર્ડ જેનર | ૧૭૯૬ | ઈંગ્લેન્ડ |
| ૬૯. | રામન કિરણો | સી.વી. રામન | ૧૯૩૦ | ભારત |
| ૭૦. | રિવૉલ્વર | સેમ્યુઅલ કોલ્ટ | ૧૮૩૫ | અમેરિકા |

| | | | | |
|---|---|---|---|---|
| ૭૧. | રેયૉન | સ્વાન | ૧૮૮૩ | ઇંગ્લેન્ડ |
| ૭૨. | રેડિયમ | માદામ ક્યૂરી | ૧૮૯૮ | ફ્રાન્સ |
| ૭૩. | રેડિયો | જી. માર્કોની | ૧૯૦૧ | ઇટલી |
| ૭૪. | રેડિયો એમ્પ્લિફાયર | ડી. ફોરેસ્ટ | ૧૯૦૭ | અમેરિકા |
| ૭૫. | રેડિયો વાલ્વ | જે.એ. ફ્લેમિંગ | ૧૯૦૪ | ઇંગ્લેન્ડ |
| ૭૬. | રેલવે એન્જિન | જોર્જ સ્ટિફન્સ | ૧૮૧૪ | ઇંગ્લેન્ડ |
| ૭૭. | રેઝર (સેફ્ટી) | કિંગ કેમ્પ જિલેટ | ૧૮૯૫ | અમેરિકા |
| ૭૮. | રોકેટ (પ્રવાહી બળતણવાળું) | રોબર્ટ એચ ગોડાર્ડ | ૧૯૩૬ | અમેરિકા |
| ૭૯. | લિફ્ટ | એલિશા ઓટીસ | ૧૮૫૨ | અમેરિકા |
| ૮૦. | લેસર કિરણો | માઈમન, ગિલ્બર્ટ યંગ | ૧૯૬૦ | અમેરિકા |
| ૮૧. | લોગેરિધમ્સ | જહોન નેપિયર | ૧૬૧૪ | સ્કોટલેન્ડ |
| ૮૨. | લોલકના નિયમો | ગેલિલિયો | ૧૫૯૦ | ઇટલી |
| ૮૩. | વનસ્પતિ સંવેદનશીલ છે | જગદીશચંદ્ર બોઝ | ૧૯૦૧ | ભારત |
| ૮૪. | વાયુભારમાપક યંત્ર | ટોરિસેલી | ૧૬૪૩ | ઇટલી |
| ૮૫. | વિટામિન એ | મેક્કોલમ અને ડેવિસ | ૧૮૮૫ | અમેરિકા |
| ૮૬. | વિટામિન બી | ઇઝમેન | ૧૮૯૭ | પોર્ટુગલ |
| ૮૭. | વિટામિન ડી | મેક કોલમ | ૧૯૧૨ | અમેરિકા |
| ૮૮. | વિદ્યુત સંદેશાઓ | માર્કોની | ૧૮૯૫ | ઇટલી |
| ૮૯. | વીજળીનો ગોળો | થોમસ આલ્વા એડિસન | ૧૮૭૯ | અમેરિકા |
| ૯૦. | વીડિયો કેસેટ રેકોર્ડર | સોની કંપની | ૧૯૬૯ | જાપાન |
| ૯૧. | વેલ્ડિંગ | થોમ્પસન | ૧૮૭૭ | અમેરિકા |
| ૯૨. | સાઈકલ | કે. મેકમિલન | ૧૮૩૯ | ઇંગ્લેન્ડ |
| ૯૩. | સાઈકલ ટાયર | ડનલોપ | ૧૮૮૮ | ઇંગ્લેન્ડ |
| ૯૪. | સ્ટીમ એન્જિન | જેમ્સ વોટ | ૧૭૭૭ | ઇંગ્લેન્ડ |
| ૯૫. | સબમરીન | બુસનેલ | ૧૭૭૬ | અમેરિકા |
| ૯૬. | સાઈક્લોટ્રોન | અર્નેસ્ટ લોરેન્સ | ૧૯૩૧ | અમેરિકા |
| ૯૭. | સાપેક્ષવાદ | આલ્બર્ટ આઈન્સ્ટાઈન | ૧૯૧૫ | જર્મની |
| ૯૮. | સિમેન્ટ (પોર્ટલેન્ડ) | જોસેફ એપીડીન | ૧૮૨૪ | ઇંગ્લેન્ડ |
| ૯૯. | સિનેમા (બોલતી) | ડૉ. ડી.ફોરેસ્ટ | ૧૯૨૩ | અમેરિકા |
| ૧૦૦. | સિનેમા (મૂંગી) | લ્યુમીર ભાઈઓ | ૧૮૯૫ | ફ્રાન્સ |
| ૧૦૧. | સિન્થેટિક જનિન્સ | હરગોવિંદ ખુરાના | ૧૯૬૯ | ભારત |
| ૧૦૨. | સ્લાઈડ રૂલ | વિલિયમ એટ્રેડ | ૧૬૨૧ | ઇંગ્લેન્ડ |
| ૧૦૩. | સ્ટેનલેસ સ્ટીલ | હેરી બ્રિઅર્લી | ૧૯૧૩ | ઇંગ્લેન્ડ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૪. | સીવવાનું મશીન | બાર્થલમિ થિમોનિઅર | ૧૮૨૯ | ફ્રાન્સ |
| ૧૦૫. | સ્પેસ ક્રાફ્ટ | ત્સીઓલ્વસ્કી | ૧૯૫૭ | રશિયા |
| ૧૦૬. | સેલ્યુલોઈડ | એલેક્ઝાંડર પાર્કિસ | ૧૮૬૯ | ઇંગ્લેન્ડ |
| ૧૦૭. | સ્ટેથોસ્કોપ | રેને લિનેક | ૧૮૧૯ | ફ્રાન્સ |
| ૧૦૮. | સ્ટેપ્ટ્રોમાઈસેટિન | એસ.એ. વાક્સમેન | ૧૯૪૪ | અમેરિકા |
| ૧૦૯. | શરીરમાં લોહીનું ભ્રમણ | હાર્વે | ૧૬૨૮ | ઇંગ્લેન્ડ |
| ૧૧૦. | શોર્ટહેન્ડ લિપિ | આઈઝેક પીટમેન | ૧૮૩૭ | ઇંગ્લેન્ડ |
| ૧૧૧. | સ્ટિમ શિપ | જે.સી. પેરિયર | ૧૭૭૫ | ફ્રાન્સ |
| ૧૧૨. | હડકવા અંગેની રસી | લુઈ પાશ્ચર | ૧૮૮૫ | ફ્રાન્સ |
| ૧૧૩. | હેલિકોપ્ટર | ઈગોર સિકોર્સ્કી | ૧૯૩૯ | અમેરિકા |

*એવું કહેવાય છે કે તમારે કોઈ મહત્ત્વનું કામ સોંપવું હોય તો બિઝી માણસને સોંપજો. નવરા માણસ પાસે ક્યારેય સમય નથી હોતો.*

## (D) વૈજ્ઞાનિક સાધનો

| | સ્કોપ | ઉપયોગ |
|---|---|---|
| ૧. | ઈલેક્ટ્રોસ્કોપ | (વિદ્યુતદર્શક) પદાર્થનો વિદ્યુતભાર દર્શાવતું સાધન. |
| ૨. | એપિસ્કોપ | પરાવર્તિત ચિત્ર જોઈ શકાય તેવું સાધન. |
| ૩. | એપિડાયોસ્કોપ | પદાર્થને વિસ્તૃત બનાવી જોવા માટે વપરાતું સાધન. |
| ૪. | ગાયરોસ્કોપ | પૃથ્વીના ભ્રમણની અસર બતાવતું સાધન. |
| ૫. | ગેલ્વેનોસ્કોપ | વિદ્યુતપ્રવાહની સ્થિતિ દર્શાવતું સાધન. |
| ૬. | ટેલિસ્કોપ | (દૂરબીન) દૂરના ગ્રહનું અવલોકન કરવા માટેનું સાધન. |
| ૭. | પેરિસ્કોપ | અંતરાય છતાં વસ્તુઓ જોવા વપરાતું સાધન. |
| ૮. | બેરોસ્કોપ | હવાના દબાણનો ફેરફાર બતાવતું સાધન. |
| ૯. | માઈક્રોસ્કોપ | લેન્સ પદ્ધતિથી પદાર્થને મોટો બનાવી દેખાડતું સાધન. |
| ૧૦. | રેડિયોટેલિસ્કોપ | અવકાશી પદાર્થોમાંથી આવતા રેડિયો અવાજો ઝીલતું સાધન. |
| ૧૧. | સિનેમાસ્કોપ | ત્રણ પરિમાણ દશ્યમાન થાય તેવી યાંત્રિક યોજના. |
| ૧૨. | સ્ટિરિયોસ્કોપ | (સૂક્ષ્મદર્શક) ઝીણી વસ્તુને મોટી બતાવતું સાધન. |
| ૧૩. | સ્ટેથોસ્કોપ | હૃદયના ધબકારા માપવા વપરાતું સાધન. |
| ૧૪. | હાઈડ્રોસ્કોપ | સમુદ્રનું તળિયું જોવા માટે વપરાતું સાધન. |
| ૧૫. | હોરોસ્કોપ | હસ્તસામુદ્રિકશાસ્ત્ર અને તેનું દર્શન કરાવતું સાધન. |

| | ફોન | ઉપયોગ |
|---|---|---|
| ૧. | એડિફોન | બહેરા માણસોને સાંભળવા માટે મદદ કરતું સાધન. |
| ૨. | ઓપ્ટોફોન | આંધળો માણસ છાપેલું પુસ્તક વાંચી શકે તેવું સાધન. |
| ૩. | ગ્રામોફોન | રેકર્ડ પરથી અસલ અવાજ ઉત્પન્ન કરતું સાધન. |
| ૪. | ડિક્ટોફોન | કાગળો લખવાનું ગ્રામોફોનની જેમ કામ કરતું સાધન. |
| ૫. | ટેલિફોન | દૂરની વ્યક્તિ સાથે વાતચીત કરવાનું સાધન. |
| ૬. | માઈક્રોફોન | વીજળીની મદદથી અવાજને મોટો બનાવતું સાધન. |
| ૭. | મેગાફોન | અવાજને મોટો બનાવતું સરળ સાધન. |
| ૮. | સેલફોન | સાથે રાખીને ગમે ત્યાંથી સંદેશાની આપ-લે થાય તેવો ફોન. |
| ૯. | હાઈગ્રોફોન | પાણીની અંદર અવાજનો વેગ માપતું સાધન. |

| | ગ્રાફ | ઉપયોગ |
|---|---|---|
| ૧. | એસિલોગ્રાફ | વિદ્યુતપ્રવાહની ધ્રુજારી માપતું સાધન. |
| ૨. | કાર્ડિયોગ્રાફ | હૃદયના દબાણની અસર નોંધતું સાધન. |
| ૩. | કેસ્કોગ્રાફ | વનસ્પતિને થતાં સંવેદનો દર્શાવતું સાધન. |
| ૪. | ટેલિગ્રાફ | તાર સંદેશો નોંધનાર સાધન. |
| ૫. | થર્મોગ્રાફ | દિવસના ઉષ્ણતામાનની અસરવાળો ગ્રાફ બતાવતું સાધન. |
| ૬. | ફોનોગ્રાફ | રેકર્ડ બનાવવા માટેનું સાધન. |
| ૭. | સિનેમેટોગ્રાફ | હાલતાચાલતા ચિત્રની ફિલ્મ બનાવતું સાધન. |
| ૮. | સિસ્મોગ્રાફ | ધરતીકંપમાપક. |

**અન્ય વૈજ્ઞાનિક સાધનો**

| | સાધન | ઉપયોગ |
|---|---|---|
| ૧. | અણુભઠ્ઠી | (રિએક્ટર) અણુશક્તિ પેદા કરી અણુશક્તિનું નિયંત્રણ કરતું સાધન. |
| ૨. | કેલ્ક્યુલેટર | ગાણિતિક ગણતરી કરતું સાધન. |
| ૩. | કમ્પ્યુટર | બહુહેતુક ગણતરીઓની કામગીરી બજાવતું અદ્યતન સંગણક. |
| ૪. | ગીગર કાઉન્ટર | વીજાણુઓની અસર દર્શાવતું સાધન. |
| ૫. | ટેલિવિઝન | વિશિષ્ટ સંજોગોમાં વ્યક્ત કરેલ અવાજ અને દૃશ્ય પુનઃ વ્યક્ત કરતું સાધન. |
| ૬. | ડાયનેમો | યાંત્રિક શક્તિ દ્વારા વીજળી ઉત્પન્ન કરતું સાધન. |
| ૭. | રેડિયો | વિશિષ્ટ સંજોગોમાં ઉત્પન્ન કરેલ અવાજ હવાનાં મોજાં દ્વારા ઝીલતું સાધન. |
| ૮. | કેટ સ્કેનર | સંગણકયુક્ત દેહછેદ દર્શક. |
| ૯. | રેફ્રિઝરેટર | પદાર્થ પર ગરમીની અસર ન થવા દેતું સાધન. |
| ૧૦. | રોબોટ | યંત્રમાનવ, જે મનુષ્ય જેવાં ઘણાં કામ કરે છે. |
| ૧૧. | સાઈક્લોટ્રોન | બહુ જ શક્તિશાળી કણો પેદા કરી યોગ્ય નિયંત્રણ કરતું સાધન. |
| ૧૨. | હેલિકોપ્ટર | હવામાં સીધું ઊડતું અને સીધું ઊતરી શકતું સાધન. |

## (E) વૈજ્ઞાનિક કારણો

૧. ***ઠંડા પ્રદેશોમાં પાણીની પાઈપ શિયાળામાં ફાટી જાય છે,*** કારણ કે ઠંડી પડતાં પાઈપમાં ભરાયેલા પાણીનો બરફ બને છે. બરફ પાણી કરતાં વધારે જગા રોકે છે, તેથી પાઈપ પર બરફનું દબાણ વધે છે અને પાઈપ ફાટી જાય છે.

૨. ***કાચ કાપવા 'હીરાકણી' વપરાય છે,*** કારણ કે હીરો વધુ કઠણ પદાર્થ હોવાથી કાચમાં હીરાકણી ખાડો પાડી શકે છે અને કાચ કપાય છે.

૩. ***વસ્તુનું વજન પૃથ્વી કરતાં ચંદ્ર પર ઓછું થાય છે,*** કારણ કે પૃથ્વી કરતાં ચંદ્રનું ગુરુત્વાકર્ષણ બળ છઠ્ઠા ભાગનું છે, જેથી ચંદ્ર પર પદાર્થનું વજન છઠ્ઠા ભાગનું જ થાય છે.

૪. ***મોટી આગ લાગતાં પવન જોરથી ફૂંકાય છે,*** કારણ કે આગની ગરમીથી હવા ગરમ થઈ ઊંચે ચઢે છે અને આ ખાલી પડેલી જગામાં આજુબાજુની હવા ધસી આવતાં પવન જોરથી ફૂંકાય છે.

૫. ***તપેલી કરતાં કૂકરમાં દાળ જલદી ચઢે છે,*** કારણ કે કૂકરમાં વરાળ અંદર રહેતાં ઊંચુ દબાણ ઝડપથી પેદા થઈ શકે છે. જેના કારણે ઉત્કલનબિંદુ વધતાં ઊંચા તાપે દાળ જલદી ચઢી જાય છે.

૬. ***વાહન એકાએક થોભતાં અંદર બેઠેલો મુસાફર આગળની બાજુ ઝૂકી પડે છે,*** કારણ કે વાહનની સાથે મુસાફર પણ ગતિમાં હોય છે. બ્રેક મારવાથી વાહનની ગતિ ઘટે છે, માણસની નહીં. તેથી તે આગળ ઝૂકી જાય છે.

૭. ***લોખંડ પાણીમાં ડૂબે છે પણ તેની બનાવેલી સ્ટીમર તરે છે,*** કારણ કે સ્ટીમરમાં હવા છે. પરિણામે સ્ટીમરે ખસેડેલા પ્રવાહીના વજન કરતાં સ્ટીમરનું વજન ઓછું થાય છે. તેથી તરતા પદાર્થોના નિયમ મુજબ તે તરે છે.

૮. ***આઈસ્ક્રીમ બનાવવાના સાદા સંચામાં દૂધની કોઠીની આસપાસ રાખેલ બરફમાં મીઠું નાખવામાં આવે છે,*** કારણ કે મીઠું ભભરાવેલ બરફ જલદી પીગળતો નથી. બરફમાં મીઠું ભળતાં બરફનું ગલનબિંદુ ૦° સે. કરતાં નીચું જાય છે.

૯. ***સવાર-સાંજ કરતાં બપોરે ગરમી વધુ લાગે છે,*** કારણ કે સવાર-સાંજ સૂર્યનાં ત્રાંસાં કિરણો પૃથ્વી પર પડે છે. ત્રાંસાં કિરણો વધારે જગામાં ફેલાતા હોવાથી તેની ગરમી આપવાની શક્તિ ઘટે છે, જ્યારે બપોરનાં સીધાં કિરણો ઓછી જગામાં ફેલાય છે. જેથી એમની ગરમી આપવાની તીવ્રતા ટકી રહે છે.

૧૦. ***ચોમાસામાં આકાશમાં વીજળી અને મેઘગર્જના એકસાથે થાય છે, છતાં વીજળી પ્રથમ દેખાય છે અને મેઘગર્જના પછી સંભળાય છે,*** કારણ કે પ્રકાશનો વેગ અવાજના વેગ કરતાં ઘણો વધારે છે.

૧૧. ***વસ્તુનું વજન પાણીમાં ઓછું થાય છે,*** કારણ કે આર્કિમિડિઝના નિયમ પ્રમાણે પાણીમાં વસ્તુના ઊર્ધ્વાકર્ષણ બળના કારણે વજનમાં ઘટાડો થાય છે.

૧૨. ***દોરડા પર ચાલતો નટ હાથમાં લાંબો વાંસ રાખે છે,*** કારણ કે નટ સમતોલન જાળવવા માટે વાંસને બંને બાજુ પર ખસેડી ગુરુત્વ કેન્દ્ર દોરડા પર રાખી શકે છે.

૧૩. ***કળીચૂનાના ગાંગડાઓ પર પાણી રેડતાં ગરમી પેદા થાય છે,*** કારણ કે ઠંડા પાણીના સ્પર્શથી તેમાં રાસાયણિક ક્રિયા થાય છે, જે ગરમી ઉત્પન્ન કરે છે.

૧૪. ***પૃથ્વીથી પણ કદમાં ઘણા મોટા આકાશી તારાઓ નાના દેખાય છે,*** કારણ કે જેમ વસ્તુ દૂર હોય તેમ આંખમાં તેનું પ્રતિબિંબ નાનું પડે છે.

૧૫. ***રેલવે લાઈનના બે પાટા વચ્ચે ફિશપ્લેટના સાંધામાં જગ્યા રાખવામાં આવે છે,*** કારણ કે ગાડીની ગતિથી ઉત્પન્ન થતી ગરમીના કારણે પાટાના કદમાં વધારો થાય છે અને તે જગ્યા પુરાઈ જાય છે.

૧૬. ***પદાર્થને ઉષ્મા આપવાથી તેના કદનું પ્રસરણ થાય છે,*** કારણ કે તેના કુલ અણુઓની ગતિશક્તિમાં વધારો થાય છે. અણુઓની ગતિશક્તિ વધવાથી અણુઓને વધારે જગાની જરૂર પડે છે, પરિણામે ઉષ્મા મેળવતા પદાર્થનું કદ વધે છે.

૧૭. ***શીત કટિબંધના પ્રદેશોમાં વિષુવવૃત્ત કરતાં ઓછી ગરમી પડે છે,*** કારણ કે શીત કટિબંધના પ્રદેશોમાં સૂર્યનાં કિરણો ત્રાંસાં પડે છે. જે વધારે જગામાં ફેલાતાં ગરમી પણ ફેલાય છે અને તેની તીવ્રતા ઓછી થાય છે.

૧૮. ***વીજળીના વાયરિંગની વચ્ચે પાતળા તારનો ફ્યુઝ રાખવામાં આવે છે,*** કારણ કે વીજળીનું દબાણ ક્યારેક વધી જતાં આવા વાયરિંગને બાળી નાખે છે. દબાણ વધતાં ફ્યુઝ બળી જતાં વીજપથ તૂટી જાય છે.

૧૯. ***જમીન કરતાં રેતીમાં ચાલવું મુશ્કેલ બને છે,*** કારણ કે કઠણ જમીન કરતાં રેતી વધારે અવરોધ ઊભો કરે છે. અવરોધ ગતિને રોકે છે.

૨૦ ***આકાશમાં તારા ચમકે છે,*** કારણ કે તારામાંથી આવતો પ્રકાશ જુદી જુદી ઘનતા અને ગરમી ધરાવતાં હવાનાં પડોમાંથી પસાર થતાં પ્રકાશનાં કિરણો જુદી જુદી રીતે વાંકાં વળે છે.

૨૧. ***ઈલેક્ટ્રિક બલ્બ ફૂટતાં મોટો અવાજ થાય છે,*** કારણ કે બલ્બમાં શૂન્યાવકાશ હોય છે. બલ્બ ફૂટતાં બહારની હવા શૂન્યાવકાશ તરફ જોરથી ધસે છે, જે અવાજ ઉત્પન્ન કરે છે.

૨૨. ***ઉનાળામાં લોકો સફેદ કપડાં પહેરવાનું પસંદ કરે છે,*** કારણ કે સફેદ કપડાં ઉષ્માનુ શોષણ કરવાને બદલે ઉષ્માનું પરાવર્તન કરે છે. તેથી સફેદ કપડામાં ગરમી ઓછી લાગે છે.

## (F) અણુવૈજ્ઞાનિક શોધો

| | | |
|---|---|---|
| ૧. | બધા પદાર્થો અવિભાજ્ય નાના કણોના બનેલા હોય છે. | *– ડેમોક્રિટ્સ (ગ્રીક), ઈ.સ. પૂ. ૪૦૦* |
| ૨. | બધા પદાર્થો પૃથ્વી, અગ્નિ, તેજ, વાયુ અને પાણીમાંથી બન્યા છે. | *– એરિસ્ટોટલ (ગ્રીક), ઈ.સ. પૂ. ૧૦૦* |
| ૩. | બે ભિન્ન અણુઓ ભેગા થઈ નવો પદાર્થ બનાવે છે. | *– બોઈલ (આયર્લેન્ડ), ૧૭મી સદી* |
| ૪. | પ્રકાશ અણુ જેવા કણોનો બનેલો છે. | *– ન્યૂટન (ઈંગ્લેન્ડ), ૧૭મી સદી* |
| ૫. | એક જ પદાર્થના અણુઓ સર્વાંગસમ છે. | *– ડાલ્ટન (ઈંગ્લેન્ડ), ૧૮મી સદી* |
| ૬. | પરમાણુઓ ભેગા મળી અણુ બને છે. | *– એવો ગાર્ડો (ઈટલી), ૧૮મી સદી* |
| ૭. | વિદ્યુત દ્વારા અણુઓનું વિઘટન થઈ શકે છે. | *– વોલ્ટા (ઈટલી), ૧૮મી સદી* |
| ૮. | કેથોડ રે ટ્યૂબ | *– ક્રુક્સ (ઈંગ્લેન્ડ) ૧૮મી સદી* |
| ૯. | ક્ષ-કિરણો (X-Rays) | *– રોન્ટેજન (જર્મની), ૧૯મી સદી* |
| ૧૦. | રેડિયમ સૌથી વધારે કિરણોત્સર્ગી છે. | *– માદામ ક્યૂરી (ફ્રાન્સ), ૧૯મી સદી* |
| ૧૧. | પ્રોટોન અને ઈલેક્ટ્રોન અણુના બે ભાગ છે. | *– થોમ્પસન (ઈંગ્લેન્ડ), ૨૦મી સદી* |
| ૧૨. | આલ્ફા, બીટા અને ગેમા કિરણો | *– રુથરફોર્ડ (ઈંગ્લેન્ડ) ૨૦મી સદી* |
| ૧૩. | દ્રવ્યનું શક્તિમાં રૂપાંતર થઈ શકે છે. | *– આઈન્સ્ટાઈન (જર્મની), ૧૯૦૫* |
| ૧૪. | પરમાણુને કેન્દ્ર હોય છે. | *– રુથરફોર્ડ (ઈંગ્લેન્ડ) ૨૦ મી સદી* |
| ૧૫. | પરમાણુઓ ઈલેક્ટ્રોન કક્ષાઓમાં ફરે છે. | *– બોહર (ડેન્માર્ક) ૧૯૧૬* |
| ૧૬. | ન્યુટ્રોન | *– ચેડવિક (ઈંગ્લેન્ડ) ૧૯૩૮* |
| ૧૭. | એટમનું વિભાજન થાય છે. | *– ઓટોહાન સ્ટેટ્સમેન (ફ્રાન્સ), ૧૯૩૪* |
| ૧૮. | કૃત્રિમ રેડિયો એક્ટિવિટી | *– જુલિયેટ ક્યૂરી (પોલેન્ડ), ૧૯૩૪* |

૧૯. પ્રથમ અણુભટ્ટી – *એનરિકોફર્મી (ઇટલી), ૧૯૪૨*
૨૦. પ્રથમ અણુબોમ્બ બન્યો. – *ઓપનહાઈમર, બોહર ફર્મી (અમેરિકા) ૧૯૪૫*
૨૧. પ્રથમ હાઈડ્રોજન બોમ્બ (ફ્યુઝન) – *અણુપંચ (અમેરિકા), ૧૯૫૧*
૨૨. ભારતે પ્રથમ અણુધડાકો કર્યો. – *ડૉ. રામન્ના (ભારત), ૧૯૭૪*
૨૩. લેસર – *ગોર્ડન ગોલ્ફડ (અમેરિકા) ૧૯૫૭*
૨૪. કમ્પ્યુટર માઈક્રોચિપ્સ – *નિયોન ઈલેકટ્રિક કંપની (જાપાન) ૧૯૮૨*
૨૫. કૃત્રિમ રેડિયો આઈસોટોપ – *એનરિફો ફર્મી (ઇટલી), ૧૯૫૨*

## (G) આધુનિક શોધો

૧. ***ગણતરીયંત્ર (Calculator) :*** કોઈ પણ સંખ્યાના સરવાળા, બાદબાકી, ભાગાકાર, ગુણાકાર, બટન દબાવવાની ક્રિયાથી મળે તેવું ઈલેક્ટ્રોનિક તથા સોલર પદ્ધતિથી ચાલતું ગણતરી યંત્ર.

૨. ***કમ્પ્યુટર (Computer) :*** કમ્પ્યુટર વિજ્ઞાનની એક આધુનિક ભેટ છે. તે ઈલેક્ટ્રોનિક્સ સિદ્ધાંતથી ચાલતું હોવાથી ખૂબ ઝડપથી ગણતરી કરી આપે છે. કમ્પ્યુટરમાં અનેક ટ્રાન્ઝિસ્ટરોની અટપટી ગૂંથણી કરવામાં આવી હોય છે. અવકાશી ઉડ્ડયન માટેની ગણતરી, અવકાશમાં મોકલાતા સંદેશા, રડાર સેટની રચના, મિસાઈલ વગેરેમાં તેમજ ઉદ્યોગો અને કારખાનાનાં નિયમન માટે આજે ઈલેક્ટ્રોનિક કમ્પ્યુટર વપરાતાં થયા છે. તે બે પ્રકારનાં હોય છે : (૧) એનાલોગ અને (૨) ડિજિટલ. જે ગણતરી અને વિભાગીકરણ માટે વપરાય છે. માણસના મગજ કરતાં તે વધુ ઝડપી અને ચોકસાઈપૂર્વકનું કામ કરે છે.

૩. ***ટ્રાન્ઝિસ્ટર (Transister) :*** વૈજ્ઞાનિક સાધનોમાં મોટે ભાગે ઈલેક્ટ્રોન ટ્યૂબ (વાલ્વ) નો વપરાશ થતો હતો, પરંતુ એમાં ફિલામેન્ટ ગરમ કરવામાં વીજળીનો ઘણો દુર્વ્યય થતો. તેના બદલામાં ઉપયોગમાં આવી શકે તેવી અદ્‌ભુત વસ્તુ ટ્રાન્ઝિસ્ટર બેલ લેબોરેટરીના વૈજ્ઞાનિકો બ્રેટને અને બાર્કીને ઈ.સ. ૧૯૪૮ માં શોધી છે. ટ્રાન્ઝિસ્ટરની વિશેષતા એ છે કે તે કદમાં ઘણો નાનો છે. જે જર્મેનિયમ ધાતુના પડની નાની પતરીઓ છે. હવે ઈલેક્ટ્રોન ટ્યુબની જગાએ સર્વત્ર ટ્રાન્ઝિસ્ટર વપરાય છે.

૪. ***યંત્રમાનવ-રોબોટ (Robot) :*** કમ્પ્યુટરનો જો ઉત્તમ ઉપયોગ થતો હોય, તો તે રોબોટ કે માનવયંત્રમાં થાય છે. રોબોટે કેવી રીતે કામ કરવું તેના ડેટા કમ્પ્યુટરમાં આપેલા હોય છે. આ ડેટા પ્રમાણે એક પછી એક કાર્ય રોબોટ કરતો જાય છે. **જાપાનમાં તો હવે કારખાનામાં મજૂરના સ્થાને મેન્યુઅલ લેબર માટે રોબોટ વપરાવા માંડ્યા છે. હજારોની સંખ્યામાં રોબોટ કામ કરે છે.**

૫. ***રડાર (Radar) :*** રડારની મદદથી દૂરની રૂપરેખા રડારના રિસીવર પર દેખાય છે. અંધારામાં તેમજ વાદળોમાં પણ આ સાધન દ્વારા દૂરની વસ્તુઓ જોઈ શકાય છે. ધરતી પરના રડાર સેટ દ્વારા દુશ્મનોના હવાઈ જહાજને શોધીને તેના પર તોપમારો કરી શકાય છે. રડાર 'પ્રતિધ્વનિ' ના સિદ્ધાંત પર કામ કરે છે. રડાર સેટનાં રેડિયો મોજાં દૂર દૂર જઈ વસ્તુની સાથે ટકરાઈ પરત આવી દશ્ય ઊભું કરે છે. **હવે એવાં રડાર શોધાયાં છે જેનાથી ૧૦ કિમી દૂરથી પણ વસ્તુને જોઈ શકાય છે.**

૬. ***ટેલિવિઝન :*** ટેલિવિઝન દ્વારા દૂરનાં દશ્યો ઘેર બેઠાં નિહાળી શકાય છે અને સાથે સાથે તેનો અવાજ પણ સાંભળી શકાય છે. પ્રકાશનું વીજળીમાં રૂપાંતર કરી રેડિયો મોજાઓ પ્રસારિત કરવામાં આવે છે. ઘરના ટેલિવિઝન સેટ દ્વારા મોજાંઓનું ફરીથી વિદ્યુતમાં અને છેવટે પ્રકાશમાં રૂપાંતર કરવામાં આવતાં મૂળ દશ્ય જોઈ શકાય છે. દુનિયાના બધા ભાગમાં તેનો વપરાશ વધવા માંડ્યો છે. **ભારતમાં પણ ૭૦ ટકાથી વધુ વસ્તીને ટીવી નેટવર્ક દ્વારા આવરી લેવામાં આવી છે.**

૭. ***અણુભઠ્ઠી (Atomic Reactor) :*** પરમાણુ વિજ્ઞાન જ્યારથી અસ્તિત્વમાં આવ્યું ત્યારથી અણુભઠ્ઠીનું મહત્ત્વ વધી ગયું છે. આ ભઠ્ઠીમાં અણુનું વિભાજન કરવામાં આવે છે ત્યારે પ્રચંડ શક્તિ ઉત્પન્ન થાય છે. આ શક્તિને જુદી જુદી રીતે ઉપયોગમાં લેવામાં આવે છે. આપણે ત્યાં ઈ.સ. ૧૯૫૬ માં શરૂ કરેલી **'અપ્સરા' અણુભઠ્ઠી** ઘણી જાણીતી છે. જે ભાભા એટમિક રિસર્ચ સેન્ટર, ટ્રોમ્બેમાં આવેલી છે. ઈ.સ. ૧૯૭૧ માં **'પૂર્ણિમા'** નામની બીજી અણુભઠ્ઠી કાર્યરત થઈ છે.

૮. ***અલ્ટ્રાવાયોલેટ કિરણો :*** આ દૃશ્ય કિરણો સૂર્યમાંથી નીકળે છે. કૃત્રિમ રીતે મરક્યુરી દ્વારા પણ ઉત્પન્ન કરી શકાય છે.

૯. ***ક્ષ-કિરણો :*** અતિ સૂક્ષ્મ તરંગલંબાઈવાળાં આ કિરણો ચામડીની આરપાર જઈ શકે છે પણ હાડકાંની આરપાર જઈ શકતાં નથી. તેથી શરીરના અંદરના ભાગોનો ફોટો પાડી શકાય છે.

૧૦. ***લેસર કિરણો :*** ઈ.સ. ૧૯૬૦ માં અમેરિકન વૈજ્ઞાનિક દ્વારા શોધાયેલ આ કિરણો ઘણાં ચમત્કારી અને શક્તિશાળી છે. ઉદ્યોગ ક્ષેત્રે તેમનો અનેક પ્રકારે ઉપયોગ થાય છે.

૧૧. ***માઈક્રોચિપ્સ (Microchips) :*** કમ્પ્યુટર, ટેલિવિઝન, ટેપરેકોર્ડર વગેરેમાં પહેલાં ટ્રાન્ઝિસ્ટર વપરાતાં પરંતુ હવે માઈક્રોચિપ્સ વપરાય છે. અનેક ટ્રાન્ઝિસ્ટરનું કામ ચિપ્સ કરે છે. જેનું કદ અંગૂઠા જેટલું હોય છે. આમ, જગ્યાનો બચાવ થાય છે અને એટલે ટેલિવિઝન કે કમ્પ્યૂટર નાના કદનાં બની શકે છે. અમેરિકામાં તો એક આખો વિસ્તાર જ ચિપ્સ બનાવતાં કારખાનાંનો છે. જેને 'ચિપ્સવેલી' (Velly) કહેવામાં આવે છે. કમ્પ્યુટરની દુનિયામાં માઈક્રોચિપ્સે ક્રાંતિ સર્જી છે.

૧૨. ***વિશ્વ કિરણો (Cosmic Rays) :*** અવકાશી પદાર્થોમાંથી આવતાં આ કિરણો ખૂબ શક્તિશાળી છે. વાતાવરણમાં પ્રવેશતાં તેની શક્તિ ઘટે છે. અવકાશી ઉડ્ડયન વખતે આ કિરણો 'કોયડો' બની જાય છે.

૧૩. ***રોકેટ (Rocket) :*** આઘાત-પ્રત્યાઘાત સરખા અને સામસામા હોય છે તેવા ન્યુટનના સિદ્ધાંત પર રોકેટ કામ કરે છે. તેમાં મોટે ભાગે પ્રવાહી ઑક્સિજન બળતણ તરીકે વપરાય છે. ઑક્સિજન બળતાં ગેસ તૈયાર થાય છે, જે રોકેટને છેડે બહાર નીકળતો દેખાય છે. તેની પ્રતિક્રિયારૂપે રોકેટ ઊંચે ઊડે છે. અમેરિકન વૈજ્ઞાનિક ગોડાર્ડે (આધુનિક રોકેટના જનક) પ્રવાહી બળતણ વાપરી રોકેટને શક્તિશાળી બનાવ્યાં. આજે અવકાશી ઉડ્ડયનમાં અને મિસાઈલમાં તેનો ઉપયોગ થાય છે.

૧૪. ***પ્રક્ષેપાસ્ત્ર - મિસાઈલ (Missile) :*** યુદ્ધના મેદાનમાં કામ આપે છે. તેને લોન્ચિંગ પેડ પરથી છોડવામાં આવે છે. તેમાં નાનો બોમ્બ મૂકેલો હોય છે, જે ૧૦ થી ૨૦ કિમી દૂર જઈ શકે છે. કેટલાંક મિસાઈલ તો ૧૬૦ કે તેથી વધુ કિલોમીટરના અંતરે પણ ફેંકી શકાય છે. ગાઈડેડ મિસાઈલ, એન્ટિમિસાઈલ, ઈન્ટર કોન્ટિનેન્ટલ મિસાઈલ વગેરે તેનાં વિવિધ સ્વરૂપ છે. ભારતે 'અગ્નિ', 'પૃથ્વી', 'ત્રિશૂલ', 'નાગ', 'આકાશ' મિસાઈલ છોડી તેના સફળ પ્રયોગો કર્યા છે.

૧૫. ***જેટ વિમાન :*** રોકેટના જ સિદ્ધાંત પર ઊડતું આ વિમાન હવામાંના વાયુનો ઉપયોગ કરી દહનક્રિયાઓ દ્વારા વાયુઓ પેદા કરે છે, જે બહાર નીકળતાં ધક્કો પેદા થાય છે અને તેને પરિણામે જેટ વિમાન ઊડે છે. સાદા વિમાન કરતાં તે ઘણાં ઝડપી હોય છે.

૧૬. ***સુપરસોનિક વિમાન :*** આ એક પ્રકારનું જેટ વિમાન છે. જેનો વેગ અવાજના વેગ કરતાં વધારે છે. આ વિમાન આગળથી સાંકડું હોય છે.

૧૭. ***ગાઈડેડ મિસાઈલ :*** આ મિસાઈલોમાં ઈલેક્ટ્રોનિક સાધનોની ગોઠવણી કરવામાં આવી હોય છે, જે દ્વારા નિર્ધારિત સ્થળે તે મોકલી શકાય છે. આ મિસાઈલોની ખૂબી એ છે કે તેમાં કોઈ માનવી ન હોવા છતાં પોતાનું લક્ષ તાકી શકે છે.

૧૮. ***એન્ટિમિસાઈલ :*** સામે આવતાં મિસાઈલોને તોડી પાડવા માટે વપરાતું આ વિરોધી મિસાઈલ છે.

૧૯. ***આંતરખંડીય મિસાઈલ :*** એક ખંડ ઉપરથી બીજા ખંડ ઉપર ફેંકી શકાય તેવું શક્તિશાળી મિસાઈલ છે.

***કોઈની ભૂલ ક્યારેય સમજાવવી નહીં કેમકે સમયની પાસે સત્યને સાબિત કરવાની પોતાની અનોખી રીત છે.***

## (H) વિજ્ઞાનની દષ્ટિએ માનવ શરીર

૧. માનવશરીર કાર્બન, હાઈડ્રોજન, ઑક્સિજન, નાઈટ્રોજન, ફોસ્ફરસ, કેલ્શિયમ અને લોખંડનું બનેલું છે.
૨. માનવશરીર અગ્નિ, આકાશ, તેજ, વાયુ અને પાણી એ પંચ મહાભૂતોનું બનેલું છે.
૩. માનવશરીરમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો છે : આંખ, કાન, નાક, જીભ અને ચામડી.
૪. માનવશરીર પાંચ મહાન તંત્રોનું બનેલું છે : (૧) રુધિરાભિસરણ તંત્ર, (૨) શ્વસનતંત્ર, (૩) ઉત્સર્ગતંત્ર, (૪) જ્ઞાનતંત્ર અને (૫) પાચનતંત્ર.
૫. માનવશરીરમાં મૂળભૂત લાગણીઓ, ભય, ગુસ્સો અને પ્રેમ છે.
૬. માનવશરીરનો ૨/૩ ભાગ પાણીનો બનેલો છે.
૭. માનવશરીરની મુખ્ય ક્રિયાઓ પાચન, શ્વસન, રુધિરાભિસરણ, ઉત્સર્ગ અને પ્રજનન છે.
૮. માનવશરીરના મુખ્ય ભાગ માથું, ધડ અને હાથ-પગ છે.
૯. માનવશરીરનો મૂળભૂત એકમ 'કોષ' છે.
૧૦. **માનવશરીર જીવનના ૧/૩ ભાગનો સમય ઊંઘમાં ગાળે છે.**
૧૧. માનવશરીરમાં બધાં મળીને આશરે ૨૧૩ હાડકાં છે.
૧૨. માનવશરીરમાં સરેરાશ પાંચ કિલોલીટર લોહી વહેતું રહે છે.
૧૩. માનવશરીરમાં આશરે ૫૦૦થી વધુ સ્નાયુઓ છે.
૧૪. માનવશરીર દરરોજ ૮ પાઉન્ડ કચરો વિવિધ સ્વરૂપે બહાર કાઢે છે. બહાર નીકળતા કચરામાં આશરે દોઢ લીટર પેશાબ હોય છે.
૧૫. માનવશરીરના નાડીના ધબકારા દર મિનિટે ૭૫ થી ૮૫ થાય છે.
૧૬. માનવશરીરમાં આશરે એક લાખ રક્તવાહિનીઓ છે.
૧૭. માનવશરીર દર મિનિટે ૧૬ થી ૨૦ વખત શ્વાસોશ્વાસ કરે છે.
૧૮. માનવશરીરનું સામાન્ય ઉષ્ણતામાન ૯૮.૪ ફેરનહીટ હોય છે.
૧૯. માનવશરીરની બાહ્યત્વચા પર આશરે ૨૫,૦૦૦ થી વધુ છિદ્રો હોય છે.
૨૦. માનવશરીર દરરોજ ૧૨.૮૯ ઘનમીટર હવા લે છે.
૨૧. માનવશરીરના એક ફેફસામાં અઢી કરોડ શ્વાસવાહિનીઓ અને તેને છેડે ચાર અબજ વાયુકોષો હોય છે.
૨૨. માનવશરીરને જીવંત રાખવા ખોરાક, પાણી અને હવાની સતત જરૂર પડે છે.
૨૩. માનવશરીરની 'કુદરતી રોગપ્રતિકારક શક્તિ' ખૂબ અસરકારક હોવાથી મોટા ભાગના રોગો જાતે જ શમી જાય છે.
૨૪. માનવશરીરને સ્વભાવ, ગુણદોષ અને શારીરિક પ્રકૃતિ વારસામાં મળે છે.
૨૫. શરીરશાસ્ત્ર પ્રમાણે દરેક પુખ્ત વયની વ્યક્તિએ આશરે ૩૦૦૦ કેલરી શક્તિ પેદા કરી શકે તેટલો ખોરાક લેવો જોઈએ.
૨૬. વીસથી પચાસ વર્ષની ઉંમર સુધીમાં તંદુરસ્ત મનુષ્ય સો વખત રક્તદાન કરી શકે છે. રક્તદાનથી શરીરમાં રક્તની ઊણપ થતી નથી.
૨૭. રક્તદાન કરવા માટે અને જરૂર પડે ત્યારે લોહી લેવા માટે પોતાના લોહીનો પ્રકાર જાણવો જોઈએ.
૨૮. **આત્મા શરીર છોડી છૂટો પડે પછી શેષ રહેતા માનવદેહમાં ચક્ષુ અને કેટલાક અવયવો અન્ય મનુષ્યના ઉપયોગમાં આવે તેવાં હોય છે. માનવ વિજ્ઞાનના અભ્યાસ માટે પણ મૃત માનવદેહ ઉપયોગી હોઈ ચક્ષુદાન અને દેહદાન કરવું એ કલ્યાણકારી કાર્ય છે.**

## (I) આધુનિક વિજ્ઞાન

૧. **આર ડી એક્સ (રિસર્ચ ડેવલપમેન્ટ એક્સપ્લોઝિવ) :** સફેદ, મૃદુ, આનમ્ય, ગંધ વગરનો શક્તિશાળી વિસ્ફોટક પદાર્થ

૨. **ઈ-મેઈલ (વીજાણુ ટપાલ) :** કમ્પ્યુટર દ્વારા સંદેશા આપ-લે કરવાની વ્યવસ્થા

૩. **એલપીજી (લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ) :** રાંધણગેસ : ખનીજ તેલ કે પ્રાકૃતિક વાયુમાંથી ઈથેન, પ્રોપેન, બ્યુટેન વગેરે વાયુરૂપ આર્દ્ર કાર્બન ઈંધણો મળે છે. તેમને દાબ આપી ઘટ્ટ કરવાથી વાયુરૂપ બને છે. ઉપકરણોમાં તેનું સ્થળાંતર કરી શકાય છે. બાષ્પશીલ અને અત્યંત દહનશીલ હોવાથી તે નીગળે (ચૂએ) અને ધડાકો થાય તો ભારે હાનિ થાય.

૪. **એન્ડોસ્કોપી (અંતરદર્શન) :** શરીરનાં અન્નનળી, જઠર, આંતરડાં જેવાં અંગોનું નિરીક્ષણ કરવા પ્રકાશની સગવડતાવાળા પીડારહિત નલિકાયંત્રનો ઉપયોગ કરી શકાય તેવું ઉપકરણ

૫. **ડાયાલિસિસ (યાંત્રિક ઉત્સર્જન) :** દ્રાવણમાંથી અર્ધપારગામી ત્વચાની મદદથી અમુક દ્રવ્યોને ગાળી લેવાની પદ્ધતિ. મૂત્રપિંડની નિષ્ક્રિયતાથી લોહીમાં યુરિયા જેવા નકામા પદાર્થોને દૂર કરવાની પદ્ધતિ. મૂત્રપિંડ (કિડની) કામ કરતું બંધ થાય ત્યારે આ વ્યવસ્થા વડે લોહી શુદ્ધ કરવામાં આવે છે.

૬. **પેજર :** ટેલિફોનની મદદથી નિશ્ચિત અંતરે પત્તા જેવા પડદા ઉપર સંદેશો પ્રદર્શિત કરવાની વ્યવસ્થા પેજરમાં હોય છે.

૭. **પેસમેકર :** રોગગ્રસ્ત હૃદયમાં જ્યારે ધબકારા અનિયમિત બને અથવા ધબકારા બંધ થઈ જવાનો ભય પેદા થાય ત્યારે તેને જોઈતા વીજ સંકેતો મળતા રહે તે માટે ગળાના હાડકા નીચે શરીરની અંદરના ભાગમાં બેસાડવામાં આવતું વીજાણુ ઉપકરણ.

૮. **ફેક્સ (પ્રતિલિપિ પ્રેષણ) :** લખેલા, છાપેલા પત્ર કે ચિત્રની પ્રતિલિપિ દૂરના સ્થળે તત્કાળ મોકલવાની સંચાર-પદ્ધતિ. મોકલવાના પત્ર કે ચિત્રને ફેક્સ ઉપકરણમાં મૂકી સામેના સ્થળનો ફેક્સ નંબર લગાવવાથી ઉપકરણનું કિરણ પત્રને વાંચે છે. તેના લખાણ કે ચિત્રનું વીજળી તરંગોમાં રૂપાંતર કરે છે. જે તાર વડે સામે છેડે જઈ ત્યાંના ફેક્સ યંત્રને સક્રિય કરે છે અને વીજળી તરંગોનું મૂળ સંદેશામાં કે દશ્યમાં રૂપાંતર કરે છે. કાગળ ઉપર તેની પ્રતિલિપિ ઊતરે છે.

૯. **હાર્ટ ઍટેક (હૃદયરોગ) :** હૃદયને પોતાને કામ કરવા જોઈતું લોહી અણધાર્યું અટકી પડે અથવા અલ્પ પ્રમાણમાં મળે ત્યારે હૃદયનું કાર્ય અટકી પડી મૃત્યુ પામવાનો ભય ઊભો થાય તે સ્થિતિને હાર્ટઍટેક (હૃદયરોગ) કહે છે.

૧૦. **બાયપાસ સર્જરી (ઉપમાર્ગ શસ્ત્રક્રિયા) :** હૃદયના સ્નાયુને લોહી પૂરું પાડતી ધમની સંકોચાવાથી કે તેમાં ગઠ્ઠો થવાથી હૃદયને પૂરતું લોહી ન મળે તો તેના કાર્યમાં ગંભીર વિક્ષેપ પડે છે. ધમનીના બગાડવાળા ભાગને પડતો મૂકી શરીરના અન્ય ભાગમાંથી નસ લઈને સારા ભાગોને જોડતો ઉપમાર્ગ બનાવવા કરવામાં આવતી શસ્ત્રક્રિયાને બાયપાસ સર્જરી કહે છે.

૧૧. **બાયોપ્સી :** શરીરમાં કોઈ પણ સ્થળે ગાંઠ જેવી વૃદ્ધિ થાય ત્યારે તે સાદી ગાંઠ છે કે કેન્સરની તે જાણવા માટે ત્યાંથી પેશીયુક્ત ભાગ લઈને તેનું પરીક્ષણ કરવામાં આવે તેને બાયોપ્સી કહે છે.

૧૨. **નોઈઝ પોલ્યુશન (ધ્વનિ પ્રદૂષણ) :** મોટો, તીણો, કર્કશ, સતત ઘોંઘાટ શરીરના સ્વાસ્થ્યને હાનિકર્તા છે. રક્તચાપ, હૃદયરોગ તથા માનસિક રોગ થાય છે. બહેરાશ આવે છે.

૧૩. **રિમોટ કંટ્રોલ (દૂરસ્થ સંચાલન) :** ટેલિવિઝન જેવાં સાધનોને દૂર બેઠા નિયંત્રિત કરવાની પદ્ધતિને રિમોટ કંટ્રોલ કહે છે. આ માટે દૂરના ઉપકરણમાં રહેલી કળ સંકેત કિરણ દ્વારા ચાલુબંધ કરી શકાય છે. ટીવીના રિમોટ કંટ્રોલમાં અધોરક્ત કિરણ કામ કરે છે.

૧૪. **જેટ લેગ (યાત્રા દુષ્પ્રભાવ) :** દૈનિક નિયમિતતાથી ટેવાયેલા શરીરને સમય થતાં ભૂખ, તરસ, નિદ્રા, સ્ફુર્તિ વગેરેનો અનુભવ થાય છે. વિમાન દ્વારા અલ્પ સમયમાં લાંબા અંતરની પૂર્વ પશ્ચિમ યાત્રા કરવાથી, સ્થાનિક સમય

બદલાવાથી શરીરના આ લયમાં વિક્ષેપ પડે છે. સમયમાં પડતા અંતરના પ્રત્યેક કલાક દીઠ એક દિવસ જેટલા સમયે લય પાછો મેળવાય છે.

૧૫. **માઈક્રોવેવ ઑવન (સૂક્ષ્મ તરંગ ભઠ્ઠી) :** રસોડામાં ઉપયોગી આ વીજાણુ ભઠ્ઠી છે. એમાં સૂક્ષ્મ તરંગો ઉત્પન્ન કરી વચ્ચેના વાસણમાં રાખેલા પદાર્થ પર વાળવામાં આવે છે. આમ થવાથી પદાર્થ પોતે પુષ્કળ તાપ મેળવી રંધાઈ જાય છે. વાસણ ગરમ થતું નથી.

૧૬. **રેડિયોટેલિસ્કોપ (રેડિયો દૂરદર્શક) :** બ્રહ્માંડમાંથી વિવિધ કિરણો સતત પૃથ્વી પર વરસ્યા કરે છે. તેમાં વિવિધ પ્રકારના રેડિયો તરંગો પણ છે. મંદાકિની, તારા તથા ગ્રહો આ કિરણો પ્રસારે છે. વિશાળ એન્ટેના (ડિસ્ક) કિરણો ગ્રહણ કરીને તેમનું વીજળી તરંગોમાં રૂપાંતર કરે છે. કમ્પ્યુટર પડદા પર તેમને ચિત્રરૂપે દર્શાવે છે.

૧૭. **સોફ્ટવેર (મૃદુસામગ્રી) :** કમ્પ્યુટર ૧ અને ૦ ની દ્વિઅંકી પદ્ધતિથી સઘળાં કામ કરે છે. વિવિધ સૂચનાઓ કમ્પ્યુટર સમજે તેવી ભાષામાં આપી શકાય તો તે કોઈ પણ કાર્ય કરવા તૈયાર હોય છે. આ માટે જે સૂચનાક્રમ તૈયાર કરવામાં આવે છે તેને સોફ્ટવેર (મૃદુસામગ્રી) કહે છે. તેમાં ટૂંકા સંકેતો પ્રયોજવામાં આવે છે.

૧૮. **ઇન્ટરનેટ : વિશ્વની સૌથી વિશાળ કમ્પ્યુટર પ્રણાલી છે.** વીજાણુ ટપાલ (ઈ-મેઈલ) દ્વારા ૧૫૯ દેશોનો સંપર્ક શક્ય બન્યો છે. ઈન્ટરનેટનું સંચાલન સ્વયંસેવકોનો બનેલો ઈન્ટરનેટ સમાજ કરે છે. તે ઈન્ટરનેટ કાર્યક્રમ મંડળની રચના કરે છે, જે સાધનો, સરનામાં આદિનો વિચાર કરે છે. બીજી શાખા ઈન્ટરનેટ ઈજનેરી કાર્યદળ દૈનિક કામગીરી સંભાળે છે. ઈન્ટરનેટમાં આપણા કમ્પ્યુટરની જેમ યોગ્ય જોડાણ ઉપકરણ ધરાવતા વિશ્વના કોઈ પણ કમ્પ્યુટર સાથે સંપર્ક શક્ય છે. તેના દ્વારા ઘરના કમ્પ્યુટર ઉપર વિવિધ માહિતીપાઠ, આલેખ, ધ્વનિ, ચિત્ર, ચલચિત્ર આદિ પ્રાપ્ય છે. ઈન્ટરનેટ પર કોઈ પણ ફિલ્મ જોઈ શકાય. દેહની આંતરિક રચના જોઈ શકાય. વીજાણુ ટપાલ મોકલી અથવા મેળવી શકાય. વીજાણુ વૃત્તપત્રો મેળવી શકાય અને કોઈ પણ સ્થળની વ્યક્તિ સાથે વાતચીત કરી શકાય.

વેપારધંધાને ઉચિત દરે તેમાં જોડાવાની ઑફર થયેલી છે. ધંધાદારી સેવામાં અમુક સંસ્થા નિશ્ચિત વિસ્તારનાં કમ્પ્યુટરોની પ્રણાલી રચીને તેમને ઈન્ટરનેટ સાથે જોડાણ કરી આપી તેનું વળતર મેળવે છે. ભારતમાં ટેલિફોન વિભાગ આ પદ્ધતિનાં ઈન્ટરનેટ જોડાણ આપે છે.

વીજાણુ ટપાલ આપ-લે થાય. વારંવાર પૂછાતા પ્રશ્નોના જવાબ આપી શકે, ફાઈલ ફેરબદલીની સગવડ થાય. વૃત્તપત્રના સમાચાર મેળવવા આપવાની સુવિધા અને વિશ્વવ્યાપી જાળી (વર્લ્ડવાઈડ વેબ) જે પાઠ, આલેખ, ધ્વનિ, ચિત્ર વગેરેની આપ-લેમાં ઉપયોગી થાય છે. આવી બધી સગવડો ઈન્ટરનેટ દ્વારા મળે છે. વિશ્વના દેશોને જોડવાનું એક શક્તિશાળી માધ્યમ (મીડિયા) છે.

## બ્રહ્માંડ અને અવકાશ

# સૂર્યમંડળ

***સૂર્ય અને તેની આસપાસ ફરતા અવકાશમાંના પદાર્થોના સમૂહને સૂર્યમંડળ કહે છે. તેમાં ગ્રહો, ઉપગ્રહો, ધૂમકેતુઓ અને ખરતા તારાઓ હોય છે, જેની માહિતી નીચે મુજબ છે.***

૧. **સૂર્ય :** સૂર્ય ધગધગતો પ્રકાશિત વાયુરૂપ ગોળો છે. સૂર્યમાંથી આપણી પૃથ્વી છૂટી પડી છે. પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. સૂર્ય પૃથ્વી કરતાં ૧૩ લાખ ગણો મોટો અને પૃથ્વીથી ૧૪ કરોડ, ૯૫ લાખ કિમી દૂર છે. તેના પ્રકાશને પૃથ્વી પર પહોંચતા ૮.૨૫ મિનિટ લાગે છે.

૨. **ચંદ્ર :** ચંદ્ર પૃથ્વીનો ઉપગ્રહ છે. તે પૃથ્વીથી ૩,૮૪,૩૬૫ કિમી દૂર છે. તેને પૃથ્વીની પ્રદક્ષિણા કરતાં ૨૭ દિવસ, ૭ કલાક, ૪૩ મિનિટ અને ૧૧.૪૭ સેકન્ડનો સમય લાગે છે. તેનો વ્યાસ ૩,૪૭૬ કિમી છે.

૩. **પૃથ્વી :** સૂર્યમાંથી છૂટો પડી ગુરુત્વાકર્ષણને લીધે સૂર્યની આસપાસ ફરતો એક ગ્રહ છે.

૪. **ઉપગ્રહો** : ગ્રહોમાંથી છૂટા પડીને તેમની આસપાસ ફરનાર પદાર્થોને ઉપગ્રહ કહે છે. ચંદ્ર પૃથ્વીનો ઉપગ્રહ છે.

૫. **તારા** : તારા એટલે અનંત વિશ્વમાં આવેલા બીજા સૂર્ય. કેટલાક તારાઓ તો સૂર્ય કરતાં પણ ઘણા મોટા છે અને સૂર્યની માફક સ્વયંપ્રકાશિત છે. તારાઓના સમૂહને 'તારામંડળો' કહે છે. તારામંડળોની સંખ્યા ૮૭ છે.

૬. **ધ્રુવનો તારો** : આ તારો સ્થિર છે. તે ઉત્તર દિશામાં જ દેખાય છે.

૭. **કક્ષા** : એક અવકાશી પદાર્થ અન્ય અવકાશી પદાર્થની આજુબાજુ જે માર્ગે પ્રદક્ષિણા કેર છે તેને કક્ષા કહે છે. પૃથ્વીની કક્ષા લંબગોળ છે.

૮. **આકાશગંગા** : આકાશમાં પથરાયેલો નદી જેવો ઝાંખો સફેદ પટ્ટો દેખાય છે તેને આકાશગંગા કહે છે. આકાશગંગામાં અસંખ્ય તારામંડળો, નિહારિકાઓ અને સૂર્યમંડળો આવેલાં છે.

૯. **નિહારિકા** : તારામંડળમાં ફેલાઈ રહેલા ધગધગતા અને પાતળા વાયુનાં સફેદ ધાબાં જેવાં વાદળોના પ્રકાશિત સમુદાયને નિહારિકા કહે છે. તારાઓ, સૂર્યમંડળ વગેરે નિહારિકાથી બનેલા છે.

૧૦. **ઉલ્કા (ખરતા તારા)** : ખરતા તારા વાસ્તવમાં તારા નથી પરંતુ છૂટા પડેલા અવકાશી પદાર્થો છે. પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાં આવતા હવા સાથેના ઘર્ષણને લીધે ઉત્પન્ન થતી ગરમીથી અવકાશી પદાર્થો સળગી જાય છે.

૧૧. **ધૂમકેતુ (પૂંછડિયો તારો) : આ તારાઓ નથી પણ સ્વપ્રકાશિત ગ્રહો છે.** તેઓ સૂર્યની આસપાસ અનિયમિત કક્ષામાં ફરે છે. તેમાંથી લાખો કિલોમીટરની લાંબી પૂંછડી નીકળેલી હોય છે. તેનું માથું સૂર્ય તરફ હોય છે.

૧૨. **સપ્તર્ષિ**: ઉત્તર દિશામાં ધ્રુવના તારાની નજીક આવેલો સાત તારાઓનો સમૂહ, જે ધ્રુવના તારાની આજુબાજુ ફરે છે.

૧૩. **પ્રકાશવર્ષ** : અવકાશી પદાર્થોનું અંતર માપવા આ એકમ વપરાય છે. પ્રકાશ એક સેકન્ડમાં ૨,૯૯,૭૯૨ કિલોમીટર પ્રમાણે એક વર્ષમાં જે અંતર કાપે, તેને એક પ્રકાશવર્ષ કહે છે.

૧૪. **સૂર્યગ્રહણ : સૂર્યની આસપાસ પૃથ્વી ફરે છે, તે જ સમયે પૃથ્વીની આસપાસ ચંદ્ર ફરે છે.** ચંદ્ર અને પૃથ્વી બન્નેના પરિક્રમણ દરમિયાન પૃથ્વી અને સૂર્યની વચ્ચે ચંદ્ર આવવાથી પૃથ્વી પરથી સૂર્ય જોઈ શકાતો નથી. આને સૂર્યગ્રહણ કહે છે. **તે અમાસના દિવસે થાય છે.**

૧૫. **ચંદ્રગ્રહણ** : ચંદ્ર અને પૃથ્વીના પરિક્રમણ દરમિયાન સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી આવે ત્યારે તેનો પડછાયો ચંદ્ર પર પડે છે. આથી ચંદ્ર જોઈ શકાતો નથી. આને ચંદ્રગ્રહણ કહે છે. **તે પૂનમના દિવસે થાય છે.**

૧૬. **રાશિ-નક્ષત્ર** : આકાશમાં સૂર્ય જે માર્ગે ખસતો દેખાય છે તેને ક્રાંતિવૃત્ત કહે છે. આ માર્ગ ઉપર એકબીજાથી લગભગ સરખે અંતરે આવેલા સમૂહને નક્ષત્રો કહે છે. રાશિ બાર છે. પ્રાચીન ભારતીય ખગોળશાસ્ત્રીઓએ સત્તાવીસ નક્ષત્રો ઓળખી બતાવ્યાં હતાં. હાલમાં અઠ્ઠાવીસ નક્ષત્રો ઓળખી કાઢવામાં આવ્યાં છે.

૧૭. **બુધ** : આ ગ્રહ પોતાની ધરી પર ૭૦°નું નમન ધરાવે છે. તે સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત બાદ માત્ર થોડો સમય દેખાય છે. સૂર્ય તરફના ભાગે તાપમાન ૩૫૦° સે હોય છે. જ્યારે તેની વિરુદ્ધમાં ૦° સે થી ઓછું હોય છે.

૧૮. **શુક્ર** : આ ચમકતા ગ્રહની આસપાસ વાયુઓ અને વાદળોનાં ઘટ્ટ આવરણો છે. આ ગ્રહ પૃથ્વીથી નજીકનો અને સૌથી તેજસ્વી છે.

૧૯. **મંગળ** : આ ગ્રહમાં સજીવ સૃષ્ટિની શક્યતા છે. અહીં વાતાવરણ છે. ઉષ્ણતામાન ૨૬.૫° સેથી ૪૦° સે છે. આ ગ્રહ લાલ રંગનો છે.

૨૦. **ગુરુ** : રાતા ટપકા જેવો દેખાતો આ ગ્રહ ખૂબ ઝડપથી પોતાની ધરીની આસપાસ ફરે છે.

૨૧. **શનિ** : ગુરુ પછી કદમાં સૌથી મોટો ગ્રહ છે. તેના વિષુવવૃત્તની ફરતે અનેક વલયો છે.

૨૨. **પ્લુટો** : સૌથી દૂરનો ઠંડો ગ્રહ છે. સૌથી છેલ્લે શોધાયો છે.

*ખૂબ જ સરળ ગણિત છે. વસ્તુ હોય કે સંબંધ, વિકલ્પ વધે એટલે કિંમત ઘટતી જાય છે.*

## સૂર્યમંડળના ગ્રહો

| | ગ્રહ | સૂર્યથી અંતર (કિમીમાં) | વિષુવવૃત્તીય વ્યાસ (કિમીમાં) | ઉપગ્રહ | સૂર્યની આસપાસ ફરતાં લાગતો સમય |
|---|---|---|---|---|---|
| ૧. | બુધ | ૫,૭૯,૦૯,૧૦૦ | ૪૮૪૯.૬ | ૦ | ૮૭.૯૬૯ દિવસ |
| ૨. | શુક્ર | ૧૦,૮૨,૦૮,૯૦૦ | ૧૨૦૩૨ | ૦ | ૨૨૪.૭૦૧ દિવસ |
| ૩. | પૃથ્વી | ૧૪,૯૫,૦૮,૯૦૦ | ૧૨૭૩૯ | ૧ | ૩૬૫.૨૫૬ દિવસ |
| ૪. | મંગળ | ૨૨,૭૯,૪૦,૫૦૦ | ૬૭૫૫ | ૨ | ૧.૮૮ વર્ષ |
| ૫. | ગુરુ | ૭૩,૮૩,૩૩,૦૦૦ | ૧,૪૨,૭૪૫ | ૧૬ | ૧૧.૮૬ વર્ષ |
| ૬. | શનિ | ૧,૪૨,૬૯,૭૮,૦૦૦ | ૧,૨૦,૭૯૭ | ૧૭ | ૨૯.૪૬ વર્ષ |
| ૭. | યુરેનસ | ૨,૮૭,૦૯,૯૧,૦૦૦ | ૫૨,૦૯૬ | ૨૧ | ૮૪.૦ વર્ષ |
| ૮. | નેપચ્યુન | ૪,૪૯,૭૦,૭૦,૦૦૦ | ૪૯,૦૦૦ | ૮ | ૧૬૫ વર્ષ |
| ૯. | પ્લુટો | ૫,૯૧,૩૫,૧૦,૦૦૦ | ૩૦૪૦ | ૧ | ૨૪૭.૭ વર્ષ |

*(નોંધ : વિશ્વના પ્રસિદ્ધ ખગોળશાસ્ત્રીઓએ સૂર્યમંડળમાંથી પ્લુટોનો ગ્રહ તરીકેનો દરજ્જો રદ કરવાનું સૂચન કરેલ છે.)*

## મહાન વૈજ્ઞાનિકો અને તેમની શોધો

૧. **ચરક** : આયુર્વેદિક શાસ્ત્રના અભ્યાસી. 'ચરક સંહિતા' નામનો આયુર્વેદ વિશેનો અમૂલ્ય ગ્રંથ તેમણે આપ્યો છે.

૨. **કણાદ** : પદાર્થ નાના કણોના બનેલા છે, એ સિદ્ધાંતનું પ્રથમ વાર પ્રતિપાદન કરનાર પ્રથમ ભારતીય વૈજ્ઞાનિક. અણુ સિદ્ધાંત અંગેનું તેમનું સંશોધન જાણીતું છે.

૩. **સુશ્રુત** : ચોથી સદીમાં તેમણે આયુર્વેદમાં વાઢકાપ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. 'સુશ્રુત સંહિતા' તેમનો અમૂલ્ય ગ્રંથ છે.

૪. **નાગાર્જુન** : પ્રાચીન ભારતના મહાન રસાયણશાસ્ત્રી, જેમણે નિસ્યંદન, ઊર્ધ્વપાતન, ધાતુઓનું શુદ્ધીકરણ વગેરે રીતોનું પ્રતિપાદન કર્યું હતું.

૫. **વરાહમિહિર** : ગુપ્તયુગમાં થયેલ મહાન ગણિતશાસ્ત્રી અને મહાન ખગોળશાસ્ત્રી. બૃહત્સંહિતા અને પંચસિદ્ધાંતિકા તેમના જાણીતા ગ્રંથ છે.

૬. **આર્યભટ્ટ (ઇ.સ. ૪૭૬ થી ૫૨૦)** : ખગોળ વિજ્ઞાન અંગેના મૂલ્યવાન સંશોધક. ગ્રહણ પૃથ્વીની છાયા વડે થાય છે એવું પ્રતિપાદિત કરનાર. એમની સ્મૃતિમાં ભારતના કૃત્રિમ ઉપગ્રહને 'આર્યભટ્ટ' નામ આપ્યું છે.

૭. **મુનિ વાત્સ્યાયન** : મનુષ્ય જીવનમાં કામ (વાસના) નું શું સ્થાન છે અને તેની પરિતૃપ્તિ ક્યાંથી અને કેવી રીતે મળે તેનું વૈજ્ઞાનિક ઢબે નિરૂપણ કરતું ઉત્તમ પુસ્તક 'કામસૂત્ર' તેમણે આપ્યું છે.

૮. **ટોલેમી (ઇ.સ. પૂ. ૧૨૦-૮૫)** : ગ્રીસના મહાન ખગોળશાસ્ત્રી.

૯. **આર્કિમિડિઝ (ઇ.સ. પૂર્વે ૨૮૭ થી ૨૧૨)** : ભૌતિકશાસ્ત્રના પિતા. તેમનો જન્મ સિસિલીમાં થયો હતો. તરતા પદાર્થના નિયમોના શોધક. ઉચ્ચાલન અને પ્રકાશના પરાવર્તનના નિયમો તેમણે શોધ્યા. વર્તુળનું ક્ષેત્રફળ ગણવાની રીતના શોધક.

૧૦. **સર આઇઝેક ન્યુટન (ઇ.સ. ૧૬૪૨ થી ૧૭૨૭)** : ઇંગ્લેન્ડના મહાન વૈજ્ઞાનિક, ગણિતશાસ્ત્રી અને ખગોળવેત્તા. ગુરુત્વાકર્ષણનો નિયમ સમગ્ર સૂર્યમંડળને લાગુ પડે છે તે સાબિત કરી તેના નિયમો શોધ્યા. **ન્યુટનની ખરી ખ્યાતિ તેમણે શોધેલા ગતિના નિયમોને કારણે છે. સૂર્યકિરણ સાત રંગનું બનેલું છે તે તેમણે પ્રથમ વાર સાબિત કર્યું.**

૧૧. **કોપરનિક્સ (ઇ.સ. ૧૪૭૩ થી ૧૫૪૩)** : પોલેન્ડના મહાન ખગોળવેત્તા. આધુનિક ખગોળશાસ્ત્રના સ્થાપક. પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે તેવું સૌપ્રથમ જાહેર કરનાર

૧૨. **ગેલિલિયો (ઇ.સ. ૧૫૬૪ થી ૧૬૪૨)** : લોલકના નિયમો તેમજ થરમોમીટરની શોધ કરી. પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા કરે છે તે નિયમનું પ્રતિપાદન કર્યું. પિઝાના વિશ્વવિદ્યાલયમાં ગણિતશાસ્ત્રના આચાર્ય. પૉપ સાથેના સંઘર્ષના કારણે કારાવાસ ભોગવ્યો.

૧૩. **લિયોનાર્દો-દ-વિન્ચી (ઈ.સ. ૧૬૬૮ થી ૧૭૩૨)** : ઇટલીના મહાન પ્રતિભાશાળી કલાકાર, વૈજ્ઞાનિક, સ્થપતિ, ગણિતશાસ્ત્રી. શરીરરચનાશાસ્ત્ર (એનોટોમી) ના આ મહાન શોધકે શરીરરચના અંગે અનેક શોધો કરી છે.

૧૪. **ડાર્વિન (ઇ.સ. ૧૮૦૯ થી ૧૮૮૨)** : ઇંગ્લેન્ડના આ વૈજ્ઞાનિકે જીવવિજ્ઞાનમાં પાયાનું સંશોધન કર્યું છે. કાળક્રમે પ્રાણીમાત્રમાં પરિવર્તન થયા કરે છે તેવું સંશોધન કરનાર. ઉત્ક્રાંતિવાદ સિદ્ધાંતના મુખ્ય પ્રણેતા.

૧૫. **ઍડવર્ડ જેનર (ઇ.સ. ૧૭૪૯ થી ૧૮૨૩) : ઇંગ્લેન્ડના આ મહાન ડોક્ટરે પોતાના શરીર ઉપર પ્રયોગો કરી શીતળાના ભયંકર રોગ સામે પ્રતિકાર કરતી રસી શોધી કાઢી.**

૧૬. **લૂઈ પાશ્ચર (ઇ.સ. ૧૮૨૨ થી ૧૮૯૫)** : ફ્રાન્સના ખ્યાતનામ રસાયણશાસ્ત્રી. બેક્ટેરિયોલોજી વિજ્ઞાનના પિતાએ હડકવા સામે પ્રતિકારની રસી શોધી માનવજાત ઉપર મહાન ઉપકાર કર્યો છે. દૂધને પેશ્ચુરાઈઝડ કરવાની પદ્ધતિના તેઓ શોધક છે.

૧૭. **થોમસ આલ્વા ઍડિસન (ઇ.સ. ૧૮૪૭ થી ૧૯૩૧)** : ફોનોગ્રાફ, વીજળીનો દીવો, ડાયનેમો, ચલચિત્ર વગેરેની શોધો ઉપરાંત શોધખોળને લગતી હજારો પેટન્ટ તેમણે મેળવી હતી.

૧૮. **મેન્ડલ જ્યોર્જ જહોન (ઇ.સ. ૧૮૨૨ થી ૧૮૮૪)** : ઑસ્ટ્રિયાના મહાન વનસ્પતિશાસ્ત્રીએ વટાણાના છોડ પરના પ્રયોગો દ્વારા આનુવંશિકતાનો સિદ્ધાંત શોધી કાઢ્યો. **આનુવંશિક ગુણો કેવી રીતે એક પેઢીથી બીજી પેઢીમાં ઊતરે છે તેના નિયમો શોધ્યા.**

૧૯. **આઇન્સ્ટાઇન (ઈ.સ. ૧૮૮૯ થી ૧૯૫૫)** : જર્મનીના પ્રખ્યાત ગણિતશાસ્ત્રી અને ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રી. પ્રૌઢાવસ્થામાં અમેરિકા જઈને વસ્યા. સાપેક્ષવાદના સુપ્રસિદ્ધ સિદ્ધાંત દ્વારા ગુરુત્વાકર્ષણના પ્રચલિત વિચારોમાં મૂળભૂત ફેરફારો કર્યા. દેખાતાં વજન, કદ, ગતિ, સમય વગેરેનાં માપ (મૂલ્યો) સાચાં નથી, સનાતન નથી, સાપેક્ષ છે. એકબીજાની અપેક્ષાએ છે. આઈન્સ્ટાઈને શોધેલો આ સિદ્ધાંત ઘણો મહાન છે. જગતને તેમણે એક મહત્ત્વનું સૂત્ર ($E = mc^2$) આપ્યું.

૨૦. **મેન્ડેલીફ (ઇ.સ.૧૮૩૪ થી ૧૯૦૭)** : આ રશિયન વૈજ્ઞાનિકે તત્ત્વોનું વર્ગીકરણ કરી પિરિયોડિક ટેબલ બનાવ્યું. જેના આધારે રસાયણ વિજ્ઞાનની ઘણી શોધો થઈ. મૂળભૂત તત્વોને તેના ગુણધર્મોને ધ્યાનમાં રાખી વ્યવસ્થિત ગોઠવેલાં છે. પદાર્થના ગુણધર્મના અભ્યાસ માટે તે ઉપયોગી છે.

૨૧. **માઈકલ ફેરાડે (ઇ.સ. ૧૭૯૧ થી ૧૮૬૭)** : ઇંગ્લેન્ડના આ પ્રખ્યાત વૈજ્ઞાનિકે વિદ્યુત ઉત્પાદન દ્વારા ગતિ-ઊર્જાનું વિદ્યુત-ઊર્જામાં રૂપાંતર કરવાની રીત શોધી. વિદ્યુત પૃથક્કરણના નિયમો તેમણે શોધ્યાં છે, જેના કારણે 'ડાયનેમો' ની રચના થઈ અને યંત્રયુગનો પ્રારંભ થયો.

**૨૨. માદામ ક્યુરી (ઇ.સ. ૧૮૬૫ થી ૧૯૩૯) :** વતન પોલેન્ડ છોડી ફ્રાન્સમાં જઈ અભ્યાસ કર્યો. પ્રકાશિત કિમતી ધાતુ રેડિયમની શોધ કરી. બે વાર (ઈ.સ. ૧૯૦૩ અને ૧૯૧૧ માં) નોબેલ પારિતોષિક મેળવનાર મહિલા વૈજ્ઞાનિક

**૨૩. માર્કોની (ઇ.સ. ૧૮૭૪ થી ૧૯૩૭) :** ઇટલીના આ મહાન વૈજ્ઞાનિકે બિનતારી સંદેશો મોકલવાની શોધ કરી. રેડિયો બ્રોડકાસ્ટિંગ ક્ષેત્રની હસ્તી તેમની આ શોધને આભારી છે.

**૨૪. સર આલ્ફ્રેડ નોબેલ (ઇ.સ. ૧૮૧૬ થી ૧૮૭૦) :** સ્વિડનના આ મહાન વૈજ્ઞાનિકે ઈ.સ. ૧૮૬૬ માં ડાયનેમાઈટની શોધ કરી, જેમાંથી અઢળક કમાણી થઈ. આ કમાણીના વ્યાજમાંથી પ્રતિવર્ષ ભૌતિક વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, સાહિત્ય, શાંતિ અને વૈદ્યકીય ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનારને રૂપિયા એક કરોડ ઉપરાંતના છ પારિતોષિક આપવામાં આવે છે.

**૨૫. એલેક્ઝાન્ડર ફ્લેમિંગ (ઇ.સ. ૧૮૮૧ થી ૧૯૫૧) :** સ્કોટલેન્ડના આ પ્રસિદ્ધ બેક્ટોરિયોલોજિસ્ટે પેનિસિલીનની શોધ કરી તેથી એન્ટીબાયોટિક દવાઓના જનક તરીકે લોકો તેમને ઓળખે છે.

**૨૬. સિગ્મંડ ફ્રોઇડ (ઇ.સ. ૧૮૫૭ થી ૧૯૩૯) :** ઑસ્ટ્રિયાના આ મહાન વૈજ્ઞાનિકે માનસિક દર્દીઓની સારવાર માટે મનોવિશ્લેષણની ઉપચાર પદ્ધતિ શોધી. તે આ સદીના મહાન મનોવિજ્ઞાની હતા.

**૨૭. વાન લ્યુ વેન હોક (ઇ.સ. ૧૬૨૨ થી ૧૬૮૦) :** નેધરલેન્ડઝના આ મહાન વૈજ્ઞાનિકે સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા જીવાણુ સૃષ્ટિનું દુનિયાને દર્શન કરાવ્યું.

**૨૮. ત્સીઓલ્વસ્કી (ઇ.સ. ૧૮૫૭ થી ૧૯૩૫) :** રશિયાના આ વૈજ્ઞાનિકે અવકાશી ઉડ્ડયનને લગતી ઘણી મુશ્કેલીઓ દૂર કરી છે. ગુરુત્વાકર્ષણમાંથી મુક્ત થવા માટે મલ્ટીસ્ટેજ રોકેટનો વિચાર કરી તેનો ઉપયોગ કર્યો.

**૨૯. એનરિકો ફર્મી (ઇ.સ. ૧૯૦૧ થી ૧૯૫૪) :** જન્મે ઇટાલિયન, અમેરિકન વૈજ્ઞાનિક તરીકે જાણીતા થયા. કૃત્રિમ રેડિયો આઈસોટોપ અને પ્રથમ અણુભઠ્ઠી તેમની શોધો છે.

**૩૦. અર્નેસ્ટ રૂથરફોર્ડ (ઇ.સ. ૧૮૯૧ થી ૧૯૭૩) :** અણુનું વિભાજન કરી ન્યુક્લિઅર ફિઝિક્સનો પાયો નાખનાર, 'આલ્ફા' અને 'બીટા' વિકિરણોના શોધક.

## પૃથ્વી ઉપરના વાતાવરણના થરો

પંખીની જેમ ઉડવાનો મનુષ્યને સદીઓ અગાઉ વિચાર આવ્યો છે. તેનાથી માણસે ઉડવાના સાધનની શોધ કરી હશે. એમાંથી માનવજાતે ગ્લાઇડર, હેલિકોપ્ટર તથા વિમાનની શોધ કરી.

અત્યારે સામાન્ય વિજ્ઞાન ૩૩૦૦૦થી ૪૦૦૦૦ ફૂટની ઊંચાઈએ ઉડે છે. ૧ કિલોમીટર એટલે ૩૨૮૦ ફૂટ થાય. આ ગણનાએ સામાન્ય વિમાનો પૃથ્વીના પડથી ૧૦થી ૧૨ કિલોમીટરની ઊંચાઈએ ઉડે છે. કેટલાક લડાકુ વિમાનો ૭૫૦૦૦થી ૯૦૦૦૦ ફૂટ સુધી પણ ઊંચા જઈ શકે છે. ૯૦,૦૦૦ ફૂટ એટલે પૃથ્વીના પડથી લગભગ ૨૭ કિ.મી. થાય.

ગ્રહો, ઉપગ્રહો પૃથ્વીથી સરેરાશ ૩૫૦૦૦થી ૩૬૦૦૦ કિ.મી.ની ઊંચાઈએ ફરતા હોય છે. ચંદ્ર કે મંગળ પર મોકલવામાં આવતા અવકાશયાનો આ ઊંચાઈને પણ પાર કરીને ફરતા હોય છે.

પૃથ્વીની ઉપર વાતાવરણના આ થરો પૃથ્વીથી હજારો કિ.મી. સુધી વિસ્તરાયેલ હોય છે. વિજ્ઞાનીઓએ તાપમાન અને હવાના દબાણના આધારે આ વાતાવરણના થરોને પાંચ અલગ અલગ વિભાગમાં વિભાજિત કરેલા છે : (૧) ટ્રોપોસ્ફિયર, (૨) સ્ટ્રેટોસ્ફિયર, (૩) મેસોસ્ફિયર, (૪) થર્મોસ્ફિયર અને (૫) એક્ઝોસ્ફિયર. અમુક વિજ્ઞાનીઓ થર્મોસ્ફિયર અને એક્ઝોસ્ફિયરની વચ્ચે વધુ એક થરની – આઈનોસ્ફિયરની પણ ગણના કરે છે.

★ **ટ્રોપોસ્ફિયર :** પૃથ્વીના ગોળ ફરતા પહેલા થરને વિજ્ઞાનીઓએ ટ્રોપોસ્ફિયરનું નામ પાડેલ છે. જમીનની સપાટીથી ૨૦ કિ.મી. સુધીનું આ થર છે અને મોટાભાગના વિમાનો આ થરમાં થઇને જ ઉડે છે. કેટલાક વિજ્ઞાનીઓ આ થરની ઊંચાઈ ૧૨ કિ.મી. સુધીની જ ગણે છે.

★ **સ્ટ્રેટોસ્ફિયર** : ૧૨થી ૨૦ કિ.મી.ની ઉપરથી ૫૦ કિ.મી. સુધીના થરને સ્ટ્રેટોસ્ફિયર નામ આપવામાં આવેલ છે.

★ **મેસોસ્ફિયર** : ૫૦ કિ.મી.થી ૮૫ કિ.મી. વચ્ચેના પટ્ટાને મેસોસ્ફિયર તરીકે ઓળખવામાં આવે છે. આ થરનું તાપમાન શૂન્ય ડિગ્રીથી માઇનસ ૯૦ ડિગ્રી સેલ્સિયસ જેટલું રહે છે.

★ **થર્મોસ્ફિયર** : મેસોસ્ફિયરથી ઉપરના પટ્ટાને થર્મોસ્ફિયર તરીકે ઓળખવામાં આવે છે. તેની જાડાઇ ૮૫ કિ.મી.થી ૭૦૦ કિ.મી. સુધીની ગણાય છે. નકશા બનાવવામાં મદદરૂપ થતા કે ચોક્કસ સ્થળ માટેની દિશા સૂચવતા જી.પી.એસ. પ્રકારના મોટાભાગના સેટેલાઇટ્સ આ પટ્ટામાં ભ્રમણ કરે છે.

★ **એક્ઝોસ્ફિયર** : થર્મોસ્ફિયરથી ઉપરના થરને એક્ઝોસ્ફિયર તરીકે ઓળખવામાં આવે છે. તેની જાડાઈ ૭૦૦ કિ.મી.થી ૧૦,૦૦૦ કિ.મી. સુધીની ઊંચાઇને ગણવામાં આવે છે.

## સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)ના અગત્યના અંગો

પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધના ભયંકર વિનાશથી ત્રાસેલી વિશ્વની પ્રજાને આવાં યુદ્ધો અટકાવવાની જરૂર લાગી. પરિણામે **વિશ્વને ભાવિ યુદ્ધોમાંથી બચાવવા અને વિશ્વશાંતિ સ્થાપવા ૨૪ ઓક્ટોબર, ૧૯૪૫ માં કેટલાંક શાંતિચાહક રાષ્ટ્રોએ યુનાઇટેડ નેશન્સ (યુ.એન.)ની સ્થાપના કરી.** આ સંસ્થાનું ધ્યેય ભાવિ પ્રજા અને માનવસંસ્કૃતિને રક્ષણ આપવાનું, શિક્ષણ, આરોગ્ય જેવી પ્રવૃત્તિઓ વિકસાવવાનું અને તે દ્વારા એકતા સ્થાપી પરસ્પરના ઝઘડાઓનું શાંતિમય સમાધાન લાવવાનું છે.

હાલ યુ.એન. માં ૧૯૨ સભ્ય રાષ્ટ્રો છે. દર ૨૪ ઓક્ટોબરે યુ.એન. દિનની ઉજવણી થાય છે. યુ.એન. ની મુખ્ય કચેરી અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં આવેલી છે. યુનોની અધિકૃત ભાષા અંગ્રેજી, ફ્રેંચ, રશિયન, સ્પેનિશ, ચીની અને અરબી છે.

*યુ.એન. નાં અગત્યનાં અંગો નીચે મુજબ છે.*

૧. *સામાન્ય સભા (ન્યુયોર્ક)* : સામાન્ય રીતે આ સભા વર્ષમાં એક વાર મળે છે. તે યુનોમાં બીજાં અંગોનાં કાર્યો નિહાળે છે અને નવી નિમણૂંકો કરે છે. દરેક સભ્યને એક જ મતનો અધિકાર છે.

સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાનું પ્રથમ અધિવેશન સેન્ટ્રલ હૉલ, વેસ્ટ મિનિસ્ટર, લંડન ખાતે ભરાયું હતું.

૨. *સલામતી સમિતિ (ન્યુયોર્ક)* : આ સમિતિમાં કુલ ૧૫ સભ્યો છે. એ પૈકી બ્રિટન, ફ્રાન્સ, અમેરિકા, રશિયા અને ચીન એમ પાંચ કાયમી સભ્યો છે. બાકીના દસ સભ્યોની નિમણૂંક બે વર્ષ માટે સામાન્ય સભા કરે છે. વિશ્વશાંતિ જાળવવાની જવાબદારી આ સમિતિની છે. વિશ્વશાંતિ જોખમાય તેવા ઝઘડાની તપાસ કરી પગલાં ભરી શકે છે. આ માટે યુ.એન. ના સભ્ય દેશો પાસેથી લશ્કરી મદદ મેળવી શકે છે. **સલામતી સમિતિને નિર્ણય માટે પાંચ કાયમી સભ્યોના મત જોઈએ જ. એક પણ કાયમી સભ્ય મત આપવાની ના પાડે તો નિર્ણય લઈ શકાય નહીં. આ સત્તાને 'વિટો' સત્તા કહે છે.**

૩. *ટ્રસ્ટીશિપ કાઉન્સિલ (ન્યુયોર્ક)* : યુ.એન. ની આ કાઉન્સિલ યુ.એન.નું વાલીપણું કરે છે. સ્વીકારેલ પ્રદેશો (ટ્રસ્ટ ટેરિટરીઝ) નો વહીવટ કરે છે. તેના વિકાસ માટે પ્રયત્નો કરે છે. ધીરે ધીરે તેઓને સ્વ-શાસન અને સ્વતંત્રતા તરફ લઈ જાય છે. આ કાઉન્સિલમાં ૧૪ સભ્યો છે.

૪. *વર્લ્ડ બેન્ક (WB - વૉશિંગ્ટન, સ્થાપના : ઈ.સ. ૧૯૪૫)* : યુ.એન. ના સભ્ય દેશોને આર્થિક બાબતોમાં સલાહસૂચનો આપે છે, લોન આપે છે. બીજા દેશોને આર્થિક જરૂરિયાતવાળા દેશોમાં મૂડીરોકાણ કરવા પ્રોત્સાહિત કરે છે.

૫. *ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF - વૉશિંગ્ટન, સ્થાપના : ઈ.સ. ૧૯૪૫)* : વિશ્વના કેટલાક દેશોએ સભ્ય બની આ ફંડ ઊભું કરેલું છે. તેના મુખ્ય ઉદ્દેશો આર્થિક રીતે પછાત હોય તેવા દેશોને આર્થિક મદદ કરવાનો, આંતરરાષ્ટ્રીય વેપારની વૃદ્ધિ કરવાનો, તે દ્વારા રોજગારીની તથા આવકની તકો ઊભી કરવાનો તથા દુનિયાના વેપારની સમતુલા જાળવી હૂંડિયામણમાં સ્થિરતા લાવવાનો છે.

૬. ***યુનેસ્કો (UNESCO - પૅરિસ, સ્થાપના : ઈ.સ. ૧૯૪૬) :*** તેનું આખું નામ યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચર ઓર્ગેનાઈઝેશન છે. યુ.એન. ની આ એક પેટા સંસ્થા છે. આ સંસ્થાનો હેતુ શિક્ષણના પ્રચારનો છે. વધુ લોકો શિક્ષણ લેતા થાય તે માટે આ સંસ્થા યોગ્ય મદદ કરે છે. આ સંસ્થાની મુખ્ય કચેરી યુનેસ્કો હાઉસ, પેરિસ (ફ્રાન્સ) ખાતે આવેલી છે.

૭. ***યુનિસેફ (UNICEF - ન્યુયોર્ક, સ્થાપના : ઈ.સ. ૧૯૪૬) :*** તેનું આખું નામ યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઈમરજન્સી ફંડ છે. તેનું મુખ્ય મથક ન્યુયોર્કમાં છે. આ પણ યુ.એન. ની બાળકો માટેની એક પેટા સંસ્થા છે. વિશ્વનાં બાળકોને તે મદદ કરે છે. સભ્ય દેશો 'યુનિસેફ' ને ફરજિયાત રીતે આર્થિક મદદ કરે છે.

૮. ***વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO - જિનીવા, સ્થાપના : ઈ.સ. ૧૯૪૮) :*** વિશ્વના લોકોના સ્વાસ્થ્યનું ધોરણ ઊંચું લાવવા, રોગો ફેલાતા અટકાવવા માટે રોગપ્રતિકારક દવાઓનું સંશોધન કરે છે.

૯. ***ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO - જિનીવા) :*** ઈ.સ. ૧૯૨૦ માં લીગ ઑફ નેશન્સ સાથે સ્થપાયેલી સંસ્થા વિશ્વના કામદારોનું જીવનધોરણ સુધારવા સતત પ્રયત્નશીલ છે.

૧૦. ***ઈન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સી (IAEA - વિયેના, સ્થાપના : ઈ.સ. ૧૯૫૮) :*** અણુશક્તિના શાંતિમય ઉપયોગ માટે તેની સ્થાપના થઈ. વિનાશકારી અણુપ્રયોગો બંધ થાય તે માટે આ સંસ્થા પ્રયત્નશીલ છે.

૧૧. ***ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (આંતરરાષ્ટ્રીય અદાલત) :*** આંતરરાષ્ટ્રીય કાનૂની પ્રશ્નો ઉકેલે છે. યુ.એન. ના બધા સભ્યદેશો તેના કાર્યક્ષેત્રમાં આવે છે. તેમાં ૧૬ ન્યાયાધીશો છે. અદાલતનું મુખ્ય મથક, નેધરલેન્ડ્ઝના હેગ શહેરમાં છે.

૧૨. ***ઈન્ટરનેશનલ ટેલિકમ્યુનિકેશન યુનિયન (ITU - જિનીવા, સ્થાપના : ઈ.સ. ૧૯૪૭) :*** ટેલિફોન, રેડિયો, તાર વગેરે સગવડ વિશ્વના દેશોને મળતી રહે તે માટે યોગ્ય ધારાધોરણો, દર અને સલામતીની વ્યવસ્થા આ સંસ્થા રાખે છે.

૧૩. ***ફૂડ એન્ડ એગ્રિકલ્ચરલ ઓર્ગેનાઈઝેશન IFAO - રોમ, સ્થાપના : ઈ.સ. ૧૯૪૫) :*** ખેતીવાડીને ઉત્તેજન મળે અને લોકોને પૌષ્ટિક આહાર મળે તેમજ લોકોનું જીવનધોરણ અને સ્વાસ્થ્ય સુધરે તેવા પ્રયત્નો આ સંસ્થા કરે છે.

૧૪. ***માનવહકપત્ર :*** ઇ.સ. ૧૯૪૮માં સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાએ માનવહકપત્રના ઠરાવ દ્વારા વિશ્વભરની પ્રજાને સ્વતંત્રતા અને સમાનતાનો સંદેશ આ ઠરાવ દ્વારા આપ્યો છે. પ્રજાની સત્તાને સર્વોપરી લેખતા આ હકપત્રનું માનવઅધિકાર દિને પુનઃ ઉચ્ચારણ કરવામાં આવે છે.

★ ***સંયુક્ત રાષ્ટ્રોનો ધ્વજ :*** નીલા રંગની પાર્શ્વભૂમિમાં સફેદ રંગની ઑલિવના વૃક્ષની ડાળીઓની વચ્ચે પૃથ્વીના ગોળાની આકૃતિ

★ ***સંયુક્ત રાષ્ટ્રોમાં સભ્ય ન હોય તેવા મહત્ત્વના દેશો :*** તાઈવાન, વેટિકન સિટી

★ ***આંતરરાષ્ટ્રીય અદાલતમાં નિયુક્તિ પામેલા ભારતીય ન્યાયાધીશો :*** (૧) ન્યાયમૂર્તિ બી.એન. રાવ, (૨) ન્યાયમૂર્તિ નાગેન્દ્ર સિંગ, (૩) ન્યાયમૂર્તિ આર.એસ. પાઠક, (૪) ન્યાયમૂર્તિ આનંદ.

★ ***સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભામાં હિંદી ભાષામાં ભાષણ કરનાર પ્રથમ ભારતીય :*** અટલબિહારી વાજપેયી (વિદેશ મંત્રી)

★ ***સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાનાં પ્રથમ મહિલા અધ્યક્ષ :*** શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત (ઈ.સ. ૧૯૫૨-૫૩)

***મને સમજાતું જાય છે કે માત્ર પોતાની જાતમાંથી સામર્થ્ય પ્રાપ્ત થશે, નહીં કે બીજાઓ પાસેથી. સાચી શાંતિ ત્યારે જ આવશે કે જ્યારે પ્રત્યેક વ્યક્તિ પોતાની જાતમાં જ શાંતિને શોધે... મારે મારા પોતાના જ રસ્તે જવાનું છે એ બાબત મને બળ આપે છે... માત્ર મનથી ભાંગીને પણ ઘણા બધાં લોકો મૃત્યુ પામે છે... મુશ્કેલી આ જ છે કે લોકો પોતાનો સંતાપ બીજાને ખભે નાખતા રહે છે... જગતના તમામ જખમોને રૂઝવવા માટેનું ઔષધ બનવાની આપણી તત્પરતા હોવી જોઈએ.***

***– એટ્ટી હિલીસમ, સાભાર : "સમજણના સૂર"***

# પ્રથમ વિશ્વયુદ્ધ અને દ્વિતીય વિશ્વયુદ્ધ

## પ્રથમ વિશ્વયુદ્ધ (ઇ.સ. ૧૯૧૪ થી ૧૯૧૮)

- **પ્રથમ વિશ્વયુદ્ધનાં કારણો :**

(૧) સંકુચિત અને ઉગ્ર રાષ્ટ્રવાદ, (૨) સામ્રાજ્યવાદ, (૩) ગુપ્તસંધિઓ અને જૂથબંધી, (૪) લશ્કરવાદ અને શસ્ત્રીકરણ, (૫) મહાસત્તાઓનો સ્વાર્થ, (૬) જર્મન સમ્રાટ વિલિયમ બીજાની મહત્ત્વાકાંક્ષા, (૭) વર્તમાનપત્રો અને લેખકોનું યુદ્ધખોર માનસ, (૮) વ્યાપારી અને લશ્કરી હિતો, (૯) શક્તિશાળી આંતરરાષ્ટ્રીય સંસ્થાનો અભાવ, (૧૦) ૨૮ જૂન, ૧૯૧૪ ના રોજ બોસ્નિયાના પાટનગર સારાજેવોની મુલાકાતે આવેલા ઑસ્ટ્રિયાના ગાદીવારસ ફર્ડિનાન્ડ અને તેની પત્નીનું ખૂન થયું. ૨૮ જુલાઈ, ૧૯૧૪ ના રોજ ઑસ્ટ્રિયાએ સર્બિયા સામે યુદ્ધ જાહેર કર્યું.

- **પ્રથમ વિશ્વયુદ્ધના બનાવો :**

૧. વિશ્વયુદ્ધ દરમિયાન વિશ્વ બે જૂથમાં વહેંચાઈ ગયું. મિત્ર રાજ્યોના જૂથમાં સર્બિયા, રશિયા, ફ્રાન્સ, ઇંગ્લેન્ડ, પોર્ટુગલ, ઇટલી, રોમેનિયા, ગ્રીસ, જાપાન અને અમેરિકા હતાં. જ્યારે ધરીરાજ્યોના જૂથમાં ઑસ્ટ્રિયા, જર્મની, હંગેરી, બલ્ગેરિયા અને તુર્કી હતાં.

૨. ઈ.સ. ૧૯૧૫ ના અંત સુધીમાં ધરીરાજ્યોએ પૂર્વ તથા પશ્ચિમ યુરોપના ઘણાખરા પ્રદેશો મેળવી પ્રારંભિક વિજયો પ્રાપ્ત કર્યા.

૩. ઈ.સ. ૧૯૧૬ થી મિત્ર રાજ્યોનું પલ્લું ઊંચકાતું ગયું અને ઇંગ્લેન્ડ, ફ્રાન્સ તથા ઇટલીએ પોતાના ગુમાવેલા પ્રદેશો પાછા મેળવી લીધાં.

૪. એપ્રિલ, ૧૯૧૭ માં અમેરિકાએ મિત્ર રાજ્યોના પક્ષે યુદ્ધમાં ઝંપલાવતાં મિત્રરાજ્યોની તાકાતમાં વધારો થયો.

૫. ઈ.સ. ૧૯૧૭ ના અંત સુધીમાં મિત્ર રાજ્યોએ જર્મનીને પશ્ચિમ યુરોપમાંથી તથા ઑસ્ટ્રિયાને પૂર્વ યુરોપમાંથી પાછા હઠી જવાની ફરજ પાડી.

૬. ૧૧ નવેમ્બર, ૧૯૧૮ ના રોજ જર્મન સમ્રાટ વિલિયમ બીજાએ ગાદી ત્યાગ કરતાં વિશ્વયુદ્ધનો અંત આવ્યો.

- **પ્રથમ વિશ્વયુદ્ધના રાજકીય પરિણામો :**

૧. ૨૮ જૂન, ૧૯૧૯ ના રોજ જર્મનીને વર્સેલ્સના પ્રખ્યાત 'આઈના મહેલ'માં સંધિ કરાર પર સહી કરવાની ફરજ પાડવામાં આવી.

૨. ઑસ્ટ્રિયા અને હંગેરી સામ્રાજ્યના ટુકડા કરી નાનાં રાજ્યો બનાવાયાં. સ્લોવાકિયા, રોમેનિયા અને યુગોસ્લાવિયા રાજ્યો બનાવાયાં. રશિયન સામ્રાજ્યમાંથી ફિનલેન્ડ, લિથુએનિયા, લેટ્વિયા, એસ્ટોનિયા વગેરે સ્વતંત્ર રાજ્યો રચાયાં.

૩. ઑસ્ટ્રિયા, જર્મની અને તુર્કસ્તાનમાં પ્રજાકીય સરકારો રચાઈ.

૪. પ્રજાકીય સરકારો નિષ્ફળ જતાં જર્મનીમાં નાઝીવાદ, ઇટલીમાં ફાંસીવાદ અને રશિયામાં સામ્યવાદનો ઉદય થયો. સ્પેઈન, ઑસ્ટ્રિયા, યુગોસ્લાવિયા અને પોલેન્ડમાં સરમુખત્યારશાહી શાસન સ્થપાયાં.

૫. ૧૦ જાન્યુઆરી, ૧૯૨૦ ના રોજ વિશ્વશાંતિ માટે રાષ્ટ્રસંઘ (લીગ ઓફ નેશન્સ) ની સ્થાપના થઈ.

*સારા કામ કરતા જાવ, લોકો તેના વખાણ કરે કે ના કરે.*
*અડધી દુનિયા સૂતી હોય છે તેમ છતાં સૂરજ તો બહાર નીકળે જ છે.*

# દ્વિતીય વિશ્વયુદ્ધ (ઇ.સ. ૧૯૩૯ થી ૧૯૪૫)

## • દ્વિતીય વિશ્વયુદ્ધનાં કારણો :

(૧) વર્સેલ્સની સંધિથી જર્મન પ્રજા બદલો લેવા કટિબદ્ધ થઈ. ઇટલી અને જાપાનને આ સંધિથી ઓછો લાભ મળતાં આ રાષ્ટ્રો વિસ્તાર ભૂખ્યાં રહ્યાં. (૨) પ્રજાકીય સરકારો નિષ્ફળ જતાં જર્મનીમાં ઍડોલ્ફ હિટલર અને ઇટલીમાં બેનિટો મુસોલિની સરમુખત્યાર બન્યાં. (૩) સભ્યરાષ્ટ્રોએ રાષ્ટ્રસંઘની બહાર જૂથબંધીઓ રચતાં દ્વિતીય વિશ્વયુદ્ધ નજીક આવી ગયું. (૪) જર્મની, ઇટલી, ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, અમેરિકા, જાપાન વગેરે રાષ્ટ્રોએ શસ્ત્રીકરણ પાછળ અઢળક ખર્ચ કર્યો. (૫) આક્રમણખોર રાષ્ટ્રોને આક્રમક બનતાં અટકાવવામાં રાષ્ટ્રસંઘ નિર્બળ રહ્યો. (૬) ઇ.સ. ૧૯૩૧ માં જાપાને ચીનનો મંચુરિયા પ્રાંત જીતી લીધો. જાપાનની આ સામ્રાજ્યવાદી નીતિ વિશ્વશાંતિ માટે ભયરૂપ બની. (૭) હિટલરે જર્મન પ્રજાને ઉગ્ર રાષ્ટ્રવાદ તરફ દોરી સામ્રાજ્યવાદી આક્રમક નીતિ અપનાવી. (૮) **હિટલરે ૧ સપ્ટેમ્બર, ૧૯૩૯ ના રોજ પોલેન્ડ ઉપર આક્રમણ કર્યું અને દ્વિતીય વિશ્વયુદ્ધની શરૂઆત થઈ.**

## • દ્વિતીય વિશ્વયુદ્ધના બનાવો :

૧. જૂન, ૧૯૪૦ સુધીમાં જર્મનીએ પોલેન્ડ જીત્યું અને રશિયાએ ઇસ્ટોનિયા, લેટેવિયા અને લિથુઆનિયા કબજે કર્યા. નોર્વે, ડેન્માર્ક, હોલેન્ડ, બેલ્જિયમ, લક્સમબર્ગ હિટલરની સત્તા નીચે આવી ગયાં.

૨. ૧૦ જૂન, ૧૯૪૦ માં નાઝીસેનાએ ફ્રાન્સના પેરિસમાં વિજય પ્રવેશ કર્યો.

૩. સપ્ટેમ્બરથી નવેમ્બર સુધી જર્મનીએ ઇંગ્લેન્ડને હંફાવવા લંડન ઉપર બોમ્બમારો કર્યો પરંતુ સફળતા ન મળી.

૪. હિટલરે મૈત્રીકરારનો ભંગ કરી ૨૨ જૂન, ૧૯૪૧ ના રોજ રશિયા ઉપર આક્રમણ કર્યું. રશિયાના ભયંકર શિયાળાએ જર્મન સૈન્યનો સર્વનાશ કર્યો.

૫. જૂલાઈ, ૧૯૪૧ માં જાપાને હિંદી ચીન ઉપર આક્રમણ કરતાં અમેરિકાએ જાપાન સાથેના સંબંધો તોડી નાખ્યા. ડિસેમ્બર, ૧૯૪૧ માં જાપાને અમેરિકાના પર્લ હાર્બર નામના બંદર ઉપર હવાઈ હુમલો કરતાં અમેરિકાને ઘણું નુકસાન થયું અને તેના બે હજાર સૈનિકો માર્યા ગયા.

૬. અમેરિકાએ જાપાન સામે યુદ્ધ જાહેર કરતાં યુદ્ધનું પાસું મિત્રરાજ્યોની તરફેણમાં પલટાયું. જુલાઈ, ૧૯૪૩ માં ઇંગ્લેન્ડ અને અમેરિકાના સંયુક્ત દળોએ જર્મની તથા ઇટલીનાં લશ્કરોને આફ્રિકામાંથી હાંકી કાઢ્યા. સપ્ટેમ્બર, ૧૯૪૩ માં ઇટલીનું પતન થયું.

૭. મિત્રરાજ્યોના સંયુક્ત લશ્કરોએ જર્મની ઉપર આક્રમણ કરતાં ૩૦ એપ્રિલ, ૧૯૪૫ના રોજ હિટલરે આત્મહત્યા કરી અને ૭ મે, ૧૯૪૫ના રોજ જર્મનીએ શરણાગતિ સ્વીકારતાં યુરોપીય યુદ્ધનો અંત આવ્યો.

૮. જૂન, ૧૯૪૫ માં મિત્રરાજ્યોએ જાપાનને અગ્નિ એશિયાના દેશોમાંથી પાછું ધકેલ્યું. આમ છતાં જાપાન તાબે ન થતાં ૬ ઓગસ્ટ, ૧૯૪૫ ના રોજ જાપાનના હિરોશીમા અને ૯ ઓગસ્ટ, ૧૯૪૫ ના રોજ નાગાસાકી શહેર પર અમેરિકાએ અણુબોમ્બ ફેંક્યો. ૧૪, ઓગસ્ટ ૧૯૪૫ ના રોજ જાપાને શરણાગતિ સ્વીકારતાં દ્વિતીય વિશ્વયુદ્ધનો અંત આવ્યો.

## • દ્વિતીય વિશ્વયુદ્ધનાં રાજકીય પરિણામો :

(૧) **અમેરિકા વિશ્વની સર્વશક્તિશાળી સત્તા તરીકે બહાર આવ્યું.** (૨) પરાજિત જર્મનીને ચાર વિસ્તારોમાં વહેંચી નાખી ચાર મહાસત્તાઓનો વહીવટ સ્થાપવામાં આવ્યો. (૩) જાપાનમાં સંસદીય લોકશાહી સરકાર સ્થાપવામાં આવી. (૪) રોમેનિયા, બલ્ગેરિયા, ફિનલેન્ડ, હંગેરી તથા ઇટલીના પ્રદેશો લઈ લેવામાં આવ્યા. (૫) **ઇંગ્લેન્ડ અને ફ્રાન્સ જેવી મહાસત્તાઓ નબળી પડતાં ભારત, શ્રીલંકા, મ્યાનમાર, હિંદી ચીન ઇન્ડોનેશિયા, મલાયા, ઇજિપ્ત, ઘાના, નાઈજીરિયા વગેરે રાષ્ટ્રો સ્વતંત્ર બન્યાં.** (૬) લોકશાહી દેશ અમેરિકા અને સામ્યવાદી દેશ રશિયા પરસ્પર વિરોધી જૂથમાં વહેંચાઈ ગયા. (૭) વિશ્વમાં કાયમી શાંતિની પુનઃ સ્થાપના માટે ૨૪ ઓક્ટોબર, ૧૯૪૫ ના રોજ સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.) ની સ્થાપના કરવામાં આવી.

# વિશ્વની મહાન વ્યક્તિઓ

| | | |
|---|---|---|
| ૧. | *અબ્રાહમ લિંકન* | : અમેરિકાના આ સોળમા પ્રમુખે અમાનવીય ગુલામીપ્રથા નાબૂદ કરી. |
| ૨. | *એટલી ક્લેમન્ટ* | : ઈંગ્લેન્ડના આ વડા પ્રધાનના સમયમાં ભારતના સ્વાતંત્ર્યનું બિલ પસાર થયું. |
| ૩. | *એડમંડ હિલેરી* | : ન્યૂઝીલેન્ડના પર્વતખેડુ, જેમણે સર્વોચ્ચ શિખર માઉન્ટ એવરેસ્ટ સર કર્યું હતું. |
| ૪. | *ઍરિસ્ટોટલ* | : ગ્રીસના મહાન ફિલસૂફ અને તત્ત્વચિંતક, પ્લેટોના શિષ્ય, સિકંદરના ગુરુ. |
| ૫. | *કાર્લ માર્ક્સ* | : વિશ્વને સામ્યવાદી વિચાર આપનાર જર્મનીના મહાન તત્ત્વચિંતક, દાસ કેપિટલના સર્જક. |
| ૬. | *ક્રિસ્ટોફર કોલંબસ* | : સ્પેઈનના આ મહાન સાગરખેડુએ જળમાર્ગે ક્યુબા, અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝની શોધ કરી હતી. |
| ૭. | *કોન્ફ્યુશિયસ* | : ચીનના સંતપુરુષ, કોન્ફ્યુશિયસ ધર્મના સ્થાપક. |
| ૮. | *ખલિલ જિબ્રાન* | : લેબેનોનના વિશ્વવિખ્યાત ફિલસૂફ, રહસ્યવાદી કવિ, લેખક અને ચિત્રકાર. |
| ૯. | *ખ્રુશ્ચોવ* | : સોવિયેટ સંઘના માજી સરમુખત્યાર, રાજનીતિજ્ઞ. |
| ૧૦. | *ગેરીબાલ્ડી* | : પોપશાહીના જુલમી પંજામાંથી ઈટલીને મુક્ત કરાવનાર ઈટલીના ભાગ્યવિધાતા. |
| ૧૧. | *મિખાઈલ ગોર્બાચોવ* | : 'ગ્લાસનોસ્ત' અને 'પેરેસ્ટોઈકા'ની ઉદાર નીતિનો અમલ કરનાર. રશિયાના એક વખતના સર્વેસર્વા. |
| ૧૨. | *જ્યોર્જ વૉશિંગ્ટન* | : **અમેરિકાને ઇંગ્લેન્ડની સત્તામાંથી મુક્તિ અપાવનાર પ્રથમ પ્રમુખ.** |
| ૧૩. | *જ્હોન એફ કેનેડી* | : અમેરિકાના મુત્સદ્દી રાષ્ટ્રપ્રમુખ. રંગભેદની નીતિના કારણે તેમનું ખૂન થયું હતું. |
| ૧૪. | *જીમી કાર્ટર* | : અમેરિકાના ઓગણચાળીસમા પ્રમુખ. ઉદાર માનવતાવાદી. |
| ૧૫. | *ટોલ્સટોય* | : રશિયાના વિશ્વ પ્રસિદ્ધ સાહિત્યકાર, ફિલસૂફ અને તત્ત્વચિંતક. |
| ૧૬. | *ડી. વેલેરા* | : બ્રિટનની ધૂંસરીમાંથી આયર્લૅન્ડને મુક્ત કરાવનાર દેશભક્ત. |
| ૧૭. | *ડૉ. સુનયાતસેન* | : ચીનને રાજાશાહીના આપખુદ પંજામાંથી મુક્ત કરાવનાર મુક્તિદાતા. |
| ૧૮. | *દાગ હેમરશિલ્ડ* | : સ્વિડનના અગ્રણી અર્થશાસ્ત્રી. ઈ.સ. ૧૯૫૩ થી ૧૯૬૧ સુધી યુનોના મહામંત્રી. |
| ૧૯. | *રિચાર્ડ નિકસન* | : અમેરિકાના સાડત્રીસમાં પ્રમુખ, વોટર ગેટ કૌભાંડના કારણે પ્રમુખપદ છોડ્યું. |
| ૨૦. | *નેપોલિયન* | : વિશ્વવિજયનાં સ્વપ્ન સેવનાર મહાન ફ્રેંચ સેનાપતિ, આખરી અવસ્થામાં સેન્ટ હેલીનામાં કેદ. |
| ૨૧. | *નેલ્સન મંડેલા* | : ૨૭ વર્ષ સુધી જેલમાં રહેલા, દક્ષિણ આફ્રિકાના સ્વાતંત્ર્ય સેનાની. |
| ૨૨. | *પ્લેટો* | : ગ્રીસના મહાન તત્ત્વચિંતક, એરિસ્ટોટલના ગુરુ અને સોક્રેટિસના શિષ્ય. |
| ૨૩. | *બર્ટ્રાન્ડ રસેલ* | : બ્રિટનના મહાન તત્ત્વચિંતક, ગણિતશાસ્ત્રી, લેખક અને માનવતાના પુરસ્કર્તા. |
| ૨૪. | *પ્રિન્સ બિસ્માર્ક* | : જર્મનીનાં સંખ્યાબંધ નાનાં રાજ્યોનું એકીકરણ કરી મહાન સામ્રાજ્ય સ્થાપ્યું. |
| ૨૫. | *માઓત્સે તુંગ* | : ચીનના મહાન ક્રાંતિકારી અને સર્વોચ્ચ નેતા. |
| ૨૬. | *મુસોલિની* | : દ્વિતીય વિશ્વયુદ્ધમાં હિટલરની સાથે રહેનાર. ઈટલીના સરમુખત્યાર, ફાંસીવાદના સ્થાપક અને ઈટલીના મુક્તિદાતા. |
| ૨૭. | *મેરિયા મોન્ટેસોરી* | : ગમ્મત સાથે જ્ઞાન આપતી મોન્ટેસોરી શિક્ષણ પદ્ધતિ દાખલ કરનાર. |
| ૨૮. | *રોકફેલર* | : સ્ટાન્ડર્ડ ઓઈલ કંપનીના સ્થાપક. અમેરિકાના દાનેશ્વરી મૂડીપતિ. |
| ૨૯. | *રોનાલ્ડ રેગન* | : અમેરિકાના ચાળીસમા પ્રમુખ અને ભૂતપૂર્વ અભિનેતા. |
| ૩૦. | *રોમા રોલાં* | : જગવિખ્યાત ફ્રેંચ લેખક અને મહાન વિચારક. ગાંધીજીના પ્રશંસક. |
| ૩૧. | *રૂઝવેલ્ટ* | : અમેરિકાના બત્રીસમા પ્રમુખ, પ્રખર રાજનીતિજ્ઞ. અમેરિકાને મંદીમાંથી ઉગારનાર. |

| | | |
|---|---|---|
| ૩૨. | *રૂસો* | : ફ્રાન્સની રાજ્યક્રાંતિના પ્રણેતા. સમાનતા, બંધુતા અને સ્વાતંત્ર્યના પુરસ્કર્તા. |
| ૩૩. | *લેનિન* | : રશિયાના સ્વાતંત્ર્યસંગ્રામના અગ્રણી સેનાની. સામ્યવાદના ક્રાંતિકારી નેતા. |
| ૩૪. | *વિન્સ્ટન ચર્ચિલ* | : બ્રિટનના મહાન રાજદ્વારી પુરુષ. દ્વિતીય વિશ્વયુદ્ધમાં બ્રિટનને બચાવનાર. |
| ૩૫. | *વિલિયમ શેક્સપિયર* | : અંગ્રેજી ભાષાના મહાન કવિ અને જગતના શ્રેષ્ઠ નાટ્યકાર. |
| ૩૬. | *સિકંદર* | : મેસેડોનિયાના જગવિખ્યાત મહત્ત્વાકાંક્ષી રાજા. તેમણે અનેક દેશો પર ચઢાઈ કરી. |
| ૩૭. | *સોક્રેટિસ* | : ગ્રીસના મહાન નીડર તત્ત્વચિંતક અને સત્યનિષ્ઠ લેખક. |
| ૩૮. | *સ્ટાલિન* | : લેનિનના મૃત્યુ બાદ સોવિયેટ સંઘના સરમુખત્યાર. |
| ૩૯. | *હિટલર* | : જર્મનીમાં નાઝીવાદના જન્મદાતા. વિશ્વને દ્વિતીય વિશ્વયુદ્ધની ભેટ આપનાર. આત્મહત્યાથી મૃત્યુ પામ્યા હતા. |
| ૪૦. | *હોમર* | : ગ્રીસના મહાન કવિ, 'ઇલિયડ' અને 'ઓડેસી' મહાકાવ્યોના કર્તા. |
| ૪૧. | *કોસીજીન* | : રશિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન. ભારત સાથે શાંતિ કરાર કરનાર શાંતિ-ચાહક. |
| ૪૨. | *મેક્સમુલર* | : જર્મનીના મહાન લેખક અને ફિલસૂફ, સંસ્કૃતના ચાહક. |
| ૪૩. | *કમાલ પાશા* | : તુર્કીની ગુલામીની બેડીઓ તોડનાર મુક્તિદાતા. |
| ૪૪. | *ચાર્લી ચેપ્લિન* | : વિશ્વના મહાન રમૂજી અમેરિકન અભિનેતા. |
| ૪૫. | *જનરલ બૂથ* | : માનવજાતનાં દુઃખ દૂર કરવા તેમણે સાલ્વેશન આર્મી 'મુક્તિફોજ' સ્થાપી હતી. |
| ૪૬. | *ડી લેસેપ્સ* | : આ પ્રખ્યાત ફ્રેંચ ઇજનેરનું નામ સુએઝ નહેર સાથે જોડાયેલું છે. |
| ૪૭. | *ફ્લોરેન્સ નાઈટેન્ગલ* | : **'લેડી વીથ ધી લેમ્પ'** તરીકે ખ્યાતનામ પરિચારિકા. સેવા કરી અમર થયા. |
| ૪૮. | *બ્રેઈલ* | : **અંધજનો વાંચી અને સમજી શકે તે માટે ઉપસાવેલ અક્ષરોની લિપિના શોધક.** |
| ૪૯. | *બેડન પૉવેલ* | : વિશ્વમાં સ્કાઉટિંગ (બાલચમૂ) પ્રવૃત્તિનો પાયો નાખનાર. |
| ૫૦. | *લોર્ડ મેકોલે* | : ભારતમાં અંગ્રેજી કેળવણીનો પાયો નાખનાર. હિન્દી ફોજદારી કાયદો ઘડનાર. |
| ૫૧. | *વુડ્રો વિલ્સન* | : અમેરિકાના આ પ્રમુખે લીગ ઑફ નેશન્સની સ્થાપનામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. |
| ૫૨. | *ગાંધીજી* | : સત્ય અને અહિંસાના માર્ગે ભારતને આઝાદી અપાવનાર મહાન નેતા |
| ૫૩. | *મધર ટેરેસા* | : કરુણાની મૂર્તિ, પશ્ચિમ બંગાળ (ભારત) માં પીડિતો, દલિતો, ગરીબો અને નિરાધારોની મહાન સેવા કરી હતી. |

## *આવતીકાલે જ...*

*હું જાતે આંધળી, જે લોકો દેખતા છે તેમને એક સૂચન કરી શકું તેમ છું : આવતીકાલે જ જાણે તમારી પર અંધારો ઉતરી પડવાનો હોય તેમ સમજીને તમારી આંખો વાપરજો! અને બીજી ઈન્દ્રિયોને પણ એ જ રીત લાગુ પાડી શકાય.*

*માનવ શબ્દોનું સંગીત, પંખીનું ગાન, સુરાવલિના પ્રચંડ સ્વરો – જાણે કે આવતીકાલે જ તમે બહેરા બની જવાના હો તે રીતે સાંભળજો. જે જે ચીજને સ્પર્શ કરવો હોય તેને એ રીતે હાથ લગાડજો કે જાણે કાલે તમારી સ્પર્શેન્દ્રિય બંધ પડી જવાની છે.*

*પુષ્પોને એવી રીતે સુંઘજો અને રોટલાનું પ્રત્યેક બટકું એવી લિજ્જતથી મમળાવજો કે જાણે કાલથી તમે કદી સુવાસ કે સ્વાદ અનુભવી શકવાના નથી.*

*આ સૃષ્ટિએ તમારી સન્મુખ પાથરેલાં સુખ અને સૌંદર્યના એકેએક પાસાને માણજો. પ્રત્યેક ઈન્દ્રિયનો પૂરેપૂરો ઉપયોગ કરી લેજો.*

*– હેલન કેલર, સાભાર : "સમજણના સૂર"*

# વિવિધ દેશોના સમય

*(ભારતમાં જ્યારે બપોરના ૧૨ વાગ્યા હોય ત્યારે વિશ્વનાં અગત્યનાં શહેરોનો સ્થાનિક સમય)*

| શહેર | દેશ | સમય |
|---|---|---|
| બગદાદ | ઈરાક | ૯.૩૦ સવાર |
| બેંગકોક | થાઈલેન્ડ | ૧.૩૦ બપોર |
| બર્લિન | જર્મની | ૭.૩૦ સવાર |
| બ્રિસ્બેન | ઑસ્ટ્રેલિયા | ૪.૩૦ બપોર |
| કેરો | ઈજિપ્ત | ૮.૩૦ સવાર |
| શિકાગો | અમેરિકા | ૧.૩૦ સવાર (આગલા દિવસે) |
| કેપ ટાઉન | દક્ષિણ આફ્રિકા | ૮.૩૦ સવાર |
| કોલંબો | શ્રીલંકા | ૧૨.૦૦ બપોર |
| જિનીવા | સ્વિટ્ઝરલેન્ડ | ૭.૩૦ સવાર |
| હોંગકોંગ | ચીન | ૨.૩૦ બપોર |
| ઢાકા | બાંગ્લાદેશ | ૧૨.૩૦ બપોર |
| જોહાનિસબર્ગ | દક્ષિણ આફ્રિકા | ૮.૩૦ સવાર |
| કાબુલ | અફઘાનિસ્તાન | ૧૧.૦૦ સવાર |
| કરાંચી | પાકિસ્તાન | ૧૧.૩૦ સવાર |
| કિંગ્સ્ટન | જમૈકા | ૧.૩૦ સવાર |
| ક્વાલાલુંપુર | મલેશિયા | ૨.૦૦ બપોર |
| લોસ એન્જેલસ | અમેરિકા | ૧૦.૩૦ રાત (૧ દિવસ પહેલા) |

| શહેર | દેશ | સમય |
|---|---|---|
| લંડન | યુ.કે. | ૬.૩૦ સવાર |
| મેડ્રિડ | સ્પેન | ૭.૩૦ સવાર |
| મેલબર્ન | ઑસ્ટ્રેલિયા | ૪.૩૦ બપોર |
| મોસ્કો | રશિયા | ૯.૩૦ સવાર |
| નાઈરોબી | કેન્યા | ૯.૩૦ સવાર |
| ન્યુયોર્ક | અમેરિકા | ૧.૩૦ સવાર |
| પેરિસ | ફ્રાન્સ | ૭.૩૦ સવાર |
| બેઈજિંગ | ચીન | ૨.૩૦ બપોર |
| પોર્ટ ઓફ સ્પેન | ત્રિનિદાદ | ૬.૩૦ સવાર |
| રંગૂન | મ્યાનમાર | ૧.૦૦ બપોર |
| રોમ | ઈટલી | ૭.૩૦ સાંજ |
| સેલિસ્બરી | ઝિમ્બાબ્વે | ૮.૩૦ સવાર |
| સાન ફ્રાન્સિસ્કો | અમેરિકા | ૧૧.૩૦ રાત (૧ દિવસ પહેલાં) |
| સીઓલ | દક્ષિણ કોરિયા | ૩.૦૦ બપોર |
| સિંગાપુર | સિંગાપુર | ૨.૦૦ બપોર |
| ટોકિયો | જાપાન | ૩.૩૦ બપોર |
| વેલિંગ્ટન | ન્યુઝીલેન્ડ | ૬.૩૦ સાંજ |

## *જો આ જિંદગી મને નવેસરથી જીવવા મળે તો...*

- ★ *માંદગીના દિવસોમાં મેં આરામ કર્યો હોત અને મારા વિના જાણે પૃથ્વીની ઘટમાળ ફરતી અટકી જશે એવો દંભ ના કર્યો હોત.*
- ★ *હું બોલી ઓછું હોત અને સાંભળ્યું વધારે હોત.*
- ★ *દિવાનખાનાની કારપેટ કે સોફા બગડવાની ચિંતા કર્યા વિના ભોજન માટે મિત્રોને આમંત્ર્યા હોત.*
- ★ *મારા દાદાના બાળપણનાં અને યુવાનીનાં સંભારણાં સહેજ પણ અકળાયા વિના સાંભળ્યાં હોત.*
- ★ *કપડાં બગડશે એવી ચિંતા કર્યા વિના બાળકોને લઈ બગીચામાં બેઠી હોત.*
- ★ *ટેલિવિઝન સામે બેસીને સમય વેડફવા કરતાં જીવતાં જાગતાં લોકોમાં વધારે રસ લીધો હોત.*

***– ભાર્ગવી જોશી, સાભાર : "સમજણના સૂર"***

## વિવિધ દેશોના નવા નામ

| જૂનું નામ | નવું નામ |
|---|---|
| અપર વૉલ્ટા | બુર્કિના ફાસો |
| એબિસિનિયા | ઇથિયોપિયા |
| મિસર | ઇજિપ્ત |
| ડચ ઈસ્ટ ઇન્ડિઝ | ઇન્ડોનેશિયા |
| ઉત્તર રહોડેશિયા | ઝામ્બિયા |
| કેમ્બોડિયા | કમ્પુચિયા |
| ગોલ્ડ કોસ્ટ | ઘાના |
| ઝાંઝીબાર અને ટાંગાનિકા | ટાન્ઝાનિયા |
| ટ્રુસિયર સ્ટેટ્સ | સંયુક્ત આરબ અમિરાત |
| ડચ ગિની | સુરિનામ |
| પેલેસ્ટાઈન | ઇઝરાયેલ |
| પર્શિયા | ઈરાન |
| પૂર્વ પાકિસ્તાન | બાંગ્લાદેશ |
| ફોર્મોસા | તાઇવાન |
| મલાયા, સબાહ, સારાવાક | મલેશિયા |
| ફ્રેન્સ સુદાન | માલી |
| બેલ્જિયન કોંગો | ઝાઇર |
| બાસુટોલેન્ડ | લિસૂટુ |
| પ્લેસન્ટ લેન્ડ | નાઉરૂ |

| જૂનું નામ | નવું નામ |
|---|---|
| ટોગોલેન્ડ | ટોગો |
| બ્રિટિશ હોરન્ડુરાશ | બેલીઝ |
| બેચાઉનાલેન્ડ | બોટ્સવાના |
| માડાગાસ્કર | માલાગાસી |
| મેસોપોટેમિયા | ઈરાક |
| દક્ષિણ રહોડેશિયા | ઝિમ્બાબ્વે |
| સિયામ | થાઇલેન્ડ |
| સિલોન | શ્રીલંકા |
| સોમાલી લેન્ડ | સોમાલિયા |
| હૉલેન્ડ | નેધરલેન્ડ્ઝ |
| હોંડ્યુરસ | બોલિઝ |
| બ્રિટિશ ગાયાના | ગાયાના |
| ન્યુગિની | પશ્ચિમ ઈરિયન |
| ન્યાસાલેન્ડ | મલાવી |
| નૈઋત્ય અમેરિકા | નામિબિયા |
| બ્રહ્મદેશ | મ્યાનમાર |
| આઈવરી કૉસ્ટ | કોટ દિવાર |
| ઉત્તર બોર્નિયો | સારાવાક |
| દહોમી | બેનિન |

## ઇન્ટરનેટ - વેબ વર્લ્ડ કે સાઇબર વર્લ્ડના બ્રાન્ડ નામો અને તેની માર્કેટ કિંમત

રોજિંદા વપરાશની અનેક વસ્તુઓ જગતભરમાં વિખ્યાત થઈ ગયેલ છે. કેટલીક પ્રોડક્ટના બ્રાન્ડ નામો દુનિયાભરમાં વિખ્યાત છે. દા.ત. કોલગેટ ટુથપેસ્ટ અથવા જીલેટ બ્લેડ. એ જ રીતે સાઈબર વર્લ્ડના અમુક નામો જગવિખ્યાત છે પરંતુ તેની કિંમત આંખોને આંજી દે તેવી થઈ જવા પામેલ છે.

દુનિયાભરમાં અમેરિકાની આવી પ્રથમ ૧૦ ટોપ મોસ્ટ બ્રાન્ડ એકચક્રી રાજ કરે છે. તેની માર્કેટ વેલ્યુ અત્રે બતાવવામાં આવેલ છે કે જે વાંચીને આશ્ચર્યચકિત થઈ જવાય. (વિગત તૈયાર કરવાના સમયે)

| | | |
|---|---|---|
| એમેઝોન | : | ૧૫૦ બિલિયન ડોલર |
| એપલ | : | ૧૪૬ બિલિયન ડોલર |
| ગૂગલ | : | ૧૨૦ બિલિયન ડોલર |
| ફેસબુક | : | ૮૯ બિલિયન ડોલર |
| માઇક્રોસોફ્ટ | : | ૮૧ બિલિયન ડોલર |
| આઈબીએમ | : | ૩૨ બિલિયન ડોલર |
| ઑરેકલ | : | ૨૯ બિલિયન ડોલર |
| યુ ટ્યુબ | : | ૨૫ બિલિયન ડોલર |
| ઇન્ટેલ | : | ૨૨ બિલિયન ડોલર |
| સિસ્કો | : | ૧૯ બિલિયન ડોલર |

## વિશ્વના મોટા વિસ્તારના દેશો

| | દેશ | ખંડ | વિસ્તાર (ચો.કિ.મી.માં) |
|---|---|---|---|
| ૧. | રશિયા | એશિયા - યુરોપ | ૧,૭૦,૭૫,૦૦૦ |
| ૨. | કેનેડા | ઉત્તર અમેરિકા | ૯૯,૭૦,૧૩૯ |
| ૩. | ચીન | એશિયા | ૯૫,૭૨,૦૦૦ |
| ૪. | યુ.એસ.એ. | ઉત્તર અમેરિકા | ૯૩,૭૨,૬૧૪ |
| ૫. | બ્રાઝિલ | દક્ષિણ અમેરિકા | ૮૫,૧૧,૯૬૫ |
| ૬. | ઑસ્ટ્રેલિયા | ઑસ્ટ્રેલેશિયા | ૭૬,૮૨,૩૦૦ |
| ૭. | ભારત | એશિયા | ૩૨,૮૭,૭૮૨ |
| ૮. | આર્જેન્ટિના | દક્ષિણ અમેરિકા | ૨૭,૭૯,૬૫૪ |
| ૯. | કઝાખસ્તાન | એશિયા | ૨૭,૧૭,૩૦૦ |
| ૧૦. | સુદાન | આફ્રિકા | ૨૫,૦૫,૮૧૩ |

## વિશ્વના નાના વિસ્તારના દેશો

| | દેશ | ખંડ | વિસ્તાર (ચો.કિ.મી.માં) |
|---|---|---|---|
| ૧. | વેટિકન સિટી | યુરોપ | ૦.૪૪ |
| ૨. | મોનાકો | યુરોપ | ૧.૯૫ |
| ૩. | નાઊરુ | ઑસ્ટ્રેલેશિયા | ૨૧.૩૦ |
| ૪. | તુવાલુ | ઑસ્ટ્રેલેશિયા | ૨૬.૦૦ |
| ૫. | સેન મરીનો | યુરોપ | ૬૧.૦૦ |
| ૬. | બર્મ્યુડા ટાપુ | ઉત્તર અમેરિકા | ૯૩.૩૦ |
| ૭. | મોન્ટેસેરાત | – | ૧૦૨.૦૦ |
| ૮. | લિખ્ટનસ્ટાઈન | યુરોપ | ૧૬૦.૦૦ |
| ૯. | માર્શલ ટાપુઓ | ઑસ્ટ્રેલેશિયા | ૧૮૧.૦૦ |
| ૧૦. | સેંટ કિટ્સ અને નેવિસ | ઉત્તર અમેરિકા | ૨૬૯.૦૦ |
| ૧૧. | માલદીવ ટાપુઓ | એશિયા | ૨૯૮.૦૦ |
| ૧૨. | મોલ્ટા | યુરોપ | ૩૧૬.૦૦ |

*ઓળખાણથી મળેલ કામ થોડો સમય રહે છે, પરંતુ કામથી મળેલ ઓળખાણ જિંદગી સુધી રહે છે!*

## વિશ્વના મોટી વસ્તીવાળા શહેરો

| | શહેર | દેશ | વસ્તી |
|---|---|---|---|
| ૧. | ટોકિયો | જાપાન | ૨,૯૯,૭૧,૦૦૦ |
| ૨. | મેક્સિકો સિટી | મેક્સિકો | ૨,૭૮,૭૨,૦૦૦ |
| ૩. | સોમ પાઉલુ | બ્રાઝિલ | ૨,૫૩,૫૪,૦૦૦ |
| ૪. | સીઓલ | દ.કોરિયા | ૨,૧૯,૭૬,૦૦૦ |
| ૫. | મુંબઈ | ભારત | ૧,૫૩,૫૭,૦૦૦ |
| ૬. | ન્યુયોર્ક | અમેરિકા | ૧,૪૬,૪૮,૦૦૦ |
| ૭. | ઓસાકા | જાપાન | ૧,૪૪,૮૭,૦૦૦ |
| ૮. | તહેરાન | ઈરાન | ૧,૪૨,૫૧,૦૦૦ |
| ૯. | રિયો-ડી-જાનેરો | બ્રાઝિલ | ૧,૪૧,૬૯,૦૦૦ |
| ૧૦. | કોલકાતા | ભારત | ૧,૪૦,૮૮,૦૦૦ |

## વિવિધ દેશોનું ચલણી નાણું

| દેશ | ચલણ |
|---|---|
| અફઘાનિસ્તાન | અફઘાન |
| અલ્જીરિયા | દિનાર |
| આર્જેન્ટિના | ઑસ્ટ્રલ |
| એક્વાડોર | સુક્રે |
| ઈજિપ્ત | પાઉન્ડ |
| ઈઝરાયેલ | શેકેલ |
| ઈથોપિયા | બિરર |
| ઈન્ડોનેશિયા | રૂપિયાહા |
| ઈરાક | દિનાર |
| ઈરાન | રિયાલ |
| ઈંગ્લેન્ડ | પાઉન્ડ |
| ઑસ્ટ્રેલિયા | ડૉલર |
| ક્યુબા | પેસો |
| દક્ષિણ આફ્રિકા | રેન્ડ |
| કેનેડા | ડોલર |
| નાઈજીરિયા | નાયરા |
| નેપાલ | રૂપિયો |
| નોર્વે | ક્રોન |
| ન્યુઝીલેન્ડ | ડોલર |
| પાકિસ્તાન | રૂપિયો |
| પોલેન્ડ | ઝલોટી |
| ફિલીપીન્ઝ | પેસો |
| ફીજી | ડોલર |
| બલ્ગેરિયા | લેવ |
| બાંગ્લાદેશ | ટાકા |
| બર્મા | ક્યાત |
| બ્રાઝિલ | ક્રુઝેડો |
| ભારત | રૂપિયો |
| કમ્બોડિયા | રિલ |
| કુવૈત | દિનાર |
| ઉત્તર કોરિયા | વોન |
| દક્ષિણ કોરિયા | વોન |
| ગ્રીસ | ડ્રાકમા |
| ઘાના | સેદી |
| ચિલી | પેસો |
| ચીન | યુઆન |
| જાપાન | યેન |
| જોર્ડન | દિનાર |
| ચેક રિપબ્લિક | કોરુના |
| ઝિમ્બાબ્વે | ડોલર |
| ઝાઈર | ઝાઈર |
| ટાન્ઝાનિયા | શિલિંગ |
| ડેન્માર્ક | ક્રોન |
| તાઈવાન | ડોલર |
| તુર્કી | લીરા |
| થાઈલેન્ડ | બેટ |
| ભુતાન | રૂપિયો |
| મલેશિયા | રિંગીટ |
| મોરિશિયસ | રૂપિયો |
| યુ.એસ.એ. | ડોલર |
| યુગોસ્લાવિયા | દિનાર |
| લેબેનોન | પાઉન્ડ |
| વિયેતનામ | ડોંગ |
| શ્રીલંકા | રૂપિયો |
| સાઉદી અરેબિયા | રિયાલ |
| સંયુક્ત અરબ | દિરહામ |
| સિંગાપુર | ડોલર |
| સીરિયા | પાઉન્ડ |
| સ્વિડન | ક્રોના |
| યુગાન્ડા | શિલિંગ |
| રશિયા | રૂબલ |
| રોમેનિયા | લેઉ |
| લિબિયા | દિનાર |
| હંગેરી | ફોરિંટ |
| હોંગકોંગ | ડોલર |

# વિવિધ પેદાશો ઉત્પન્ન કરતા દેશો

૧. *ઊન* : ઑસ્ટ્રેલિયા, રશિયા, ન્યુઝીલેન્ડ, ચીન, આર્જેન્ટિના.
૨. *કપાસ* : ચીન, રશિયા, અમેરિકા, **ભારત**, પાકિસ્તાન, બ્રાઝિલ, ઇજિપ્ત, તુર્કી, જાપાન.
૩. *કેળાં* : બ્રાઝિલ, હોન્ડુરસ, કોસ્ટારીકા, પનામા.
૪. *કોકો* : આઈવરી કોસ્ટ, બ્રાઝિલ, ઘાના, નાઈજીરિયા, કેમરૂન.
૫. *કોફી* : બ્રાઝિલ, કોલમ્બિયા, ઇન્ડોનેશિયા, આઈવરી કોસ્ટ, મેક્સિકો.
૬. *ખાંડ* : બ્રાઝિલ, **ભારત**, ક્યુબા, રશિયા, અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઑસ્ટ્રેલિયા.
૭. *ઘઉં* : રશિયા, અમેરિકા, ચીન, **ભારત**, કેનેડા, ફ્રાન્સ, તુર્કી, આર્જેન્ટિના.
૮. *ચા* : **ભારત**, ચીન, શ્રીલંકા, રશિયા, જાપાન, કેન્યા, ઇન્ડોનેશિયા.
૯. *ચોખા (ડાંગર)*: ચીન, **ભારત** ઇન્ડોનેશિયા, બાંગ્લાદેશ, થાઈલેન્ડ, બર્મા, વિયેતનામ, જાપાન, બ્રાઝિલ, ફિલિપાઈન્સ.
૧૦. *જવ* : રશિયા, કેનેડા, અમેરિકા, બ્રિટન, તુર્કી.
૧૧. *તમાકુ* : ચીન, અમેરિકા, **ભારત**, બ્રાઝિલ, રશિયા, તુર્કી.
૧૨. *દ્રાક્ષ* : ફ્રાન્સ, ઇટલી, રશિયા, સ્પેઇન, અમેરિકા, તુર્કી.
૧૩. *નારંગી* : બ્રાઝિલ, અમેરિકા, સ્પેઇન, મેક્સિકો, ઇટલી, **ભારત**.
૧૪. *નારિયેળ* : ફિલીપાઈન્સ, ઇન્ડોનેશિયા, શ્રીલંકા, **ભારત**.
૧૫. *બટાટા* : રશિયા, પોલેન્ડ, અમેરિકા, ચીન, **ભારત**, જર્મની.
૧૬. *બાજરી* : અમેરિકા, ચીન, નાઈજીરિયા, રશિયા, નાઈજર, માલી, સેનિગોલ, **ભારત**.
૧૭. *મકાઈ* : અમેરિકા, ચીન, બ્રાઝિલ, રોમેનિયા, મેક્સિકો, રશિયા.
૧૮. *મગફળી* : **ભારત**, ચીન, અમેરિકા, સુદાન, ઇન્ડોનેશિયા, સેનિગોલ.
૧૯. *માખણ* : ન્યુઝીલેન્ડ, ડેન્માર્ક, નેધરલેન્ડ્ઝ, ઑસ્ટ્રેલિયા, રશિયા, સ્વિડન.
૨૦. *માછલી* : જાપાન, રશિયા, અમેરિકા, ચીન, ચિલી, પેરુ, નોર્વે.
૨૧. *માંસ* : અમેરિકા, ચીન, રશિયા, ફ્રાન્સ, જર્મની, બ્રાઝિલ, ઇટલી.
૨૨. *રબર* : મલેશિયા, ઇન્ડોનેશિયા, થાઈલેન્ડ, **ભારત**, શ્રીલંકા, ચીન.
૨૩. *વટાણા* : **ભારત**, ચીન, અમેરિકા, સુદાન, ઇન્ડોનેશિયા, નાઈજીરિયા.
૨૪. *શણ* : **ભારત**, ચીન, બાંગ્લાદેશ, થાઈલેન્ડ, બ્રાઝિલ, રશિયા, નેપાલ.
૨૫. *સફરજન* : રશિયા, અમેરિકા, ફ્રાન્સ, ચીન, જર્મની, ઇટલી, પોલેન્ડ.
૨૬. *સોયાબીન* : અમેરિકા, બ્રાઝિલ, ચીન, આર્જેન્ટિના, કેનેડા, પેરુગ્વે, **ભારત**.

---

*ઘડિયાળમાં ગોઠવાયેલા બંને કાંટા જેવા આપણે છીએ. હું નાનો છું અને તમે મોટા છો એવો પ્રશ્ન કરવો નકામો છે. એક જ મધ્યબિંદુ સાથે સંકળાઈને આપણે ફરી રહ્યા છીએ. જુદા જુદા છતાં પણ એક મધ્યબિંદુ છોડીને જો આપણે જુદા પડી જઈશું તો તમે, તમે નહીં રહો, અને હું, હું નહીં રહું. આજે તો લોકો આપણી સામે જુએ છે પણ જુદા પડી ગયા તો 'આ ઘડિયાળ તદ્દન નકામું છે' એમ કહીને આવતીકાલે જરૂર ગટરમાં ફેંકી દેશે.*

*બોલો શું કરવું છે?*

# વિવિધ ખનીજો ઉત્પન્ન કરતા દેશો

૧. *કલાઈ* : મલેશિયા, ઈન્ડોનેશિયા, બોલિવિયા, થાઈલેન્ડ, ચીન, રશિયા.
૨. *ચાંદી* : પેરુ, રશિયા, મેક્સિકો, કેનેડા, અમેરિકા, ઑસ્ટ્રેલિયા, પોલેન્ડ.
૩. *જસત* : કેનેડા, રશિયા, ઑસ્ટ્રેલિયા, પેરુ, અમેરિકા, જાપાન, મેક્સિકો.
૪. *ટંગસ્ટન* : ચીન, રશિયા, કેનેડા, અમેરિકા, બોલિવિયા, ઑસ્ટ્રેલિયા, કોરિયા.
૫. *તાંબું* : રશિયા, અમેરિકા, ચિલી, ઝામ્બિયા, કેનેડા, ઝાઈર, ફિલિપાઈન્સ.
૬. *નિકલ* : કેનેડા, રશિયા, ઑસ્ટ્રેલિયા, કેલિફોર્નિયા, ક્યુબા, ઈન્ડોનેશિયા.
૭. *પોલાદ* : અમેરિકા, રશિયા, જાપાન, જર્મની, બ્રિટન, ફ્રાન્સ.
૮. *પ્લેટિનમ* : દક્ષિણ આફ્રિકા, કેનેડા, રશિયા, કોલમ્બિયા, અમેરિકા, કુવૈત.
૯. *ફોસ્ટેટ રોક* : અમેરિકા, રશિયા, મોરોક્કો, ચીન, ટ્યુનિસિયા, જોર્ડન, ઇઝરાયલ.
૧૦. *બૉક્સાઈટ* : ઑસ્ટ્રેલિયા, ન્યુગિની, જમૈકા, બ્રાઝિલ, રશિયા, યુગોસ્લાવિયા, ગ્રીસ, હંગેરી, **ભારત**.
૧૧. *મેંગેનીઝ* : રશિયા, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ, ઑસ્ટ્રેલિયા, **ભારત**.
૧૨. *કાચું લોખંડ* : રશિયા, ઑસ્ટ્રેલિયા, બ્રાઝિલ, ચીન, **ભારત**, અમેરિકા, કેનેડા.
૧૩. *ઢાળેલું લોખંડ* : રશિયા, અમેરિકા, પશ્ચિમ જર્મની, કેનેડા, પેરુ, ચીન, મોરોક્કો.
૧૪. *સીસું* : રશિયા, અમેરિકા, ઑસ્ટ્રેલિયા, કેનેડા, પેરુ, ચીન, મોરોક્કો.
૧૫. *સોનું* : દક્ષિણ આફ્રિકા, રશિયા, કેનેડા, ચીન, અમેરિકા, બ્રાઝિલ, ફિલિપાઈન્સ.
૧૬. *હીરા* : રશિયા, ઝાઈર, દક્ષિણ આફ્રિકા, બોટ્સવાના, નામિબિયા, ઘાના, અંગોલા.
૧૭. *કુદરતી ગેસ* : રશિયા, અમેરિકા, રોમેનિયા, બ્રિટન, નેધરલેન્ડ્ઝ, કેનેડા.
૧૮. *કોલસો* : અમેરિકા, ચીન, રશિયા, પોલેન્ડ, દક્ષિણ આફ્રિકા, **ભારત**, બ્રિટન.
૧૯. *લિગ્નાઈટ (કોલસો)* : જર્મની, રશિયા, ચેક રિપબ્લિક
૨૦. *ક્રુડ ઑઈલ* : રશિયા, અમેરિકા, સાઉદી અરેબિયા, મેક્સિકો, બ્રિટન, ચીન, કુવૈત.
૨૧. *પેટ્રોલિયમ પેદાશો* : રશિયા, જાપાન, અમેરિકા, જર્મની, ફ્રાન્સ, ઇટલી
૨૨. *યુરેનિયમ* : અમેરિકા, ઑસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, કેનેડા, નાઈજર.
૨૩. *અબરખ* : **ભારત**, કેનેડા, બ્રાઝિલ, રશિયા
૨૪. *આરસ* : **ભારત**, ફ્રાન્સ, સ્વિટ્ઝરલેન્ડ.

*આ જગતમાં દુઃખ છે એવી ભ્રાંતિ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી મને કોઈ નહીં પામી શકે. મારા આગમનથી તારા હૃદયમાં આનંદ પ્રગટે છે એ એટલું જ સાબિત કરી બતાવે છે કે હું પોતે જ આનંદ અને પરમ સુખ છું. મેં કદી દુઃખનું સર્જન કર્યું નથી. મારા દરેક સર્જનની પાછળ અદ્‌ભુત આનંદ ભર્યો છે. મેં પુષ્પોને હસતાં કર્યાં, સાગરમાં સંગીત મૂક્યું, ચાંદનીમાં અમૃત મૂક્યું, વીજળીને નાચતી કરી અને વૃક્ષોને ડોલાવ્યાં. વિશ્વના ખૂણે ખૂણે મેં ભરપૂર આનંદ મૂક્યો છે. પણ માણસ આ આનંદને ઓળખી શકતો નથી અને તેથી એના હૃદયમાં જે બીજી સ્થિતિનો જન્મ થયો એનું નામ તેણે દુઃખ પાડ્યું.*

# વિશ્વના શહેરોનાં જૂનાં અને નવાં નામ

| | જૂનું નામ અને દેશ | નવું નામ |
|---|---|---|
| ૧. | લિઓપોલ્ડ વ્હીલ (ઝાઇર) | કિન્શાસા |
| ૨. | કોન્સ્ટન્ટિનોપલ (તુર્કી) | ઇસ્તંબુલ |
| ૩. | લેનિનગ્રાડ (રશિયા) | સેંટ પિટ્સબર્ગ |
| ૪. | **બોમ્બે (ભારત)** | **મુંબઈ** |
| ૫. | અંગોરા (તુર્કી) | અંકારા |
| ૬. | બટેવિયા (ઇન્ડોનેશિયા) | જાકાર્તા |
| ૭. | ડાક્કા (બાંગ્લાદેશ) | ઢાકા |
| ૮. | રંગુન (મ્યાનમાર) | યાંગોન |
| ૯. | ગોર્કી (રશિયા) | નિઝની નોવગોરોડ |
| ૧૦. | સાઇગોન (વિયેતનામ) | હો ચી મિન્ટ સિટી |
| ૧૧. | **પૂના (ભારત)** | **પુણે** |

| | જૂનું નામ અને દેશ | નવું નામ |
|---|---|---|
| ૧૨. | **કલકત્તા (ભારત)** | **કોલકાતા** |
| ૧૩. | **મદ્રાસ (ભારત)** | **ચેન્નાઇ** |
| ૧૪. | **ત્રિવેન્દ્રમ (ભારત)** | **તિરુવનંતપુરમ** |
| ૧૫. | કેપ કેનવેરાલ (અમેરિકા) | કેપ કેનેડી |
| ૧૬. | ખ્રિસ્તિન (નોર્વે) | ઓસ્લો |
| ૧૭. | પેકિંગ (ચીન) | બેઇજિંગ |
| ૧૮. | સેલિસ્બરી (ઝિમ્બાબ્વે) | હરારે |
| ૧૯. | સ્ટેલિનગ્રાડ (રશિયા) | વોલ્ગોગ્રાડ |
| ૨૦. | **પાટલીપુત્ર (ભારત)** | **પટના** |
| ૨૧. | **કાશી, બનારસ (ભારત)** | **વારાણસી** |
| ૨૨. | **કોચીન (ભારત)** | **કોચી** |

# વિશ્વની અજાયબીઓ

## (A) પ્રાચીન

૧. પિરામિડ (ઇજિપ્ત)
૨. એલેકઝાંડ્રિયાની દીવાદાંડી (ઇજિપ્ત)
૩. ઝુલતા બગીચા (બેબિલોન)
૪. જ્યુપીટરનું પૂતળું (ગ્રીસ)
૫. માઉસોલસની કબર (તુર્કી)
૬. દેવી ડાયેનાનું દેવળ (તુર્કસ્તાન)
૭. રોડ્ઝના કોલોસસની વિશાળ મૂર્તિ (ભૂમધ્ય સમુદ્રની પૂર્વમાં)

## (B) મધ્યકાલીન

૧. કોલોઝિયમ (સભાગૃહ) (રોમ)
૨. ચીનની દીવાલ (ચીન)
૩. ચિનાઇ માટીનો ટાવર (ચીન)
૪. સેન્ટ સોફિયાનું ચર્ચ (ઇસ્તંબુલ)
૫. પિઝાનો ઢળતો મિનારો (ઇટલી)
૬. **આગરાનો તાજમહેલ (ભારત)**
૭. મડદા દાટવાનાં ભોંયરાં (રોમ)

## (C) અર્વાચીન

૧. એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ (ન્યુયોર્ક)
૨. પનામા નહેર (મધ્ય અમેરિકા)
૩. ભૂગર્ભ રેલવે (લંડન)
૪. પુલ (સાન ફ્રાન્સિસ્કો)
૫. આસ્વાન બંધ (ઇજિપ્ત)
૬. વોશિંગ્ટન સ્મારક (વોશિંગ્ટન)
૭. એફિલ ટાવર (પેરિસ)
૮. ઇંગ્લેન્ડ અને ફ્રાંસને જોડતી ટનલ (ઇંગ્લિશ ચેનલ)
૯. સ્વાતંત્ર્ય દેવીનું પૂતળું (ન્યુયોર્ક)

## વિશ્વની સૌથી મોટી કંપનીઓ

| કંપની | દેશ | આવક (અબજ ડોલર) |
|---|---|---|
| ૧. જનરલ મોટર્સ | અમેરિકા | ૧૬૮.૩૭ |
| ૨. ફોર્ડ મોટર | અમેરિકા | ૧૪૬.૯૯ |
| ૩. મિત્સુઇ | જાપાન | ૧૪૪.૯૪ |
| ૪. મિત્સુબિશી | જાપાન | ૧૪૦.૨૦ |
| ૫. ઇતોસુ | જાપાન | ૧૩૫.૫૪ |
| ૬. મરૂબેની | જાપાન | ૧૨૪.૦૩ |
| ૭. રોયલ ડચ શેલ | બ્રિટન - નેધરલેન્ડ્ઝ | ૧૨૮.૧૭ |
| ૮. એક્સોન | અમેરિકા | ૧૧૯.૪૩ |
| ૯. સુમીટોમો | જાપાન | ૧૧૯.૨૮ |
| ૧૦. ટોયોટા મોટર | જાપાન | ૧૦૮.૭૦ |

## મુખ્ય ધર્મોના અનુયાયીઓ

| ધર્મ | અનુયાયીઓની સંખ્યા |
|---|---|
| ૧. રોમન કેથોલિક | ૯૮૧,૪૬૫,૦૦૦ |
| ૨. પ્રોટેસ્ટન્ટ | ૪૦૪,૦૨૦,૦૦૦ |
| ૩. ઓર્થોડોક્સ | ૨૧૮,૩૫૦,૦૦૦ |
| ૪. ચીનનો જૂનો ધર્મ | ૨૨૦,૯૭૧,૦૦૦ |
| ૫. નવા ધર્મ | ૧૦૬,૦૧૫,૦૦૦ |
| ૬. જાતિય ધર્મ | ૧૦૨,૯૪૫,૦૦૦ |
| ૭. શીખ | ૧૯,૫૦૮,૦૦૦ |
| ૮. એંગ્લિકન | ૬૯,૧૩૬,૦૦૦ |
| ૯. બીજા ખ્રિસ્તી | ૨૮૨,૨૫૮,૦૦૦ |
| ૧૦. ઇસ્લામ | ૧,૧૨૬,૩૨૫,૦૦૦ |

| ધર્મ | અનુયાયીઓની સંખ્યા |
|---|---|
| ૧૧. નાસ્તિક | ૮૮૬,૯૨૮,૫૦૦ |
| ૧૨. હિન્દુ | ૭૯૩,૦૭૫,૦૦૦ |
| ૧૩. બૌદ્ધ | ૩૨૫,૨૭૫,૦૦૦ |
| ૧૪. યહુદી | ૧૩,૮૬૬,૦૦૦ |
| ૧૫. જરથોસ્તી | ૫,૦૮૬,૦૦૦ |
| ૧૬. બહાઇ | ૬,૪૦૪,૦૦૦ |
| ૧૭. જૈન | ૮,૦૦૦,૦૦૦ |
| ૧૮. શિન્તો | ૨,૮૯૭,૫૦૦ |
| ૧૯. અન્ય | ૫૨૭,૪૭૫,૫૦૦ |

# વિશ્વમાં રમાતી રમતો

**૧. કબડ્ડી (ભાઈઓ માટે) :**

મેદાન : લંબાઈ ૧૨.૫૦ મીટર, પહોળાઈ ૧૦ મીટર
ટક્કરપટ્ટી : લંબાઈ ૧૨.૫૦ મીટર, પહોળાઈ ૧ મીટર
આંગણ : ૬.૨૫ x ૧૦ મીટર
લંઘનરેખા : મધ્યરેખાને સમાંતર ૩.૭૫ મીટર દૂર
બોનસરેખા : લંઘનરેખાને સમાંતર ૧ મીટર દૂર
ખેલાડીઓ : પ્રત્યેક ટુકડીમાં ૧૨, રમતમાં એક સાથે ૭

**કબડ્ડી (બહેનો માટે) :**

મેદાન : લંબાઈ ૧૧ મીટર, પહોળાઈ ૮ મીટર
ટક્કરપટ્ટી : લંબાઈ ૧૧ મીટર, પહોળાઈ ૧ મીટર
આંગણ : ૫.૫૦ x ૮ મીટર
લંઘનરેખા : મધ્યરેખાને સમાંતર ૩.૦૦ મીટર દૂર
બોનસરેખા : લંઘનરેખાને સમાંતર ૧ મીટર દૂર
ખેલાડીઓ : પ્રત્યેક ટુકડીમાં ૧૨, રમતમાં એક સાથે ૭

**૨. ખોખો**

મેદાન : લંબાઈ ૨૯ મીટર, પહોળાઈ ૧૬ મીટર
બંને ખૂંટ વચ્ચે અંતર : ૨૩.૫૦ મીટર
ખેલાડીઓ : એક ટુકડીમાં ૯

**૩. ક્રિકેટ**

મેદાન : ૯૧.૪ મીટરની ત્રિજ્યાથી દોરેલ વર્તુળાકાર મેદાન
દડાનું માપ : વજન ૧૫૬થી ૧૬૩ ગ્રામ, પરિઘ ૨૨.૪થી ૨૨.૯ સેમી
બેટનું માપ : લંબાઈ ૯૬.૪ સેમી, પહોળાઈ ૧૦.૮ સેમી
પીચનું માપ : લંબાઈ ૨૦.૧૨ મીટર, પહોળાઈ ૩.૦૫ મીટર
બે વિકેટ વચ્ચેનું અંતર : ૨૦.૧૨ મીટર
સ્ટમ્પની ઊંચાઇ : ૭૧.૧૨ સેમી, ત્રણ સ્ટમ્પની પહોળાઈ : ૨૨.૮૬ સેમી ● ચકલીઓની લંબાઈ : ૧૧.૧૧ સેમી
ખેલાડીઓ : એક ટીમમાં ૧૧

**૪. ફૂટબોલ**

મેદાન : લંબાઈ ૯૦થી ૧૨૦ મીટર, પહોળાઈ ૪૫થી ૯૦ મીટર
ગોલપ્રદેશ : ૧૮.૩૨ x ૫.૫૦ મીટર
ગોલસ્તંભની ઊંચાઈ : ૨.૪૪ મીટર
બંને ગોલસ્તંભો વચ્ચેનું અંતર : ૭.૩૨ મીટર
દડાનું માપ : વજન ૩૯૬થી ૪૩૫ ગ્રામ, પરિઘ ૬૮થી ૭૧ સેમી
ખેલાડીઓ : એક ટીમમાં ૧૧.

## ૫. હેન્ડ બોલ

મેદાન : લંબાઈ ૩૮થી ૪૪ મીટર, પહોળાઈ ૧૮થી ૨૨ મીટર
દડાનું માપ : (ભાઈઓ માટે) વજન ૪૨૫થી ૪૭૫ ગ્રામ, પરિઘ ૫૮થી ૬૦ સેમી
(બહેનો માટે) વજન ૩૨૫થી ૪૦૦ ગ્રામ, પરિઘ ૫૪થી ૫૯ સેમી
ખેલાડીઓ : પ્રત્યેક ટીમમાં ૧૨, રમતમાં એક સાથે ૭
ગોલનું માપ : ઊંચાઈ ૨ મીટર, પહોળાઈ ૨ મીટર

## ૬. બેડમિન્ટન

મેદાન : લંબાઈ ૧૩.૪૦ મીટર, પહોળાઈ ૬.૧૦ મીટર
રેકેટ : લંબાઈ ૬૬ સેમી, પહોળાઈ ૨૦થી ૨૨.૫ સેમી, વજન ૧૩૦થી ૧૬૦ ગ્રામ
શટલકોક : વજન ૪.૭૩થી ૫.૫૦ ગ્રામ, બૂચમાં ૧૪થી ૧૬ સફેદ રંગનાં પીંછાં
નેટ : લંબાઈ ૬.૧૦થી ૬.૭૦ મીટર, ઊંચાઈ ૧.૫૨ મીટર
ખેલાડીઓ : પ્રત્યેક ટીમમાં ૧ અથવા ૨.

## ૭. બાસ્કેટ બોલ

મેદાન : લંબાઈ ૨૮ મીટર, પહોળાઈ ૧૫ મીટર
રિંગ : ઊંચાઈ ૩.૦૫ મીટર, બોર્ડથી ૧૫ સેમી દૂર, અંદરનો વ્યાસ ૪૫ સેમી
દડાનું માપ : વજન ૬૦૦થી ૬૫૦ ગ્રામ, પરિઘ ૭૫થી ૭૮ સેમી
ખેલાડીઓ : પ્રત્યેક ટીમમાં ૧૦, રમતમાં એક સાથે ૫.

## ૮. હોકી

મેદાન : લંબાઈ ૯૧.૪૪ મીટર, પહોળાઈ ૫૦.૨૯થી ૫૪.૮૬ મીટર
ખેલાડીઓ : એક ટીમમાં ૧૧
દડાનું માપ : વજન ૧૫૬થી ૧૬૩ ગ્રામ, પરિઘ ૨૦.૨૫થી ૨૩.૭૫ સેમી
હોકી સ્ટીક : વજન ૨૪૦થી ૭૯૩ ગ્રામ, લંબાઈ ૧ મીટર
ગોલના બે થાંભલા વચ્ચેનું અંતર : ૩.૬૫ મીટર

## ૯. વોલીબોલ

મેદાન : લંબાઈ ૧૮ મીટર, પહોળાઈ ૯ મીટર
આક્રમણ રેખાઃ મધ્યરેખાને સમાંતર અને ૩ મીટર દૂર
દડાનું માપ : વજન ૨૬૦થી ૨૮૦ ગ્રામ, પરિઘ ૬૫થી ૬૭ સેમી
ખેલાડીઓ : ૧ ટીમમાં ૬
નેટનું માપ : લંબાઈ ૯.૫૦ મીટર, પહોળાઈ ૧ મીટર
ઊંચાઈ (ભાઈઓ માટે) ૨.૪૩ મીટર, (બહેનો માટે) ૨.૨૪ મીટર

## ૧૦. ટેબલ ટેનિસ

ટેબલનું માપ : લંબાઈ ૨૭૫ સેમી, પહોળાઈ ૧૫૦ સેમી, જમીનથી ૭૬ સેમી ઊંચું, ટેબલની ધાર ઉપર ૨ સેમીની સફેદ પટ્ટી
નેટનું માપ : લંબાઈ ૧૮૩ સેમી, ઊંચાઈ ટેબલની સપાટીથી નેટની ઉપરની કિનારી સુધી ૧૫.૨૫ સેમી
દડાનું માપ : વજન ૨.૪૦થી ૨.૫૩ ગ્રામ, પરિઘ ૧૨.૦૬ સેમી
ખેલાડીઓ : એક ટીમમાં ૧ અથવા ૨.

# સંપુટ-૫ : કચ્છશ્રુતિ નિયમિત સ્વરૂપે

**પ્રાસંગિક**

- પંચમુખી તહેવાર : 'દિવાળી' ........ ડૉ. મિહિર એમ. વોરા....૧૪૧
- ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કૉલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે – (૪) ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ....૧૪૩

**વિવિધતા**

- પ્રતિભાવ.. ........ ..૧૪૮

પ્રાસંગિક

## પંચમુખી તહેવાર : દિવાળી



ડૉ. મિહિર એમ. વોરા

સૌ પ્રથમ સૌને નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. દિવાળી એટલે આપણા દેશનો સૌથી મોટો, સૌથી મહત્ત્વ ધરાવતો પંચમુખી તહેવાર છે. 'તહેવારોનો સંપુટ દિવાળી' નામના પોતાના લેખમાં ભવાનીશંકર જોશી કહે છે કે સામાન્ય રીતે એક જ નામ 'દિવાળી'થી ઓળખાતો આ તહેવાર ખરેખર તો પાંચ વિશિષ્ટ તહેવારોનો સંપુટ છે. તેમાં સમાઈ ગયેલા પાંચેય તહેવારોના આગવા નામ, આગવી ઓળખ અને ઉજવણીની આગવી પ્રણાલિકાઓ પણ છે. છતાં 'દિવાળીના તહેવારો'ના એક જ નામ નીચે સમાઈ ગયા છે! પાંચ પાંચ તહેવારો પોતાનું આગવાપણું અને મહાત્મ્ય અકબંધ જાળવી રાખે છે. એક જ નામ નીચે સંપીને સહ-અસ્તિત્વનું સુંદર ઉદાહરણ આપે છે.

વર્ષના અંતની અને વર્ષના આરંભની છડી પોકારતા આ તહેવારોનો આરંભ આમ તો અગિયારસથી જ થઈ જાય છે પણ તેમ છતાં ધનતેરસ તેમાં મુખ્ય ગણાય છે.

આસો માસના કૃષ્ણપક્ષની તેરસનો આ દિવસ 'ધનતેરસ'ના નામથી ઓળખાય છે. કારણકે તેનો સંબંધ, તેનું મહાત્મ્ય ધન એટલે કે લક્ષ્મી સાથે સંકળાયેલું છે. આ દિવસે લોકો લક્ષ્મીપૂજન કરે છે. લક્ષ્મીનું એક બીજું નામ 'શ્રી' પણ છે અને 'શ્રી' એટલે શુભ. શ્રી એટલે શોભા, સુંદરતા. આમ, લક્ષ્મી એ માત્ર નાણાંની જ દેવી નથી, વિશ્વભરની જે કંઈ સંપત્તિ છે, શુભ અને શોભાયમાન સંપત્તિ છે તેની અધિષ્ઠાત્રી છે. **એટલે લક્ષ્મીપૂજન વેળાની ભાવના માત્ર સંપત્તિ મેળવવાની જ નહીં, શુભ માર્ગે અને શોભા વધારે તેવી સંપત્તિ પ્રાપ્ત કરવાની હોવી જોઈએ.** દૈવી સંપત્તિની જ યાચના કરવી ઘટે. કારણકે આસુરી સંપત્તિ માનવીને કદી સાચું સુખ કે ચિરંજીવ શાંતિ આપતી નથી. ઊલટી દુઃખ, ચિંતા, પરિતાપ અને દર્દનાક વિનાશ ભણી દોરી જતી હોય છે. આથી ધનતેરસના માંગલ્યપૂર્ણ મહાત્મ્યને સુપેરે સમજી હૃદયની શુધ્ધ ભાવના અને ઉમદા વિચારો પૂર્વક આ દિવસે ભૌતિક તેમજ આધિભૌતિક સુખોની પ્રાપ્તિ અર્થે જ લોકો લક્ષ્મી પૂજન કરે છે.

**આસો વદ ચૌદસની ઘોર અંધારી રાતને પણ એક મહત્ત્વનો તહેવાર ગણવામાં આવે છે.** એક અંધકાર પર ઉજાસનો વિજય અને બે સૃષ્ટિના અગોચર પ્રદેશોમાં વસતા, વિચરતા, સ્વચ્છ કે મેલા પણ પ્રબળ શક્તિશાળી તત્ત્વોની સાધના. પ્રથમ મહત્ત્વની વાત કરીએ તો અમાસને પણ એક ડગલું પાછળ રાખે તેવી ગાઢ અંધકારથી ભરેલી આ રાત પૂરી થતાં જ બીજા જ દિવસે દીપોત્સવી આવે છે.

વર્ષનો આ અંતિમ દિવસ ઘરેઘરે, ચોરેચૌટે, શેરીએ ને બજારે, ગામેગામ અને શહેરે શહેરમાં અગણિત દીપક પ્રગટાવીને ઉજવાય છે. લાખોને કરોડોની સંખ્યામાં ટમટમી ઊઠતા **આ નાનકડા દીવડાઓનો સામટો પ્રકાશ અંધારી રાતને પણ દિવસ જેવી પ્રકાશમાન બનાવી દેવાની ક્ષમતા**

**ધરાવે છે.** આ જ રીતે અસંખ્ય માનવીઓના હૈયામાં પ્રગટતી નાની નાની વિશુધ્ધ અને ઉમદા ભાવના જગત પર જામી પડેલા અનિષ્ટોના અંધકારને હટાવી દેવા સમર્થ છે એવો સંદેશો મળતો રહે છે. કાળી ચૌદસની રાત્રી ગૂઢ વિદ્યાઓ અને ગુપ્ત સાધનાઓ માટે શ્રેષ્ઠ ગણવામાં આવે છે. આ રાત્રે આવા સાધકો પોતે પસંદ કરેલા મંત્ર, વિદ્યા, આધિભૌતિક તત્ત્વો, આસૂરી તત્ત્વો વગેરેની સાધના માટે ક્રિયાકાંડો અને વિધિઓ કરતા હોય છે અને તે રીતે આ તહેવાર આ જગત પર ભારે વર્ચસ્વ ધરાવતા સ્વચ્છ તેમજ મેલા તત્ત્વો અને વિદ્યાઓને વશ કરવાના માનવીના સામર્થ્યના પણ દ્યોતક બની રહે છે.

વર્ષનો અંતિમ દિવસ એટલે દિવાળી, દીપોત્સવી, દીપાવલી... આ તહેવારની ઉજવણીનું મુખ્ય અંગ છે અસંખ્ય દીવડાઓની અનંત હારમાળા. આસો વદ અમાસની આ રાત્રિ - ને અમાસ હોવાથી કુદરતે કાળી ઘોર અને અંધારી બનાવી છે તે સ્વાભાવિક છે પરંતુ આ દિવસે માનવે જાણે કુદરતદત્ત આ અંધકારને હટાવી દઈ પ્રકાશ પાથરવાનું પરમ સરાહનીય અભિયાન આરંભે છે. આ દિવસે ગરીબ, તવંગર, મહેલ-ઝુંપડી સઘળે જ અચૂક દીવા પ્રગટાવવાનું શાથી અને ક્યારે શરૂ થયું તે વિશે અનેક કથાઓ (ઇતિહાસ, પુરાણ તથા દંતકથાઓ)માંથી મળી આવે છે. તેમાંથી ગમે તે એક કે વધારે કથાઓ સાચી હોઈ શકે છે પરંતુ એ બધું ન જાણીએ તો પણ દિવાળીના દિવસને હૃદયના સાચુકલા રંગ વડે, ઉલ્લાસ અને ઉછરંગપૂર્વક દીવડા, મિષ્ટભોજન, સુંદર વસ્ત્રાલંકાર, મનોહર રંગોળીઓ અને પારસ્પરિક શુભેચ્છાઓ વડે ઉજવીએ તો તે ઉજવણીમાં કોઈ અધૂરપ ગણાશે નહીં.

દિવાળીના દિવસને શારદા પૂજનનો પવિત્ર દિવસ પણ ગણવામાં આવે છે. આ દિવસે સાક્ષરો, વિદ્વાનો અને વિદ્યાના ઉપાસકો પોતાનાં પુસ્તકોનું પૂજન કરી બુધ્ધિ, પ્રજ્ઞા, કલા તથા વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતીની કૃપા યાચે છે.

દિવાળી પછીનો દિવસ નવા વર્ષનો પ્રથમ દિવસ - કારતક સુદ એકમ. આ દિવસ માનવીઓ સમક્ષ એક નવા વર્ષની ભેટ લઈને આવે છે. એક આખું વર્ષ અનેક આશાઓ, અરમાનો, ઈચ્છાઓ, પુરુષાર્થો, સિધ્ધિઓ, નિષ્ફળતાઓ વગેરેને પોતાના ગર્ભમાં સંઘરીને માનવી સમક્ષ ખડું થાય છે. તેનું આગમન જેટલું આશા-ઉત્સાહપૂર્વક હોય છે તેટલું જ ભાવિ વિશેની અનિશ્ચિતતાઓના કારણે ડરામણું પણ લાગતું હોય છે અને તેથી પોતપોતાના આત્મીયજનો તથા સ્વજનો અને મિત્રોને નૂતન વર્ષ સર્વપ્રકારે સુખ, સંતોષ, સમૃધ્ધિ, સફળતા અને પ્રગતિકારક નીવડે તેવી શુભેચ્છાઓ પાઠવે છે. આ દિવસે એવા એવા લોકો સાથે પણ શુભેચ્છા અને આત્મીયતાનો સેતુ બંધાઈ જાય છે જેને વર્ષમાં જવલ્લે જ મળવાનું થતું હોય અથવા સંપર્ક જીવતો રહેતો હોય. **આમ, નૂતન વર્ષનો આ દિવસ સંબંધો તથા સંપર્કોને પુનર્જિવિત બનાવી આપનાર મંગલકારી તહેવાર બની રહે છે.**

કારતક સુદ બીજ એટલે ભાઈબીજ. દેશભરમાં એકસરખા અંતરના ઉમળકા અને નિષ્ઠા સહિત ઉજવાતો આ તહેવાર ભાઈ-બહેનના નિર્મળ, નિઃસ્વાર્થ છતાં અત્યંત રૂઢ સંબંધને હૃદયમાં તાજો કરી બળવાન બનાવવાનું નિમિત્ત બને છે. આ દિવસે બહેન પોતાના ભાઈને આમંત્રીને પોતાના ઘરે ખૂબ સ્નેહથી જમાડે છે અને ભાઈ-બહેનના એ 'ભાવના ભોજન'ની કદરરૂપે બહેનની રક્ષા અને સહાય માટે તો પુનઃ સંકલ્પબધ્ધ બને છે. પણ સાથે સાથે પ્રતીક રૂપે કોઈ ભેટ કે રોકડ રકમ પોતાની શક્તિ અનુસાર એવા જ ભાવપૂર્વક બહેનને આપે છે. આમ આ દિવસે ભાઈ-બહેનના નિર્મળ સ્નેહ અને અંતરના આશિષ પામે છે. તો બહેન તેના માડીજાયાનો એવો જ સ્નેહ, હૂંફ અને હિંમત પામે છે.

આમ દિવાળીની અવનવી લોકવાયકાઓથી આપણે ઘણું બધું જાણવા મળે છે.

મિત્રો, આ દિવાળીમાં ફટાકડા ફોડીને કે પ્લાસ્ટિકની રંગોળીની જગ્યાએ પ્રદૂષણ ના ફેલાવે તેવા જ રંગો અને ફટાકડાનો નહિવત ઉપયોગ કરીને ઈકો ફ્રેન્ડલી દિવાળી મનાવો એ ઈચ્છનીય છે.

ફરીને સૌને નવા વર્ષની શુભેચ્છાઓ.

*સંદર્ભ : 'તહેવારોનો સંપુટ દિવાળી' - ભવાનીશંકર જોશી*


Mahalaxmi
INFRACONTRACT PVT. LTD.
Mining for Better Tomorrow

• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010

• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

પ્રાસંગિક

# ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કોલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે – (૪)



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

(ગતાંકથી ચાલુ)

એ સમયે ચાર વર્ષનો ડિગ્રી કોર્સ હતો. ફર્સ્ટ ઇયર આર્ટસ-સાયન્સ, બાદ ઇન્ટરમીડિએટ, ત્રીજું વર્ષ જુનિયર બી.એ. - બી.એસ.સી., ચોથું વર્ષ સિનિયર બી.એ. બી.એસ.સી., એમ.એ. પાર્ટ-૧ તથા પાર્ટ-૨.

હાલે છેલ્લા સાડા ચાર દાયકાથી 'કચ્છમિત્ર' દૈનિકમાં રૂપેરી રંજન નામે કટાર ચલાવતા **ભાઈશ્રી પ્રવીણભાઈ ઠક્કર** પણ અમારા ફાઈન આર્ટસ સેક્રેટરી હતા. તેમના વડપણ હેઠળ અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો કર્યાનું સ્મૃતિમાં છે.

મારા પરમ મિત્ર **ભાઇશ્રી પ્રતાપભાઈ ઓધારામભાઈ અસનાની** વિજ્ઞાન વિભાગમાં હતા. તેઓ લાલન કૉલેજમાં જનરલ સેક્રેટરી પદે બહુમતીથી ચૂંટાયા. તેમના સમયમાં અનેકગણી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. કૉલેજની એન.સી.સી.માં અન્ડર ઑફિસર હતા. દિલ્હીમાં યોજાતી સૅરિમોનિઅલ પરેડમાં ભાગ લેવા તેઓ પસંદગી પામ્યા.

તેમણે બી.એસ.સી. બાદ એલ.એલ.બી. અમદાવાદમાં કર્યું. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનમાં ઉત્તીર્ણ થયા બાદ સામાન્ય વહીવટ વિભાગ તથા મુખ્યમંત્રીશ્રીની કચેરીમાં સેવાઓ આપી. ૧૯૭૩-૭૪ દરમ્યાન ગુજરાત રાજ્યના નવનિર્માણ સમયે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ તરીકે સફળ કામગીરી બજાવી. તેઓની કામગીરીથી પ્રભાવિત થઈ તેમને કાયમી ધોરણે અમદાવાદની મહાનગરપાલિકામાં સમાવવામાં આવ્યા. શ્રી અસનાનીએ વહીવટનું વિકેન્દ્રીકરણ હાથ ધર્યું. જેમાં સફળ રહ્યા. **ઘરવેરાની આકારણીને પારદર્શક તથા ન્યાયસંગત બનાવી,** ઑક્ટ્રોયની કરચોરી ડામવા સ્તુત્ય પ્રયત્નો હાથ ધર્યા. **અમદાવાદની સાબરમતી નદીના વિસ્તારને રમણીય સ્થળ બનાવવા રિવરફ્રન્ટ ડેવલપમેન્ટની દરખાસ્ત તૈયાર કરી તેનું અમલીકરણ કરવામાં આવ્યું.**

વિશ્વ આરોગ્ય સંસ્થા તથા વિશ્વબેંક તેમજ ભારત સરકારે તેમની સેવાઓ લેવાનું શરૂ કર્યા પહેલાં ઇ.સ. ૧૯૮૫માં બ્રિટીશ કાઉન્સિલે તથા ભારત સરકારે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિષયમાં તાલીમ માટે તેમને યુનિ. ઑફ ન્યુ કેસલ, યુ.કે.માં મોકલાવ્યા. તાલીમ બાદ શ્રી અસનાનીએ અમદાવાદમાં અમલીકરણ શરૂ કર્યું.

શ્રી પ્રતાપભાઈ અસનાનીની ૨૨ વર્ષની ઉમદા અભૂતપૂર્વ સેવાઓની કદરરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને, ભારતના સ્વાતંત્ર્યની સુવર્ણ જયંતિ પ્રસંગે ૧૫મી ઓગસ્ટ, ૧૯૯૭ના દિવસે **"નગર ભૂષણ"**નું બિરૂદ જાહેર કાર્યક્રમ યોજીને અર્પ્યું.

જ્યારે રણજીતવિલા સામે નૂતન આર.આર. લાલન કૉલેજનો પ્રારંભ થયો ત્યારે પ્રારંભમાં રેક્ટર તરીકે, બાદમાં પ્રિન્સિપાલ તરીકે પ્રા. જે. એન. શુક્લ ગાયનવાદન માટે અમને બોલાવતા. હોસ્ટેલના ભાઈઓ હાજર હોય. મારી સાથે **ઉસ્તાદ ઓસમાણભાઈ ધાફરાની, શ્રી ભાનુશંકરભાઈ, મોહનલાલભાઈ કામદાર, ડૉ. ઉપેન્દ્રભાઈ ભટ્ટ** આદિ સાઈકલો પર સવાર થઈને દસ વાગે પહોંચી જતા હતા. રાત્રે ૨થી ૩ વાગ્યા દરમ્યાન પરત ફરતા.

લાલન કૉલેજમાં એન.એસ.એસ.ની પ્રવૃત્તિ પાંગરેલી. ગ્રામ્ય વિસ્તારોમાં કેમ્પ યોજાતા. આ પ્રવૃત્તિમાં બેસ્ટ કૅડેટ તરીકે કૉલેજના એક સમયના જી.એસ. **શ્રી મુરુભા લાધાજી સોઢા**ને પસંદ કરવામાં આવ્યા હતા અને તેમને ચંદ્રક પણ અર્પણ થયો હતો.

જ્યારે **શ્રી નરેન્દ્રભાઈ મોદી** ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે ૨૫મી ઓગસ્ટ, ૨૦૧૪ના લાલન કૉલેજના મેદાન પરથી રાષ્ટ્રધ્વજ લહેરાવેલો. તેમના માટે લાલન કૉલેજ ગ્રાઉન્ડ અતિ શુકનિયાળ સાબિત થયું. આ પ્રસંગ બાદ દેશના વડાપ્રધાન તરીકે દિલ્હીના લાલ કિલ્લા પરથી રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો. મીડિયાએ જાહેર કર્યું, **"લાલન કોલેજથી લાલ કિલ્લા સુધી."**

આ કૉલેજનું ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ સક્રિય છે. જેના પ્રમુખ લીડિંગ ઍડવોકેટ **શ્રી શંકરલાલભાઈ એલ. સચદે** તથા કારોબારીના સભ્યો ભાઈ **શ્રી જોરૂભા રાઠોડ** આદિ કાર્યરત છે.

એક સમયે વડાપ્રધાન તરીકે શ્રીમતી ઇંદિરા ગાંધીના વડપણ હેઠળ દેશના સર્વાંગી વિકાસ માટે વીસ મુદ્દાના કાર્યક્રમની ઘોષણા કરવામાં આવી હતી. તેના અનુસંધાને દેશમાં ચોમેર




ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કૉલેજનું અદ્યતન બિલ્ડિંગ
(૨૦૦૧ના ભૂકંપ બાદ)



ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ
લાલન કૉલેજના સ્પોર્ટસમેન સાથે.
ડૉ. કનુભાઈ ગણાત્રા (જમણી તરફ) (તા. ૪-૯-૧૯૬૨)



સૂર્યકાંત ભટ્ટને પેપર રીડિંગ સ્પર્ધા અન્વયે પ્રાઈઝ આપતા
શેઠ રામજીભાઈ લાલન (આર. આર. લાલન કૉલેજના મુખ્ય દાતાશ્રી)



ગુજરાત યુનિવર્સિટી પદવીદાન સમારંભ (ઈ.સ. ૧૯૮૧-૮૨)માં
હાઈકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી પી.એન. ભગવતી
ભાવનાને બે સુવર્ણચંદ્રકો અર્પણ કરે છે.



*BA બેચ ઈ.સ. ૧૯૬૭*
*(ડાબી બાજુથી) ખુરશી પર 'જી.એસ.' સેવંતી મહેતા, પ્રા. મિસિસ પુષ્પા શર્મા, પ્રા. નાગજી ભટ્ટી, પ્રા. મોઢ, પ્રા. ચંદુભાઈ શુક્લ, રમેશ દવે, પ્રિન્સિપાલ દેશપાંડે, પ્રા. જે.એન. શુક્લ, પ્રા. વ્યાસ, પ્રા. સૂર્યકાંત ભટ્ટ (છેલ્લેથી બીજા) અને પ્રા. એ.બી. ખત્રી*

નવી જાગૃતિ લાવવા માટે સ્કૂલો તથા કૉલેજો દ્વારા ઠેર ઠેર કાર્યક્રમો યોજાયા હતા. લાલન કૉલેજના હેડ ક્લાર્ક **ભાઈશ્રી લક્ષ્મીશંકર જયશંકર જોશી**, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ઊંડો રસ દાખવતાં. તેમણે ૨૦ મુદ્દા પર નાટકો તૈયાર કર્યા હતા. કૉલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ કચ્છમાં પ્રથમ દહીંસરા ગામે તે પ્રકારની નાટકની રજૂઆત કરી હતી. તે સમયે લલિત કલાના ચેરમેન **પ્રા. શ્રી ટી.પી. દેસાઇ** હતા.

લાલન કૉલેજના પૂર્વ વિદ્યાર્થી **શ્રી નરેન્દ્રભાઈ મોહનલાલ ભટ્ટ** આજે તો કચ્છના સુપ્રસિધ્ધ હાર્મોનિયમ વાદક છે. તેમણે ફિલ્મોમાં પણ હાર્મોનિયમ વગાડ્યું છે. લક્ષ્મીકાંત પ્યારેલાલ, નૌશાદજી આદિ સંગીતજ્ઞોએ શ્રી નરેન્દ્રભાઈના વાદનને બિરદાવ્યું છે. લાલન કૉલેજના પૂર્વ વિદ્યાર્થી અને મારા અર્થશાસ્ત્રના વિદ્યાર્થી ભાઈ **શ્રી અનિલભાઈ જદુરામ ધોળકિયા** આજે વિવિધ સ્થળે ટી.વી. પર કાર્યક્રમો રજૂ કરે છે. તેમની અને નરેન્દ્રભાઈ ભટ્ટની આગેવાની હેઠળ ભુજમાં એક ઑરકેસ્ટ્રા ગ્રુપની રચના થઈ હતી.

કચ્છ અને ગુજરાતમાં ભીષણ ભૂકંપ બાદ આજે લાલન કૉલેજનું મેદાન અતિ મનોહર અને વિશાળ છે. મુખ્યમંત્રી - વડાપ્રધાનના પ્રવચનો માટે અહીં જ કાર્યક્રમો યોજવામાં આવે છે. લાલન કૉલેજની ડોક્યુમેન્ટરીની કાર્યવાહી હાલે **શ્રી સાગરભાઈ ગોસ્વામી** તથા અન્ય મિત્રો સંભાળી રહ્યા છે.

***(ક્રમશઃ)***

***લીમડા લાઇન, સંસ્કાર નગર,***
***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

***શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મુખપત્ર 'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત થતી ભુજની આર.આર. લાલન કૉલેજની યાદો આલેખતી મારી આ કટાર કૉલેજના અસંખ્ય ભૂતકાલિન વિદ્યાર્થીઓનાં હૈયાને ઝંકૃત કરી ગઈ છે. થોડા દિવસો પહેલાં એક સમી સાંજે ગુરુ-પદનાં ઋણ સ્વીકારાર્થે કૉલેજનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રી મોહન જોબનપુત્રા, શ્રી હીંગોરા આઈ. જાફર, શ્રી કીર્તિ એમ. શાહ વગેરે શ્રીફળ-સાકર સહ શિશ નમાવવા આવ્યા ત્યારે મારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મીઠી મધઝરતી વાતો અને યાદોના પોટલામાંનો ખોબા ભરી ભરીને પીરસાતો પ્રસાદ 'કચ્છશ્રુતિ'ના વાચકો સમક્ષ લઈ જવાની લાલચ રોકી શકતો નથી.***

***– પ્રા. સૂર્યકાંત બી. ભટ્ટ***

## ફિર લૌટકે આ જાયે વો દિન... જીસે મેરી યાદ બુલાતી હૈ...

૧૯૬૩થી ૧૯૬૭ – લાલન કૉલેજ ભુજમાં વીતેલ એ ચાર વર્ષ જીવનનાં ચાર સુવર્ણ યુગની જેમ હૈયામાં કોતરાઈ ગયા છે. અમારા ગ્રુપની મોનોપોલી મસ્તી - તોફાનમાં તો ખરી જ પરંતુ લીડરશિપમાં પણ આગળ હતી. **સેવંતી એ. મહેતા** સ્ટુડન્ટ યુનિયનના જનરલ સેક્રેટરી અને આ લખનાર, **મહેશ ગઢવી, ભગવતી ગોર, હીરાલાલ ઠક્કર, પ્રાણલાલ ટાંક, કીર્તિ એમ. શાહ, સુરેશ એમ. શાહ** વગેરે એના બ્લાઈન્ડ ફૉલોઅર્સ. અમારી ટોળીને કોઈ પડકારી શકતું નહીં. આખી ટોળીમાં **હીંગોરા જાફર**ની ધાક વરતાતી હતી.

૧૯૬૬-૬૭ અમારી કૉલેજ લાઈફ માટેનું છેલ્લું વર્ષ હતું એટલે મસ્તી - તોફાન માણી લેવા એ ખ્યાલે ખૂબ મજા કરી. **એ વર્ષ જિંદગીમાં યાદગાર બની ગયું છે.** અંગ્રેજીનાં ભોળા ભટાક **પ્રો. વ્યાસ સાહેબ**, જેના બધા જ ક્લાસમાં સામાન્ય રીતે ગોકીરો હોય તેમના ક્લાસમાં શાંત રહેવું અને અંગ્રેજીના એચ.ઓ.ડી. પ્રા. જે.એન. શુક્લ સાહેબ, જેમની ધાક હતી તેમના ક્લાસમાં તોફાન કરવાનું બીડું ઝડપ્યું. યક્ષના મેળામાંથી ટકટકિયા લઈ જુદી જુદી બેન્ચ નીચે ગોઠવવા. રંગીન કાગળ અને રબ્બર બેન્ડવાળા જુદા જુદા કલરના ચશ્મા પહેરીને આવવું. પાટી-પેન લઇને આવવું!! અમારા આ બધા જ મસ્તી તોફાન નિભાવી લેવામાં આવતા હતા. તેના કારણમાં નેત **સેવંતી મહેતા અને પ્રિન્સિપાલ શ્રી દેશપાંડે સાહેબ**નું નિવૃત્તિ માટેનું છેલ્લું વર્ષ હતું અને તેમની ભલમનસાઈ મુખ્ય હતા. હા, કોઈ અમારી ટોળકીનાં ચારિત્ર્ય અંગે ક્યારેય આંગળી ચીંધી શક્યા ન હતા. ઉલટાનું, ટોળકીમાં છોકરીઓ પણ જોડાતી અને તોફાન મસ્તી માણતી!

૧૯૬૭ના મે મહિનામાં સ્નાતકના છેલ્લા વર્ષનાં છેલ્લા પેપરનાં દિવસે સાંજે ૬ વાગે એક પછી એક મિત્ર કૉલેજનાં પગથિયા પરથી કૉલેજ લાઇફને અલવિદા કરવા ઉતરતા ગયા. સાઈકલ પર ચડીને કૉલેજ મેદાન છોડવાની કોઇનામાં હામ નહોતી. **કોલેજનાં મુખ્ય દ્વાર નજીકનાં પુલિયા પાસે**

**ધરતીની મિટ્ટી ઉપાડી, શિર પર ચડાવી 'લાલન'ની વિદાય લીધી.** પછવાડે વળીને કૉલેજના આલીશાન બિલ્ડિંગની વચ્ચે કોફી કલરના બેકગ્રાઉન્ડ પર વિશાળ બ્લેક કલરનાં કોતરાયેલ **'રામજી રવજી લાલન કૉલેજ'**ના શબ્દોને અમારી આંખોએ આવરી લીધા. અશ્રુનાં કારણે એ શબ્દો પણ ધૂંધળા વંચાવા લાગ્યા. ભારે હૈયે નજર ફેરવી ગુડબાય કરી કૉલેજના ગેઈટ બહાર કારકિર્દીની રાહ ઢુંઢવા સાઈકલને પેડલ માર્યું. સને ૨૦૦૧નાં ભયંકર ભૂકંપમાં ''રામજી રવજી લાલન'' શબ્દો સહિત અમારી માતૃસંસ્થા જમીનમાં સમાઈ ગઈ ત્યારે વ્યથાને ૧૯૬૭માં કરેલ ગુડબાય ફરી યાદ આવી ગયું.

૨૦-૨૨ વર્ષની એ લાલન કૉલેજવાળી વય આજે ૭૦-૭૨ પર પહોંચી છે. અમારા નેતા સેવંતી મહેતાએ સુરતમાં 'સમાજ રત્ન'નો ખિતાબ મેળવ્યો છે. તો મહેશ ગઢવીએ લાલન કૉલેજ છોડીને મુંબઈ ગવર્નમેન્ટ કૉલેજમાંથી લૉ ડિગ્રી મેળવીને ભવન્સમાંથી જર્નાલિઝમ કર્યું. ત્યારબાદ 'કચ્છ મિત્ર' જોઈન કરીને એક પત્રકાર તરીકે કચ્છમાં અપાર માન પામ્યો. જ્યુબિલિ ગ્રાઉન્ડ પાસે તેમણે હોટેલ વિરામ સ્થાપી. જે તેમનો પુત્ર ચલાવે છે. ભગવતી ગોર એસ.ટી.માં અધિકારી તરીકે નિવૃત્ત થયા. તો કીર્તિ એમ. શાહ જિલ્લા ટ્રેઝરી અધિકારી તરીકે જોડાયા હતા. હીંગોરા જાફરે અનાજ ઉત્પન્ન બજાર સમિતિનું સેક્રેટરી પદ ૩૫ વર્ષ સુધી દીપાવ્યું. હીરાલાલ ઠક્કરે ઉદ્યોગ ખાતામાંથી નિવૃત્તિ લીધી. જ્યારે પ્રાણલાલ ટાંકે એમ.એલ.ડબલ્યુ. કરી નવસારી, અમદાવાદ તથા મોરબીમાં કારકિર્દી બનાવી. તો આ લખનારે કે.ડી.સી.સી.માંથી સ્ટેટ બેંકમાં લાંબી સર્વિસ કરી આજે એસ.બી.આઈ. પેન્શનની એસોસિએશન સંભાળે છે. જ્યારે શ્રી વિનોદ જોબનપુત્રા અનેક સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. ઉપરાંત એસ.બી.આઈ. પેન્શનર્સ એસોસિએશનના પ્રમુખપદે છે. લાલન કૉલેજમાં 'તોફાની કારકિર્દી'ના પાયા પર સૌએ વિશાળ ઈમારત ઊભી કરીને અત્યારે શાંતિમય શેષ જીવન ગુજારી રહ્યા છે.

કૉલેજમાં માણેલ એ દિવસોની યાદ મમળાવવા ૩૫ વર્ષ બાદ તા. ૫-૧૦-૨૦૦૨ના હોટલ વિરામના આંગણે અને જીવનની પણ ઢળતી સાંજે ફરી એ કૉલેજના મિત્રો, એ પ્રસંગોની પોટલી છોડી ભરપૂર યાદો માણવા, ગળે લગાવવા, ગુરૂજીને પગે પડવા એકઠા થયા હતા. સુરતથી સેવંતી મહેતા, નવસારીથી પ્રાણલાલ ટાંક, ગાંધીનગરથી લખુભાઈ જોશી (શિક્ષણ નિયામક), આદિપુરથી અમીન સાહેબ, પ્રા. ખત્રી સાહેબ, પ્રા. સૂર્યકાંત ભટ્ટ સાહેબ, એન.સી.સી.ના અંતાણી મનસુખભાઈ સાહેબ અને એ વર્ષોમાં ભણેલ ૮૦થી ૧૦૦ વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓનું મિલન... જીવનનું એક મીઠું સંભારણું હતું. **ભૂતકાલીન યાદો કેટલી આહ્લાદક હોય તેનો અનુભવ તે સમયે થયો.**


*શ્રી મોહનભાઈ જોબનપુત્રા*

છેલ્લે **પ્રા. કમલભાઈ મહેતાએ** પીરસેલ ''કોઈ લૌટા દે મેરા બીતા હુઆ બચપન, વો કાગજકી કિસ્તી વો બારીસ કા આના...'' ગણગણતા સૌ છૂટા પડ્યા.

***મોહન જોબનપુત્રા***
***મો. ૯૪૨૭૪ ૩૮૮૪૬***

*ઘણાં માણસો ફક્ત મનોરથોની દુનિયામાં જ જીવતા હોય છે. એમનું મન રોજ નવા નવા નિશ્ચયો કરતું હોય છે. આજે આ કરવું છે, કાલે પેલું કામ પતાવવું છે અને એટલે આટલા વખતમાં આ વસ્તુ પાર પાડવી છે. એવા એવા વિચારોનું ભરતકામ એ કર્યા જ કરે છે. પણ આવી દોરંગી દુનિયામાં વાસ કરનારા માનવીઓમાં એક ખાસ ખૂબી હોય છે. તે એ કે એમનું મન દોડે છે, બુદ્ધિ દોડે છે પણ હાથ પગ કંઈ કામ કરતા નથી.*

Splendid
P & G Enterprise
*Kitchenware, Household Products & Corporate Gifts*
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
**(M) : 9106682565, 9724932540**
**E-mail : pandgenterprise@gmail.com**
**• PACKED & MARKETED BY •**
**P & G Enterprise**
Sundha Estate, Sarkhej, Ahmedabad.
**M. : 91066 82565**

"માણ્યું તેનું સ્મરણ કરવું એ છે એક લ્હાણું"

# શેઠશ્રી રામજી રવજી લાલન કૉલેજ, ભુજ (કચ્છ)

# ભૂતપૂર્વ વિદ્યાર્થી મિલન

આત્મીય,

યૌવનમાં માંડેલ પ્રથમ પગલાની સ્પષ્ટ છાપ ધૂંધળી આંખે જોવા, એ કૉલેજકાળની આપણે સૌએ સાથે ગાળેલી ક્ષણો અને માણેલા સમયને જીવનના એક મહત્ત્વના વળાંકે વાગોળવા, સ્મરવા, કૉલેજના ભૂતપૂર્વ જનરલ સેક્રેટરી (૧૯૬૬-૬૭) **શ્રી સેવંતી એ. મહેતા**ના સાનિધ્યે એક અંતરંગ મિલનનું આયોજન કર્યું છે.

ખરા દિલના નિમંત્રણને સ્વીકારી અવશ્ય પધારશો.



• નિમંત્રક •

મહેશ એચ. ગઢવી

ભગવતી એ. ગોર

મોહન એસ. જોબનપુત્રા

જાફર આઈ. હીંગોરા

હીરાલાલ ડી. ઠક્કર



• સ્થળ •

હોટલ વિરામ, ભુજ, કચ્છ.

• સમય •

સાંજે ૫.૦૦થી ૮.૦૦ કલાકે

• તારીખ •

૫ ઓક્ટોબર, ૨૦૦૨

"એક વિતેલો પ્રસંગ પાછો ઉજવવો છે ખુદા

એક પળ માટે વીતેલી જિંદગીનું કામ છે."

# પ્રતિભાવ

## ‘કચ્છશ્રુતિ’ને અભિનંદન

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત થતું માસિક ‘કચ્છશ્રુતિ’ નિયમિત મળે છે.

– ખાસ તો, કયા શબ્દોમાં ‘કચ્છશ્રુતિ’નો તથા ભુજની લાલન કૉલેજના લેખના લેખક શ્રી સૂર્યકાંત ભટ્ટનો આભાર માનવો? લાલન કૉલેજના સંસ્મરણો મારા માટે ભૂતકાળ છે જેને ઉપરોક્ત લેખથી વર્તમાનમાં પ્રત્યક્ષ કરી દીધા... ૧૯૫૬થી ૧૯૬૦ – પ્રાગમહેલ એટલે નવી લાલન કૉલેજ... કાંઇ જ વિસરાયું નથી. (...“મને કેમ વિસરે રે...”) તેમાં પણ જુલાઇ ૨૦૧૮ના અંકમાં સને ૧૯૫૮-૫૯ની એક ખૂબ જ યાદગાર તસવીર પ્રસિદ્ધ થઈ છે. એ સમૂહગીતમાં અમારું આખું ગ્રુપ તેમાં દૃષ્ટિગોચર થાય છે (હું, નલીની, રજની, પંકજ વગેરે) તેવી રીતે ઓગસ્ટ ૨૦૧૮ના અંકમાં કાર્યવાહક સમિતિના સભ્યોની તસવીર જોઈને... તે સમયના સંભારણાંનું સ્મરણ થયા કરે છે. ‘LR’ રાજકુમારી નાગરાણી તથા હું – એમ બંનેને તેમાં જોઈ શકાય છે. ખૂબ યાદગાર તસવીરો છે. ઉપરાંત બોટેનીના પ્રો. એમ.બી. રાણેસર જોવા મળે છે. તેમની ટીચિંગ મેથડ ખૂબ અદ્‌ભુત હતી. તે કારણે અમે બધા – એટલે ૬ ભાઈઓ અને ૨ બહેનો ફર્સ્ટ ક્લાસમાં ક્વોલિફાઇડ થયા હતા. અભ્યાસ સાથે દરેક ઇતર પ્રવૃત્તિઓ જેમાં સ્પોર્ટસ, ગરબા, સોલો ગીત, સમૂહ ગીત, ડીબેટ વગેરેની પ્રેક્ટિસ જ્યારે ચાલતી હોય ત્યારે બધા આનંદપૂર્વક ભાગ લેતા હતા. તેમાં વળી લચ્છુભાઈ, શિરીષભાઈ મહેતા – રોલ મોડેલ હતા. વલ્લભભાઈ તસવીરો પાડવા તૈયાર જ હોય.

લાલન કૉલેજની ઉપરોક્ત લેખ શૃંખલામાં ઘણું જાણવા મળ્યું છે. ફરીને લેખક પ્રા. સૂર્યકાંતભાઈ તેમજ ‘કચ્છશ્રુતિ’ના સૂત્રધારોને ખૂબ ખૂબ અભિનંદન.

*ડૉ. નિવેદીતા ડી. વોરા - વડોદરા*
*મો. ૯૮૯૮૩૭૫૯૧૭*

★

## ‘કચ્છશ્રુતિ’ના અંક માટે પ્રતિભાવ

‘કચ્છશ્રુતિ’ના માસ જુલાઇના અંકમાં પ્રકાશિત **શ્રી મિહિરભાઈ વોરાનો ‘કચ્છી બોલી વિશે સંશોધનની જરૂર છે’** લેખ ઘણી માહિતી આપે છે. તેવી જ રીતે તેની લિપિ અંગે પણ રજૂઆત થઈ છે પરંતુ આ લિપિ કંઇક અંશે રોમન લિપિને મળતી આવે છે જે કચ્છી લોક સમુદાયને ઘણી અઘરી પડે તેવી અને અવ્યવહારુ છે. આ માટે ‘દેવનાગરી’ લિપિ માન્ય કરવી જોઈએ અથવા સરળ લિપિ શોધવી જોઈએ. કચ્છી બોલીમાં પણ વૈવિધ્ય છે. કોમ, વિસ્તાર અને જુદા જુદા પ્રદેશમાં તે અલગ અલગ રીતે બોલાય છે. તેના ઉચ્ચારો પણ વિશિષ્ટ છે. આમ, તેની માન્ય લિપિ એ બહુ મહત્ત્વની જરૂરિયાત છે. તેમાં સમય અને સ્પષ્ટતા માંગી લે તેવી વસ્તુ છે.

ઉપરોક્ત લેખ ઉપરાંત શ્રી નરેશ અંતાણી, પ્રા. સૂર્યકાંતભાઈ ભટ્ટના લેખો ઇતિહાસ માટે ઘણું મહત્ત્વ ધરાવે છે.

*ડૉ. ભાલચંદ્ર હાથી - ગાંધીનગર*
***E-mail : bhhathi@gmail.com***

★

## ૩૨ વર્ષથી પ્રકાશિત થતા ખૂબ સુંદર મુખપત્ર ‘કચ્છશ્રુતિ’ને અભિનંદન

‘કચ્છશ્રુતિ’ના ખૂબ સુંદર અંકો મને નિયમિત મળતા રહે છે. ખૂબ આભાર.

છેલ્લા ૩૨ વર્ષથી પ્રસિધ્ધ થઈ રહેલા આ માસિક પત્રિકાએ એક ચોક્કસ ધ્યેય સાથે પ્રકાશનમાં સારી પ્રગતિ કરી છે. ખાસ તો તેની વિવિધતાસભર સાહિત્ય સામગ્રી અને તે નિયમિત પ્રકાશન માટે આપની ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

વધુ નોંધવા જેવી બાબત એ પણ છે કે **‘કચ્છશ્રુતિ’નું ટાઇટલ પેજ પ્રત્યેક માસ ખૂબ સુંદર અને નયનરમ્ય હોય છે.** આ સુંદર સામાયિક વધુને વધુ પ્રગતિ કરે એવી શુભકામના પાઠવું છું.

*જયંતિ ધોકાઇ - ઓખા, દ્વારકા*


**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258

**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

**KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**• FACTORY •**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110

**• RESIDENCE •**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૬-૯-૨૦૧૮ના રોજ સંસ્થાના કાર્યાલય ખાતે મળેલ હતી કે જેમાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

૧. ગત વાર્ષિક સામાન્ય સભાની મીટિંગની મિનિટ્સને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ હતી.

૨. વર્ષભરની કાર્યવાહીનો નીચે મુજબ અહેવાલ આપવામાં આવેલ હતો :

(i) તા. ૧૫-૮-૨૦૧૭ના સરસ્વતી સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો કે જે સંપૂર્ણપણે સફળ રહેવા પામેલ હતો.

(ii) સામાજિક સુરક્ષા બાબતે જે તે સમિતિની અનેક મીટિંગો યોજવામાં આવેલ હતી પરંતુ તેને મૂર્ત સ્વરૂપ આપવાનું હજુ બાકી રહેલ છે.

(iii) તા. ૨૪-૯-૨૦૧૭ના રોજ નવરાત્રિ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો કે જે અતિ સફળ રહેલ હતો.

(iv) ચાલુ વર્ષથી વિદ્યાર્થી દત્તક યોજના ચાલુ કરવામાં આવેલ છે કે જેનો પ્રથમ વર્ષે ૩ વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે.

(v) ક્રેડિટ સોસાયટીની કાર્યવાહી આગળ ન વધારવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

(vi) સરનામા - ટેલિફોન ડિરેક્ટરી પ્રસારિત ન કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

(vii) જે સભ્યોના લવાજમ પ્રાપ્ત થયેલ નથી તે સભ્યોને સપ્ટેમ્બર-૨૦૧૮થી કચ્છશ્રુતિના અંકો મોકલવાનું બંધ કરવામાં આવેલ છે.

(viii) એક ફંડ કલેક્શન સમિતિની રચના કરવામાં આવેલ છે.

(ix) સમાજના યોગ્ય સભ્યોના મા અમૃતમ્ યોજનાના કાર્ડ કઢાવી આપવાની જવાબદારી સમાજે સ્વીકારેલ છે અને હાલે તેની કાર્યવાહી ચાલુ છે.

૩. વર્ષ ૨૦૧૭-૧૮ના ઓડિટેડ હિસાબો સર્વાનુમતે મંજૂર રાખવામાં આવેલ હતા.

૪. વર્ષ ૨૦૧૮-૧૯ માટે ઓડિટરશ્રીની નિમણૂંક કરવાની બાબત બાકી રાખવામાં આવેલ હતી.

૫-એ. આજીવન કેટેગરીના ગ્રુપમાંથી આવતા ૩ વર્ષ માટે નીચેના ટ્રસ્ટીશ્રીઓની ફરી વરણી કરવામાં આવેલ હતી.

(i) શ્રી ભરતભાઈ વસંતરાય ઓઝા

(ii) શ્રી મનસુખભાઈ વશરામભાઈ પટેલ.

૫-બી. માનદ્ કેટેગરીના ગ્રુપમાથી આવતા ૩ વર્ષ માટે નીચેના ટ્રસ્ટીશ્રીઓની ફરી વરણી કરવામાં આવેલ હતી.

(i) શ્રી કૈલાસદાન કરણીદાન ગઢવી

(ii) શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી

૬. કાર્યવાહક સમિતિમાં આવતા ૩ વર્ષ માટે નીચે મુજબના સભ્યોની વરણી કરવામાં આવેલ હતી.

(i) શ્રી હસમુખભાઈ ખીમજીભાઈ મહેતા

(ii) શ્રી સંજયભાઈ કલ્યાણજીભાઈ રાઠોડ

(iii) શ્રી રજનીકાંત ધરમશી પારેખ

(iv) શ્રી હીરેન ચીમનલાલ પલણ

(v) શ્રી શશીકાંતભાઈ પીંડોરિયા

*વ્યક્તિ શું છે એ મહત્ત્વનું નથી, પણ એ વ્યક્તિમાં શું છે એ બહુ મહત્ત્વનું છે!*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
# વર્ષ ૨૦૧૮-૧૯ના ટ્રસ્ટ મંડળની પ્રથમ મીટિંગનો અહેવાલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની પ્રથમ મીટિંગ શનિવાર, તા. ૨૯-૯-૨૦૧૮ના રોજ સંસ્થાના કાર્યાલય ખાતે મળેલ હતી કે જેમાં નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ હતા.

૧. ગત સભાની મીટિંગની મિનિટ્સને બહાલ રાખવામાં આવેલ હતી.

૨. વર્ષ ૨૦૧૮-૧૯ માટે નીચે મુજબના ત્રણ સભ્યોની કો-ઓપ્ટ ટ્રસ્ટીશ્રીઓ તરીકે વરણી કરવામાં આવેલ હતી.
- શ્રી નરસિંહભાઈ નારાયણભાઈ પટેલ
- શ્રી શાંતિલાલ મૂળજી સાવલા
- શ્રી દક્ષેશભાઈ નવીનચંદ્ર સંઘવી

૩. વર્ષ ૨૦૧૮-૧૯ માટે શ્રી અશોકભાઈ મહેતાની મેનેજિંગ ટ્રસ્ટી તરીકે વરણી કરવામાં આવેલ હતી.

૪. વર્ષ ૨૦૧૮-૧૯ માટે નીચે મુજબના ૫ ટ્રસ્ટીશ્રીઓને કારોબારી સમિતિમાં મોકલવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.
- શ્રી હિમાંશુભાઈ ઠક્કર
- શ્રી ભરતભાઈ વસંતરાય ઓઝા
- શ્રી મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડિયા
- શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી
- શ્રી અતુલભાઈ શંકરલાલ સોની

૫. વર્ષ ૨૦૧૮માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓના સરસ્વતી સન્માનનો કાર્યક્રમ નક્કી કરવા નીચે મુજબના ત્રણ સભ્યોની વરણી કરવામાં આવેલ હતી.
- શ્રી ભરતભાઈ વસંતરાય ઓઝા
- શ્રી અતુલભાઈ શંકરલાલ સોની
- શ્રી દીપકભાઈ નાનાલાલ ચૌહાણ

૬. અત્યાર સુધી નક્કી કરવામાં આવેલ કચ્છશ્રુતિના સૌજન્ય દાતાઓની નામની યાદી આ સભાને આપવામાં આવેલ હતી.

૭. કચ્છશ્રુતિના ઓક્ટોબર-૨૦૧૮ના અંકને “દીપોત્સવી : માહિતી વિશેષાંક” તરીકે પ્રસારિત કરવાની વિગતો આ સભા સમક્ષ રજૂ કરવામાં આવેલ હતી.

૮. દીપોત્સવીના તહેવારો નિમિત્તે ચાલુ વર્ષે મિષ્ટાન્ન, ડ્રાયફ્રુટ તથા ફરસાણનું વિતરણ ન કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

## અવસાન નોંધ

- **બુધવાર, તા. ૨૬-૯-૨૦૧૮**

રમીલાબેન અનુપચંદભાઈ નાગડા (શાહ) (ઉં.વ. ૭૬) (અમદાવાદ - નલીયા)નું દુઃખદ અવસાન થયેલ છે.

***પ્રભુ સદ્‌ગતશ્રીના આત્માને ચિર શાંતિ બક્ષે.***

## દુનિયામાં સ્થળાંતર

*દુનિયામાં અત્યારે જેટલી ઝડપથી સ્થળાંતર થઈ રહ્યું છે તેટલું ક્યારેય થઈ રહ્યું નહોતું. તેનું સૌંદર્ય અભૂતપૂર્વ છે. આજે જેમ મુંબઈ પચરંગી છે તેમ થોડા વર્ષોમાં મોટાભાગનું વિશ્વ પચરંગી બની જશે. અધિક વૈવિધ્યપૂર્ણ બની જશે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## સપ્ટેમ્બર / ઓક્ટોબર – ૨૦૧૮

**★ શનિવાર, તા. ૮-૯-૨૦૧૮**

- આજરોજ સમાજની ઑફિસ પર ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિની પ્રથમ મીટિંગ મળેલ હતી. કડવા પાટીદાર સમાજ તથા વાગડ સાત ચોવીસી જૈન સમાજના ભાઈઓ તથા શ્રી ભરતભાઈ ઓઝા વગેરે ઉપસ્થિત રહેલ હતા. ટેનિસ બોલ, ૧૨થી ૧૬ ઓવરની મેચ, નોક આઉટ પદ્ધતિથી ક્રિકેટ ટુર્નામેન્ટ રમાડવી, અંદાજિત ૨૪ ટીમો રાખવી, યોગ્ય ગ્રાઉન્ડની તપાસ કરવી, ખર્ચનો અંદાજ, કલેક્શનનો અંદાજ વગેરે પ્રશ્ને ચર્ચા કરવામાં આવી.

**★ રવિવાર, તા. ૧૬-૯-૨૦૧૮**

- આજે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા મળેલ હતી. આ મીટિંગમાં એજન્ડા મુજબના કાર્યો કરવામાં આવેલ હતા.

**★ સોમવાર, તા. ૧૭-૯-૨૦૧૮**

- ગઈકાલની વાર્ષિક સામાન્ય સભાની મીટિંગની મિનિટ્સ સરક્યુલેટ કરવામાં આવી.
- તા. ૨૨-૯-૨૦૧૮ના રોજ બોલાવવામાં આવેલ ટ્રસ્ટ મંડળની મીટિંગના એજન્ડા ટ્રસ્ટીશ્રીઓને મોકલી આપવામાં આવ્યા.
- વાર્ષિક સામાન્ય સભામાં ચૂંટાયેલ ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સમિતિના સભ્યોને પત્રો લખી તેઓની કરવામાં આવેલી વરણી બાબત જાણ કરવામાં આવી.

**★ મંગળવાર, તા. ૧૮-૯-૨૦૧૮**

- કચ્છશ્રુતિ ઓક્ટોબર-૨૦૧૮, માહિતી વિશેષાંક માટે કેટલીક માહિતીઓ તૈયાર કરવામાં આવી.

**★ ગુરુવાર, તા. ૨૦-૯-૨૦૧૮**

- કચ્છશ્રુતિ ઓક્ટોબર-૨૦૧૮ના દીપોત્સવી : માહિતી વિશેષાંક માટે મોટાભાગની વિગતો તૈયાર કરી લેવામાં આવી.
- કચ્છશ્રુતિ, સપ્ટેમ્બર-૨૦૧૮ના અંકના સૌજન્ય દાતાશ્રીઓના બીલ તૈયાર કરી તેમને મોકલી આપવામાં આવ્યા.

**★ શુક્રવાર, તા. ૨૧-૯-૨૦૧૮**

- ડી.એન. પોલીટેકનિકના શ્રી દીપકભાઈ ચૌહાણે યોજેલ પ્રદર્શનની શ્રી અશોકભાઈ મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી અતુલભાઈ સોનીએ મુલાકાત લીધેલ હતી.

**★ શનિવાર, તા. ૨૨-૯-૨૦૧૮**

- આજની ટ્રસ્ટ મંડળની મીટિંગમાં ઉપસ્થિતોની સંખ્યા અલ્પ હોવાથી આ મીટિંગને મુલત્વી રાખવામાં આવેલ હતી.
- આજે સમાજની ઑફિસ પર ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિની એક મીટિંગ યોજવામાં આવેલ હતી. જેમાં શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલભાઈ સોની, શ્રી મલયભાઈ વૈષ્નવ, શ્રી નારાયણભાઈ પટેલ તથા શ્રી અતુલભાઈ વાઘેલા ઉપસ્થિત રહેલ હતા. મુખ્યત્વે રમત રમવાના ગ્રાઉન્ડ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

**★ મંગળવાર, તા. ૨૫-૯-૨૦૧૮**

- શ્રી મનુભાઈ કોટડિયાએ ક્રેડિટ સોસાયટીની ઑફિસ પર પત્ર લખી જાણ કરેલ હતી કે અમે હવે ક્રેડિટ સોસાયટીની કાર્યવાહી આગળ ચલાવવા માંગતા ન હોવાથી કો.ઓ. બેંક પર પત્ર લખી આપવામાં આવે કે જેથી ડિપોઝીટરોના નાણાં પરત કરી શકાય.

**★ શનિવાર, તા. ૨૯-૯-૨૦૧૮**

- સમાજની ઑફિસ પર વર્ષ ૨૦૧૮-૧૯ના ટ્રસ્ટ મંડળની પ્રથમ મીટિંગ મળેલ હતી. અંદાજિત ૮ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. એજન્ડા મુજબ કાર્યવાહી કરવામાં આવેલ હતી.

**★ સોમવાર, તા. ૧-૧૦-૨૦૧૮**

- ટ્રસ્ટ મંડળની તા. ૨૯-૯-૨૦૧૮ની મીટિંગમાં નક્કી કર્યા મુજબ ૩ કો-ઓપ્ટ ટ્રસ્ટીશ્રીઓને પત્ર લખી તે અંગેની જાણ કરવામાં આવી.
- કચ્છશ્રુતિ ઓક્ટોબર-૧૮, દીપોત્સવી : માહિતી વિશેષાંક માટે કેટલાક શુભેચ્છક દાતાશ્રીઓને ફોન કરી તેઓની સહમતિ મેળવવામાં આવેલ હતી.

**★ બુધવાર, તા. ૩-૧૦-૨૦૧૮**

- કચ્છના પાણી અને ઘાસચારાના પ્રશ્ને ચર્ચા કરવા પૂર્વ નાણામંત્રી તથા કચ્છના પૂર્વ ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહની ઉપસ્થિતિમાં સમાજની ઑફિસ પર એક મીટિંગ યોજવામાં આવેલ હતી. જેમાં શ્રી અશોક મહેતા, શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલભાઈ સોની, શ્રી જયંતીભાઈ લાકડાવાલા, શ્રી દિનેશ મહેતા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી

પરબતભાઈ પટેલ, શ્રી મેઘજીભાઈ ખેતાણી, શ્રી ખીમજીભાઈ પટેલ (સ્વામિનારાયણ ટ્રાવેલ્સ), શ્રી રાવજીભાઈ પટેલ (સહજાનંદ ટ્રાવેલ્સ), શ્રી હરૂભાઈ પટેલ (એચ.કે. ટ્રાવેલ્સ), શ્રી લાલજીભાઈ પટેલ (શ્રી હરિ ટ્રાવેલ્સ) વગેરે ઉપસ્થિત રહેલ હતા. નર્મદા નદીના પાણી કચ્છની કેનાલોમાં વધુમાં વધુ વહાવવામાં આવે તે મુદ્દા પર પણ વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ **ગુરુવાર, તા. ૪-૧૦-૨૦૧૮**

- કચ્છશ્રુતિ ઓક્ટોબર-૨૦૧૮ના અંકના લગભગ ૭૫ પાનાનું પ્રથમ પ્રુફ રીડિંગ પૂરું કરી દેવામાં આવ્યું.

★ **બુધવાર, તા. ૧૦-૧૦-૨૦૧૮**

- કચ્છશ્રુતિ ઓક્ટોબર-૨૦૧૮ના અંકનું પ્રૂફ રીડિંગ સંપૂર્ણપણે પૂર્ણ કરવામાં આવ્યું.
- અમુક ટ્રસ્ટીશ્રીઓ આવી શકે તેમ ન હોવાથી કેટલાક ટ્રસ્ટીશ્રીઓ તથા કાર્યકરશ્રીઓ સાથે ગોઠવાયેલ અનૌપચારિક મીટિંગ મુલત્વી રાખવામાં આવેલ હતી. હવે પછી આ મીટિંગ શનિવાર, તા. ૧૩-૧૦-૨૦૧૮ના રોજ યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું. ■

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"

કચ્છશ્રુતિ સપ્ટેમ્બર-૨૦૧૮ના અંકથી એટલે કે ગત માસના અંકથી માત્ર તેના લવાજમ ભરનાર સભ્યોને જ મોકલવાનું શરૂ કરી દેવામાં આવેલ છે. કેટલાક લેખકશ્રીઓ, જાહેર કાર્યકરો વગેરેને કોમ્પ્લિમેન્ટરી કોપી મોકલવામાં આવે છે. જાહેરાત આપનાર મહાનુભાવોને પણ કોમ્પ્લિમેન્ટરી કોપી મોકલવામાં આવે છે.

જે જે મહાનુભાવોને સપ્ટેમ્બર તથા ઓક્ટોબર ૨૦૧૮ના અંક મળ્યા નથી તેઓને પોતાના લવાજમો તાત્કાલિક સમાજની ઑફિસ પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે. જેઓ હજુ સુધી કચ્છશ્રુતિના અંકો મંગાવતા નથી તેઓને પણ પોતાના લવાજમ વહેલી તકે મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

કચ્છશ્રુતિના અંકોમાં અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોના સમાચાર, બૃહદ્ કચ્છના કચ્છીઓના સમાચાર, વર્તમાન બનાવો વિશેના લેખો, ચિંતન - મનનીય - આધ્યાત્મિક લેખો, માહિતીપ્રદ તેમજ સ્વાસ્થ્ય અંગેના લેખો સહિત અનેક પ્રકારનું સાહિત્ય પીરસવામાં આવે છે. સાથે સાથે શબ્દ શોધ, હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ જેવા હળવા વિભાગો પણ આપવામાં આવે છે.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોના સંપર્કમાં રહેવા કચ્છશ્રુતિ ઉત્તમ માધ્યમ બની રહેલ છે. આપશ્રી તેનાથી વંચિત ના રહો તે માટે આપને ત્યાં કચ્છશ્રુતિ નિયમિતપણે આવતું રહે તે અત્યંત આવશ્યક છે.

કચ્છશ્રુતિના લવાજમના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે :

■ *બે વર્ષનું લવાજમ : રૂા. ૫૦૦/-*

■ *પાંચ વર્ષનું લવાજમ : રૂા. ૧,૦૦૦/-*

■ *પંદર (આજીવન) વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

આપશ્રી "શ્રી કચ્છી સમાજ - અમદાવાદ"ના નામનો ચેક લખી કાર્યાલય પર મોકલી શકશો અથવા નીચેની વિગત પ્રમાણે તેના બેંક ખાતામાં તે રકમ ડાયરેક્ટ જમા કરાવી, સંસ્થાને એક અલગ પત્ર દ્વારા તેની વિગત મોકલી શકો છો.

**બેંકની વિગત :**

| | |
|---|---|
| *ખાતાનું નામ* | : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ |
| *બેંક* | : શ્રી ભુજ મર્કેન્ટાઈલ કો.ઓપરેટિવ બેંક લિ.<br>વ્યાપાર ભવન, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. |
| *એકાઉન્ટ નંબર* | : ૪૬૩૦૦૯૨૦૫૦૮૦૪૦૨ |
| *આઈ.એફ.એસ. કોડ* | : HDFCOCBMCBJ |
| *સમાજના કાર્યાલયના ફોન નંબર* | : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪ |
| *મોબાઈલ / વોટ્સએપ નંબર* | : ૯૬૦૧૨ ૭૫૦૭૮, ૯૮૭૯૦ ૬૩૧૦૦ |


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
BRASS CAGES
CYLINDRICAL ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
TAPER ROLLER CAGES
STEEL CAGES
DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
POLYAMIDE CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
STAMPED COMPONENTS
AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION
DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
INDIA
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone: +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Engineering Components (Changshu) Co., Ltd.
Building 25, Maoiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com
HARSHA
ENGINEERS
www.harshaengineers.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ




ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ
જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને
ઓપરેશન થીયેટર,
૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને
૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ

● પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
● GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન. ● સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

**મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર**

- એનેસ્થેસિયોલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઇએનટી
- ફેમિલી મેડિસીન
- ફીટોમેટ્રલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઇન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, ઓબ્સ્ટેટ્રીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઇન્ફેક્શન એન્ડ આઈડીએફ ડિસીઝ
- ઇન્ટરનલ મેડિસીન
- જોઇન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઇન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઇક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિએશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- ર્હુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઇન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
કરવામાં આવ્યા છે.

ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ
જ્યાં સફળતા પૂર્વક
ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા
5 TAVI (ટ્રાન્સ એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન)
ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH (E) | cGreenOT

24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00

CIMS® Care Institute of Medical Sciences

ગુજરાત મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000
www.facebook.com/cimshospitals
www.cims.org
CIMS Hospital India App on:

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

પ્રેરણા સ્ત્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્

શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

Mahendra Sangoi
Chairman, M.D.

RAMDEV GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E), Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

જીવદયા કરૂણા અહિંસા ચુલી પાંજરાપોળ

શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(ચુલી - મુંબઈ) પૂ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઔષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનું | એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૩૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યક્ષેત્ર : ગામ - ચુલી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૮૦

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia

Raju ENTERPRISE

179 & 323, Unit-2, G.V.M.M.
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005480, 9825733710

RE- ROLLING /
S.S PATTA-PATTI

ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભટ્ટા, પાલડી, અમદાવાદ.
૧૨, જ્યશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપલ

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
ISO 9001:2008, Certified Company

DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014



OTHER PRODUCTS
- Furnace Transformer
- Lighting Transformer
- Isolation Trnasformer
- Online UPS
- Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA

WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB

COMFORT INSTA-POWER LTD.

| Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323 | Works 1 (Anjar - Kutch) Mo. : 9825200489 | Works 2 (Waghodia - Vadodara) |
|---|---|---|

જાહેરાત આવકાર્ય

જાહેરાત આવકાર્ય

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

Mohan Dholu | 98250 84330
Director | mpdholu@gmail.com

**DHOLU CONSTRUCTION AND PROJECTS LIMITED**
401, Gala Argos, B/s. Harikrupa Tower, Nr. Govt. Ladies Hostel, Gujarat College Road, Ellisbridge, Ahmedabad-380 006. Gujarat, INDIA.
Ph. : 264 64 288 Fax: +91 79 2656 44 36 email: dholucon@gmail.com
**MINING CONTRACTORS**

**INDOTEX PAINTS**
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (O) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

**Available on HIRE**
- Gas Engine Driven Generators Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

**We Provide**
- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Email info@deepindustries.com

**PRARAMBH**
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821
**RUDANI INNOVATION INDUSTRIES**
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

**RADHA VALLABH GROUP**
Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 Hirenkumar : M. 98799 97777

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)